
ધર્મબંધુની યાદગીરી.

સ્વર્ગસ્થ ભાઇશ્રી ચીમનલાલ (ચંદ્રકુમાર)—

સાહિત્યપ્રેમી, મીલનસાર, ધર્માનુરાગી, શાંતસ્વભાવી ભાઈ ચીમનલાલનો મને ટુંક પરિચય થયો હતો. તેમનાં માતુશ્રીની ભક્તિ નિમિત્તે આ પુસ્તકની ૩૦૦ નકલ લેવાની તેમની ઇચ્છા થતાં નક્કી કર્યું હતું. દરમ્યાન માત્ર આઠેજ દીવસની તાવની બીમારીથી ભાઇ ચીમનલાલના સ્વર્ગવાસના ખબર મારા ઉપર આવતાં દુઃખદ હૃદયે પણ તેમના જીવનની ટુંક નોંધ આ ઠેકાણે નાખવાની મારી ઇચ્છા થઇ. તેમનો જન્મ સં. ૧૯૬૩ ના પોશ શુદી ૯ ના થયો હતો. સં. ૧૯૭૬ ના મહા શુદી ૫ ના રોજ તેમનાં લગ્ન થયાં હતાં. તેમનો સારો અભ્યાસ ધર્મપ્રેમ અને માયાળુપણું ન વીસરી શકાય તેવાં હતાં. સં. ૧૯૮૩ ના કારતક શુદી ૧૨ ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો. નાની ઉમરમાં સારૂં સંસ્કારી જીવન તેમણે બનાવ્યું હતું અને જ્ઞાતીના હરેક ધાર્મીક–વ્યવહારીક કાર્યમાં આગળ પડતો ભાગ લેતા હતા. આવા યુવક બંધુની ખોટ તેમના ભાઇને તેમજ તેમના પિતાશ્રીને ન પુરી શકાય તેવી છે. પરંતુ કુદરતની પાસે મનુષ્ય શું કરી શકે! તેમની યાદગીરી તરીકે આ ટુંક નોંધ લેવાની મારી ફરજ સમજુ છું.

લી૦ અચરતલાલ.

ભાવનગર—ધી " આનંદ પ્રીન્ટીંગ પ્રેસ " માં
શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.



ધર્મભગિનિ જડાવબ્હેન—

નાનપણથી જ ધર્મના સંસ્કારથી પોષાએલું તમારું તન અને મન તમારી વૃદ્ધાવસ્થામાં પણ તેવું જ દીપી રહ્યું છે. વ્રત-પચ્ચખ્ખાણ અને ધાર્મિક ક્રિયાઓ કરવા સાથે તેવા કાર્યોમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવા, અને કરાવવાની તમારી ઉચ્ચ ભાવના તમારા ટુંક જીવન પરિચયથી જ જણાઈ આવે છે. તેથી તમારાં જેવાં પુણ્યશાળીને આ પુસ્તક અર્પણ કરવાનો મને પ્રસંગ મળ્યો તે માટે આનંદીત થાઉં છું.


લી૦ અચરતલાલ.



આભાર.

છાણી નિવાસી શેઠ દલસુખભાઇ હીલાચંદ અને તેમના પુત્રો વત્સરાજભાઈ, ચીમનલાલ અને સૌભાગ્યચંદ ભાઇએ તેમનાં વૃદ્ધ માતુશ્રીની ભક્તિ નીમિત્તે આ પુસ્તકની પ્રથમથી ત્રણુસો નકલના ગ્રાહક થઇ અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેઓશ્રીના આભારી છું.

લી૦ અચરતલાલ.



આભાર.

છાણી નિવાસી શેઠ દલસુખભાઇ હીલાચંદ અને તેમના પુત્રો વત્સરાજભાઈ, ચીમનલાલ અને સૌભાગ્યચંદ ભાઇએ તેમનાં વૃદ્ધ માતુશ્રીની ભક્તિ નીમિત્તે આ પુસ્તકની પ્રથમથી ત્રણુસો નકલના ગ્રાહક થઇ અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેઓશ્રીનો આભારી છું.

લી૦ અચરતલાલ.

આ કુટુંબે સં. ૧૯૨૯ થી સં. ૧૯૮૦ સુધીમાં નીચેનાં ધાર્મિક કાર્યો તેમજ વ્યાવહારિક કાર્યો કરી લક્ષ્મીનો સદ્વ્યય કરવા સાથે જીવનની અપૂર્વ લ્હાણુ માણી છે.

૧ સં. ૧૯૨૯ માં શ્રીમદ્ બુટ્ટેરાયજી મહારાજશ્રીના શિષ્ય શ્રી નીતિવિજયજી મહારાજ પધારેલા તે વખતે ઉપધાનની ક્રિયામાં, ઓચ્છવમાં અને નોકારશીમાં રૂા ૪૦૦૦) તેમજ સં. ૧૯૩૩ માં શ્રી વીશસ્થાનક તપના ઉદ્યાપનમાં રૂા ૫૦૦૦). સં. ૧૯૩૪ માં બ્હેન જડાવબ્હેને અઠમ કર્યો તે પ્રસંગે સંઘજમણ તથા લ્હાણીમાં રૂા ૧૦૦૦). સં. ૧૯૩૫ માં શેઠ પાનાચંદભાઇની યાદગીરી નિમિત્તે રૂા ૪૦૦૦). સં. ૧૯૩૭ માં શ્રી સુમતિનાથ મહારાજને બીરાજમાન કરવામાં રૂા ૨૫૦૦) સં. ૧૯૩૮ માં સૌ. પુત્રી બેન હીરાકોરના લગ્ન પ્રસંગમાં રૂા ૪૦૦૦). સ. ૧૯૪૦ માં શ્રી શિખરજીની યાત્રામાં રૂા ૨૦૦૦) સં. ૧૯૪૭ માં તેમનાં માતુશ્રી હેમકોરની યાદગીરી નીમિત્તે ચૌદ ગામને જમણ આપી સારૂં લ્હાણું કર્યું તેમાં રૂા ૧૦૦૦૦). સ. ૧૯૪૬ માં શેઠ દલસુખભાઇના લગ્નમાં ધાર્મિક ક્રિયામાં રૂા ૨૫૦૦) અને સં. ૧૯૫૧ માં શ્રી જાણીના નવા દેરાસરમાં મુળનાયક શ્રી શાંતિનાથ મહારાજને બીરાજમાન કરીને તથા ચચળબેનના લગ્નમાં મળી રૂા. ૧૩૦૦૦) ની લગભગની રકમ ખરચી હતી. શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ આંહી પધાર્યા ત્યારે બ્હેન જડાવબ્હેને ઉપધાન કર્યાં તે નીમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ અને નવકારશી વિગેરે કાર્યમાં રૂા [illegible] [illegible] સં. ૧૯[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સન સં. ૧૯૮૩ માં કર્યો તે પ્રસંગે પણ અઠ્ઠાઈમહોત્સવ વગેરે ધાર્મિક વ્યવહારિક કાર્યમાં લગભગ રૂા. ૨૦૦૦) આશરે ખર્ચ્યા હતા અને ભાઈ મોતીચંદનાં લગ્ન ૧૯૮૦ માં કર્યા તેમાં ધાર્મિક તથા વ્યવહારિક કાર્યમાં ઘણુ હજારેનો ખર્ચ કર્યો હતો. આવી રીતે વ્યવહારિક દરેક પ્રસંગોમાં ધાર્મિક ક્રિયાઓને યાદ કરી લક્ષ્મીનો સદ્વ્યય કરવાનું પુણ્યકાર્યજ ગણે છે.

વધુ ખુશી થવા જેવું છે કે જડાવ બહેનની બે પુત્રીઓ નામે હીરા-કુંવર તથા ચંચળબેન છે. તેમાં હીરાકુંવર બહેને સાધ્વી શ્રી મંગળશ્રીજી પાસે દીક્ષા લીધી છે જેઓ હીરશ્રીજી નામે છે. સ્વભાવે શાંત અને સુશિક્ષીતા છે.

જડાવબહેને પોતાના પતિની સ્વર્ગવાસ તિથિનો દિવસ કારતક શુદ ૧૧ ની પાખી પળાવવા માટે શ્રી સંઘને રૂા ૨૫૦૧) અર્પણ કર્યા છે જે તિથિ કાયમ માટે પાળવામાં આવે છે. તેમજ દરવરસે ભાદરવા શુદ ૧ ની મહાવીર સ્વામીના જન્મ વાંચનના દિવસે સ્વામીવાત્સલ્ય તેમના તરફથી કરવામાં આવે છે. પતિની હૈયાતીમાં સ્ત્રીઓ આવી રીતે ધાર્મિક કાર્યમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવાની પ્રેરણા કરે અને પાછળથી પણ તેવીજ રીતે તેમની યાદગીરી માટે પણ કરવાનું ન ચુકે તેજ ખરેખર પ્રશંસનીય છે.

જડાવ બહેન તેવાં અભ્યાસી નહિ છતાં ધાર્મિક વલણ અને ઉચ્ચ સંસ્કારથી પોતાના પુત્ર પુત્રી અને પૌત્રોને ઐક્યતાથી સાચવી રહ્યાં છે. વૃદ્ધાવસ્થા છતાં ધર્મભાવના ટકાવી રાખી કુટુંબમાં પણ તેવાજ સંસ્કાર પાડી રહ્યાં છે.

તેમના આવા સરલ સ્વભાવી જીવન, ઉદાર મન અને ધર્મભાવનાના ગુણોનું વાંચક વર્ગ અનુકરણ કરે તેમ અમો ઇચ્છીએ છીએ.

લી૦ પ્રકાશક.

પ્રસ્તાવના.

હાલમાં વાર્તાઓનાં પુસ્તકો વાંચવાનો શોખ સ્ત્રીઓ કે પુરૂષો દરેકને વધી પડ્યો છે; પરંતુ વાંચન એવું હોવું જોઇએ અગર એવા પુસ્તકો વાંચવાં જોઇએ કે જેથી ઉચ્ચ સંસ્કાર મળી શકે. અમારાં દરેક પુસ્તકોમાં પૂર્વે થયેલ મહાન્ પુરૂષોનાં ચરિત્રો, ઐતિહાસીક ઘટનાઓ હોવા સાથે નોવેલના રૂપમાં પ્રગટ થાય છે અને તેથી વાંચક વર્ગ તેનો પ્રેમથી સ્વીકાર કરે છે. અમારાં પુસ્તકો પૈકી સ્ત્રીઓને પણ એકાદ પુસ્તક ઉપયોગી થાય તેવા હેતુથી અમોએ આ પુસ્તક પ્રગટ કર્યું છે. આ પુસ્તક **રાયપરિવાર** નામના એક બંગાળી ઉત્તમ નોવેલનું અનુકરણ છે તેમાં જે સુશીલાનું પાત્ર આવે છે તે એક ઉત્તમ ગૃહિણીના ઉત્તમ ચારિત્રનો નમુનો છે. લગભગ વીસ વર્ષ પહેલાં આ પુસ્તકનો અનુવાદ 'જૈન' પત્રના મહૂર્મ અધિપતિ ભગુભાઇ ફતેચંદ કારભારીએ કરીને પ્રગટ કર્યું હતું. જે અત્યારે કોઇ સ્થળે મળતું નહિ હોવાથી અને તેની સારી માગણીના અંગે અમોએ પ્રગટ કર્યું છે. લગભગ ૮૫ પ્રકરણોથી આ પુસ્તકને અલંકૃત કરેલું છે. જુના જમાનાથી ગૃહવ્યવહારની સ્થિતિનું એવું તો ઉત્તમ [illegible] છે કે [illegible]. પણ આ પુસ્તકના વાંચનથી ઘણું ઉચ્ચ [illegible] ગૃહવ્યવહાર સુધારી શકે છે. દરવરસે એકાદ આવું [illegible] પુસ્તક પ્રગટ કરી અમારા ગ્રાહકોને આપવાની અમારી [illegible] છે [illegible] ગ્રાહકો અને વાંચક વર્ગ તેનો [illegible]

લી૦ અચરતલાલ.

વિષયાનુક્રમણિકા.





દોઢ રૂપીઓ ખરચ્યા વીના નહિ આવે.

સ્ત્રીઓ શું નથી કરી શકતી ?



કેવી ધૈર્યતા, કેવું અનુપમ જ્યોતિષ આત્મજ્ઞાન અને સાહસીકતા તેમજ હિંમત સ્ત્રીઓમાં છે અને તે વડે આપત્તિઓમાંથી થાકીને નીરાશ બનેલા પુરૂષને ધૈર્ય આપી રમણી કેવું બળ આપે છે, તે માટે—૨૦ અધ્યાયોની રસીલી કલમથી લખાયેલું "પ્રતિભા સુંદરી યાને પૂર્વકર્મની પ્રાબલ્યતા" એ નામનું પુસ્તક તમે જરૂર વાંચશો. ધ્યાનમાં રાખજો કે વાંચતાં જ્યાં ત્યાં સુધી 'દેશો તો ફરી હાથમાં નહિ આવે; કારણ કે તેવી ઉત્તમ શૈલીવાળું અને શ્રી ભદ્રબાહુ સ્વામીના સહોદર બંધુ વરાહમિહિરનું નામ જે આપણા શાસ્ત્ર ગ્રંથોમાં ઘણી વાર આવે છે તેજ આ ગ્રંથમાં મુખ્ય નાયક છે. નકલ ઓછી છપાવી છે જેથી વિલંબ નહિ કરતા.

લખો—

જૈન સસ્તી વાંચનમાળા

રાધનપુરી બજાર—ભાવનગર.

—જૈન સસ્તી વાંચનમાળાનાં—

અભ્યાસ કરવા લાયક પુસ્તકો.

[illegible]

૧ [illegible]

૨ [illegible]

૩ [illegible]

૪ [illegible]

૫ [illegible]

૬ [illegible]

૭ [illegible]

૮ [illegible]

૯ [illegible]

૧૦ [illegible]

૧૧ [illegible]

૧૨ [illegible]

જૈન સસ્તી વાંચનમાળા.

[illegible]

માગણીનો સ્વીકાર.

શ્રી જૈન નિત્ય પાઠસંગ્રહ—પાકા રેશમી પુંઠાની શ્રી નવપદ મંડલના ફોટા સાથેની ઉંચા કાગળ શુદ્ધ છપાઈવાળી જે અમોએ ગઈસાલમાં પ્રગટ કરેલી હતી. પરંતુ તેની તમામ નકલ રાધનપુર નિવાસી શેઠ જીવતલાલ પ્રતાપસીએ તેમના પત્નિ જાસુદબ્હેનની યાદગીરી માટે ભેટ આપવા રાખી લીધી હતી. તેની ઉપયોગીતા અને માગણીના અંગે કંઇક સુધારા વધારા સાથે, માગશર માસમાં તૈયાર થઈ જશે. તેમાં આવેલા નીચેના વિષયોથી તેની સાચી ઉપયોગીતા જાણી શકશો.

[illegible]

અમને યાદ રાખજો.

ઉદ્યાપન અને નેવાજ ધાર્મીક માંગલીક પ્રસંગમાં અમારૂં નામ જરૂર યાદ લાવશો. કારણ કે નેવા પ્રસંગો માટે અમારાં પુસ્તકો પોણી અને નેથી પણ ઓછી કિંમતે આપવાનો અમોએ ઠરાવ કર્યો છે. માટેજ એક વખત મંગાવી ખાત્રી કરવા વિનંતી છે.


લખો:—

સાહિત્ય પ્રેમી—

અમદાવાદ અને મુંબઇ.

અમદાવાદ અને મુંબઇના જૈન બંધુઓએ તો જૈન સસ્તી વાંચનમાળાનાં પુસ્તકોનો સારો રસ લીધો છે. જે અમારા ઉપર ગ્રાહકોના આવતા પત્રો અને સંતોષથી જણાઇ આવે છે. તેમના આવા સાહિત્ય પ્રેમ માટે તેમનો આભાર માનવા સાથે ગુજરાત, કાઠીયાવાડના ઘણા ગામોના જૈન ભાઇયોને અમારૂં સાહિત્ય વાંચવાની અમારી વિનંતી છે. દરેક ગામમાંથી ચાર પાંચ ગ્રાહક થશે તો અમો માનીયે છીએ કે તે તે ગામના બધા ભાઇયો તેનો લાભ જરૂર લઇ શકશે. વરસે માત્ર રૂા. ૩) નો જ ખર્ચ છે. ચાલુ સાલનાં પુસ્તકો ગ્રાહક તરીકે મંગાવી, વાંચતાં સંતોષ થાય તો, ચાલુ ગ્રાહક રહી શકાય છે. નહિ તો, બંધ પણ થવાય છે અમે તો વાંચવા પુરતોજ આગ્રહ કરી શકીએ—સાધારણ વ્યકિતને ચાલુ ખર્ચમાંથી બચાવ કરીને પણ આવું સાહિત્ય વાંચવાની અમારી ભલામણ છે. કેવાં પુસ્તકો અપાયાં–અને અપાય છે તે આ પુસ્તકમાં આવેલી જાહેર ખબરથી જાણી લેશો અને વ્હેલાસર ગ્રાહકમાં નામ લખાવશો.

જૈન સસ્તી વાંચનમાળા,
રાધનપુરી બજાર.
ભાવનગર.



સદ્‌ગુણી સુશીલા.

પ્રકરણ ૧ લું.

દેરાણી અને જેઠાણી.

વૈશાખ માસના શુકલ પક્ષના એક દિવસે સૂર્યનો સખ્ત તાપ મનુષ્ય પ્રાણીને અસહ્ય થઇ રહ્યો હતો. દિવસનો ત્રીજો પહોર અડધો વહી ગયો હતો; તોપણ સખ્ત ઉષ્ણતા જેવીને તેવીજ હતી. લોકો શીતળતા માટે આતુર થઇ રહ્યા હતા. પેટનો ખાડો ભરવા પુરૂષો અનેક તરેહના–અનેક ઉદ્યોગોમાં નિમગ્ન થયા હતા. નિરૂદ્યોગી અને આળસુ પુરૂષો નિદ્રાદેવીને સ્વાધિન થયા હતા અને કેટલાક હાથમાં પંખો ઝાલી પથારીમાં આમતેમ આળોટતા પડયા હતા આળસુ ઓરતો નાનાં બાળકોને રડતાં મૂકી નિદ્રાદેવીની આરાધના

કરતી હતી અને કેટલીક બાળકોને ખોળામાં લઇ આળેસુ ઝીલો સાથે નકામા ગડાકા મારતી હતી. સુશીલ અને સહગુણી સ્ત્રીઓ ઘરના કામકાજમાંથી પરવારી શીવવા–ગુંથવાનાં કાર્યો કરતી હતી, જ્યારે કેટલીક સતી સ્ત્રીઓનાં ચરિત્રોનાં પુસ્તકો વાંચી સતીઓના પાતિવ્રત્યની સ્તુતિ કરતી હતી. એ પ્રમાણે જુદાં જુદાં સ્ત્રી મંડળો પોતાની ઇચ્છા પ્રમાણે કાર્યો કરવામાં દિવસનો મોટો ભાગ વિતાવી રહ્યાં હતાં તે સમયે ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદના મધ્ય ભાગમાં આવેલી માણેકચોક નામની પ્રસિદ્ધ જગાપર એક ભવ્ય ઇમારતના બીજા મજલાની ઘણી તસવીરો અને સુંદર વસ્તુઓથી શણગારેલી એક ઓરડીમાં પચીસ વર્ષની એક યૌવના કાંઇ શીવવાનુ કામ કરતી હતી. થોડીવાર પછી એક તરૂણ સ્ત્રી તેની નજીક જઇ ઉતાવળે બોલી. "બાળીબ્હેન ! આમ કરવાથી થશે કેમ ? વખતસર માટે જુના ખાને આજ કામ છોડશો ?

"આટલી ઉતાવળ શી છે ? સુંદરી બેન ! જુઓ, હજુ [illegible]

[illegible]

"[illegible]

ભાભીજી સુંદરીની છેક પાસે બેઠાં હતાં. તોપણ ઘણાજ ધીમા અવાજે બોલ્યાં. "સુંદરી બેન, બીજું તે શું કહેવાનું હોય ? તમને ક્યાં ખબર નથી ? આ ઘરમાં આટલું બધું વૈતરૂં કરીએ તોપણ તેનો કાંઇ ઉપયોગ છે કે ? (આંખમાં આંસુ લાવી) બળ્યું, મને કોઇની સાથે લહેવું જ નથી. વૈતરૂં કરીએ આપણે, અને નામના થાય નાની વહુની ! ત્યારે એ એક એકના નશીબનો જ દોષ નહીં તો બીજું શું ?"

"ખરેખર નશીબનો જ વાંક, નહીં તો બીજું શું ? આપણે હાથે કોઇપણ કામ સારૂં થતું જ નથી ! શું આપણને ઘડપણ આવ્યું છે ? અગર આપણને કામ કરતાં આવડતું નથી ? પણ બળ્યું, આપણા હાથને જશ જ નથી. ભાભીજી ! મારા હાથને જો ભગવાને જશ આપ્યો હોત તો આ એક ઘર તો શું, પણ આવાં ત્રણ ત્રણ ઘરનાં કામ મેં એકલીએ કર્યાં હોત ! ! પણ અત્યારે બોલવાથી શો લાભ ! "

'સુંદરીનું બોલવું સાંભળી ભાભીજીને કાંઇક આનંદ થયો અને બોલ્યાં. " પણ એ બધું જવા દો. (આજુબાજુ જોઇ) એને માટે કાંઇ ઉપાય તો કરવો જોઇએ. ગમે તેમ કરી સુશીલાને હલકી તો કરવી જોઇએ; ખરૂં કહું છું સુંદરી બ્હેન; આમ કર્યા વગર આપણું એ ઘરમાં વજન રહેવાનું નથી; તમે ને હું જો એક વિચારથી ચાલીએ તો આપણું ધાર્યું શું ન થાય? "

"કેટલાક દિવસથી આ વાત તમને કહેવાનું મારા મનમાં હતું પણ (જરા હાસ્યથી) બળ્યું, ભાભીજી હિંમત

જ થતી નહોતી. આજ તો તમેજ વાત કાઢી. તે ઠીક થયું. ક્યારનીએ હું જોઉં છું કે જેમાં તેમાં તેનું લાગે છે જ ? તેનો ધણી મુંબાઇમાં રહે છે, ને કાલેજ કે ફાલેજમાં ભણે છે, એજ બધો એનો ડોળ, આટલાથી જ બાઇસાહેબનો તો જાણે આભને હાથ અડયો છે !"

"એટલેથી જ શું !" ભાભીજી વચમાં બોલી ઉઠયાં. "બાઇસાહેબનો ઠાઠ જે કાંઇ છે તે જોઇ મને તો હસવું જ આવે છે, કાંચળીયો, લુગડાં ને તે વળી ટાપટીપથી પહેરવાં; વગર ધોએલાં લુગડાંને તો વળી અડવું નહીં—મુઇ એ વાતો. તમને શું શું કહું ? પથારી પરની ચાદર જરા મેલી થાય તો બાઇ સાહેબને ઉંઘ આવતી નથી ! એ બધું તો ઠીકજ છે; પણ સુંદરી બેન, દર આઠે દહાડે પતિરાજ તરફથી કાગળ આવે છે ! તેની શું તમને ખબર નથી કે ? ઓહો ધણી તો જાણે તેમને એકલાને જ છે !!"

"મેં નથી જોયા બાઇ ક્યાંય આવા હીજડા જેવા ચાળા ! પણ કેમ ભાભીજી, એને હલકી પાડવાનું બની શકશે કે કેમ ? સસરાજી શું ને સાસુજી શું, બંને જણ હમેશ એના તરફનુંજ ખેંચે છે !"

હાથનો છણકો કરી, ભમરો વાંકી કરી ભાભીજી બોલ્યાં "અં ! એની કાંઇ એટલી પરવા નથી, તમે મારૂં સાંભળો, સુશીલાનો જ્યારે રસોઇનો વારો આવે ત્યારે તેણે કરેલી દાળમાં હળવે રહી મીઠું વધારે નાંખવું, ભાતના વાસણમાં

થોડી રેતી નાખવી એટલે પોતાની મેળે એનું બધું ક્હાપણ જણાઇ આવશે !"

" હા, પણ એથી શું થયું ? કાલે એને લુગડું મુકવા દો, હું તેને છાની રીતે ચીરી નાંખીશ."

" અરે એવી બીજી કેટલીએ યુક્તીઓ છે. જેવાંની સાથે તેવાં થયા વગર કામ થતું નથી. વાંકા સાથે વાંકું થયા વગર આપણનો નિભાવ થાય કે બેન ? ત્યારે બોલો, સુંદરી બેન છે તમારી તૈયારી ?"

"એમાં પૂછોછો શું ભાભીજી ! પણ આ કામમાં તમારે આગળ થવું પડશે, મારી બુદ્ધિ તો તમે જાણો છોજ !" (ગાલમાં હસીને). પણ ભાભીજી, હું ખરૂં કહું છું કે મારામાં તેટલી બુદ્ધિ નથી !"

" ઠીક, ઠીક, તે બધું હવે જવા દો. હું કહું તેમ કરો. પણ એક વાત માત્ર ધ્યાનમાં રાખજો કે આ વાત કોઈ જાણે નહીં, ઘરમાં જો કોઇને લગીરે સમજાશે તો પછી મોં ઢાંકવા પણ જગો નહી રહે, સમજ્યાં કે બેન ?"

દેરાણી-જેઠાણી આ પ્રમાણે વાતો કરતી હતી એટલામાં દાદરામાંથી કોઈ ઉપર ચઢી આવતું હોય તેવો અવાજ થયો, તે સાંભળી ભાભીજી બોલ્યાં "હં ! ચૂપ રહે, પેલી ઉપર આવે છે !"

સુંદરીના કાનમાં કંઈક કહી, ભાભીજીએ હાથમાંનું શીવવાનું કામ શરૂ કર્યું અને સુંદરી પોતાનો અંબોડો ફરીને બાંધવા

લાગી. અંબોડો બાંધતાં બાંધતાં સુંદરીએ દાદરા તરફ ઝીણી નજરે જોયું. સુંદરીની નજર દાદરામાંથી પાછી ફરી નહીં એટલામાં તો એક પંદર સોળ વર્ષની સુસ્વરૂપવાન તરૂણી કેડમાં એક બે વર્ષના બાળકને તેડી ગાલમાં મલકાતી મલકાતી ઓરડાના બારણામાં દાખલ થઇ અને શાંત મધુરસ્વરે બોલી. "આ જો, મા અહીંયાં છે. (બાળક સુંદરી સામું જોઇ) મા, મા, કહી રડવા મંડયો, કેમે કર્યો છાનોજ રહે નહીં, એને તેડીને આખું ઘર શોધી વળી; ને છેવટે મેડાપર આવી."

એમ કહી સ્નેહના આવેશમાં છોકરાને બે ત્રણ બચીયો કરી, ભાભીજી તરફ ફરી છોકરાને તેના ખોળામાં મૂક્યો. છોકરાના ગાલપર હાથ ફેરવી ભાભીજી બોલ્યાં "ઠીક કર્યું સુશીલા બેન ! કાંચળી શીવવા લીધી હતી પણ વખત થયો, એટલે બાંધી મૂકી; હમણાંજ અમો બંને નીચે આવવાનાં હતાં એટલામાં તમેજ અહીં આવ્યાં, એ ઠીક થયું."

ભાભીજીએ બોલવું બંધ કરી છોકરાને ધવડાવવાની શરૂઆત કરી, છોકરો રડતો બંધ થયો. સુંદરી પણ અંબોડો બાંધી શાંત થઇ બેશી રહી. થોડીવાર બધાં ચૂપ ચૂપ બેશી રહ્યાં. કોઈ પણ કાંઈ બોલ્યું નહીં ત્યારે આખરે સુશીલા ન્હીલે મોઢે બોલી "હું આવી એટલે તમે વાતો કેમ બંધ કરી ભાભીજી ? હું મારે આ ચાલી નીચે તમે કહો તો—"

"ના ના, જવાનું શું કામ ? મને કાંઇ કોઇએ આ ઓરડો ઇનામ નથી આપ્યો" ભાભીજી ગુસ્સામાંજ બોલ્યાં.

બીચારી સુશીલા ભાભીજીનું બોલવું સાંભળી જરા ખીન્ન થઇ, અને બોલી: "ભાભીજી, આમ કેમ બોલો છો ? મેં કાંઇ તમારો અપરાધ કર્યો છે શું ? હોય તો મને કહો, હું તમારી માફી માગું; પણ તમે મને આમ પારકાની પેઠે ગણશો ના. હું આ ઘરમાં હજુ નવીજ છું; કામકાજ વિષે હજુ મને કાંઇ સારી માહિતી નથી. તમે જો મને કાંઇ શીખવશો તો હું ખુશીથી શીખીશ. હું એક તમારામાંની જ છું. તમારી સાથે મળીને રહેવાની મને ઘણી હોંશ છે."

દેરાણીના આવા કાલાવાલાથી બંને જણમાંથી એકનું પણ મન ભીંજાયું નહીં. ભાભીજી પોતાના હમેશના કર્કશ અવાજથી બોલ્યાં "તમે અમારામાંના કેમ થશો ? તમારા ધણી કોલેજમાં ભણે છે; તમો પોતે ભણેલાં ગણેલાં, લાંબા લાંબા કાગળો તમને લખે—"

સુંદરીએ આવી તક ગુમાવી નહી. અને તે વચમાં જ તોરમાં બોલી. "અમે તમને શું ભણાવીએ ? ઉલટા તમારે જ અમારા કાન પકડવા જોઇએ ! અમને શું ધોળા ઉપર કાળું કરતાં આવડે છે ? તમારા જેવું છકપક રહેતાં આવડે છે ! અમે શું બીસાતમાં !"

બીચારી સુશીલાના મનમાં ઘણું દુઃખ થયું: તે બોલી "શું મારી આમ મશ્કરી જ કર્યા કરશો કે ભાભીજી ?"

સુંદરી ભાભીજી તરફ જોઇ બોલી "સાંભળ્યું કે ભાભીજી ? એ હજુ મશ્કરી સમજે છે ! સુશીલા બેન ! તમારી સાથે

વાત કેવી રીતે કરવી એ પણ અમારા જેવાં અડાણીને કેમ આવડે ? અમે કાંઇ પુસ્તક પોથીઓ થોડીજ વાંચી છે ? "

ભાભીજીએ સુંદરી બેનના બોલવાને ટેકો આપ્યો કે "સુશીલા બેન, એમાં મશ્કરી શાની. તમને ગુસ્સો ન આવે તો હું કાંઇક પૂછું--"

"ખુશીથી પૂછો ભાભીજી, તમારા બોલવાથી મને શા માટે ગુસ્સો આવે ? મારા સારા માટે મને કાંઇ તમે પૂછશો તેમાં શું હું ગુસ્સો લાવું ? "

"એમ કે ? ત્યારે કહો જોઇએ સુશીલા બ્હેન બૈરાંઓને આટલું લખતાં વાંચતાં શીખી કરવું છે શું ! આપણે કાંઇ દસ્તાવેજ અર્જીઓ લખવી નથી કે કાંઇ નોકરી કરવા જવાનું નથી—"

"અગર શાળા ઉઘાડી છોકરા હાંકવા નથી ! " સુંદરીએ વચ્ચમાંજ ટાપશી પૂરી.

સુશીલા એક સુસકારો નાખી સરળ વૃત્તિથી બોલી "એમાં નફો નુકશાન શું છે, એ કાંઇ મને સમજાતું નથી. પણ 'વખત મળે તો એકાદ બીજું પાનું વાંચતી જજે ' એવું કહેલું છે, અને ખરૂં પૂછો તો ભાભીજી, તેમાં મને પણ કાંઇ ખોટું જણાતું નથી."

"ખોટું છે ને નથી, એ બધું જેના તેના માનવા ઉપર છે. તે સુવાં પુસ્તકો વાંચવામાં વખત ગાળવો, તેના કરતાં ઘરમાંનાં કામકાજમાં તેજ વખત લગાડીએ તો સારૂં ન થાય વારૂ ? "

"પણ ભાભીજી, આપની વેળા હું કાંઇ પુસ્તક લઉં [illegible] બપોરના અગર રાતના બધાંઓ ઉંઘમાં હોય છે. ત્યારે મનમાં આવ્યું તો એકાદ બે પાનાં વાંચવા હું બેસું છું. નહીં તો હું આમાંથી પડી રહું છું. તેથી કામમાં ખામી કેવી રીતે આવે ભાભીજી ?"

"તમે તમારૂં જ ગાઓ છો; અમે તેટલું કહીએ પણ તમારૂં જે છે, તે છે ! હવે આમ જુઓ, રાતના દીવો બાળી તમે થોથાં વાંચો છો, ને દીવામાં તેલ ખપે છે તે કાંઇ નુકશાન નથી શું ? પૈસા વગરતો તેલ આવતું નથી, ઘર ચલાવવું હોય ત્યારે બધી તરફ લક્ષ રાખવું પડે છે. દરેક જણસો જો આમ ઉડાવી દઇએ, તો'જ પૈસા પાસે રહે કયાંથી ?"

"વારૂ ત્યારે ભાભીજી આજથી દીવો બાળી હું કદી વાંચીશ નહીં. તમે કહેશો તેમ હું ચાલીશ, પછી તો થયું ! પણ ભાભીજી, હું તમારા પગે લાગી કહું છું કે મારી ઉપર આમ તમે રીસાશો નહીં. તમે ગુસ્સે થયાં એટલે મને ઘણુંજ ખોટું લાગ્યું."

સુંદરી વળી કાંઇ બોલે એટલામાં તો નીચેથી "સુશીલા અરે સુશીલા ! તમે બધી જણીઓ કયાં જઇ બેઠી છો ?" એ શબ્દો એમના કાન ઉપર આવ્યા.

"સાસુજી બૂમો પાડે છે" એમ કહી સુશીલા તરતજ ઓરડાની બહાર ગઇ અને ઉતાવળે દાદરો ઉતરી નીચે ગઇ. એ પ્રસંગ જોઇ ભાભીજીએ સુંદરીને કહ્યું "સાંભળ્યું સુંદરી

બેન કેવી મજા છે ! 'તમે બધી જણીઓ ક્યાં છો ?' પણ નામ લેવાનું માત્ર સુશીલાનું ! આપણે તો આ ઘરમાં કોઇના હીસાબમાંજ નથી ! "

તે પછી બંને દેરાણી જેઠાણી કાંઇક મસલત કરતી બેઠી. છેવટે જ્યારે સાંજ પડવા આવી ત્યારે બેઉ જણીઓ દાદરો ઉતરી નીચે ગઇ.



પ્રકરણ ૨ જું.

શેઠનું કુટુંબ.

મુગચંદ શેઠની ઉમ્મર ૫૦ વર્ષ કરતાં વધારે હતી. છેલ્લાં પચીસ વર્ષો જેવા લાંગા વખતથી તેઓ એક ધનાઢ્ય શાહુકારની પેઢીમાં મુખ્ય મુનીમનું કામ કરતા હતા. મુંબાઇ, મદ્રાસ કલકત્તા, અમદાવાદ અને અજમેર જેવા શહેરમાં પેઢીની જુદી જુદી શાખાઓ હતી. અમદાવાદની મુખ્ય પેઢીપર મુગચંદ શેઠ કામ કરતા હતા તેમના હાથ નીચે પાંચ બીજા મુનીમો સિવાય પેઢીના બીજા નોકર ચાકર મળી ૨૦ માણસો હતા મુગચંદ શેઠ સુશીલ અને અત્યંત પ્રમાણીક હતા. શેઠની પેઢીના વધારે નફો શી રીતે થાય, દેશાન્તરોમાં શેઠની આબરૂ વધારે શી રીતે ફેલાય, એ મુખ્ય બાબતો તરફ મુગચંદ શેઠનું પૂર્ણ લક્ષ હતું. મુગચંદ શેઠનું પ્રમાણીકપણું,

તેમની દક્ષતા અને તેમની કામ કરવાની ચાલાકી વિગેરે અનેક સદ્ગુણોથી તે પેઢીનાં મૌલીકને અત્યંત પ્રિય થઇ પડ્યા હતા. મુળચંદ શેઠને સારો પગાર આપવા ઉપરાંત વખતો વખત મોટા શેઠ તેમના સદ્ગુણોની કદર કરી બક્ષીસ તરીકે મોટી રકમો આપતા હતા. સિવાય લગ્નકાર્ય જેવાં શુભ પ્રસંગે યોગ્ય બક્ષીસો આપી મુળચંદ શેઠની પ્રતિષ્ઠા વધારવામાં મોટા શેઠ કોઇ કોઇ દિવસ પાછા પડતા નહીં. પોતાની થતી કદર જોઇ મુળચંદ શેઠને અતિ આનંદ થતો. પેઢીની આબરૂ વધારી વેપારમાં નફો મેળવવાના કાર્યમાં મુળચંદ શેઠ ઘણા ઉત્સાહી થઇ ખંતથી કામ કરતા હતા. મોટા શેઠ તરફથી વારંવાર મોટી મોટી બક્ષીસો, અને પગારની મોટી રકમેથી ઘરસંસાર ચલાવી દર વર્ષે મુળચંદ શેઠ સારી રકમ બચાવી શકતા હતા. બચેલી રકમ વ્યાજે ધીરી તેમાં પણ વધારો કરતા હતા, થોડે થોડે કરી મુળચંદ શેઠે પોતાની પાસે ૧૦૦૦૦ની મુડી એકઠી કરી હતી. સિવાય બાપદાદાએ મૂકેલી મિલકત પણ આઠ દશ હજારની હતી.

શેઠના કુટુંબમાં નાનાં મોટાં મળી એકંદર ૧૩, ૧૪ માણસો હતાં, પોતે, તેમની સ્ત્રી, ત્રણ છોકરા, ત્રણ વહુઓ, બે પૌત્ર અને ત્રણ પૌત્રીઓ મળી ૧૩ માણસોનું તે કુટુંબ હતું. સિવાય ઘરમાં કામકાજ માટે બે નોકરો હતા, શેઠની આબરૂ પ્રમાણે બીજે ત્રીજે દિવસે મહેમાનો પણ ઘણા આવતા હતા. તેમના મોટા પુત્ર મકનજીની ઉમ્મર ૩૦ વર્ષની હતી. વચલો મનમોહનલાલ તેના કરતાં ત્રણ વર્ષ ન્હાનો હતો.

સૌથી કનીષ્ઠ પુત્ર શાંતિલાલ ૨૧ વર્ષનો હતો. મુળચંદ શેઠનો બાંધો ઘણો મજબુત હોઇ તેઓ એક ભવ્ય પુરૂષ જણાતા હતા. તેમની સ્ત્રી હીરા સ્વરૂપવાન હોઇ ઘણી હસમુખી હતી. હીરા શેઠ કરતાં સાત આઠ વર્ષે ન્હાની હતી. તેનો સ્વભાવ તદ્દન ભોળો અને તે ઘણી પ્રેમાળ હતી. મકનજી અને મનમોહનલાલના શરીરનો બાંધો પોતાના પિતા જેવોજ હતો. કનિષ્ઠ ચિરંજીવ શાંતિલાલ ઘણો દેખાવડો અને ગૌરવર્ણો હતો. મકનજીની સ્ત્રી–જડાવ ૨૫ વર્ષની હતી. તે ત્રણ છોકરાંની મા થઇ હતી; તોપણ તેના શરીરનો બાંધો જેવો ને તેવો હોઈ અજાણ્યો માણસ તેની ઉમ્મર ૨૦ વર્ષની અંદર હશે એમ ધારતો હતો. મનમોહનલાલની સ્ત્રી સુંદરી ૧૯ વર્ષની હતી. તેણે બે છોકરાંને જન્મ આપ્યો હતો. સૌથી ન્હાની વહુ–શાંતિલાલની સ્ત્રી સુશીલા કેવળ ૧૫ વર્ષની હતી. તેના સુકુમાર શરીરપર તારૂણ્યનાં ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં. તેની મુખમુદ્રા ઉજ્જવલ, તેજપૂર્ણ, અને મનોહર હતી. વિધાતાએ તેને અલૌકિક સૌંદર્યની બક્ષીસ આપી હતી.

મકનજીની મોટી છોકરી–જમના આઠ વર્ષની હતી. બે છોકરા પૈકી સાકરચંદ પાંચ વર્ષનો હતો. છેક ન્હાના બે વર્ષના છોકરાનું નામ અમરચંદ પાડ્યું હતું. મનમોહનલાલને બે છોકરીઓ જ હતી. પહેલી જડાવ પાંચ વર્ષની હોઇ નાની–ચંપા દોઢ વર્ષની હતી. શેઠના કુટુંબના છોકરાઓ પોતપોતાના બાપ જેવાજ રંગે રૂપે જણાતા હતા.

મુળચંદ શેઠ જ્યારે શાહુકારની પેઢીમાં નોકર રહ્યા

ત્યારે વડીલોપાર્જીત મિલ્કત સિવાય તેમની પાસે કાંઇ નહોતું. વારસામાં મળેલી મિલ્કત પણ કાગળે લખાયેલી હતી. સારાંશ ઉઘરાણીની આસામીઓ ઘણી સદ્ધર નહોતી. વરસાદની તાણથી ખેતરોમાંથી પણ જોઇએ તેવું કાંઇ ઉત્પન્ન થતું નહોતું. શરૂઆતમાં જ્યારે તેઓ મધ્યમ સ્થિતિમાં ઘરસંસાર ચલાવતા હતા ત્યારે તેમનો મોટો પુત્ર-મકનજી ૫ વર્ષનો હતો. સ્વભાષાની કેળવણી લઇ પિતાની પાસે વ્યાપારી જ્ઞાન મેળવી તે અમદાવાદનાજ એક મોટા વેપારીને ત્યાં મુનીમ રહ્યો હતો. મનમોહનલાલે અંગ્રેજી મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરી હતી. પરીક્ષા પસાર કર્યા પછી બે-ચાર મિત્રોએ મળી એક એંગ્લો-વર્નાક્યુલર સ્કુલ ઉઘાડી હતી. આજ સ્કુલમાં મનમોહનલાલ-પહેલા શિક્ષક તરીકે કામ કરતા હતા. શેઠનો સૌથી ન્હાનો પુત્ર શાંતિલાલ મુંબઇમાં એક કોલેજમાં અભ્યાસ કરતો હતો.

સુગચંદ શેઠનું લોકોમાં ઘણું વજન હતું અને વેપારી મંડળમાં તેઓ સર્વને પ્રિય હતા. તે ઘણા ધર્મચુસ્ત હોઇ સત્યશીલ હતા. મુનિ વિગેરે ધર્મગુરૂઓની સેવા કરી ધર્મ કાર્યો કરવામાં દ્રવ્યનો ઘણો ભાગ ખરચતા હતા. નોકરી નહોતી ત્યારે પણ ધર્મ કૃત્યોમાં ખર્ચ કરવા પાછા પડતા નહીં; તો દ્રવ્યપ્રાપ્તિ કર્યા પછી તેઓ ધાર્મિક કાર્યોમાં વધારે ખર્ચ કરે એ સ્વાભાવિકજ હતું.

—✻◎◎✻—

પ્રકરણ ૩ જું.

સાહેલીઓનો સંવાદ.

અષાડ માસ અડધો વહી ગયો હતો. વર્ષાઋતુ પૂર્ણ જોરમાં પોતાનો અમલ ચલાવી રહી હતી. વરસાદની ત્રણ દિવસની સખ્ત હેલીથી સૂર્યદર્શન દુર્લભ થઇ પડ્યાં હતાં. સુશીલા—સૌંદર્યની પ્રત્યક્ષ પ્રતિમા, પોતાના નાનાં ભત્રીજાને ખોળામાં લેઇ પોતાના સુવાના ઓરડામાં એક પત્ર વાંચતી બેઠી હતી. અમરચંદની નજર સુશીલાના હાથમાંના પત્રપર જઇ ચોંટી હતી. પત્ર વાંચતાં વાંચતાં, વચ્ચે વચ્ચે, સુશીલા સ્નેહથી અમરને બચ્ચીઓ કરતી હતી. અમર પણ લાગ જોઇ ઝટ પત્રપર તલપ મારતો હતો. કાકી ભત્રીજાની સ્નેહયુક્ત રમત ચાલી રહી હતી. એટલામાં "સુશીલા—અરે સુશીલા" કહી રસોડામાંથી કોઇએ હાક મારી. પોતાનું નામ સાંભળતાંજ "આ આવી" એમ મોટે સાદે બોલી અમરને કેડમાં લેઇ સુશીલા ઉતાવળથી રસોડામાં ગઇ અને "કેમ બોલાવી" એમ ઘણી નમ્રતા અને ઘણા વિનયથી સાસુને પૂછ્યું. રસોડામાં સાસુ પાસે જવાની ગડબડમાં સુશીલા જે પત્ર વાચતી હતી તે તેના હાથમાંજ રહ્યો અને તેને ઉતાવળમાં તેનું ભાન પણ રહ્યું નહીં.

સુશીલાને આવેલી જોઇ સાસુ બોલી "આકે મ્હોર આને કેડમાં ઘાલી ફરે છે તેથી તારી કેડ પણ નથી દુખતી ? અને બાળકને આવી ટેવ પડે તે પણ ખોટું.—"

સુશીલા કાંઇ પણ બોલી નહીં. માત્ર અમર તરફ પ્રેમ નજરે જોઇ ગાલમાંને ગાલમાં જરા હસી.

" તારા પીયેરમાંથી તારી માએ કેરીઓ મોકલી છે. ઘરમાં સૌના ભાગ પ્રમાણે સૌએ તેમાંની ખાધી અને તેં તો હજી સુધી એક પણ કેરી ખાધી નથી. આ લે અને અહીં બેશીને ખા જોઇએ " એમ કહી હીરાએ પાંચ સાત કેરીઓ સહુણી વહુ આગળ મુકી.

" ખાઇશ, હું પછી ખાઇશ." એમ કહી સુશીલા જરા પાછી હઠી. પણ સાસુએ તેને ત્યાંજ અટકાવી અને કહ્યું "આમ ખાવા પીવામાં તે વળી લાજ શાની ? સુશીલા, હું ખરૂં કહું છું કે બીજા એકાદા ઘરમાં, આ તારી શરમથી તું અપવાશી રહી હોત હો, નીચે બેસ અને મારા દેખતાં ખા જોઇએ. "

સુશીલા શરમાઇ અને મંદહાસ્યની સાથે મનોહર–સુકુમાર નાજુક ડોક કોમળ વેલી પ્રમાણે નીચે નમાવી જમણા પગના અંગુઠાના નખ તરફ જોવા લાગી. આ જોઈ હીરા બોલી " મારા દેખતાં ખાવાની તે શરમ શાની ? " ઠીક ત્યારે આ કેરીઓ લે અને તારા ઓરડામાં જઇને ખા, પછી તો થયું ને ? પણ જરા જલદી પરવારજે હો મારૂં માથું ઓગળવું છે. માટે ઝટ જા.

સુશીલા કેરીઓ લેઇ ત્યાંથી જતી હતી તેવામાં દાશીની નજર સહેજ તેના હાથમાંના કાગળપર પડી. તેણે ધણી નમ

તાથી પૂછ્યું. “ અલી, આ કોનો કાગળ ? શાંતિલાલનો જ-ણાય છે. ખુશીમાં છેને મારો લાડકવાયો ! !”

સુશીલા એકદમ ભાનપર આવી. લજ્જાથી તેનું સુંદર મુખકમળ આરક્ત થઈ ગયું. કપાળપર પરસેવાના બિંદુઓ ચમકવા લાગ્યાં, તે સ્તબ્ધ થઇ ગઇ. મુખમાંથી એક પણ શબ્દ નીકળી શક્યો નહીં. તેની આવી સ્થીતિ જોઇ આખરે ડોશી બોલી “ શરમાય છે શું કરવા છોકરી ? ખુશીમાં છેને મારો શાંતિલાલ ? ”

“ હા ” એટલાજ અક્ષર—તે પણ અડધો બહાર—ઉચ્ચાર કરી, અતિ ઉતાવળથી જેમ તેમ કેરીઓ ખોળામાં મૂકી પોતાના ઓરડા તરફ દોડી ગઈ. પલંગપર કેરીઓ મૂકી, અ-મરને પોતાની સામે બેસાડી ઘણા પ્રેમથી પુનઃ પુનઃ સુશીલા અમરનું ચુંબન કરતી હતી. “ કાકી મને કેરી આપ ”. એવા કોમળ—પ્રેમાળ શબ્દોથી અમર કેરી ખાવા કાકીને વિ-નતી કરતો હતો.

અરે લુચ્ચા, કેરી ખાવી છે કેમ ? નાના છોકરાએ કેરી ન ખાવી હો કે ? એમ કહી સુશીલાએ પુનઃ અમરના કોમળ ગાલનું ચુંબન કર્યું. પછી અમરને નીચે બેસાડી એક કેરી કાપી એક ચીરી તેના હાથમાં મૂકી કાકી ભત્રીજો અમૃતમય [illegible] કેરી [illegible] તે વખતે એકાએક ઓરડાનું [illegible] તરફથી [illegible] કરતી [illegible] થયું તેને દેખીને સુશીલાને ઘણું

આનંદ થયો, અને પ્રફુલ્લવદને બોલી " બેન, કેવી વખતપર આવી ! હું તનેજ યાદ કરતી હતી ! "

" વારૂ, વારૂ, બસ કર બેન, આ ઉપર ઉપરનું બોલવું. કેમ વારૂ, આજ મારી આટલી બધી શી જરૂર પડી ? "

આ તરૂણી કોણ એ પ્રિય વાંચકોને અહીંજ જણાવવાની જરૂર છે. સુળચંદ શેઠના સગા વહાલા પૈકી જ આ તરૂણી હતી. તેનું નામ સરલા હતું. સરલાના બાપનું ઘર સુળચંદ શેઠના ઘરથી બહુ દૂર નહોતું. સરલાના બાપની સ્થિતિ સાધારણ ગરીબ હતી. પણ સરલાને સાસરૂં સારૂં મળ્યું હતું. લક્ષ્મીચંદ નામના એક સરકારી પેનશનર અમલદારના પુત્ર કાંતિલાલ સાથે સરલાનું લગ્ન થયું હતું. સુશીલાના બાપના ઘરની જોડે જ કાંતિલાલ રહેતો હતો. એટલે પીયેરમાં સુશીલા કાંતિલાલને નાનપણથી જ ઓળખતી હતી. લક્ષ્મીચંદ અને તેના કુટુંબના માણસો સુશીલાના પર ઘણો પ્રેમ રાખતા હતા. સુશીલાના સુસ્વભાવથી કાંતિલાલ તેને ઘણો ચાહતો હતો અને સગી બેન પ્રમાણે તેનાપર પ્રીતિ રાખતો હતો. શાંતિલાલ અને કાંતિલાલ બંને મુંબઈમાં એકજ કોલેજમાં અભ્યાસ કરતા હોવાથી બન્ને એક બીજાના સ્નેહી હતા, તેમજ સરલા ને સુશીલા વચ્ચે પણ ઘણો સ્નેહ હતો. કાંતિલાલના શિક્ષણથી સરલા ગુણસંપન્ન થઇ હતી. સારાં સારાં પુસ્તકો વાંચી તે પોતાના જ્ઞાનમાં હંમેશ વધારો કરતી હતી. આપણી વાર્તાના પ્રસંગે તે પોતાના બાપને ઘેર આવી હતી.

કહેવાય. કહે છે હજુ કાગળની આશા છોડી દેવાય નહીં, વારૂ, તું તો મારૂં સમાધાન કરે છે, હોય, બેન અમે તો હવે ઘરડાં થયાં, એટલે જુવાનીયા જેવી અમને હોંશ ન જ હોય, માટે અમારે તો સમાધાન જ માનવું જોઇએ. કેમ નહીં કે ? પણ બેન, મને તારો કાગળ તો બતાવ, શું લખ્યું છે તે તો જોઉં !"

"સુશીલા તદન શરમાઇ ગઇ. તેના સુકુમાર–મોહક ચહેરાપર મદનની ચળકતી પ્રતિમા આવી ઉભી રહી. પ્રશ્નનો જવાબ ન આપતાં સુશીલા પોતાનું ચંદ્રમુખ ઉંચું કરી બોલી "પણ ઘરડી તું ક્યારથી થઇ બેન ?"

તરતજ સ્મિતહાસ્ય સાથે સુશીલાના ચંદ્રમુખ સામે ચંદ્રબિંબ જેવા મૂખે તેના સામું જોઈ સરલા બોલી, "હું કે ? આજ આઠ દિવસ જ થયા, સુશીલા, સ્ત્રીઓને આવુંજ ઘડપણ આવે છે ! પતિ પાસે હોય ત્યારેજ તેમનું તારૂણ્ય, અને પતિ દૂર જાય એટલે છતે તારૂણ્યે ઘડપણજ કહેવાય, સમજી કે બેન ? તું ૧૫ વર્ષની કુમળી મદનવેલી છે પણ હાલ તો તને પણ પતિવિયોગથી વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ છે. મારી લાડકી બેન, નીચે શું જુએ છે ? અંગુઠાના નખમાં મદનનું પ્રતિબિંબ દેખાય છે, ત્યાં જોઈએ નહીં." એમ કહી પ્રેમથી સુશીલાનું મોં ઉંચું કરી, તેના સુવર્ણ ગાલપર બેઠેલી મદન મૂર્તિને દૂર કરવા ત્યાં જરા–પ્રેમ ચુંટલી ખણી ફરીથી બોલી "પણ તારો કાગળ મને બતાવીશ કે નહીં ?"

"તારા મનમાં જે વસ્તુ તેને તું કાંઈ છોડનાર છે? પણ પહેલાં મારી એક વાત સાંભળ"—સુશીલા બોલી.

"પહેલાં મને કાગળ બતાવ, પછી હું તારી એકને બદલે દશ વાતો સાંભળીશ." સરલાએ કહ્યું.

"ઠીક બેન, બતાવું છું. પછી તો થયું ને? પણ હવે આમાંથી બે કેરીઓ તો ખા!"

"આ વખતે મારાથી કાંઇજ ખવાશે નહીં."

"કેમ વારૂ? અમારી ગરીબની કેરીઓ ખાધાથી શ્રીમંત વટલાઇ જાય છે! કેરીઓ ખાધા સિવાય તને જવા દેવાની નથી."

"એમ જો કહીશ તો આ બધી કેરીઓ હું .એકલીજ ખાઇ જઇશ હો!"

"ઓહો, એટલી કૃપા મારાપર ક્યાંથી થાય?"

"ખરેખર હું મશ્કરી નથી કરતી. પણ બેન, આટલી બધી કેરીઓ ખવાશે વારૂ?"

"એમ કેમ પૂછે છે? તું હું, અને મારો ગાંડીયો અમર!"

ઠીક ત્યારે, એમ કહી સરલાએ એક કેરી કાપી, તેનાં ચીરીયાં કરી ત્રણે જણે ખાધાં. પછી બીજી કેરી ખાધી. કેરી ખાધા પછી સુશીલા પાણી લેવા નીચે ગઇ. કાકી નીચે ગયેલી એટલે અમર રડવા લાગ્યો; પણ તરતજ સુશીલા પાણી લઈને ઉપર આવી અને કેડમાં ઘાલી એક કેરીની ચીરી તેના

હાથમાં આપી એટલે તે શાંત થઇ ગયો. પછી સરલા બોલી "વાહરે તું, હિસાબ તો ત્રણનો ગણાવ્યો અને તું તો ખાતીજ નથી."

અમર રડતો હતો તે તો છાનો રહ્યો, પણ તેના રડવાનો અવાજ સાંભળી તેની મા–જડાવ સુશીલાના ઓરડામાં દોડી ગઇ, અને ક્રોધમુદ્રાથી અમર સામું જોઈ તેને સુશીલાની કેડમાંથી ખેંચી લીધો અને તેના બરડામાં બે ચાર ધબ્બા મારી ક્રોધાવેશમાં મોટેથી બોલી " મુવો, ચંડાળ ક્યારનો ખાવા માટે જાણે મરી જાય છે ? આ નરક ન ખાધું હોય તો નહી જીવાય વારૂ ? પથરા ખાને મારા રોયા ! "

બીચારો અમર–" કાકી, કાકી–" કહી મોટેથી રડવા લાગ્યો. ફરીથી જડાવે તેના ગાલપર બે તમાચા લગાવી કહ્યું કે " મુવા, હજુ કાકીને બોલાવે છે કે ? તેનું નામ દઇશ તો જીવ કાઢી નાંખીશ. "

સુશીલા તો સજ્જડ જ થઇ ગઇ. તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. એટલામાં જડાવ પિશાચરૂપમાં ત્યાંથી જતી રહી. આ જોઈ સરલા પણ ટાઢીજ થઇ ગઇ. તે બોલી " આ શું બેન, આવું ફારસ તો મેં ક્યાંય જોયું નહીં ! "

સુશીલા રડતી રડતી બોલી " સરલા, તું અહીંજ છે, કહે જોઇએ, આમાં મારો કાંઇ દોષ છે ? "

" તારો અપરાધ ? સુશીલા ! ભત્રીજાને હદપાર લાડ કરી, પુત્ર પ્રમાણે માયા બતાવે છે એજ તારો દોષ બેન ! "

(૩૪)

અને એને મારવુ છે તે ...
સય કર ... ન થાય કે ...
પોતાનો હાથ મૂક્યો.

સુશીલાનાં આંસુ લુછીને તેનાં ગળામાં હાથ નાંખી [illegible]

[illegible]

પ્રકરણ ૪ થું.

સુશીલા અને સરલા.

સાયંકાળ થયેલો જોઇ "સુશીલા, અલી સુશીલા" એમ કહી હીરાએ હાંકો મારી; સાસુની હાંક સાંભળી સુશીલા તરતજ નીચે આવી અને તેનો ચોટલો ગુંથવા બેઠી. સુશીલાની આંખમાંથી પાણીની ઉષ્ણ ધારા તેના ગુલાબી ગાલપરથી નીચે ઝરી પડતી હતી તે જોઇ હીરા બોલી "અલી સુશીલા ! રડે છે કેમ ?"

રડતાં રડતાં સુશીલાએ અમરને મારવા સંબંધીની સર્વ વાત કહી અને વધારે રડવા લાગી. તે જોઈ સાસુએ કહ્યું "અરે ગાંડી, તેમાં રડે છે શાને ? તેમાં તારો શો અપરાધ છે ?"

એટલામાં સરલા પણ ત્યાં આવી, તેને જોઇ હીરા બોલી આ ઘરની વાતો તો હવે ઘણી આગળ વધી ગઇ છે. એમના

મનમાં શું છે તે કાંઇ સમજાતું નથી. નાહક ઘરમાં કલેશ શામાટે કરતાં હશે વારૂ?

બિચારી સરલા તો મૌનવ્રત ધારણ કરી બેઠી અને થોડીવાર પછી તે પોતાને ઘેર જવા નીકળી. “ પણ હજુ તો વરસાદ રહી ગયો નથી ” એમ કહી હીરાએ તેને જવા દીધી નહીં. સરલાએ ત્યાંજ રાત રહેવાનો વિચાર કર્યો. હીરાએ એક નોકર સાથે સરલાની માને સંદેશો કહેવડાવ્યો કે સરલાને આજ અહીં રાખી લીધી છે.

થોડીવાર પછી સુશીલા અને સરલા એક ઓરડામ જઇ વાતો કરતી બેઠી.

પછી જડાવે ક્રોધના જોરમાં અને અદેખાઇના તોરમ પોતાનુ મોં જોરથી ઉપાડયું; સુશીલા, સરલા અને સાસુને ઘણુ અયોગ્ય શબ્દો કહી ગાળો રૂપી ફુલોથી તેમની સારી પૂજ કરી. એટલેથીજ તેને સંતોષ થયો નહીં ત્યારે શાંતિલાલ અને કાંતિલાલના નામનો ઉચ્ચાર કરી તેમની સાથે અંગ્રેજી ભણેલાં સર્વને ગાળો ભાંડી તેમનો ઉદ્ધાર કર્યો. ડોશી સાસુએ તેને વળી સમજાવી પણ તેણે માન્યું નહીં અને લાજ તથા મર્યાદા છોડી સસરાને પણ બે ચાર ચોપડાવી; પછી પતિને ઉદ્દેશીને થોડો પ્રસાદ મકનજીને આપી પતિ–ભકિત દર્શાવી. ગમે તેવું અયોગ્ય બોલતાં રાત્રીના દશ વાગ્યા; આખરે તે થાકી ગઇ ત્યારેજ ચુપ થઇ.

રાત્રીના દશ વાગી ગયા પછી સુશીલા અને સરલા પોતાના સુવાના ઓરડામાં વાતો કરતી બેઠી.

" અરે બાઇ, આ તો જાણે છ છેડાયલી વાઘણ જ તો ? તેનું મેં પણ દુખ્યું નહીં !"

સુશીલા ભયભીત થઇ અને ધીમે સાદે બોલી, "જવા દે બેન, તે વાત કરીશજ નહીં, નહીંતો વળી પાછો દાવાનળ સળગી ઉઠશે."

" ઓહો ! આમ બીવાથી તારા દહાડા શી રીતે જશે ? આ તો રોજનું લાગ્યું—"

" સરલા બેન, તને મારા સમ છે, બોલીશ નહી ! તેં આજે જોયું માટે તને નવાઇ લાગે છે. આતો રોજનું છે. મારૂં લાગ્યું હું ભોગવીશ. મારો જીવ તો થરથર કંપે છે. તે વાતજ જવા દે, બેન તારે પેલો કાગળ જોવો છે ને ? "

સરલાનું ચિત્ત બીજી વાતો તરફ દોરવાના ઇરાદાથી સુશીલાએ શાંતિલાલનો પત્ર તેના હાથમાં મૂક્યો. સરલા તરતજ સ્મિતવદને પત્ર વાંચવા મંડી ગઈ. પત્ર પૂરો વાંચી બોલી " મારા ભાઇએ તો આ કાગળમાં એકજ મુદ્દો—એકજ વાત લખી છે. ' કોઇનો દ્વેષ કરીશ નહીં, કલેશ કરીશ નહીં, સંપથી રહેજે, સાસુ સસરા અને વડીલ જનોની સુશ્રુષા કરજે, મોટા ભાઇના છોકરા તારાજ સમજજે,'—વાહરે વાહ, જોયું બેન, બન્ને એકજ કોલેજમાં ભણે છે ને ? " એમ કહી સરલા હસવા લાગી. એટલામાં સરલાની નજર તેના લુગડા તરફ ગઈ અને બોલી " આ શું બેન ? લુગડું એટલી વારમાં ફાટયું શાને ? "

" મેં નથી અલી તેં ફાડ્યું, કાલે તડકામાં સુકવવા મૂક્યું હતું."

" તો શું તડકાએ ફાડ્યું ? હું બધું જાણું છું બેન ? બધે વાતો થાય છે તે ખોટી નહીં, એ તો એમનુંજ કામ."

" બેન, નાહક શાને બકવાટ કરે છે ?"

" વારૂ, વારૂ, મને ડહાપણ શીખવે છે ? આતો જાણી જોઇને કોઇએ ફાડેલું જણાય છે. બાઇ, આવો દ્વેષ તે ક્યાંનો?"

સુશીલા શાંત સ્વભાવે બોલી " હશે, કોઇ છોકરાએ ફાડ્યું હશે, તેમને ફાડીને શું મ ળવાનું છે ? બળ્યું. જવા દેને આ વાત ?"

" આજ તો તારી અક્કલનો નમુનો ! કાંઇ મળે માટે કોઇ ફાડતું હશે કે ? હમણાંજ બધાને ગાળોનો પોશાખ આપ્યો; તેથી તેને શું મળ્યું ? આજ સુધી કોઇએ તારૂં લુગડું ફાડ્યું હતું કે ?"

" હા, ઘણી વખત, પણ હું એમ સમજતી હતી કે કોઇ છોકરાની રમતનું આ કામ હશે."

" અરે, ગાંડી બેન, આવા પુરૂષ જેવા વિચાર રાખવાથી સ્ત્રીઓનું નભે કે ? એમાં શું, એમ ભલે તેમને મુંબઇ બેઠા લાગે ! તે તો જાણતા હશે કે બધી સીતા અને સાવિત્રી—સતીયો છે. 'કોઇની જોડે વઢવું નહીં; સંપથી રહેજે,' એમ તે તો લખ્યા કરે, પણ આવી વાઘણોને ન દબાવાથી તારા

સુરા હાલ થશે. બાઇ, આવી બાઈઓના બાપડા પણ કેવા ? તે પણ તેમના જ જેવાં મૂર્ખ—".

સુશીલા ગભરાઇ ગઈ ને બોલી: " બેન, જ્વાદે આ વાત, ઉંઘ નથી આવની કે ? " એમ કહી સુશીલાએ એકદમ દિવો ઓલવી નાંખ્યો.

પથારીમાં પડયાં પડયાં બન્ને વાતો કરતી હતી એટલામાં સરલાએ સુશીલાના કાનમાં કહ્યું " બેન મઝા તો જો, કોઇ બારણા આગળ ઉભું રહી આપણી વાત સાંભળે છે."

"સાંભળવા દે, તેની આપણને શી પર્વા છે ? સરલા, અહીં ઉંઘી જાને હવે ? "

એટલામાં બારણા આગળથી કોઇ ધીરે ધીરે દોડી ગયું. પગલાંનો અવાજ સાંભળી સરલા હસી પડી ને બોલી, "જોયું કે બેન, ચોર પકડયો. "

પછી સરલાએ સુશીલાને અનેક વાતો કહી, સંસાર સંબંધી ઘણો ઉપદેશ કર્યો. આનંદથી સહ ઉપદેશની વાતો કરતાં કરતાં રાત કયાં ગઇ તે સમજાયું પણ નહીં. સવાર થતાં જ સર્વને પૂછી સરલા રોજ આવવાનુ કબુલ કરી પોતાને ઘેર ગઈ. શાંત સ્વભાવની સુશીલા, સુંગે મોઢે શોકાતુર વદને ઘરનું કામકાજ કરવા મંડી પડી.



પ્રકરણ ૫ મું.

શેઠ અને શેઠાણી.

આસો માસ અડધો વહી ગયો હતો. દીવાળીના શુભ તહેવારોના દીવસો નજીક આવતા હતા. બીજા સર્વ તહેવારોમાં દીવાળીનો તહેવાર આનંદદાયક અને ખુશીખુશાલીનો હોવાથી આખા શહેરમાં સૌ કોઇ પોતપોતાની શકિત પ્રમાણે તૈયારીઓ કરતાં હતાં. બાળક, તરૂણ, વૃદ્ધ સૌ કોઇ દીવાળીની રાહ જોતાં હતાં. દૂર ગયેલો પતિ હવે જલદી મળશે એવી આશાએ વિયોગી તરૂણીઓ દીવાળી નજીક આવવાથી આનંદ પામતી હતી. વૃદ્ધ માતા પિતા દેશાવર દ્રવ્ય પ્રાપ્ત કરવા ગયેલા પુત્રોને મળવાની આતુરતાથી દીવાળીની રાહ જોયાં કરતાં હતાં. હવે સારૂં સારૂં ખાવાનું મળશે અને સારા સારા વસ્ત્રો પહેરવા મળશે એવી ઇચ્છાથી નાનાં છોકરાં આનંદથી કુદકા મારતાં હતાં. પરતંત્રતા ભોગવતા પુરૂષો ચાર દિવસ વિશ્રાંતિ લેવા તે આનંદમય સમય માટે ઉત્સુક થઇ રહ્યાં હતાં; સારાંશ સૌ કોઇ પોતપોતાની ઇચ્છાનુસાર સ્વાભાવિક ગુણના પ્રદર્શનમાં ભાગ લેવા ઘણા આતુર થઇ રહ્યાં હતાં.

આ જગતમાં સુખ દુ:ખનું મિશ્રણ થયેલું જણાય છે. કેવળ સુખ અથવા કેવળ દુ:ખનું સામ્રાજ્ય કોઇ પણ સ્થળે જણાતું નથી. જે વાતથી અગર જે વસ્તુથી એક જણનું હૃદય આનંદ પરિપૂર્ણ થાય છે તેજ વાત અથવા તેજ વસ્તુથી બીજાનું હૃદય

કંપે છે એવો આ જગતમાં એક નિયમ છે ! એક રાજા મરણ પામ્યો, બીજો રાજા ગાદી પર બેઠો; એકને માટે લોક આનંદ પ્રદર્શીત કરે છે, ત્યારે બીજી તરફ દુઃખ પ્રદર્શીત કરવામાં આવે છે; માયા મોહના ત્યાગી મૃત્યુ લોકને છોડી જનારની સ્ત્રી, પુત્ર, કન્યાદિક તેની પાછળ ભયંકર ચીસો પાડી રડે છે, ત્યારે દુષ્ટ બુદ્ધિના માનવી પશુ–તેના શત્રુ આનંદાશ્રુ કાઢે છે; વળી બીજી તરફ જોઇએ તો કોઈ રડતું પણ નથી ને હસતું પણ નથી. જ્યારે આવા પ્રકારનું હાસ્ય અને રૂદન સાર્થક હોય અથવા નિરર્થક હોય–તેનો સૃષ્ટિ સાથેજ જન્મ થયેલો છે અને સૃષ્ટિ સાથેજ તેનો નાશ થવાનો છે ત્યારે તેનો અનાદર કરવાથી કેમ ચાલે ?

દિવાળીને હવે આઠજ દિવસ રહ્યા. મુળચંદ શેઠ રાતે વાળુ કરી એક ધાર્મિક પુસ્તક વ ચવા બેઠા હતા. હીરા પણ ધર્મોપદેશ સાંભળાની સામે બેઠી હતી. બાકીનાં સર્વ કોઈ પોતપોતાને ઠેકાણે જઇ સૂતાં હતાં. શેઠ પોથી વાંચી રહ્યા કે તુરતજ ધીમે રહી શેઠાણી બોલી " દિવાળીને તો આઠજ દિવસ રહ્યા છે ને હજુ ઘરમાં કાંઈ પણ કર્યું નથી. હજુ કાંઈ સામાન પણ લાવી આપ્યો નથી. શું કરવુ છે તેની પણ આગ્ના કરી નથી—"

" જે જોઇએ તે કહે, બાર માથું પકવશો નહીં, હમણા તો મને કંઈ સારૂં લાગતું નથી—

પ્રકરણ ૬ ઠું.

અંતઃપુરનો આનંદ.

દીવાળીની રજામાં શાંતિલાલ મુંબઈથી ઘેર આવ્યા હતા. પતિનું આગમન થયું તે દિવસે તો સુશીલાના મનમાં અનેક કલ્પનારંગ જામી રહ્યો હતો. શાંતિલાલ પણ પ્રિય પત્નિને મળવા આતુર થઈ રહ્યો હતો. પણ શેઠના કુટુંબમાં સુધારાનો પ્રવેશ નહી થવાથી પતિ પત્નિ આતુરતાથી રાત્રીની રાહ જોતાં હતાં. સુશીલાને તે દિવસ ઘણો મોટો જણાયો. તે જેમ જેમ રાત્રીને જલદી આવવા આમંત્રણ કરતી હતી તેમ તેમ રાત્રી પાછી હટી તેના વિયોગાગ્નિને વધારે તપાવતી હતી. આખરે સાયંકાળ થયો અને સર્વત્ર અંધકાર વ્યાપી રહ્યો, અને ક્રમે ક્રમે રાત્રીએ પોતાનો અમલ ચલાવી પ્રેમાંધ આશુકમાશુકનાં જોડાંઓની અરસપરસ પ્રેમ મુલાકાત કરાવી પ્રેમીજોડાઓનાં આશીર્વાદ પ્રાપ્ત કરી લીધા. સ્ત્રીઓ પોતપોતાનું કામ પરવારી પોતપોતાના ઓરડામાં સૂવાને ગઈ. પુરૂષમંડળ બહારના એક ઓરડામાં વાતો કરતું બેઠું. સુશીલા—મનોહર સુશીલા ધીરે ધીરે પૃથ્વીપર પગ મૂકી, પોતાના જમણા પગના અંગુઠા તરફ નજર કરી તેમાં દેખાતી મૂર્ત્તિ સામે જોઇ, પોતાના ઓરડા તરફ ગઇ. આ સુકુમાર બાળાના પગ મદનરાજ જમીનપર અદ્રસ્ય રહી ખેંચતા હતા. પણ સુશીલા તેની દરકાર ન કરતાં એકપછી એક પગલાં ભરી

પોતાના અંતઃપુરમાં દાખલ થઇ. આજ તેની મુખમુદ્રાપર અનેક પ્રકારનાં ચિન્હો જણાતાં હતાં. ઓરડાના એક ખુણામાં એક ટેબલ પડયું હતું, તેનાપર એક વિદેશી દીવો બળતો હતો. ટેબલ પાસે એક ખુરશી પડી હતી, દીવાની જમણી બાજુપર કેટલાંક પુસ્તકો મુકયાં હતાં. અને તેની જોડે એક ટેબલ-વૉચ (ટેબલપર મુકવાનું ઘડીયાળ) કટ.કટ અવાજ કરતું હતું. સુશીલા ઓરડામાં જઇ ખુરશીપર બેઠી અને ઘડીયાળ તરફ જોઇ એકદમ ચમકી બોલી કે " અરે બાઇ, સાડાદશ વાગ્યા;" પછી ટેબલ ઉપર પડેલું એક પુસ્તક હાથમાં લીધું. તે તરૂણીના કોમળ હસ્તનો સ્પર્શ કરવા નિર્જિવ પુસ્તકોને પણ ઇચ્છા ઉત્પન્ન થવાથી એક પુસ્તક લેતાંની સાથે બીજું પુસ્તક તેના પર ધસી પડયું. કટ-કટ કરતું ઘડીયાળ તેનું તારૂણ્યનીહાળવા યા તેનો સ્પર્શ કરવા સુકુમાર તરૂણીની છાતીપર પડી ખોળામાં જઇ બેઠું. અચેતન કાયામાં એકદમ ચૈતન્ય પ્રગટ થયેલું જોઇ સુશીલા એકદમ ઉભી થઇ. પુસ્તક અને ઘડીયાળ જ્યાંનું ત્યાં મૂકયું પણ ઉભી થતાંની સાથેજ નવી ફેશનની નાજુક ખુરસી ઢળી પડી. ખુરશીને બરાબર ગોઠવી ફરી સુશીલા ઘડીયાળ તરફ સ્મીત હાસ્ય સાથે જોઇ રહી. અચેતન વસ્તુઓ અને સુશીલા વચ્ચે મદને અદ્રસ્ય રહી કલહ મચાવ્યો, એટલામાં શાંતિલાલ ઓરડાનું બારણું ઉઘાડી અને ફરીથી તે વાસીને અંદર આવ્યો. શાંતિલાલને જોઇ સુશીલા ટેબલ પાસેથી ખસી જ્યાં પાસે પડેલા પલંગ તરફના ખુણા તરફ જતી હતી. એટલામાં શાન્તિલાલે તેનો

કોમળ હાથ ઝાલી સ્મિત હાસ્યથી પૂછ્યું કે, " કેમ ક્યાં નાસી જવાનો વિચાર છે ? "

હસ્ત સાથે હસ્તનો ઘણી આતુરતા પછી સ્પર્શ થતાંજ મદને સુશીલાના શરીરમાં હસ્તને રસ્તે પ્રવેશ કર્યો અને વિજળીની પેઠે સર્વાંગમાં કુદકા મારવા લાગ્યો. સુશીલા લજ્જાયમાન થઇ ગઇ, તેના મોમાંથી એક પણ શબ્દ બહાર નીકળી શક્યો નહીં. તે તો નીચું જોઇને હાલ્યા ચાલ્યા વગર ઉભીજ રહી. તેની આવી દિગમૂઢ જેવી થયેલી સ્થિતિ જોઈને શાંતિલાલે ફરીથી પૂછ્યું " સુવાનો વખત થઇ ગયો કેમ વારૂં ? "

જવાબમાં સુશીલા કાંઇજ બોલી નહીં, પણ માત્ર વક્રદ્રષ્ટિએ પતિ સામું જોઇ તરતજ નીચે જોયું.

" મારા કાગળનો જવાબ કેમ ન મોકલ્યો ? "

અતિ પ્રયાસે " ઘેર આવવાનું હતું એટલે; " એટલા શબ્દો બોલી સુશીલા પાછી બોલતી બંધ થઈ ગઈ; તેનું હ્રદય એકદમ ધડકવા લાગ્યું. મદન તેના વક્ષસ્થળપર આમ તેમ કુદકા મારતો હોય એમ જણાયું.

" મને આવવાને બહુવાર થઇ કેમ વારૂ ?."

આ પ્રશ્ન સાંભળી સુશીલાએ ફરીથી પોતાના નેત્ર કટાક્ષથી શાંતિલાલને ઘાયલ કરી નાંખ્યો. હવે તેને જરા હિમ્મત આવી; શરમ અને લજ્જાને દયા આવવાથી ત્યાંથી પલાયન કરી ગયા અને મદનના અમલ નીચે એ આશુકમા-

સુંદરના હોઠોને પ્રેમરસ પીવાને તક આપી. સુશીલા રમીન હાસ્યથી બોલી, "ના, મને લાગ્યું કે બહાર વાતો કરતા બેઠા હતા, ત્યાંથી પાછા મુંબઇ તો નહીં ગયા હોય ને ?"

"એટલે શું ?–કેટલા વાગ્યા વારૂ ?"

"હજુ બહુ રાત વહી ગઇ નથી. મુંબઇના ઘડીયાળમાં તો હજુ સાત પણ નહી વાગ્યા હોય."

તરૂણીના ચંદ્રમુખ વદનમાંથી પુષ્પરૂપી શબ્દો ખરી પડતાં જ પ્રેમાવેશમાં શાંતિલાલ સુશીલાનો હાથ ઝાલી પોતાની પાસે લાવ્યો અને ખુરશીપર પોતે બેઠો. એક વખત પ્રેમ ચુંબન કરી બોલ્યો. "મુંબઇના ઘડીયાળ હું જાણું છું ઘણા ધીમા ચાલે છે, કેમ વારૂ ?"

"ઘડીયાળ તો શું પણ મુંબઇમાં રહેનાર માણસો પણ ધીમાજ હોય છે !"

"આ તેં શી રીતે જાણ્યું ?" શાંતિલાલે ફરીથી ચુંબન કરી પૂછ્યું.

પતિમુખે સ્પર્શ કરેલા ગાલપર પોતાનો ગૌર વર્ણનો હાથ ફેરવી ગાલમાં દેખાતા મદન પ્રતિબિંબને ઝાંખુ કરી, શરીરના નાજુક અવયવોને, પહેરેલી ચંદ્રકળાના છેડાથી ઢાંકીને ત્યાંથી જરા દૂર ખસી, શાંતિલાલની દ્રષ્ટીને પોતાની પાછળજ આવવાનો હુકમ કરી રંભા પુતળી સુશિલા બોલી કે "હમણા આવવાને વાર થઇ તેથી; સભામા ભાષણ કરતી વખતે શ્રોતાઓને ઉપદેશ કરવા કે–રાત્રે બહુ જાગરણ કરવુ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ઇચ્છા હતી?"

"[illegible] તને મળવાનું [illegible] અને [illegible] ચિંતા.—"

"[illegible] ચિંતા કરતી બેઠી હતી?"

"ના. ના. તેને ચિંતા શાની હોય? પોતાના જેવાજ બીજા નિષ્ઠુર [illegible] નથી"

"પ્રિય, મેં શી નિષ્ઠુરતા કરી છે? તારી માફક હું પણ તને મળવાને ઘણો આતુર હતો, પણ મોટાભાઇ અને પિતાજી સવ અમે ભેગા હતા તેમને છોડીને શી રીતે ઉઠાય? પિતાજીએ કહ્યું કે હવે મારો વૃદ્ધાકાળ થયો છે.

તમો સર્વે ભાઈઓ એકઠા મળ્યા છો; માટે પોતપોતાનું સંભાળી લ્યો; બાદ કેટલીક સંસારને લગતી વાતચિત થઈ, તે સર્વ હું તને કાલે કહીશ. હવે રાત ઘણી ગઈ છે. ફોગટ જાગરણ કરવામાં અર્થ શો ?"

"વારૂ, પણ હવે પાછા ક્યારે મુંબઈ જવાનું છે ?"

"કાલે, કહે તો કાલેજ જાઉં!" શાંતીલાલે હસીને કહ્યું.

"એમાં તો કાંઈ નવાઈ જેવું નથીજ; પણ ખરૂં કહો, કેટલા દિવસની રજા છે ?"

"ઘણા દહાડાની છે."

"પણ ઠીક, ચોકસ કહો તો ગુન્હો થશે ?"

"લગભગ દોઢ મહીનાની રજા છે, સમજી કે ?"

"ઠીક, ત્યારે હવે ઘણી વાતો જાણવામાં આવશે." સુશીલા હસીને બોલી.

"વારૂ પણ જરા પાસે આવ, એક ખાનગી વાત કહેવી છે."

"ના, ત્યાંથીજ કહો, હું સાભળું છું"

"કેમ પાસે આવતાં બીક લાગે છે ?"

"હા."

"કોની ?"

"તમારી મારી વચ્ચે અદ્રશ્ય પહેરાવાળા ઉભા છે,"

" મોહિત, તે કોણ ?"

" જેને કવિઓ 'મદન' કહે છે તે—"

" ઠીક, તેના પર હું પ્રેમ અસ્ત્ર ફેંકું છું," એમ કહી શાંતિલાલ ખુરશીપરથી ઉઠયો અને સુશીલા પાસે જઇ તેની ચંદ્રકળાનો છેડો પકડયો, ત્યારે નાજુક શરીરને કોમળવેલીની માફક વકવાળી, સર્વ અવયવોને સંકોચિત થવાનો હુકમ કરી સુશીલા મોહક શબ્દોથી બોલી " આ શું ? શું કરો છો ? કોલેજમાં આવુંજ ભણાય છે ? સુશીલાના વક્ષસ્થળપર, ચિત્તવેધક પતિ હસી, સ્પર્શ સારૂ અધિરાં થઇ ગયેલાં, સુવાનીના ચિન્હોપર શાંતિલાલે હાથ મુકી, જમણા હાથે હડપચી પકડી તેજોમય ચંદ્રમુખ ઉંચુ કરી ચુંબન ન કરવાથી રીસાયેલા ડાબી બાજુના ગુલાબી ગાલનું ચુંબન કરી શાંતિલાલ બોલ્યો, " હા કોલેજમાં બીજા વિષયો સાથે પ્રેમશાસ્ત્રનો પણ અભ્યાસ કરવો પડે છે. "

બન્નેના શરીરમાં રૂવે રૂંવે મદને પ્રવેશ કર્યો અને પછી તે નિર્મળ 'પ્રેમજોડાંને ધક્કા મારી મદન શયનસ્થાન તરફ લઇ ગયો અને તેમને શુદ્ધ પ્રેમની અજબ લહેર ભોગવવાનો હુકમ કર્યો ?



પ્રકરણ ૭ મું.

ત્યારે આનું કારણ શું !

ઘેર આવ્યા પછી શાંતિલાલ સવારમાં વહેલો ઉઠી શૌચ મુખમાર્જનાદિક કર્મ કરી નદી કિનારે થોડો વખત ફરવા જતો હતો; પછી સ્નાન કરી એક પુસ્તક અગર વર્તમાનપત્ર વાંચતો હતો; કોઇ દિવસ પત્નિ સાથે તો કોઇ દિવસ વડીલ બંધુઓ સાથે ગૃહ સંસાર અને જ્ઞાનને લગતી વાતો કરતો હતો; ભોજન કર્યા બાદ થોડો વખત વિશ્રાંતિ લઇ મિત્રમંડળ સાથે આનંદમાં વખત કાઢતો હતો. શાંતિલાલના સુસ્વભાવથી સર્વ મિત્રો તેને અત્યંત ચાહતા હતા.

સુશીલા તે પણ ઘણી ડાહી હતી સ્વાભાવિક લજ્જા દૂર કરી તે હવે પતિ સાથે ખુલ્લાં અંતઃકરણથી વાતચીત કરતી હતી. તે સ્વાભાવિકરીતે બુદ્ધિવાન હોવાથી પતિ તરફથી મળતા શિક્ષણનો મર્મ સમજી લઇ તે પ્રમાણે પોતાનું વર્તન ચલાવતી હતી; પતિના અંતઃકરણની ઇચ્છા સમજી લઇ તેની મરજી પ્રમાણે પોતાનું વર્તન રાખવા ખંતથી અભ્યાસ કરતી હતી, રાતે પત્ની સમાગમ સમયે શાંતિલાલ એકાદ જ્ઞાનનું પુસ્તક તેને વાંચી સંભળાવતો હતો અને કોઇ વખત સુશીલા પાસેથી પણ વંચાવી લેતો હતો. અત્યાર સુધી શાંતિલાલને ઘરની એક પણ વાત કહી નહોતી, કારણ પતિના આનંદમાં ભંગ કરાવવાનું તે યોગ્ય ધારતી નહોતી. આખરે શાંતિલાલના

સુશીલાને જવાબ આપવાનું સુઝ્યું નહીં ને તે ગોટાળામાં પડી અને બોલી "હા, ઠીક યાદ આવ્યું પૃથ્વી શી રીતે ફરે છે તે હું પણ ભુલી ગઇ. માટે ફરીથી કહો તો સારૂં."

"ઠીક વળી કોઇ દિવસ તે વાત હું તને સમજાવીશ. લખવાં, વાંચવાં શિખવાથી શા શા ફાયદા થાય છે, શિક્ષણથી મનુષ્યનું અંતઃકરણ શી રીતે સંસ્કૃતિ પામે છે, સ્વચ્છતાથી શા ફાયદા છે, ઇત્યાદી વાતો કેટલાક પુરૂષો પણ જાણતા નથી. તો તેવી વાતો તારી [illegible] શી રીતે જાણે? જે સમજવાની યોગ્યતા ન હોય તેની પાસે તેવી વાત કાઢવી એ વાત કરનારની જ ભુલ છે. [illegible] શિક્ષણ લીધું હોત તો સ્વચ્છતાથી શા ફાયદા થાય છે તે સમજી શકત અને તારી [illegible]

[illegible]

[illegible]

[illegible]

ત્યારે આટલું બોલ્યા ત્યારે હવે મારા પણ બે શબ્દો સાંભળજો. મારી પેટી ઉઘાડીને જોશો એટલે જણાશે કે મારૂં એક પણ લુગડું ફાટ્યા સિવાયનું રહ્યું છે? હું તડકામાં લુગડાં સુકવું તેમાં પણ મારો દોષ મારા પુસ્તકો જુઓ, તે પણ બધાં કોઈએ ફાડ્યાં છે. આમાં પણ મારોજ અપરાધ? રાંધતી વખતે હુંજ કે દાળ શાકમાં બે બે અને ત્રણ ત્રણવાર મીઠું નાખું છું? સાસુ, સસરાને સારૂં ન ખાવા દેવું એવો મે જ નિશ્ચય કર્યો છે કે શું?" બોલતાં બોલતાં સુશીલાની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. "કોઈક વખતે કદાચ હું કંઈ જવાબ આપું તો તે કહે છે કે 'તારે શું બાઈ, તું તો લખતાં વાંચતાં શીખી; તારી આગળ અમારો શો હિસાબ?' વારૂ કંઈજ ન બોલું તો કહે છે કે 'બાઈ, તું શા માટે અમારા જેવા મૂર્ખ સાથે બોલે? પોતે ભણેલી અને વળી પતિરાજ અંગ્રેજી ભણે છે; ત્યારે અમારી સાથે તું શા માટે બોલે?' વારૂ, જલદી રાંધવાનું શરૂ કરૂં તો કહે છે 'અમને બાઈ ક્યાં રાંધતા આવડે છે? ડાહી તો એકલી સુશીલાજ છે.' ઠીક, મોડી રાંધવા જાઉં તો કહે છે કે 'બાઈ, સુશીલાને ક્યાંથી વખત મળે? તેમનો બધો વખત પુસ્તક વાંચવામાં જાય છે. માબાપ પૈસાદાર ને ઘર પણ પૈસાદાર થવાનાં. હવે તેને કાળજી શાની હોય?' તેમના છોકરાને તેડીએ તો કહે 'રહેવા દો, બાઈ તમારી કેડ દુખશે, ને ન તેડીયે તો કહે 'છોકરો રડે છે, પણ કોઈ તેડે છે?' આવો ઢંગધડા વિનાનો ન્યાય આ ઘરમાં છે, મને અમર બહુ વહાલો છે. આજ તેને મેં ઉચકી કેડમાં

લીધી ત્યારે તે બોલ્યો ' કાકી હું તારી પાસે નહીં આવું,' મેં પુછ્યું 'એમ કેમ અમર ?' ત્યારે તે બોલ્યો " કાકી, મા મારાપર રીસાઇ છે અને કહે છે કે કાકી પાસે જઇશ તો માર મારીશ." એનો અર્થ શો ? આટલું બોલી સુશીલા મોટેથી રડી પડી. શાંતિલાલ પણ ઘણો શોકાતુર થયો અને સુશીલાનો હાથ ઝાલી બોલ્યો "ગાંડી ક્યારની રડે છે શું કરવા ? " પતિના પ્રેમાળ શબ્દોથી તેનું અંતઃકરણ બહુ ભરાઇ આવ્યું અને શાંતિલાલની છાતીપર માથું મૂકી નાના છોકરાની પેઠે રડવા લાગી. થોડીવાર પછી શાંત થઇ સુશીલા બોલી, પોતાના સારા વર્તાવથી શત્રુ પણ મિત્ર થાય છે. તમે કહો છો તેજ હું બધાં વાક્યો સમજુ છું. સારૂં વર્તન એટલે શું ? અને ખરાબ વર્તન એટલે શું તે હું કાંઇજ સમજી શકતી નથી. શું કરૂં તો દેરાણી જેઠાણી મને સગી બહેન પ્રમાણે ગણે તે કૃપા કરી કહો એટલે તે પ્રમાણે વર્તિશ."

સરળ સ્વભાવની સરળ સુશીલાના ઉદ્ગાર સાંભળી શાંતિલાલ વિચારમાં પડી ગયો. સુશીલાના સુશીલ અને નિષ્કપટ સ્વભાવની મનમાં પ્રશંસા કરી. શો જવાબ આપવો તેની સુઝ પડી નહીં. ઘણી વખત તે તેમજ બેસી રહ્યો. પછી પોતાના હાથે સુશીલાના આંસુ લુછી નાંખી શાંતિલાલ નરમ અને દયાળુ સ્વરે બોલ્યો " હું સત્ય કહું છું કે આનો ભેદ હું કાંઇ સમજી શકતો નથી. તારી વર્તણુક સારી નથી એમ હું માનતો નથી. પણ કારણ સિવાય તો કાર્ય થતું નથી. અને તે કયું ? મત્સર, અદેખાઇ. બીજાનું સારૂં કેટલાક જોઇ શકતા નથી. પણ હાલ

તો તેમની અને આપણી સ્થિતિમાં કાંઇ ભેદ નથી, તેથી અદેખાઇ ઉત્પન્ન થવાનો માર્ગ નથી. ત્યારે આનું કારણ શું ?"

—※—

પ્રકરણ ૮ મું.

સુંદરીનો બળાપો.

બીજા દિવસની રાતે સુંદરી ઉશીકાપર માથું મૂકી નિસાસા નાખતી હતી; આ પાસેથી પેલે પાસે આળોટતી હતી. મનમોહનલાલ સુંદરીના આ ચાળા જોઇજ રહ્યો હતો. આખરે તેને ત્રાસ થયો અને બોલ્યો. " તને આજ કંઇ થયું હોય એમ લાગે છે, રોજ રોજ મને આ વાત પસંદ પડતી નથી."

એક વધારે નિસાસો નાખી સુંદરીએ જવાબ આપ્યો "મારાથી પણ રોજ આ અપમાન સહન થતું નથી, મને મારે પીયેર મોકલી દોને ? "

સુંદર હરઘડીએ 'પીયેર મોકલો' એમ કહી દમ દેતી હતી, પણ મનમોહનલાલને તે દિવસ તેનો દમ સહન થયો નહી, અને ક્રોધથી બોલ્યો કે, અત્યારે જતી કેમ નથી ? કોણે તારો હાથ ઝાલ્યો છે ? "

કડવા શબ્દો સાંભળી સુંદરીનો મીજાજ ખસી ગયો, અને રડીને બોલી " જેને હું ન ગમતી હોઉ તેણે શા માટે મારી સાથે બોલવું જોઇએ ? હું આ ઘરમાં હવે એક દિવસ

પણ રહેવા માગતી નથી. આવતી કાલેજ હું મારે પીયર જતી રહીશ—"

"કાલે શા માટે, હમણાજ જાને." મનમોહને ક્રોધથી કહ્યું.

"ઠીક જુઓ ત્યારે હું જાઉં છું." એમ કહી સુંદરી પથારી પરથી ઉઠી, મનમોહનલાલે જોરથી તેનો જમણો હાથ પકડયો, અને બોલ્યો "ચુપ રહે અને સુઇજા, એકે અક્ષર જો બોલીશ તો તારી વાત પછી તું જાણજે."

ભય, દુખ અને ક્રોધથી સુંદરી પાછી પથારી પર સૂતી અને રડવા લાગી. અડધો કલાક વહી ગયો તોપણ સુંદરી તો રડતીજ હતી. એ જોઇને મનમોહનલાલે ધાર્યું કે ખરેખર આજ કાંઇ વિશેષ પ્રકાર બની આવેલો હોવો જોઇએ, નહીંતો આ રડવું આટલે સુધી લંબાયું નહોત. આ વિચારની સાથે સુંદરી પરની દયાએ તેના અંતઃકરણમાં પ્રવેશ કર્યો અને નાહક તેને ખીજવવા માટે તેનીજ સાથે પશ્ચાતાપ પણ ઉત્પન્ન થયો. થયેલા પશ્ચાતાપનું પ્રાયશ્ચિત લેવાના હેતુથી મનમોહનલાલે પ્રેમથી સુંદરીનો હાથ ઝાલ્યો અને પુછ્યું કે "આજ તને શું થયું છે ?"

મનમોહનલાલે પૂછેલા પ્રશ્નોનો જવાબ ન આપતાં, તેનો હાથ તરછોડી નાખી મોંઢુ ફેરવી મોઢેથી સુસકારા નાખવાની શરૂઆત કરી. આ જોઇ મનમોહનલાલ ગભરાઇ ગયો અને ખરેખર સુંદરી આજ કાંઇ મોટા સંકટમાં આવી પડી છે એમ ખાસ માની તે તેની છેક પાસે ગયો અને તેનું સમાધાન કરી

બોલ્યો " શું થયું છે અને શું નહીં તે કહ્યા સિવાય હું તેનો ઉપાય શો કરી શકું ? "

" કાંઈ થયુંએ નથી, અને કોઇને કાંઇ કરવાનું પણ નથી. " સુંદરી વધારે ક્રોધથી બોલી.

" અરે પણ કહે તો ખરી કે તને શું થયું છે ? ".

" મારી જો કોઇને ગરજ હોત તો મારી આવી દશા થાતજ નહીં. " મનમોહનલાલ સુંદરીને જેમ જેમ વધારે કાલાવાલા કરી પૂછતો હતો તેમ તેમ " ખેંચ પકડ મુજે જોર આતા હે " એ ન્યાયે સુંદરી વધારે વધારે દુઃખી હોવાનો ડોળ કરવા લાગી. આખરે સુંદરીએ વિચાર્યું કે હવે વાત બરાબર તાલમાં આવી છે. હવે વધારે ખેંચી રાખવાથી બાજી બગડશે; માટે પ્રયોગ અજમાવવાનો સમય આજ યોગ્ય છે, એવું વિચારી શાંતિલાલ અને સુશીલા માટે ખોટું ખોટું કહી મનમોહનલાલના અંતઃકરણમાં વિષ રેડયું. કહેતાં કહેતાં સ્ત્રી-ચરિત્ર કરી તે રડી પડી અને બોલી કે આજ નવ દહાડા અહીં આવ્યાને થયા નથી એટલીવારમાં તો સુશીલાનું પોત જણાઇ આવ્યું. ઘડીએ ઘડીએ અમારૂં અપમાન કરે છે. અમે કયાં ભણેલાં છીએ કે અમોને ડહાપણ હોય ? ડહાપણ તો બધુ સુશીલામાંજ ભર્યું છે. વારૂ, બાઇ સાહેબની વાત જવાદો પણ ભાઇ તો તમારા છેને ? તમો ભાઇ, ભાઇ, કરો છો, પણ ભાઇ તો તમારો હિસાબજ ગણતા નથી. જ્યાં તમારો હિસાબ નથી ત્યાં અમારી તો વાતજ શી ? ભાઇ તો વળી ડાહી વહુને શીખવે

છે કે તું કેમ તેમની સામે થતી નથી ? વગર ભણેલા માણસો મૂર્ખ હોય છે. વારૂ અમારૂં અપમાન થાય તેની તો અમને દરકાર નથી, પરંતુ તમારૂં પણ અપમાન થાય તે અમારે કાને (કાનપર હાથ દઇ) સાંભળી શકાતું નથી. ભાઇને તો હવે મીજાજ માતો નથી. તેને ક્યાં તમારા જેવા છોકરા ભણાવવાના છે તે તમારી દરકાર કરે ? વધારે કહું તો તમને ખોટું લાગશે. એ તો અમારૂં કર્યું અમો ભોગવીશું. ઘરમાં શું થાય છે. તેની ભાયડાને શી ખબર ? સાસુ સસરાને મન તો અમો ગાંડાજ છીએ. અમારા નશીબનોજ વાંક છે. એમાં કોઇનો દોષ નથી. પ્રભુ, હવે આ જીંદગીમાંથી છોડાવે તો સારૂં ! (મોટેથી રડીને) હું ખરૂં કહું છું કે હવે આ દુઃખ વધારે દહાડા મારાથી વેઠી શકાશે નહીં !"

સુંદરીને સ્ત્રી–ચરિત્રની પૂર્ણ માહીતિ હતી. આવો વખત ફરી ફરીને મળવાનો નથી એમ ધારી શાંતિલાલ અને સુશીલા તથા શેઠ, શેઠાણી માટે યથેચ્છ ખોટું કહી મનમોહનલાલના કાન ખૂબ ભંભેર્યા. સુંદરી એવા ઢબમાં બોલતી હતી કે તેના એક એક વાક્યની સાથે મનમોહનલાલના અંતઃકરણમાં વિષ ફેલાતું ગયું. સર્વ સાંભળી લીધા પછી તે બોલ્યો કે " આજ સુધી તારા બોલવા તરફ મેં લક્ષ આપ્યું નહીં. અંદર અંદર કેવા કારસ્થાનો ચાલી રહ્યા છે તેની મને શી ખબર ? ઠીક, હવે તેનો હું પૂર્ણ બંદોબસ્ત કરીશ. "

" મેં આજ સુધી આપને આ વાત કહી નહોતી, કારણ હું ખોટું બોલું છું એમ આપ ધારતા હોવાથી મારા કહેવાનો

શો ઉપયોગ થવાનો ? આપ ગમે તે ધારો, પણ હું સોગંદ ખાઈ કહું છું કે મારો જીવ જાય તો પણ હું આપના આગળ ખોટું બોલવાની નહીં."

આ સાંભળી મનમોહનલાલ કાંઈજ બોલ્યો નહીં, પણ સુંદરીએ ધાર્યું કે જાદુનો પ્રયોગ સફળ થયો જણાય છે. સુંદરી મનમાં પોતાની યુક્તિ સફળ થઈ તે માટે ખુશી થતી નિદ્રાને સ્વાધિન થઈ અને મનમોહનલાલ સાંભળેલી વાતનો વિચાર કરતા કરતા નિદ્રામાં પણ તેજ સ્વપ્નાં જોવા લાગ્યો.



પ્રકરણ ૯ મું.

પિતા–પુત્ર.

મુળચંદ શેઠ બહુ નામાંકિત ગ્રહસ્થ હતા. સૌજન્ય અને ધર્મનિષ્ઠાથી જન સમૂહમાં તે ઘણા પ્રિય થઇ પડયા હતા. તે ઘણા દયાળુ અંતઃકરણના હોવાથી દાન કરવામાં કોઇ દિવસ પાછા હઠતા નહી. પરોપકાર કરવા તરફ તેમનું મુખ્ય લક્ષ હતું. પરોપકાર કરતાં તે ઘણા પ્રકારનું નુકશાન સહન કરતા, તોપણ તેને માટે કોઇ દિવસ અસંતોષ બતાવતા નહી. વેપારી મંડળમાં તેમનું ઘણું માન હતું. અમદાવાદના તેમજ બીજા દૂર દૂરના વેપારીઓ પણ તેમની સલાહ લેતા. વેપારી સાંજગડો અને બીજા અંદર અંદરના કજીયાનો લોકો તેમની

પાસેથી નિકાલ કરાવતા હતા. સારાંશ વેપારી મંડળ અને બીજા લોકોમાં પણ તેમનું વજન ઘણું હતું.

ઘણી કીર્તિ, સુશીલ અને સદ્‍ગુણી પત્નિ, સંતતી અને સંપત્તિ છતાં મુળચંદ શેઠ સુખી નહોતા. આજ કેટલાક વર્ષો થયાં તેમના નિર્મળ અંતઃકરણમાં કલહાગ્નિ ભરાઈ રહ્યો હતો જે તેમને ઘણો બાળતો હતો, અને તેની વેદનાથી તે ઘણા મુંઝાતા હતા. શેઠના ઘરમાં કજીયો થતો નહીં, એવો એક પણ દીવસ જતો નહી. જડાવ અને સુંદરી અંદર અંદર કજીયો કરી રોજ કલેશ કરતાં હતાં. મકનજી તો જાણી જોઇને આ કજીયાને ઉત્તેજન આપતો હતો. મુળચંદ શેઠે ધાર્યું હતું કે આ કજીયો ઉત્પન્ન થયો છે તે ભ્રાતૃ વિરોધ કર્યા સિવાય રહેનાર નથી; ત્રણે ભાઇયો જૂદા થવાનાજ; અને તેમ થયા વિના મકનજીએ છુપાવી રાખેલ દ્રવ્યનો ઉપયોગ કરી શકાતો નહોતો. તે તો જૂદા થવાનીજ રાહ જોતો હતો. મનમોહનલાલ કાચા કાનનો હોવાથી તે કેવળ સુંદરીને વશ થઇ ગયો હતો અને તે પાય તેટલુંજ પાણી પીતો હતો. મકનજીએ સંતાડી મૂકેલ દ્રવ્યની ખબર મનમોહન અને સુંદરીને મળી હતી. વળી વધારામાં જડાવે સુંદરીને આશા આપી હતી કે "આપણે જૂદા નીકળ્યા પછી, જો તમે મારા કહ્યા પ્રમાણે ચાલશો તો તમને પણ તેમાથી થોડો ભાગ આપીશ." સુંદરી જેમ જડાવના બોલવા પર મોહ પામી ગઇ હતી તેમ મનમોહનલાલ પણ મકનજીની પ્રપંચી વાતોને વશ થઇ ગયો હતો. અર્થાત્ મકનજી અને જડાવ, તથા સુંદરી અને મનમોહનલાલ જૂદા

થવાને ઘણાં આતુર થઇ રહ્યાં હતાં. શેઠના ઘરમાં કલહાગ્નિ દિવસે દિવસે વધારે પ્રદિપ્ત થતો ગયો. થોડા દિવસોપર તો શેઠની બીકથી તેમની હાજરીમાં કોઇ કજીયો કલેશ કરતું નહીં, પણ દિવસે દિવસે શેઠનો પણ હિસાબ રહ્યો નહીં, એટલુંજ નહીં પણ કોઇ કોઇ વખત ખુદ તેમને પણ થોડો થોડો પ્રસાદ મળવા લાગ્યો.

ગામમાં અને બહારના કજીયાનો નીકાલ લાવી સર્વને શાંત પાડનાર શેઠ ખુદ પોતાના ઘરના કજીયાનો નાશ કરવા કેવળ શક્તિ રહિત થઇ ગયા હતા. શાંતતા માટે તેમણે ઘણો પ્રયત્ન કર્યો પણ સર્વ નિષ્ફળ ગયો હતો. ઘરના કજીયા ઘરમાંથી બહાર કાઢવા તેમના મંત્રની વિસ્મૃતી થઇ ગઇ. આજ વિસ્મૃતિ જગતનો નાશ કરે છે; પણ આમ કહેવામાં અર્થ શો ? આવી બાબતો ન બની આવે તો પૃથ્વીમાં પૃથ્વી તત્વ શી રીતે રહી શકે ? કળીયુગનું અસ્તિત્વ શી રીતે સિદ્ધ થઇ શકે ? સંસારની ખુબી પણ શી રીતે સમજાઇ હોત ? સ્વાર્થ જ્ઞાન શી રીતે જણાઇ આવ્યું હોત ? અર્થાત કળીયુગને અનુસરી ઘણા કુટુંબોમા શેઠના ઘર જેવા કજીયા ઘર કરે એ કાળનો મહીમા છે. તેમ ન બને તો પછી આ યુગને સતયુગ કહી શકાય.

ઘરના કજીઆની ચિંતાથી શેઠનું અંતઃકરણ અતિ વ્યગ્ર થઇ ગયુ હતું. શરીર નિસ્તેજ અને સુકાઇ ગયું હતું. શું કરવું અને હવે કેમ થશે, મારી આબરૂ શી રીતે રહેશે વિગેર ફીકરમાં ને ફીકરમાં શેઠને કાંઇજ સુઝ પડતી નહોતી.

એક દિવસે ભોજન કરી ઘર સંબંધી ચિંતા કરતા શેઠ બેઠા હતા એટલામાં શાંતિલાલ ત્યાં ગયો. શાંતિલાલને જોઇને શેઠે એક દીલગીરીનો સુસકારો છોડયો અને બોલ્યો કે, " શાંતિલાલ, તારી રજા પુરી થવા આવી, હવે જવાને ચારજ દહાડા રહ્યા, તને કાંઇક કહેવું એમ મારા મનમાં છે, પરંતુ આંજ સુધી મેં તને કાંઈજ કહ્યું નથી. કારણ ઘરની ચિંતાનો તારા મનમાં પ્રવેશ કરાવવાથી અભ્યાસમાં ખલલ થશે એમ ધારી હું આટલા દિવસ ચૂપ બેસી રહ્યો છું, પણ હવે ના ઈલાજ છું; એટલે કહ્યા સિવાય બીજી ગતિ નથી. ઘરમાં શું થાય છે તે તું જુવે છે, તે સંબંધી તેં શો વિચાર કર્યો ? "

શાંતિલાલે નીચું જોઇ જવાબ આપ્યો કે—" આપ જે કરો તે ખરૂં, મને તેની શી સમજણ પડે ? "

" અરે શાંતિલાલ, આવું હવે કેટલા દિવસ ચાલશે ? મારી હવે વૃદ્ધાવસ્થા થઇ છે. તારા ભાઇઓનાં ચરિત્ર જોઇને તો મારી અક્કલ કામ પણ કરી શકતી નથી. હું બાપ છું માટે જોઇએ તો મારી પરવા ભલે ન કરે, પણ મારી વૃદ્ધાવસ્થાને તો માન આપવું જોઇયે ! હું જે જે કહું છું તેનાથી તેમનું વર્તન વિરૂદ્ધ હોય છે. મારી આબરૂ શી રીતે સચવાશે તેની એક ઈશ્વરનેજ ખબર છે! તું તો મુંબઇમાં રહે છે એટલે સંસારની તને કાળજી કરવાનો વખત નથી; તોપણ હાલની સ્થીતિ જોતાં તારે હવે સંસાર તરફ લક્ષ આપવું જોઇએ. "

શેઠ થોડીવાર ચુપ રહ્યા અને પછી પાછા વિચાર કરી

બોલ્યા કે, " તારો મોટો ભાઈ બહુ પ્રપંચી અને સ્વાર્થી છે. પૈસા માટે તે શું કરશે તે કહી શકાય નહીં. તેનો અતિ લોભ કોઇ દિવસ તેને ભયંકર હાની કરશે. મેં તેને ઘણું કહ્યું, પણ તે કોઇનું માનતોજ નથી. "

શાંતિલાલ ધીમેથી બોલ્યો કે " પિતાજી, ફીકર કરશો નહીં. થોડા દિવસમાં તેની ટેવ જતી રહેશે. "

" અરે શાંતિલાલ, તું ગાંડો તો નથી થયોને ? આ કુટેવ કાંઈ સાધારણ નથી. ભયંકર નુકશાન થયા વિના તેની આંખો ઉઘડવાની નથી. પૈસાના લોભથી જે પ્રત્યક્ષ સગા ભાઇ –બેન સામે કાવતરાં રચે છે તે બીજું શું ન કરે ? ધનલોભી માણસને સંસારમાં બીલકુલ સુખ મળતું નથી. બીજાને ખાડામાં પાડવા જે કોઇ ખાડો બોદે છે તેજ તેનો ભોગ થઈ પડે છે. તારો વચલો ભાઈ તો કેવળ મૂર્ખ છે. સ્ત્રી કહે તેજ પૂર્વ દિશા. આ બે જણા મારી આબરૂપર પાણી ફેરવવા બેઠા છે. આ બન્ને મૂર્ખાઓને અક્કલ હોત તો આજ આવી ફજેતી થાત જ નહીં. શાંતિલાલ, તું ખાસ ધ્યાનમાં રાખજે કે જે ઘરમાં સ્ત્રીઓએ મર્યાદા છોડી છે તે ઘરમાંથી લક્ષ્મી જતી રહી છે. સ્ત્રીયો મર્યાદાથી રહે તો ખરેખર તે ગૃહદેવીઓ જ પણ છે; આવી કર્કશા સ્ત્રીઓની અધોગતિજ થાય છે. તારા ભાઇઓને સ્ત્રીપર રાજ્ય ચલાવતાં આવડતું નથી. જેથી તેના કર્યા તે ભોગવશે. તારી ભોજાઇઓના ચરિત્ર જોઈ હવે મને આ સંસાર ઉપરથી કંટાળો આવ્યો છે, એટલુંજ નહીં પણ અહીં એક પલ દિવસ રહેવાની ઇચ્છા નથી. શાંતિલાલ, આ સર્વ વાત ધ્યાનમાં

રાખજે. ભાઈઓના કાવતરામાં સપડાઈશ નહીં. જે કાંઈ છે સંભાળી લે. હવે હું કાશી યાત્રાએ જવાનો છું."

પિતાનું ભાષણ સાંભળી શાંતિલાલને ઘણું દુઃખ થયું. પિતાની ચિંતાએ તેને હાવરો બાવરો બનાવી દીધો. થોડીવાર પછી મનમોહનલાલ અને મકનજી પણ ત્યાં આવી પિતા સન્મુખ બેઠા. પુત્રોને જોઈ ડોસાએ ફરીથી ઉપદેશ કર્યો કે "હવે તમે ન્હાના નથી. ઘરના ટંટા મટાડી સ્ત્રીઓને કાબુમાં રાખો. આપણા ઘરના કજીયા મટાડવા ફળીયાના લોકો ભેગા થાય એ મારાથી જોઈ શકાતું નથી. તમારું વર્તન તમારે સુધારવું ન હોય તો મને રજા કરો કે હું અહીંથી ચાલતો થાઉં."

બોલતાં બોલતાં ડોસાની આંખમાં પાણી આવી ગયું. પિતાનું દુઃખ દેખી શાંતિલાલના હૃદયમાં અત્યંત દુઃખ ઉત્પન્ન થયું. સર્વ સ્તબ્ધ થઈ ગયા. કપટી મકનજીના મનમાં એક કોર નિરાશા થઈ ને બીજી [illegible] આનંદ થયો અને [illegible]. મનમોહનને કોઈ પણ [illegible]

—◆◎◆—

પ્રકરણ ૧૦ મું.

ભાઈઓમાં કુસંપ

[illegible]

આપતો નહોતો; પણ હવે તે માર્ગ છોડી દેવાનો તેણે નિશ્ચય કર્યો. પિતાને સુખ શી રીતે મળે, ઘરમાં શાંતિ શી રીતે થાય, દેરાણી જેઠાણીમાંનો મત્સરભાવ શી રીતે જતો રહે, અને પિતાની આબરૂ શી રીતે સચવાય એ વિચારોમાં ચાર દિવસ વહી ગયા. તેની શાંતિલાલને ખબર પણ પડી નહી. મુંબઇ જવાને એકજ દિવસ રહ્યો. જવાને પહેલે દિવસે તે પોતાના મોટા ભાઇઓ પાસે ગયો અને નમ્રતાથી બોલ્યો કે " પિતાએ ગયા પરમ દિવસે જે કાંઇ કહ્યું છે તેનો આપણે વિચાર કરવો જોઇએ. તેમની વૃદ્ધ અવસ્થામાં આપણા વર્તનથી તેમને દુઃખ થાય તે યોગ્ય નથી ? "

" પણ કોણ કહે છે તેમને દુઃખી કરવા ? નાના મોઢે મોટો કોળીયો લેવો શોભે નહી. "

શાંતીલાલ વળી નમ્રતાથી બોલ્યો, " પણ મોટાભાઇ, આ વાત હું એકલો શી રીતે કરી શકું ? આપણે સર્વએ એકમતથી—"

ભમર ઉંચી કરી મકનજી વચ્ચેજ કર્કશ સ્વરે બોલ્યો કે " આ જે કજીઆ થાય છે તેનું મુખ્ય કારણ કોણ છે તેની પૂર્ણ તપાસ કરી તેને શિક્ષા કરો એટલે થયું. તેમાં એકમત અને અનુમતની શી જરૂર છે ? "

" હું પણ તેજ કહું છું, " શાંતિલાલે કહ્યું " પણ હું એકલો તપાસ કરૂં તેથી શું થાય ? થોડા ઘણા પ્રમાણમાં આમાં સર્વનો દોષ હોવો જોઇએ. કેવળ એકજ હાથે તાળી પડે એમ સંભવતું નથી. "

આ કામમાં સુશીલાનો પણ દોષ છે. એવું શાંતિલાલે કબુલ કરવાથી મકનજીને આનંદ થયો અને પોતાની સ્ત્રી તદ્દન નિર્દોષી છે એમ બતાવવાને નિર્લજ્જપણે તે બોલ્યો કે, "મૂર્ખતા તે આજ. એક હાથે તાળી કદાપિ ન વાગે. પણ તેટલાથી એક માણસ કજીયો કરી શકે નહી એમ માનવું પક્ષપાત છે. તારા મનમાં સર્વને દોષિત ગણવા છે કેમ વારૂ ?"

"સર્વને જવાબદાર ગણવાની વાત કોણે—"

મકનજી વચ્ચેજ બોલી ઉઠયો કે, "એકાદ માણસ વિના કારણ બીજાને ત્રાસ આપે અથવા અજ્ઞાન છોકરૂ કાંઇ ખાવાની વસ્તુ મોંમાં ઘાલે અને તેટલાપરથી તે છોકરાને જીવ જતાં સુધી મારે તેવે પ્રસંગે બીજું કોઇ બોલે તો તેનો અપરાધ, એવોજ ન્યાય કે ?"

મનમોહનલાલ આટલો વખત ચુપ બેશી રહ્યો હતો. સુંદરીએ શીખવેલો જાદુનો પ્રયોગ કરવાનો તે લાગ જોતો હતો. તેવો લાગ તેને મળ્યો એટલે તરતજ બન્નેનું બોલવું પુરૂં થવાની રાહ ન જોતાં એકદમ બોલી ઉઠયો કે, "સુકવવા નાખેલું લુગડું ફાડી નાંખવું, સાસું કાંઇ બોલે કે તરત તેને જવાબ આપવો અને કોઇ એકજ શબ્દ બોલે એટલે તેના પર આરોપ મૂકવો એમજ કે ?"

ભાઇયોનાં વાકયો સાંભળી શાંતિલાલનું શાંત અંતઃકરણ અશાંત થઇ ગયું અને ઘણા ધીમે અવાજે તે બોલ્યો કે

"હું પણ તેજ કહું છું. આ સર્વ ચાળા કોણ કરે છે, તેને શોધી કાઢી શિક્ષા કરવી જોઇએ."

મનમોહનલાલ મકનજીના સામું જોઇ બોલ્યો "તે કહી બતાવવાની શી જરૂર છે? સારી નીશાની રહે એવી શિક્ષા કરવી જોઇએ."

"એજ તો બીજું શું?" મકનજી પણ આંખનાં ભવાં ચઢાવીં બોલ્યો; શાંતિલાલ તુર્ત સમજી ગયો કે, તેમના બન્ને વડીલ બંધુના મન પ્રમાણે આ સર્વ અપરાધ મારીજ સ્રીનો છે. શાંતિલાલને ઘણું દુઃખ લાગ્યું. તે નમ્ર સ્વરથી બોલ્યો "ફક્ત નજીવા સંશય ઉપરથી કોઇને શી રીતે શિક્ષા કરી શકાય?"

એમાં શંકા શાની? આ બધો પ્રપંચ કોણ રચે છે તે તું નથી જાણતો વારૂ?"

"ના હું બરાબર જાણતો નથી."

આ સાંભળી મકનજીએ પૂર્ણ ગુસ્સાને આધિન થઇ કહ્યું કે "શા માટે તું જાણે? શીખવતી વખતે તેં જાણ્યું હતું કે? અરે, તમે ઇંગ્રેજી ભણેલા છોકરાઓ આવાજ? જુઠું બોલવું એતો વધારી નેમજ છે!"

વાતચીત કરતાં મકનજી અને મનમોહનલાલે સર્વ દોષ સુશીલાનો કાઢી ઘરના કજીયાનું મુખ્ય કારણ સુશીલાજ છે, એમ બતાવી આપ્યું. બીચારો શાંતીલાલ સર્વ સત્ય વાત જાણતો હતો; તો પણ ભાઇઓના મનમાં શું કરવાનું છે, તે

વાત કહી. બીજે દિવસે સુશીલાને ઘણા પ્રકારનો ઉપદેશ કરી, વડીલ માતુશ્રીને વંદન કરી ઘણા દુઃખીત અંતઃકરણે મુંબઇ જવા નીકળ્યો. જતી વખતે નિયમ પ્રમાણે વડીલ ભાઇઓ અને ભોજાઇઓની પણ તેણે નમ્રતાપૂર્વક રજા માગી.



પ્રકરણ ૧૧ મું.

મિત્રનો મેળાપ.

શાંતિલાલ અને કાંતિલાલ બન્ને એકજ કોલેજમાં અભ્યાસ કરતા હતા એ વાત પાછળ લખી છે. મુંબઇની કોલેજની બોર્ડીંગમાં તેઓ સાથે રહેતા હતા. અભ્યાસ અને બીજાં સર્વ કામો સાથે કરતા હોવાથી તે બન્નેમાં સ્નેહ ઘણો વધ્યો હતો. એટલુંજ નહિ પણ સુશિલા અને સરલાનો પણ અરસપરસ સંબંધ હોવાથી આ બન્નેના સ્નેહના વધારામાં તે મદદરૂપ થઇ પડયો હતો. કાંતિલાલ સુશિલાપર સગી બ્હેન કરતાં વધારે માયા બતાવતા હતા. આ પ્રમાણે પરસપરનો સબંધ હોવાથી શાંતિલાલ અને કાંતિલાલ બન્ને ઘણા સ્નેહિ થયા હતા.

શાંતિલાલ મુંબઇ ગયા પછી બીજે દિવસે સાયંકાળે બન્ને મિત્રો ચોપાટી પર ફરવા ગયા. શાંતિલાલની મુદ્રા સદા પ્રફુલ્લિત જણાતી હતી, પણ આ વખતે તેનું મુખ નિસ્તેજ અને કાળજીથી છવાઇ ગએલ દેખાતુ હતું. એકાએક તેના

ઇનીજ આવી સમજણ છે તો પછી તે છોકરાંઓને શું [
આપે ?”

“તારા સર્વ પ્રયત્નો નિષ્ફળ જવાના. તું હીતની વાત કહે તો તેમને તે વિપરીત ભાસશે. સ્ત્રીઓની ઉશ્કેરણીથી તેઓ પૂર્ણ ભ ભેરાએલા છે. આવી સ્થિતિમાં તારે ચૂપ રહેવું એજ ઉત્તમ માર્ગ છે ! તેમના કૃત્યના બદલામાં ધ્યાનમાં રાખવાલાયક ખરાબ ફળ મળ્યા સીવાય તેમની આંખો ઉઘડશે નહીં.”

“તેમને માટે કાળજી કરવી તે તો વ્યર્થ છે; પણ વૃદ્ધ માતા પિતાને અસહ્ય ત્રાસ સહન કરવો પડે છે તેનો ઉપાય શો ? અને સુશીલા—”

“ઉપાય ? ઠીક જોઇએ., થાય છે તે. સુશીલાનો પત્ર આવવા દે એટલે વધુ હકીકત સમજાશે. પણ શાંતિલાલ! તારા ભાઇ અને ભોજાઇઓને આવા નિંદ્ય વર્તન માટે શરમ પણ નથી આવતી !”

“શરમ ? શરમ તો તેમના ભયથી નાશી ગઇ છે. વડીલ બંધુ એટલે પિતા સમાન પૂજ્ય સમજી હું તેમની બહુ મર્યાદા રાખું છું, પણ આ વખતે તો તેમના મૂખથી નીકળેલા શબ્દો સાંભળી મને અતિશય દુઃખ થયું છે. તે શબ્દો ઉચ્ચારવાની પણ મને શરમ આવે છે. મોટાભાઇના મુખમાંથી આવા શબ્દો નીકળે તે વાતનું મને સ્વપ્ન પણ થયું નહોતું.”

“ઠીક, હવે આ વાત જવા દે, થયું તે થયું. હવે ભવિષ્યનો કાંઇ વિચાર કર. અત્યારથીજ સાવધ થઇશ તો ઠીક

છે, નહીં તો મને મોંઘાં સારાં ચિન્હો જણાતાં નથી. મૂર્ખ શત્રુ-ની [illegible] પરિણામ વિચિત્ર આવે છે એ વાત [illegible], જેઓ પોતાનું હીત સમજી શકતા નથી તેઓ [illegible] નથી. કઇ વાતનું શું પરિણામ થશે અને તેથી શું અનિષ્ટ થશે એવા વિચારો આરંભમાં તેમનો સ્પર્શ પણ કરતા નથી. અર્થાત્ કોઇપણ કાર્ય કરવાને તેઓ ડરતા નથી. એક બીજી વાત તને કહું છું કે કોઈ કોઇ વખત તેમને મહત્વ આપી તેમની આગળ સ્તબ્ધ થતો નહીં; કારણ જે સારા વર્તનની કિંમત કરી શકતો નથી તેના આગળ તારૂં વર્તન નિષ્ફળ છે. ડાહ્યા શત્રુએ કરેલું અપમાન સહન કરીએ તો તે મનમાં શરમાય છે પણ મુર્ખે કરેલું અપમાન સહન કરીએ તો તે કહે છે કે તેનામાં પ્રતિકાર કરવાની શક્તિ નથી. અર્થાત્ દિવસે દિવસે તેઓ તમને વધુ ત્રાસ આપશે; તે લક્ષમાં રાખ. જગતમાં આપણા જેવાજ બધા છે એ અનુમાન ભૂલભરેલું છે; અને એ અનુમાન તને ત્રાસદાયક થઇ પડશે એ વાત ખૂબ ધ્યાનમાં રાખ."

ઉપર પ્રમાણે ઘણો વખત વાતચિત કર્યા પછી બન્ને મિત્રો કૉલેજ-બોર્ડીંગ તરફ ચાલતા થયા. રસ્તામાં પણ તેની તેજ વાતો કરતા હતા.

પ્રકરણ ૧૨ મું.

પત્ર અને ઉત્તર.

સુંબઇ ગયા પછી શાંતિલાલે પોતાની પત્નિને એક પત્ર લખ્યો:—

" પ્રેમાલંકૃત અનેક આશીર્વાદ વિશેષ:

સુશિલા, તેં ધાર્યું હશે કે હું તને પત્ર લખવાનું ભુલી ગયો; પણ તેમ નથી. તારૂં સ્મરણ થાય છે કે ચિત્ત ઘણું વ્યાકુળ થઇ જતાં તને શું લખવું તેની કંઇ સુઝ પડતી નથી. આટલા જ માટે આજ કેટલાક દિવસ થયાં પત્ર લખ્યો નહિં. વૃદ્ધ અવસ્થામાં પિતા અને માતાને કેટલો ત્રાસ સહન કરવો પડતો હશે? કેટલું માનસીક દુ:ખ થતું હશે? તને પણ કેટલી ઉપાધી થતી હશે? વગેરે ચિંતામાં મારૂં મન વ્યગ્ર થતાં કંઇ સુઝ પડતી નથી. અહિં આવ્યા પછી એક ક્ષણ પણ તારી વિસ્મૃતિ થઇ નથી. આટલા દિવસમાં એક પુસ્તકનું પાનું પણ ઉઘાડયું નથી. કુટુંબની ચિંતા મારા અભ્યાસમાં ખલેલરૂપ થઈ પડી છે, પણ આ અનિવાર્ય વાતોની ચિંતા કરવાથી શું ફળ? હું આશા રાખું છું કે ઘરમાં કાંઇ વધુ બનાવ ન બનતાં અત્યાર સુધી તમો સર્વ કુશળ હશો. ઘરમાં જે કાંઇ જોયું છે તેનું સ્મરણ કરતાંની સાથેજ મારૂં ચિત્ત ગુંગળાઇ જાય છે. મનુષ્ય આવી નીચ મનોવૃત્તિને અંગીકાર કરે;

માના પિતાની ભક્તિ કરવાને બદલે તેમની સાથે નિર્દય વર્ત્તન કરે; બંધુપ્રેમ ભુલી જાય; વિગેરે બાબતો મને સાચી લાગતી નહોતી. ઉચ્ચ કુટુંબની સ્ત્રીઓ નીચ મનોવૃત્તિનો ભોગ થઈ પોતાના અંતઃકરણમાં વીખ રેડે, અને વડીલોનું અપમાન કરે, એવી આજસુધી કલ્પના પણ કરતો નહોતો. હશે; આ બાબતોનું પુનઃ પુનઃ સ્મરણ કરવામાં અર્થ નથી. હું તને બે શબ્દો લખું છું તે ખાસ લક્ષમાં રાખજે. આજ સુધી મેં તને જે હેતુથી ઉપદેશ કર્યો છે તેવો ઉપદેશ હું તને આજના પત્રમાં કરી શકતો નથી, એ મારૂં કમનશીબ સમજું છું. આજ સુધી મેં તને અનેક વખત કહ્યું છે અને આજ ફરીથી પણ લખું છું કે તારે જેઠાણીઓ સાથે કોઈપણ પ્રકારનો કલેશ કરવો નહિ; પુર્વવત્ તેમનાં પર પ્રેમ રાખવો, તેમના છોકરાપર પણ તેવીજ પ્રીતિ રાખવી. માત્ર એટલુંજ કે તારી ભક્તિ બહાર બતાવીશ નહિ. કારણ તું સદ્બુદ્ધિથી કાંઇ કરીશ તો કુબુદ્ધિથી કરેલું ધારશે. અર્થાત્ તારૂં કૃત્ય કલહનું કારણ થશે. આજુ બાજુ નું ધોરણ જોઇ તારે તારૂં વર્ત્તન રાખવું, જે અમૃતપાન કરવા ઇચ્છતો નથી તેને બળાત્કારે અમૃતપાન કરાવીએ તો વીખ સમજી થુંકી નાંખે છે. સારાંશ સર્વ સહન કરી સર્વની સાથે અતિ નમ્રતાથી ચાલજે. ગમે તેવો તને ત્રાસ થાય તોપણ મુંગે મોઢે સહન કરવામાંજ તારૂં ભૂષણ છે. મુખ્ય મુદ્દાની લખવાની વાત તે એ કે વૃદ્ધ માતપિતાની સેવા કરવાનો સંપૂર્ણ ભાર હવે તારા પરજ છે, સર્વ કામો બાજુ પર મૂકી તેમને સુખ થાય, તેમનું અંતઃકરણ શાંત થાય

તેમની માનસિક વ્યથા ઓછી થાય એમ કરજે. અમારા કોઇના પણ દુર્વર્ત્તનથી તેમના મનને કષ્ટ થઇ એમના નેત્રમાંથી એક પણ અશ્રુ નીકળે તો તેનું ફળ અમો સર્વને ભોગવવું પડશે એ લક્ષમાં રાખવા જેવી વાત છે. ઘરમાં શું શું થાય છે તે સવિસ્તર લખતી રહેજે. મારા મનને દુઃખ થશે એવા વિચારે કોઇ વાત છુપાવીશ નહિ; એમ કરીશ તો ઉલટો મને કલેશ વધારે થશે. કારણ કે એક વખત અંતઃકરણમાં સંશયને જગા મળે કે શાંતતા ત્યાંથી નાશી જાય છે. પછી કાલ્પનીક બાબતો ખરી લાગતાં મન ચિંતામગ્ન રહે છે. માટે જે જે કાંઇ બને તે સવિસ્તર લખજે. હવે વધારે શું લખવું ? એકજ વાત લખવાની છે તે એ કે આખો દિવસ અશ્રુપાત કરી મનને કષ્ટ આપીશ નહિ એજ આશીર્વાદ.

શાંતિલાલ.

સુશિલાએ પત્ર વાંચ્યો અને નીચે મુજબ જવાબ લખ્યો—

" પવિત્ર સેવામાં વિજ્ઞાપના વીશેષ:—

આપનો પત્ર વાંચી બહુ આનંદ થયો. આપનો પત્ર
આવે છે એટલે મને સ્વર્ગ તુલ્ય સુખનો ભાસ થાય છે. શુ
થએલા મારા પ્રાણપર અમૃતનો વર્ષાદ થાય છે. પત્ર આ
પછી બે ત્રણ દિવસ કષ્ટ મને અસર કરી શકતું નથી. જે
બીઓ તરફથી વિના કારણ મારો થતો તિરસ્કાર ભુલી
હું સુખસમુદ્રમાં તરૂં છું. પરંતુ ખરેખર હું હતભાગિની
તેથીજ હમ્મેશાં મારી ઇચ્છાથી વિરૂદ્ધ બનાવ બને છે.

મુનશીએ જ્યારથી હું આપની સેવામાં આવી ત્યારથી આપનું હસતું મુખ અને તેજ પ્રમાણે સાસુ-સસરાનું માયાળુ વર્ત્તન જોઇ મને જે આહ્‌લાદ થયો તેનું વર્ણન કરી શકાતું નથી, મેં એમ ધાર્યું કે પૂર્વ પુન્યાઇથી મારો આ કુટુંબ સાથે સંબંધ થયો. હવે જો કે સાસુ-સસરા મારા પર પ્રથમ કરતાં વધુ મમતા રાખે છે, પરંતુ તેમના મુખપરનો તે આનંદ જતો રહ્યો છે. પ્રફુલ્લતાની તો છાયાજ રહી નથી. બન્ને ખિન્ન અને દુઃખી જણાય છે. સાસુની આંખોમાં કોઇ કોઇ વખત પાણી દેખાય એટલે હું જો તેમને પૂછું તો તત્કાળ આંખો લુછીને 'નારે ગાંડી, હું શા માટે રડું ?' એમ કહી તે મારૂં સમાધાન કરે છે. આ શિવાય બીજું કાંઇ બોલતાં નથી. તે બોલે અગર ન બોલે, તોપણ હું સર્વ સમજું છુ. પણ ઉપાય શો ? તેમનું દુઃખ કમી કરવાનું કાંઇ મારા હાથમાં છે ?

ઘરની તમામ બીના સવિસ્તર લખવાની મને આજ્ઞા કરી, પણ તે હું શી રીતે લખું ? દસ ખોટી બાબતો સાથે એક પણ સારી હોય તો તે લખવાને હું ભુલું નહિં; પરંતુ સદા કજીઆ કંકાસની વાતો થયા કરે છે, એ લખતાં મારો હાથ ચાલતો નથી, પરંતુ આપની આજ્ઞાને આધીન થઇ લખવું પડે છે. ગયા ગુરૂવારે અમો સર્વ મોહનલાલને ત્યાં જમવા ગયાં હતાં, જમીને આવ્યા પછી મારૂં નવું કપડું તડકામાં સુકવવા નાંખ્યું. સાંજે પાછું લેવા ગઇ ત્યારે મેં જોયું તો તે એક હાથ ફાટેલું હતું. આ ચમત્કારી બનાવ જોઇ મને ઘણું આશ્ચર્ય લાગ્યું, પરંતુ રોજના જેવું આ પણ હશે

એમ ધારી લુગડું વાળી હું પેટીમાં મુકવા ગઇ. પેટીમાં લુગડું મુકતી હતી ત્યારે જમનાએ આ નવું લુગડું કોનું ? એમ કહી તે મારા હાથમાંથી લઇ લીધું. સાસુજી ફાટેલું લુગડું ન જુએ એટલા માટે હું તેને જલદી પેટીમાં મુકતી હતી, પણ જમનાએ મારૂં ન માનતાં લુગડું હાથમાંથી લઇ તે ઉકેલ્યું ઉકેલતાંની સાથે સાસુજી પાસે હતાં એટલે ફાટેલો ભાગ તેમના જોવામાં આવ્યો. લુગડું જોઇ તે સર્વ સમજી ગયાં, અને મોટેથી બોલ્યાં કે રોજને રોજ આ હવે મારાથી સહન થતું નથી. જો કે સાસુજી કોઇનું નામ દીધા શિવાય બોલતાં હતાં, તોપણ જડાવને સુંદરબાઇએ સર્વ પોતાનાપર ખેંચી લઇ સામા લડવા આવ્યાં. કલહાગ્નિ પૂર્ણ પ્રગટયો. તે દિવસે કલહની પૂર્ણ જવાળા ફેલાઈ. જડાવ અને સુંદરીએ ઉઘાડી રીતે સાસુજીને અયોગ્ય ગાળો દીધી. મકનજી અને મોહનલાલે તેમાં ઉઘાડો ભાગ લીધો, એટલુંજ નહિ પણ સ્ત્રીઓનું ઉપરાણું લઇ વૃદ્ધ સાસુપર પણ હાથ ઉગામ્યો. આખરે સસરાજી ઘેર આવ્યા. સર્વ બનાવ જોઇ તેઓ લાલચોળ થઇ ગયા. થોડી વાર સ્તબ્ધ બેસી રહ્યા. પછી ‘ આજ હવે સર્વ બાબતનો અંત આવવો જોઇએ ’ એમ કહી દેરાણી, જેઠાણી દીએર અને જેઠ સર્વને પોતાના સન્મુખ બોલાવ્યાં. જમના અને ચંપાને પાસે બોલાવી તેમના ગાલ પર એક તમાચો મારી પૂછયું કે જમના, લુંગડું કોણે ફાડયું ? ખરૂં કહે. નહિ તો મારીને ચામડું ઉખેડી નાંખીશ. આ સાંભળી છોકરાંઓ ગભરાઇ ગયા, અને રડતે સ્વરે જમના બોલી કે, મને

મારશો નહિ, મેં કાંઇ કર્યું નથી. બાએ કહ્યું તેથી મેં કાકીનું લુગડું ફાડયું. એટલી વારમાં ચંપા બોલી કે, દાદા મારો કાંઈ વાંક નથી. બાએ કહ્યું તેથી કાકીની નથની ડબ મેં કુવામાં નાંખી દીધી. ડબીનું નામ સાંભળતાં સસરાજી ચકીત થઇ ગયાં. ' ડબી શાની? ' એમ મને પુછતાં મેં જઇ પેટીમાં જોયું તો ડબી ત્યાં મળે નહિ. સસરાજી તરતજ કુવા પાસે ગયા અને આપણા નોકરને કુવામાં ઉતારી અતિ કષ્ટથી નથની ડબી ખોળી કહાડી. બાળકોના મુખથી સર્વ સત્યવાત જાહેર થએલી જોઇ સસરાએ જેઠના સાસુ જોઇ ક્રોધથી પૂછયું કે, ' હવે સમજણ પડી આ દોષ કોનો છે તે ' તમે આયલાઓ છો; આવા નિંદ્ય વ્યવહારને ઉત્તેજન આપી પોતાના પગપર કુહાડો મારી રહ્યા છો. સત્યવાત જાહેર થયા છતાં મનમોહનલાલ ને મકનજી ઠંડા થયા નહિ. પણ તેમણે અગ્નમાં તેલ હોમ્યું, કલહાગ્નિ જોરથી ભડકયો, આખરે જેમ તેમ રાત પસાર કરી, ' ફરીથી અમો અહીં આવીશું નહિ,' એવી પ્રતિજ્ઞા કરી બીજે દિવસે સવારે બંને જણ પોતાનાં સ્ત્રી–છોકરાં સાથે પોતપોતાના સસરાને ત્યાં ચાલ્યા ગયા છે. જતી વખતે સાસુ સસરાએ ઘણું સમજાવ્યું ને એમ પણ કહ્યું કે મારા ધોળાવાળ સામું જુઓ. આબરૂપર પાણી ફેરવશો નહિં. પણ તેમનું કહ્યું કોઇએ માન્યું નહિ. તેઓ ચાલ્યા ગયા, ત્યારથી વૃદ્ધ માત પિતા એક પણ શબ્દ ન બોલતાં સદા ખિન્નતાથી રહે છે.

આ સર્વ બાબતોનું કારણ હું છું, એ જોઇ મને ઘણું

દુઃખ થાય છે. હવે એક વખત ઘેર આવવાનું બને તો સારૂં, વધારે લખી શકતી નથી. સદા કુશળ સમાચાર લખતા રહેજો એજ વિજ્ઞાપના.

તમારી નમ્રપત્નિ,

સુશિલા."

પ્રકરણ ૧૩ મું.

વધુ ખુલાસો.

સુશીલાનો પત્ર વાંચી શાંતિલાલને અતિશય દુઃખ થયું. શું કરવું તેની કાંઇ સમજ પડી નહિ. પથારીપર પડયો પડયો તે ચિંતા કરતો હતો એટલામાં કાંતિલાલ તેની પાસે આવ્યો, અને બોલ્યો કે "શાંતિલાલ, આજ કાંઇ મને આનંદની બાતમી મળી છે." કાંતિલાલના બોલવા તરફ લક્ષ ન આપતાં શાંતિલાલ ઘણુજ દુઃખી સ્વરે બોલ્યો, "મિત્ર, હવે હું મુંબઇમાં રહી શકીશ નહિ, અને મારા અભ્યાસનો પણ અંત આવ્યો." સરલાના કાગળથી કાંતિલાલે સર્વ વાત જાણી હતી, તો પણ ઘેરથી કાંઇ કાગળ આવ્યો છે? એમ પૂછતાં શાંતિલાલે સુશીલાના કાગળની સર્વ વાત કહી તે સાંભળી કાંતિલાલ બોલ્યો. "મિત્ર, આ દુખદાયક પ્રસંગમાં સુશીલાનું વર્તન જોઇ મનને ઘણો આનંદ થાય છે. આપણી સમાજમાં આવી સ્ત્રિયો બહુ હોય તો આપણને દુઃખનો અનુ-

શાંતિલાલ મિત્રના મુખ સામું જોઇ રહ્યો. થોડીવાર બન્ને જણ શાંત રહ્યા અને પછીથી કાંતિલાલ બોલ્યો કે, "તેનું લુગડું ફાટયું, નથની કાઢી ફેંકી દીધી." એટલું બન્યા છતાં સુશીલા પોતાને કજીયાનું કારણ સમજે છે. એવા સરળ અને કોમળ મનની સ્ત્રી મેં કોઇ જોઈ નથી. આ સિવાય પણ મારા તરફ કેટલીક હકીકતો આવી છે જે હું તને કહું તો તને વધારે દુઃખ થશે. તોપણ મારે તને તે કહેવીજ જોઇએ. તારે ધૈર્ય છોડવું નહિ. દુઃખ કરવું નહિ. મારી સ્ત્રી પોતાના પત્રમાં મને જણાવે છે કે—તારા પિતાજી જ્યારે ઘેર આવ્યા ત્યારે તપાસીને ગુન્હેગારને પકડયાં. એ સમયે તારી માએ તારી ભોજાઇને ગાળો દીધી. પછી શું પુછે છે ? તારી ભોજાઇએ પવીત્ર માતાપર ગાળોનો વરસાદ વરસાવ્યો, જે ગાળો કર્ણથી સાંભળી પણ શકાય નહીં, તારી માતા છેવટે રડવા લાગી, એ જોઇ સુશીલાની આંખો પાણીથી ભરાઇ ગઇ. તેણે જેઠાણીના પગ ઝાલ્યા, એટલુંજ નહિ પણ તારી ભાભી પાસે ખોળો પાથરી તેમને પગે પડી નમ્રતાપૂર્વક વિનંતી કરી કે સાસુજીને દુઃખ થાય તેવું બોલશો નહીં. આ સાંભળી તારી ભાભીનો મિજાજ ખસી ગયો અને તે ગુસ્સાથી બોલી કે "અહો, આ જોને કપટકળા, સર્વ પોતાના વાંના છે, પોતેજ સર્વ કરી હવે ડાહ્યાં થાય છે તે." એમ કહી સુશીલાના માથામાં તારી ભાભીએ જોરથી લાત મારી. સુશીલા તો બીચારી ભોંયપરજ પડી રહી. તેનું માથું પાસેની ભીંતમાં જોરથી અફળાવાથી માથામાંથી લોહી વહેવા લાગ્યું

વખતે ત્યાંજ હતી. સર્વ ત્યાં દોડી ગયાં સુશીલાનું માથું ધોઈ જખમપર પાટો બાંધ્યો. તારાપિતાનો ક્રોધ વધી ગયો અને તેમણે તારા ભાઈઓને કહ્યું કે 'અરે ચાંડાળ! તમે એકદમ અહીંથી ચાલતા થાઓ! 'આ જઈએ,' એમ કહી રાતોરાત સર્વ સામાન બાંધી ડોસાડોસી અને સુશિલાને યથેચ્છ ગાળો ભાંડી બીજી સવારે તેઓ ચાલતા થયા. જતી વખતે બીચારો અમર સુશીલાના પ્રેમથી "કાકી, કાકી" કહી રડતો હતો. !"

શાંતિલાલ આ વધારે દુ:ખદાયક ખુલાસો સાંભળી ગાંડા જેવો થઈ ગયો અને શુન્ય હૃદયે વિચારસાગરમાં ગોથાં ખાવા લાગ્યો.



પ્રકરણ ૧૪ સું.

હવે આનંદ શાનો ?

કાંતિલાલ બોલી રહ્યા પછી શાંતિલાલે ઘણી દીલગીરી સાથે પૂછ્યું કે 'તારા તરફ પત્ર ક્યારે આવ્યો ?"

"આજ સવારેજ !"

"સરલાને આ વાતની શી રીતે ખબર પડી ?"

"તેણે આ વાત બીજા પાસેથી સાંભળીને લખી નથી, પણ તે વખતે તે ત્યાં હાજર હતી."

"હા, બરાબર છે, તેતો હું ભુલી ગયો. પણ સુશિલાના માથામાં શું સખ્ત ઈજા થઈ છે ? "

" ના, કાંઈ ચિંતા કરવા જેવું નથી. હવે તેને આરામ પણ થવા લાગ્યો છે. "

" તે શીરીતે જાણ્યું ? "

" અરે ગાંડોતો નથી થયોને ? શીરીતે એટલે ? સરલાના કાગળથી વારૂ, બીજી વાત એ છે કે સુશિલાને પણ ઈજા થઇ હોત તો તને પત્રજ લખી શકત નહીં. તું તો નાહક ગભરાય છે ! "

છેવટનું વાક્ય સાંભળી શાંતિલાલને જરા ધીરજ આવી. પોતાનાપર પડેલા દુઃખનો વિચાર કરવા શાંતિલાલને તક આપવાના હેતુથી કાંતિલાલે તેની રજા માગીને કોઇ બહાને બીજી જગો તરફ ગયો. બીચારો શાંતિલાલ તો વિચારજ કરતો રહ્યો. બીજે દીવસે તે કોલેજમાં પણ ગયો નહીં સાયંકાળે કાંતિલાલ તેની પાસે આવીને બેઠો. ઘણીવાર પાસે બેઠા છતાં શાંતિલાલ કાંઇજ બોલ્યો નહીં, એટલે કાંતિલાલે કહ્યું. "ચાલ હવે આપણે થોડો વખત બહાર ફરવા જઇએ. " ઇચ્છા ન હોવા છતાં પણ કાંતિલાલના આગ્રહથી તે બહાર ફરવા નીકળ્યો, બન્ને મિત્રો વાલકેશ્વરને રસ્તેથી મલબારહીલપરના સુંદર ઝુલતા બગીચામાં જઇને બેઠા. બગીચામાં ઘણા સુવાનો ઘણી જાતના આનંદમાં મસ્ત થયા હતા, પરંતુ બગીચાની રમણીયતા શાંતિલાલને આનંદ આપવા તદ્દન નિષ્ફળ નીવડી.

કેટલીક વાતો કર્યા પછી કાંતિલાલે પૂછ્યું "શું ત્યારે ઘેર જવાનો વિચાર નક્કી કર્યો ?"

"હા, ઘેર જવાનો અને કોલેજ છોડવાનો વિચાર નક્કી કર્યો. આવા પ્રસંગે માતપિતાની સેવામાં હાજર ન રહું તો તેમનાં દુઃખનો છેડો આવે નહીં. માતાપિતાનું દુઃખ દૂર થાય નહીં તો પછી યુનીવર્સીટીની પરિક્ષા આપવામાં પણ શું ભૂષણ ?"

વિચાર કર્યા વગર શાંતિલાલ કંઇજ બોલતો નહોતો અને તેણે કરેલો નિશ્ચય પણ ફેરવતો નહોતો એ વાત કાંતિલાલ સારી રીતે જાણતો હતો, તેથી કોલેજ છોડવાની વાતો ઉપરાંત મુકીને તેણે પૂછ્યું, "ઠીક, આ બાબતનો વિચાર પાછળથી થશે. પણ તું આવતી કાલે જવાનો કે શું ?"

"હા, કાલે. આજ ફરીથી પિતાનો કાગળ આવ્યો છે અને જલદી નીકળી આવવા આજ્ઞા કરી છે" મિત્ર, જુઓ આ [illegible]—"

[illegible]

[illegible]

" અહીંજ તું ભુલે છે ! પૃથ્વીપરના સર્વ લોકો આપણા જેવાજ છે એજ તારૂં માનવું સદા ભૂલભરેલું છે. તારા મોટા ભાઇઓ જૂદા રહેવા માટે ઉતાવળા થયા છે તે તું ક્યાં જાણે છે ? "

" માતાપિતા જીવતા છે ત્યાંસુધી જો કોઇ આવી વાત સરખી કરે તો તેમને અસહ્ય દુઃખ થાય છે. "

" તે સર્વ ખરૂં છે. પણ હવે બીજો ઉપાયજ નથી. હવે જો જૂદા રહેવાથીજ શાંતતા થતી હોય તો તેજ માર્ગ શ્રેયસ્કર છે ! આ રોગની બીજી દવાજ નથી. તું ઘેર જઇ માતાપિતાને સર્વ સમજાવીને કહે, તારા ભાઇયોને પણ કહેજે, સલાહસંપથી જૂદા નીકળ્યા પછી કાકા, કાકી અને સુશિલાને લઇને તું અહીં આવજે " પણ માતાપિતા ઘર છોડવા કબુલ કરશે નહીં. "

" અરે ઘર શામાટે છોડવું જોઇએ ? કામ પડે ત્યારે ત્યાં ક્યાં નથી જવાતું. મુંબઇમાં તેમને કથાકિર્તન વીગેરેનો લાભ મળશે. "

" પણ મોટા ભાઇયો હવે કયાં ઘેર આવવાના છે તે તો પ્રતિજ્ઞા કરીને ગયા છે. "

" તેમની પ્રતીજ્ઞાની બીક રાખીશ નહી. જૂદા નીકળવાની આનંદની વાત સાંભળીને દોડયા આવશે. "

" શાંતિલાલને મિત્રની સલાહ યોગ્ય લાગી. જૂદા નીકળવાથી જો ભાઇયોના મનને સુખ થતુ હોય તો તેમા

કરણે શાંતિલાલે જેમ તેમ બે કોળીયા ખાધા અને પિતાની પ્રકૃતિની તપાસ કરી તે પોતાના ઓરડામાં ગયો. સુશિલા પણ થોડી વાર પછી ત્યાં ગઇ. થોડો વખત ઘર સંબંધી વાતચીત કર્યા પછી "તને માથામાં કયાં વાગ્યું છે?" એમ શાંતિલાલે આગ્રહથી પૂછ્યું.

સુશિલાએ તો તે વાત પ્રથમ ઉડાડી દીધી, પોતાને એ વાતની શી રીતે ખબર પડી તેનો વિચાર કરવા લાગી. આખરે શાંતિલાલના અતિ આગ્રહથી માથાનો જખમ બતાવ્યો. શાંતિલાલે તેના માથાપરના કેશગુચ્છ દૂર કરી જખમ જોયો. જખમ કાંઈ નાનો નહોતો. જખમ જોઇ શાંતિલાલને બહુ ખોટું લાગ્યું અને તેણે પૂછ્યું, "કાગળમાં આ વાત કેમ ન લખી?"

સુશિલાએ શરમાઇને નીચું જોયું અને બોલી "જખમ ઘણોખરો રૂઝાવા આવ્યો હતો, અને બહુ દુખતું નહોતું તેથી જણાવ્યું નહી."

"પણ લખ્યું હોત તો કાંઈ પાપ લાગત?"

"મને એમ લાગ્યું કે આ વાત લખવાથી મને જેટલી વેદના થઈ તેટલી વેદના વાતની ખબર પડવાથી તમને થશે તેથી."

"જખમ કાંઈ નાનો છે?"

સુશિલા કાંઇજ બોલી નહી. આ જોઇ શાંતિલાલે પૂછ્યું.

"ઠીક તો રહેવા દે; પણ ઓસડ શું કર્યું?"

"વૈદે કાંઇક મલમ આપ્યો હતો તેથીજ આરામ થયો."

આ વાત બંધ પાડવાની ઈચ્છાએ સુશિલાએ પૂછયું. "પણ પિતાજી સાથે કાંઈ વાતચીત કરી કે ?"

"ના, વૈદ્યે તેમને ઉઠાડવાની મના કરી છે."

"ઘેર આવ્યા એ બહુ સારૂં કર્યું. આજ ત્રણ દિવસ થયાં તે બીલકુલ ઉંઘ્યા નથી. જરાક વાર થાય ને તમારૂં નામ દઈ તમને બોલાવે છે."

"આ બધી હકીકત સાંભળી, અને તેમની પ્રકૃતિ જોઈ મને ભય લાગે છે." બોલતા બોલતા શાંતિલાલની આંખમાં પાણી ભરાઈ આવ્યું.

આ સાધારણ તાવ છે, એમ સુશિલા સમજતી હતી, પણ પતિના બોલવાનો અર્થ સમજી તે ગભરાઇ ગઇ. અને એકદમ બોલી. "અરે, આ શો ગજબ ? માંદગી આટલી બધી સખ્ત છે ?"

"શાંતિલાલ દીલગીરીનો શ્વાસ છોડી બોલ્યો "વૈદ્ય કહે છે કે અસાધ્ય નથી."

"ઇશ્વિર કરે અને વૈદ્યનું બોલવું સાચું પડે. હું તો હવે તદન ગભરાઇ ગઇ છું."

"મકનજી અને મનમોહન તરફની કંઇ વાત સંભળાયછે કે ?"

"હા તેઓ બન્ને પોતપોતાને સાસરે છે. છોકરાઓ ગયા પછી સર્વ ઘર ઉજ્જડ લાગે છે અને મને ચેન પડતું નથી."

"ઠીક, પણ તેં એક મોટો અપરાધ કર્યો છે."

શાંતિલાલનું અકસ્માત બોલવું સાંભળી સુશિલા ગભરાઈ ગઈ. અને પતિના મ્હોં સામું જોવા લાગી. સુશિલાને ગભરાએલી જોઇ શાંતિલાલ જરા હસીને બોલ્યો, "એક આનંદની વાત તેં મારાથી છુપાવી રાખી છે, એટલોજ તારો અપરાધ છે.

સુશિલા તરતજ સમજી ગઈ કે સરલાના કાગળપરથી કાંતિલાલે પોતાને દિવસ રહ્યાની વાત પતિને કહેલી હોવી જોઇએ. સુશિલા અતિ લજ્જાયમાન થઇ. પતિના મ્હોં સામું પણ જોવાયું નહિ. નીચું જોઈ બેશી રહી, સર્વ શરીર પસીનાથી ભીંજાઇ ગયું; આ હદ બહારની શરમ જોઇ શાંતિલાલ આશ્ચર્યચકિત થઇ ગયો અને બોલ્યો "આ શરમ ક્યાંથી ?"

આ સાંભળી સુશિલા વધારે લજ્જાયમાન થઇ. ઘણો વખત તે કંઇજ બોલી નહિ. છેવટે પતિ પત્નીએ ઘણો વખત મુળચંદ શેઠની માંદગી સંબંધી વાતચીત કરી અને શયનગૃહમાં ગયાં. બેમાંથી એકેને પણ ચિંતાથી ઉંઘ આવીજ નહિ.



પ્રકરણ ૧૬ મું.

મૃત્યુ શય્યા.

શાંતિલાલ બીજે દિવસે પરોઢીએ ઉઠી શેઠની ખોલીમાં ગયો. પિતૃભક્ત પુત્રને જોઇ મૃત્યુશય્યાપર પડેલા શેઠને

બહુ આનંદ થયો. તેમના મુખપર પ્રસન્નતાનાં ચિન્હો જણાવા લાગ્યાં, " શાંતિલાલ, આવ્યો બેટા, બહુ સારું કર્યું, અને બહુ કષ્ટ થાય છે. તારી રાહજ જોતો હતો." એટલું બોલી શેઠ ચુપ રહ્યા. શાંતિલાલ એકચિત્તે પિતાનાં મુખ સામું જોઇ રહ્યો. શેઠનું શરીર રક્તવિનાનું થઇ ગયું હતું. આંખો ઉંડી ગઇ હતી. સર્વ ગાત્ર ઢીલા થઇ ગયા હતા. જોતાં જોતાં શાંતિલાલની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં અને તે બોલ્યો, " રાત્રે તમને શાંત નિંદ્રા આવી હોય એમ જણાતું નથી. નેત્ર લાલ થઇ ગયાં છે, મુખ સુકાઇ ગયું છે."

'શાંતિલાલ, આ જન્મામાં શાંત નિદ્રા મેં અનુભવી નથી.'

પિતાનું બોલવું સાંભળી અને તેમની અવસ્થા જોઇ શાંતિલાલ નંદન ગભરાઇ ગયો. ધૈર્ય છુટી ગયું. આ જોઇ વૈદ તેને બીજી તરફ લઇ ગયો, અને કહ્યું કે રોગીના ચિત્તને સ્વસ્થતા વિના ઊંઘ આવતી નથી. રાત દિવસ શેઠ ચિંતાથી વ્યાકુળ થઇ ગયા છે. ચિંતારૂપી રોગનું ઔષધજ નથી. હું તમને સ્પષ્ટ કહું છું કે સારી ઊંઘ મળ્યા વિના તેમને આરામ થવો મુશ્કેલ છે."

શેઠની માંદગીની બાતમી મુકનજી અને મોહનલાલે જાણી હતી. પરંતુ બેમાંથી કોઇ આવ્યું નહિ. ત્યારે શાંતિલાલે ઘેર આવી પોતાના નોકરને એક કાગળ લખી આપી તેમને બોલાવવા મોકલ્યા. એક જણે કાગળ વાંચીને ફાડી નાંખ્યો, અને બીજાએ કહ્યું મારે સમાચાર વાંચી શું કરવું છે ?" એવા

સમાચાર લઇ નોકર પાછો આવ્યો. નોકરે કહ્યું, " પિતાશ્રી ઘણા માંદા છે, તમારી રાહ જુએ છે વિગેરે ઘણી બાબતો મેં કહી પણ પાષાણ હૃદયના ભાઇસાહેબોને કંઇજ અસર થઇ નહિ. ઉલટી મને ગાળો દીધી તે વ્યાજમાં ! "

પિતાની માંદગીની વાર્તા સાંભળી મકનજીના મનમાં ઘેર જવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. કારણ તેમણે વિચાર્યું કે, "પિતાજીને કદાપિ અંત થાય અને હું ત્યાં હાજર ન હોઉં તો મારે ભાગે કંઇજ પૈસા મળશે નહિ. જઉં તો પ્રતિજ્ઞાનો ભંગ થાય છે અને પ્રતિજ્ઞાનો ભંગ કરૂં તો બીકણ ઠરૂં. માટે જવુંજ નહિ. "

પિતાની માંદગી અસાધ્ય જોઇ શાંતિલાલે પોતાના મિત્રને કાગળ લખ્યો. પત્ર પહોંચતાંજ કાંતિલાલ વતનમાં આવ્યો. કાંતિલાલને જોઇ શેઠને પણ આનંદ થયો.

એક દિવસે બે વાગે ડોસાને બહુ તાવ ચઢયો. શાંતિલાલ અને કાંતિલાલ પથારી પાસે બેઠા હતા. બીજી બાજુએ વૈદ્ય પણ હાજર હતો. ડોશી પણ ત્યાં હતાં. સર્વના મુખપર શોકનાં ચિન્હો જણાતા હતા. શાંતિલાલ પંખાવતી વૃદ્ધ પિતાને પવન નાંખતો હતો, આ જોઇને ડોસો બોલ્યો, " અરે શાંતિલાલ, આ પવનથી મારો તાપ કમી થશે કે? મારા અંતઃકરણમાં આગ લાગી છે."

શાંતિલાલ કાંઇજ બોલ્યો નહિ. અને પોતાની આંખમાંના આંસુ લુછી નાંખ્યાં. કાંતિલાલે પુછયું, " કાકા, તમારૂં કષ્ટ દૂર કરવા કંઇ ઉપાય નથી કે? "

શેઠ કંજરા ત્યારે હસતું કરી બોલ્યો, “ આ ઠઈ મારા દેહની સાથે દૂર થયો . . . .

. . . શેઠનું બોલવું સાંભળી સર્વ રડવા લાગ્યાં, પિતાની છેલ્લી ઇચ્છા પૂર્ણ કરવા અને છેલ્લી આજ્ઞા માથે ચઢાવવાના હેતુથી શાંતિલાલ મોટા ભાઇઓને સાસરે ગયો. મકનજી દ્રવ્યલોભથી ઘેર આવવા ઉતાવળોજ થયો હતો. અર્થાત્ વધુ આગ્રહ ન કરાવતાં પોતાનાં બૈરી છોકરાં સહ શાંતિલાલ સાથે ઘેર આવ્યો.

સર્વ આવ્યાની વાર્તા જાણીને શેઠને આનંદ થયો. સર્વને શેઠે પોતાની પાસે બોલાવ્યા. મકનજી અને મનમોહનલાલ પિતાના બીછાના પાસે બેઠા. પિતાનો અંતકાળ નજીક આવ્યો એમ તે સમજી શકયા. પણ જુદા રહેવાની ઇચ્છાએ તે બદલ તેમને દુ:ખ થયું નહિ. પણ ઉલટો તેમને આનંદ થયો. સુંદરી અને જડાવ સસરા સામી તિરસ્કારયુક્ત આડી નજર કરી ત્યાંથી ચાલી ગઇ. નાનાં નાનાં છોકરાંઓ દાદાની આજુબાજુ બેઠાં. ડોસો કુટુંબના સર્વ માણસ તરફ જોતો હતો. ઘડીમાં તેની આંખમાં આંસુ ભરાઇ આવતાં. મુખ ઉપર માત્ર અત્યંત ખિન્નતા છવાઇ રહી હતી.

ગીરી ફેલાવી દીધી; એટલું જ નહિ પણ તેઓમાંના ઘણા તો રડવા લાગ્યા.

સંધ્યાકાળ થઇ. શેઠની પથારી પાસે એક દીવો બળતો હતો. વૈદ્યે નાડી જોઇ, એટલામાં શેઠે કહ્યું " હવે નાડી શું કરવા જુઓ છો ? "

આ સાંભળી વૈદ્ય બોલ્યો, " ગભરાશો નહિ, હજુ ગભરાવા જેવું નથી, ઇશ્વરનું સ્મરણ કરો. "

શેઠ પોતાની અવસ્થા સમજી ગયા હતા, તે બોલ્યા, " વૈદ્યરાજ ઠીક કહ્યું. હવે ઓસડની ભાંજગડ જવા દો અને મને ઇશ્વરનું નામ સંભળાવો. "

શેઠે ઓસડ લેવાનું બંધ કર્યું. પણ શાંતિલાલે અને તેના મિત્રે ઓસડ લેવાનો ઘણો આગ્રહ કર્યો, તે જોઇ શેઠ બોલ્યા, " અરે ગાંડાઓ, તમારી મારા પ્રત્યે અઢળક ભક્તિ અને પ્રેમ છે તેથી મારી સ્થિતિ જોતાં છતાં તમે સમજતા નથી! હવે ઓસડનો શો ઉપયોગ ? ઇશ્વર તમારૂં કલ્યાણ કરો."

શેઠનું બોલવું સાંભળી ડોશી રડવા લાગી. સુશિલા રડતા મુખે સાસુનું શાંતવન કરવા લાગી. શાંતિલાલ અને કાંતિલાલ અતિ વ્યાકુળ થયા. આ સર્વ જોઈ વૈદ્યે બન્નેને બહાર લઈ જઇ કહ્યું કે, " નાડ આજ કાંઇ સારી લાગતી નથી. જરા સાવધ રહેજો. કર્તાહર્તા ઇશ્વર છે. માટે તેની ઇચ્છાને આધીન રહો. "

પૂર્ણ પિતૃભકત શાંતિલાલના મસ્તકપર દુઃખનો ડુંગર

તુટી પડયો તે ગાંડાની માફક મોટેથી રડવા લાગ્યો અને બેશુધ જેવો થઇ ગયો. તેના મિત્રે તરતજ તેનો હાથ ઝાલ્યો અને બોલ્યો, "મિત્ર, આ શું કરે છે ? તું આમ કરીશ નહિ, ડોસાને દુઃખ થશે, તેનો કંઇ વિચાર કર. ધૈર્ય ધારણ કર. ચાલ, આપણે તેની પાસે જઇએ.

બન્ને જણ શેઠ પાસે ગયા. તેમને જોઇ શેઠ બોલ્યા કે, "બેટા, ધીરજ ધર, ગભરાઇશ નહિં. કાંતિલાલ તારો સત્ય સ્નેહી છે તે જોઇ મને આનંદ થાય છે. તેનાપર ભરૂંસો રાખ. તેની મરજી વિરૂદ્ધ વર્તીશ નહિ. વધારે શું કહું ? તમે બન્ને મારી પાસે આવો.

બોલતાં બોલતાં શેઠનો અવાજ નરમ થઇ ગયો. બન્ને તેમન નજીક ગયા. ડોશી અને સુશિલા નીચું જોઇ રડતાંજ હતાં. ડોસાએ કાંતિલાલ સામું જોઈ કહ્યું, "કાંતિલાલ, તું ઘણો ત્રાસ સહન કરી અહીં આવ્યો છે. આ વખતે આશિર્વાદ શિવાય તને આપવાની બીજી કાંઇજ વસ્તુ મારી પાસે નથી. ઇશ્વર તારૂં સદા મંગળ કરો." એમ બોલી શેઠે પ્રેમથી પોતાનો હાથ કાંતિલાલની પીઠપર ફેરવ્યો. કાંતિલાલ નાના છોકરાની પેઠે રડવા લાગ્યો અને બોલ્યો—"તમારા આશિર્વાદથીઃજ અમારૂં કલ્યાણ થશે. હું તમને પિતાતુલ્ય સમજું છું. શાંતિલાલ મારો સગો ભાઈ છે. તમે કંઇ ફીકર રાખશો નહિ."

સર્વ બોલતાં બંધ થઇ ગયાં. કોઇ કંઇ બોલ્યું નહિ. શાંતિલાલ, હીરાડોશી, સુશિલા સર્વ રડવા લાગ્યાં. સર્વને

ઇશ્વર આપણને અહીં મોકલે છે. મારી પરિક્ષા લેવાઇ. હવે હું જઉં છું.” બોલતાં શેઠની આંખો ઉંડી ગઇ. જીવ ગભરાવા લાગ્યો તો પણ ઘણા ધીમા અવાજે ફરીથી શેઠ બોલ્યા, “આજ હું જઉં છું, એજ પ્રમાણે સર્વ કોઇને તે જગત્કર્તા પ્રભુ પાસે જવું પડશે. પણ માણુસ આ વાત ઉન્મત્ત થઇ ભુલી જાય છે. આ વાતનું સ્મરણ હોય તો કોઇ કોઇનો દ્વેષ કરે નહીં; બીજાનું અનિષ્ટ ચિંતવેજ નહીં. પાપકર્મ તરફ કોઇની પ્રવૃત્તિ થાય નહીં. સંસાર એ તો ક્ષણિક છે. પણ મરણનો ભય મનુષ્ય મદાંધ થઇ ભુલી જાય છે મારી શકિત હવે તદન નષ્ટ થઇ છે; મારાથી વધારે બોલાશે નહીં. શાંતિલાલ તમારાથી નાનો છે; તેનું પ્રેમથી પાલન કરજો, બીજાનું અનિષ્ટ કોઈ દિવસ ચિંતવશો નહીં. ઈશ્વરને ત્યાં ન્યાય છે, તેમ કરશો તો તમારૂં કલ્યાણ થશે નહીં. બીજાપર સદા ઉપકાર કરવો. નકામું કોઇનું મન દુઃખાય તેવું કૃત્ય પણ કરવું નહીં. ઇશ્વરની ભકિત કરજો. જડાવ, સુંદરી, તમે પણ મારૂં કહ્યું સાંભળો. સદા સંપથી રહેજો. નાના બાળકોને કુશિક્ષણ આપશો નહીં કુશિક્ષણથી તેમનો ભવ બગડશે. મા-બાપના દોષથી છોકરાંઓ બગડે છે, સ્વછંદી અને દુર્ગુણી થાય છે બાલ્યાવસ્થામાં મા-બાપનો સ્વભાવ અને તેમ- અનુકરણ કરે છે. પુત્રો, તમારા વૃદ્ધ માતા- આપવાથી પુત્રોનું કલ્યાણ થતું નથી. હવે શું કહું ? ઈશ્વર તમને દીર્ઘાયુ કરો. મારા નાના ઓ, મારી પાસે આવો તમે કોઇ દિવસે જૂઠું બોલશો

નહી, ચોરી કરશો નહીં. માતા–પિતાની સેવા કરી ઇશ્વરભકતી કરજો. ઇશ્વર તમારૂં કલ્યાણ કરશે હવે તમે બધાં મારી પાસેથી જાવ. મારા નેત્ર આગળ અંધકાર થઇ રહ્યો છે ! મેં તમને જન્મ આપ્યો પણ તમારા કર્મનો હું જવાબદાર નથી. કરશો તેવું જ ભોગવશો. હવે તમો સર્વ અહીંથી જાવ. જે પરમાત્માએ મને આ લોકમાં મોકલ્યો તેનું નામ સંભળાવો. છેવટે જેવી મતિ તેવીજ ગતિ થાય છે ! ”

શેઠ બોલતાં બોલતાં બંધ થઇ ગયાં, મૃત્યુ હવે તદન પાસે આવ્યું એવા ચિન્હો સ્પષ્ટ દેખાયાં. શાંતિલાલ ગંગાજળ લઇ આવ્યો. પવિત્ર બ્રાહ્મણો તેમની પથારી પાસે બેશી ભગવતગીતા વાંચવા લાગ્યા. ઇશ્વર નામનો પવિત્ર અવાજ ઓરડામાં ફેલાઇ ગયો. મકનજી, મનમોહન અને તેમનાં બૈરાં–છોકરાંઓ છણકા કરી ચાલ્યા ગયા. શાંતિલાલ, તેનો મિત્ર, દાશી, સુશિલા અને વેદમંત્ર બોલતા બ્રાહ્મણો શેઠના ઓરડામાં બેઠા હતા.

રાતના બે પહોર વહી ગયા. શાંતના સર્વત્ર વ્યાપી રહી. શેઠને શ્વાસ થયો હતો. જીભ ટુંકી થઈ ગઇ, ચૈતન્ય નષ્ટ થયું અને શરીર થંડુ થવા લાગ્યું. આ અંતકાળનાં ચિન્હો જોઈ શાંતિલાલે પિતાજીને ગૌમૂત્રથી પવિત્ર કરેલી ભોંયપર સુવાડયા. પછી તરતજ તેમના મોંમાંથી ‘ રા—મ ’–એટલા બે અક્ષરો ઉંડા હૃદયમાંથી સંભળાયા. મકારના છેલ્લા ઉચ્ચારની સાથે સુગચંદ શેઠનો પ્રાણવાયુ આ લોક છોડી સ્વર્ગલોકમાં ચાલ્યો ગયો. કુટુંબ વર્ગ માયાપાશમાં સપડાયેલ હોવાથી હૃદયવેધક પોક્‌ મુકી. કપાળુ અને નિરાધાર સ્વરે રડવા લાગ્યું.

—⁂—

પ્રકરણ ૧૮ મું.

તીજોરીમાં શું હતું ?

મુળચંદ શેઠનો અંતકાળ થયાને બે દિવસ થયા. શહેરના મોટા અને નાના તમામ ગૃહસ્થો શાંતિલાલનું સમાધાન કરવા આવતા હતા. બહાર ગામથી પણ ઘણા લોકો આવતા હતા. સિવાય દીલગીરી બતાવનારા પત્રો અને તાર અસંખ્ય આવી પડ્યા હતા. વેપારી મંડળમાં દીલગીરી છવાઇ રહી. મોટા મોટા કારખાનાઓમાં સભાઓ ભરાઈ, દીલગીરી બતાવનારા ઠરાવો પસાર થયા, સારાંશ શેઠ એટલા તો લોકપ્રિય થઇ પડયા હતા કે તેમના મરણથી શહેરમાં અને બહાર સર્વને ઘણી દીલગીરી થઈ આવી.

શેઠના મરણથી પિતૃદ્વેષી મકનજી પાસે તેને કીર્તિ અને જ્ઞાતિ રીવાજ પ્રમાણે દાન-ધર્મ કરવાની વાત શાંતિલાલે કાઢી. શેઠની તીજોરીની કુંચીઓ મકનજીએ પ્રથમથીજ કોઇ ન જાણે તેમ લઇ લીધી હતી. ત્રીજે દિવસે કુંચીઓ શાંતિલાલ સાગી મૂકી અને મકનજી બોલ્યો " ભાઇ, થવાનું હતું તે થઇ ગયું, હવે શોક શા માટે કરે છે ? હવે જે કરવાનું છે તે કર. પિતાજીની તીજોરીની આ કુંચીઓ લે, ચાર ગ્રહસ્થો સન્મુખ ઉઘાડી સર્વ સંભાળ એટલે પછી કજીયાનું કારણ જ રહે નહીં. "

કપટી મકનજીનું આ ભાષણ સર્વને પસંદ પડયું. સર્વેએ ડાકાં ધુણાવ્યાં. શાંતિલાલ તો રોતોજ હતો. કુચીઓ જોઈ કાંતિલાલે મકનજીને પૂછયું " આ કુંચીઓ તમારીજ પાસે રહે છે કે ? તમારા માટે કોઇને શક તો નહીં આવે ને ? "

"હા, તેનો શો ભરોસો ? પૈસાની વાત છે માટે જેટલી સાવચેતી રાખીએ તેટલી સારી. પ્રથમ આપણે ચાલો તીજોરી ઉઘાડીએ. "

સર્વ જણ ત્યાંથી ઉઠી શેઠના ઓરડામાં ગયા મકનજી તીજોરીના તાળા પાસે ગયો. તીજોરી ઉઘાડી. મકનજીનો હાથ, થર થર ધ્રુજવા લાગ્યો. તીજોરીમાંથી એક થેલી કાઢી, રૂપીયા સોંયપર ઠલવ્યા આ જોઇ કાંતિલાલ બોલ્યો " પ્રથમ આ તીજોરીમાં હજાર રૂપીયાની કેટલી થેલીઓ છે તે જુઓ. "

હજાર રૂપીયાની થેલીઓનું નામ સાંભળી મનમોહન-લાલ તીજોરી પાસે દોડી ગયો અને અંદર દોક કરી હાથ નાખી જોયું અને એકદમ બોલ્યો " ક્યાં છે થેલીઓ ! આ-માં તો કાંઇજ નથી. "

" નથી કેમ, ફરી જુઓ હોવીજ જોઇએ " કાંતિલાલે જોરથી કહ્યું.

શાંતિલાલ અને કાંતિલાલ તીજોરી પાસે જઈ અંદર જોયું તો કાંઇજ મળે નહીં. બન્ને આશ્ચર્યચકિત થઇ એક બીજાના મોં સામુ જોવા લાગ્યા. થોડીવાર પછી કાંતિલાલ

બોલ્યો " તારા ભાઈઓના આવતા પહેલાં મેં આ તીજોરીમાં રૂપીસાની થેલીઓ જોઇ હતી. જાય ક્યાં ? શી નવાઈ ! "

" શાંતિલાલે જવાબ આપ્યો. " અરે એમ હોય ? આટલી બધી થેલી તીજોરી ગળી ગઇ કે ?"

" ત્યારે ક્યાં છે ? "

" હું શી રીતે કહું ? કોઇ ચોરી ગયા હશે ! "

તીજોરીમાં થેલી છે તે વાત શાંતિલાલ અને તેનો મિત્ર જાણતા નથી, એમ મકનજી માનતો હતો અને તેથીજ તેણે તીજોરી ઉઘાડવાની ઉતાવળ કરી હતી. તે કંપવા લાગ્યો. પણ પોતાની સ્થિતિ છુપાવી ધૈર્યથી બોલ્યો " જોયું કે ? તીજોરી ઉઘાડવાને હજુવાર કરી હોત તો નાહક મારાપર શક જાત ?"

" તમે ભુલ્યા હશો, થેલીઓ બીજે ઠેકાણે ભુલથી નથી મૂકીને ?"

" ના, ના, આમાંજ મૂકી હતી. "

ફરીથી બીજી પેટી જોઇ પણ તેમાં કાંઇજ નહોતું. શાં-તિલાલે મિત્રને કહ્યું કે "આમાં તો ખત પત્રો વિગેરે છે. બીજું કાંઇજ નથી. "

સર્વ પેટીઓ જોઇ ઘરના ખુણા તપાસી વળ્યા; પરંતુ કાંઇજ મળ્યું નહીં. આખરે થેલીઓ ગઈ એમ સર્વને લાગ્યું. આ બીજી આફત જોઇ શાંતિલાલ બોલ્યો " હું ભીખારી થયો તેની મને ચિંતા નથી, પણ રૂપીયાની સાથે લોકોની ગીરો રાખેલી સોનાની જણસો પણ ગઇ."

સર્વ સ્તબ્ધ થઈ ગયા. ઉપરા ઉપરી બે દિવસમાં ચોરી થઇ એમ મનાયું. ચોરીની વાર્તા શહેરમાં ફેલાઇ ગઇ. જે સાંભળે તેને નવાઇ લાગી. લોકો વાતો કરવા લાગ્યા કે "આવી નવાઇ જેવી ચોરી ખીજે ઠેકાણે જોઇ નથી. તીજોરીના તાળાં જેવાંને તેવાંજ હતાં; અને અંદરની થેલીઓ જતી રહી, આતો કાંઇ જાદુ થયો કે શું ? શહેરમાં સૌ કોઈ પોત પોતાને ગમે તેવા તર્ક વિતર્ક ચલાવવા લાગ્યા. કોઈ આરોપ મૂકતા હતા, લોકો ગમે તેવું બોલતા હતા. સર્વની વાતો સાંભળી મકનજી તો ટાઢોજ થઇ ગયો અને તેનું મોં કાળું ઠીકરા જેવું થતું ગયું.

બે ત્રણ દિવસ વિચાર અને શોધ કર્યા પછી કાંતિલાલે કહ્યું "શાંતિલાલ, ગમે તે હો, પણ મને તો તારા બંન્ને ભાઇઓ પર શક જાય છે. તું તેમના તરફ ઝીણી નજરે જોતો અને પછી જો કે, તારૂં મન તને શું કહે છે ?"

"ઇશ્વર જાણે" એટલું બોલી શાંતિલાલ ચુપ રહ્યો. પણ ધીરે ધીરે તેનો પણ શક ભાઇઓ તરફ ગયો.



પ્રકરણ ૧૯ મું.

મકનજીની ગભરામણ.

સુજાચંદ શેઠના મરણની સાથે ચોરીની પણ વાત દેશ-દેશાવરમાં ફેલાઇ ગઇ. કોઇ કહે કે દસ હજારની ચોરી થઇ,

તો કોઈ કે ૧૫ હજારની થઇ, કોઇએ કહ્યું કે આ ઘરમાં ચોર પેઠા, તો કોઇએ કહ્યું કે તેમના ઘર પર ધાડ પડી. લોકો ગમે તેવું બોલવા લાગ્યા અને અફવાઓ ફેલાઇ.

હવે શું કરવું, એની શાંતિલાલને કંઈ સુઝ પડી નહી ! પોલીસને ખબર આપવી કે નહી તેનો નિશ્ચય તે કરી શકયો નહીં. પોલીસને ખબર આપું અને વખતે ખરો ચોર પકડાશે તો પિતાની આબરૂને કલંક લાગશે, મોટાભાઇ કેદમાં જશે. વારૂ પોલીસને ખબર ન આપું તો આખરે પોલીસ તો આ વાત જાણશેજ, શાંતિલાલને કંઇ સુઝયું નહીં. સર્વની સલાહ-પ્રમાણે કાંતિલાલે કહ્યું કે આપણે એક વખત શું બન્યું તેની પોલીસને ખબર તો આપવીજ." પણ મકનજી વચ્ચમાંજ બોલી ઉઠયો 'કે પોલીસને ખબર આપવાથી શો ફાયદો છે ? આપણેજ તપાસ કરીશું. પોલીસ નાહક ધાંધલ કરશે અને ઘરના માણસોને એક વિના આમંત્રણવાળી ઉપાધી થશે."

બોલતાં બોલતાં મકનજીનો ચહેરો બદલાઇ ગયો. શાં-તિલાલ અને તેનો મિત્ર તે સમજી ગયા. કાંતિલાલને બહુ ક્રોધ ઉત્પન્ન થયો અને કુકર્મીને તેના કર્મનું ફળ મળવુંજ જોઈએ એમ વિચાર કરવા લાગ્યો.

આખરે પોલીસને ચોરીની ખબર આપી, પરંતુ તે વાત પોલીસે પ્રથમજ જાણી હતી. મુળચંદ શેઠને ત્યાં શુમારે દસ હજારની ચોરી થઈ એવો રિપોર્ટ પોલીસ સીપાઇએ ઉપરી અમલદાર તરફ મોકલ્યોજ હતો. મુળચંદ શેઠને સર્વ ઓળખતા હતા. અને તેમને શ્રીમંત ધારતા હતા તેથી પોલીસે

દસ હજારની વાત સાચી માની. ફોજદાર પોતે તપાસ કરવા જવાનો હતો. કર્મ ધર્મ સંયોગે તે છીલ્લાનો પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ મી૦ વાઇટ ત્યાંજ હતો. આ સાહેબને વિલાયતથી આવે ઘણા દિવસ થયા નહોતા. દેશી લોકો સાથે તે હળીમળીને રહેતો હતો. મી૦ વાઇટને આ મોટી ચોરીનો રીપોર્ટ મળતાં તે ઘોડાપર બેશી સુળચંદ શેઠને ઘેર ગયો. સાહેબની સાથે ફોજદાર, જમાદાર અને બીજા પોલીસ સીપાઇઓ પણ હતા.

પોલીસના કાળા સરઘસને જોઇ મકનજીના પગ ધ્રુજવા લાગ્યા. હૃદય ધબકવા લાગ્યું. પોલીસને જોઈ મકનજીએ વિચાર્યું "કે અંદર અંદરજ કબુલ કરી નીકાલ કરવો, કારણ સર્વનો શક મારાપર છે " મનમોહનલાલ પણ બદલાઈ ગયો અને ખરું કહેવાને લલચાયો. મકનજીએ તેને પોતાનાજ પક્ષમાં રહેવા બહુ સમજાવ્યો. મકનજી મનમોહનને એક ઓલીમાં લઈ ગયો અને કહ્યું કે " મનમોહન તું ગાંડો નથી થયોને ? તને છોડી મેં કાંઇ કર્યું છે કે ? મારા એકલા માટે ચોરી નથી કરી, તેમાં તારો ને મારો બન્નેનો લાભ છે, આપણે બન્ને રૂપીઆ વહેંચી લેઇશું, તું શાંતિલાલનું શું સાંભળે છે ? ડોસાએ આપણને ન જણાવતાં તેને ઘણો પૈસો આપ્યો છે, તેની તને ક્યાં ખબર છે ? ગાંડો થઇશ નહીં. મને હજુ તેં ઓળખ્યો નથી કેમ વારૂ ? "

પણ આ વાત તેં મને પહેલેથીજ કેમ ન કહી ? નહીતો

આટલો ખુમાટોજ થવા દીધો ન હોત, એકંદર કેટલા રૂપીઆ છે ?

"તે વાત પછીથી કરીશ, મારાપર તને વિશ્વાસ છે ને ? હમણાં કાંઇ બોલીશ નહી, નહીંતો સંશયને સ્થળ મળશે."

મનમોહનને સમજાવી મકનજીએ તેને લલચાવ્યો. મૂર્ખ અક્કલશુન્ય મનમોહન મકનજીને મળતો થયો. મકનજીને ખાત્રી હતી કે શાંતિલાલ અને કાંતિલાલ અત્યંત સુસ્વભાવના સજ્જન છે ! તે મોઢથી ગમે તે બોલે પણ કૃતીથી કંઇ કરશે નહીં. આ ભરોસાના આધારે મકનજી મનમાં મલકાતો હતો. કરેલી ચોરી પચાવવી અને તેનો પત્તો લાગવા દેવોજ નહીં એવી મકનજીએ પ્રતીજ્ઞા કરી.



પ્રકરણ ૨૦ મું.

વ્હાઇટ સાહેબ

વ્હાઇટ સાહેબ, ફોજદાર અને બીજા બે ચાર સિપાઇઓ સાથે મુળચંદ શેઠને ઘેર આવી દાખલ થયો. પોલીસના સરઘસને જોઇને આજુબાજુના લોકો શેઠના ઘર આગળ એકઠા થયા. માણસોના ટોળાને જોઇને વ્હાઇટ સાહેબને ગુસ્સો ચડયો નહીં, પણ આશ્ચર્યની નજરે જોઇ રહ્યો; કારણ સાહેબ દેશી માણસોના સમાગમમાં વધુ આવી તેમની રીતભાત જોવા

ઘણું પસંદ પડતું. સાહેબે આવી ચોરી ક્યાં થઇ, શી રીતે થઇ, વીગેરે હકીકત પૂછવા માંડી. સાહેબને જોઇને કાંતિલાલ, આગળ આવ્યો અને શાંતિલાલ તરફ આંગળી બતાવી બોલ્યો "આ ગ્રહસ્થને ત્યાં ચોરી થઇ છે, માટે તેજ આપને સર્વ વાત કહેશે. આ મારૂં ઘર નથી. હું તો અહીં સહેજ આવ્યો છું."

કાંતિલાલ સામું જોઇ સાહેબ બોલ્યો "આ તમારૂં ઘર નથી ત્યારે તમે ક્યાં રહો છો ? તમારૂં ઘર ક્યાં છે ?

કાંતિલાલે ટુંકામાં પોતાની સર્વ વાત કહી. પોતાનું ઘર, રહેવાનું ઠેકાણું અને બાપનું નામ કહ્યું તે સાંભળી એકદમ કોઇ વાતનું સ્મરણ થયું હોય તેમ વચમાંજ બોલ્યો, ઓ યસ, "કાંતીલાલ ! તમે મને નહીં ઓળખતા હો, તમારા પિતા ખાનદેશમાં વેપાર કરતા હતા ત્યારે હું ત્યાં હતો અને તે વખતે મારો તથા તેમનો સારો પરિચય હતો. તમો તે વખતે ઘણા નાહના હતા. આય એમ વેરીગ્લેડ ટુ સી યુ; કમ હીયર એન્ડ સીટ ડાઉન."

કાંતિલાલને પણ તે વાતનું સ્મરણ થયું; ને સાહેબની પાસે જઇ બેઠો શાંતિલાલ પણ સાહેબ પાસે જઇને ઉભો રહ્યો, કાંતીલાલને શાંતિલાલની સાથે શી રીતે સ્નેહ થયો તે વાત કહી, સુળચંદ શેઠના વખાણ કરી તેમના મરણની પણ વાત જાહેર કરી. શાંતિલાલ અને કાંતિલાલની અંગ્રેજી ભાષા છુટથી બોલવાની હોંશીયારીથી સાહેબ ઘણો ખુશ થયો. સાહેબે પણ સુળચંદ શેઠના મરણમાટે દીલગીરી જાહેર કરી અને ચોરી સંબંધી પરપુછ કરવા માંડી.

શાંતિલાલે કહ્યું "પિતાના મરણને આજ બેજ દિવસ થયા છે! તેમની પાસે શું હતું, તેની મને પુરી ખબર નથી. ચોરીમાં રોકડ રૂપીઆ કેટલા ગયા વીગેરે હું કાંઈજ ખાત્રીપૂર્વક કહી શકતો નથી અને આટલા મોટેજ હાલ ફરીઆદ કરવા મારી ઈચ્છા નથી. પ્રસંગ આવે આગળ જોઇ લેવાશે."

આ સાંભળી સાહેબ હસ્યો અને બોલ્યો કે "સમજ્યો, સમજ્યો, તમે આ વાત દાબી દેવા માગો છો. આ ચોરીમાં તમારા સગાવ્હાલામાંનાં પૈકી કોઇનું અંગ હોવું જોઈએ. ઠીક; જ્યારે તમે ફરિઆદ કરવા ઈચ્છતા નથી ત્યારે આ બાબતમાં હું કાંઇ કરીશ નહી. તમારા સુસ્વભાવથી મને ઘણો આનંદ થયો છે! હું તમને એટલું પણ જણાવું છું કે કોઈના પર તમારો શક હોય તો મને જણાવો; તેમને બીલકુલ ત્રાસ થવા દઇશ નહી."

શાંતિલાલ ઘણોજ સજ્જન હતો, તેમ દયાળુ પણ હતો. તેણે ધાર્યું કે મકનજીનું નામ કહેવાથી તેને ઘણો ત્રાસ થશે; ગમે તેમ તોપણ તે ભાઇ છે. વિચાર કરીને તે બોલ્યો, "સાહેબ, આપ મોટા ગુણવાન છો, આપ પાસે હું કાંઇજ છુપાવી રાખવા માંગતો નથી. મારો એક માણસપર સંશય છે, પરંતુ કેવળ સંશયને આધારે કોઇને શામાટે સંકટમાં નાંખવો?"

"તમારા સરળ ભાવથી મને સંતોષ થાય છે. હું પણ તમને આગ્રહ કરતો નથી. જરૂર પડે મને જણાવજો; બનતી મદદ આપવા હું ચુકીશ નહીં."

થોડી વાર વાતચીત કર્યા પછી સાહેબ ઉઠીને ઉભો થયો અને જતી વખતે બન્ને મિત્રો સામે જોઈ બોલ્યો, " તમારા સમાગમથી મને આનંદ થયો છે. કોઇ કોઈ વખત મને મળતા રહેજો, મારાથી બની શકે તેવું ગમે તે કામ તમારે માટે જરૂર કરીશ. "

સાહેબ, ફોજદાર અને પોલીસ સિપાઇયો આવ્યા તેવા પાછા ગયા. સાહેબે કાંઈજ ધામધુમ કરી નહીં; એ જોઈ લોકોને નવાઇ લાગી. બે કલાક સુધી સાહેબ અંગ્રેજીમાં શું બોલતા હતા તે જાણવાને આતુર થઇ કેટલાક શાંતીલાલને અને કેટલાક કાંતિલાલને પુછવા લાગ્યા.



પ્રકરણ ૨૧ મું.

પ્રેમયુદ્ધ.

કાંતિલાલની પત્નિ સરલાના બાપનું ઘર અમદાવાદમાંજ હતું એ વાત વાંચકોના લક્ષમાં હશેજ. મિત્રનું કાર્ય કરવામાં વખત ન મળવાથી કાંતિલાલ અત્યાર સુધી તેની સ્ત્રી અને સાસુ સસરાને મળ્યો નહોતો તેમ તેઓને ત્યાં પણ ગયો નહોતો. મિત્રના સંકટથી તે પોતાના માણસોને પણ ભુલી ગયો હતો. મિત્રને મદદ કરવા તરફજ તેનું સર્વ લક્ષ હતું.

સરલા પણ ડાહી ને વિવેકી હતી. શેઠના ઘર સાથે તેનો ઘણો સંબંધ હતો. સુશિલાની તે અંતઃકરણથી માનીતી સખી હતી. બન્ને વચ્ચે સગી બહેનો જેવો પ્રેમ હતો. તે જો કે સુશિલા તરફ જતી હતી, પણ મિત્ર કાર્યમાં અડચણરૂપ થઈ પતિને ઘેર આવવાનો આગ્રહ કરતી નહોતી. શેઠના મરણને બે દિવસ થઈ ગયા હતા એટલે સરલાનો બાપ શાંતિલાલ પાસે ગયો. શેઠના મરણ માટે દીલગીરી બતાવી કેટલીક વાતચીત કર્યા બાદ કાંતિલાલને ઘેર આવવા વિનંતી કરી અને કાંતિલાલે;તેનો સ્વિકાર પણ કર્યો.

પોતાના મિત્રની રજા લઇ કાંતીલાલ સસરાને ઘેર ગયો. જમાઇ ઘેર આવવાથી સાસુ સસરાને આનંદ થયો. રાત્રે મિષ્ટાન્ન જમ્યા બાદ સસરા સાથે વાતચીત કરી એક ઓરડામાં તે સુવાને ગયો. પલંગપર પાથરેલી પથારીપર પડયા પડયા કાંતિલાલ પોતાના મિત્રના સંકટનો વિચાર કરતો હતો, એટલામાં તેની સ્ત્રી સરલા ઘરનું કાર્ય પરવારી પતિ પાસે ગઈ અને સ્મિતહાસ્યથી બોલી " ઓહો, આજ મહા ભાગ્યોદયનો દિવસ ઉગ્યો છે ! "

સરલા બોલવામાં ઘણી કુશળ હતી. તેનું વિનોદપૂર્ણ વાક્ય સાંભળી કાંતિલાલે પૂછયું, " કેમ, આજ કયું ભાગ્ય ઉદયમાં આવ્યું ? "

" વાહ, કહી શું પુછો છો ? અમાસને દિવસે પૂર્ણચં-
થયો, નિર્ધનને સોનાનો ચરૂ જડયો

" વાહલા, તું પીયેરમાં હજી વધારે દિવસ રહીશ તો મને લાગે છે કે કવિ બની જઇશ ! "

" વધારે દિવસ શું કરવા ? મને હમણાજ ક્યાં કવિતા નથી જોડતા આવડતી ? આપે મને તેવુંજ શિક્ષણ આપ્યું છે. ચંદ્રોદયની સાથે સમુદ્રનું પાણી જેમ ઝોલા ખાય છે તેમજ આપના દર્શનથી કવિત્વ શક્તીને, મારા આનંદને સ્ફુરણ થઇ ગતિ મળે છે ! "

" એમકે ? ઠીક ત્યારે હવે નવરાશની વખતે એક નીશાળ ઉઘાડી શિક્ષકનું કામ કર. "

" વાહ, ઠીક સલાહ આપી, આપના જેવા ભણનાર વિદ્યાર્થી મળે તો તેમ કરવા હું આજેજ તૈયાર છું. "

" પણ અમને શું શીખવીશ ? "

" શું એટલે ? સંસારની કેટલીક અગત્યની વાતો. દાખલા તરીકે પુરૂષો પ્રમાણે સ્ત્રીઓને પણ સુખદુઃખ થાય છે. એ પહેલો પાઠ. પુરૂષોના લક્ષમાં આ પાઠ આવતો નથી. "

" કાંતિલાલે પ્રેમથી સરલાનો હાથ ઝાલ્યો અને બોલ્યો " આજ આ નવી નવી વાતો શાની ? આનો ભેદ શો છે ? "

" આજ બધુંજ નવું છે ? ત્યારે વાતો પણ નવી હોયને ? આજ આપને કષ્ટ તો થતું નથીને ? "

" હા. કષ્ટતો થાય છે, તારૂં આગમન અત્ર થશે એમ મેં ધાર્યું નહોતું. તારી અહીં આવવાની ઇચ્છા પણ હશે નહીં—"

પ્રકરણ ૨૨ મું.

લાગ સાધ્યો.

બીજે દિવસે કાંતિલાલ, શાંતિલાલને ત્યાં આવ્યો. અને ચોરીની તપાસ કરવા લાગ્યો. મકનજીને અનેક પ્રશ્નો પુછી સત્યવાત શોધવા કાંતિલાલે ઘણા પ્રયત્નો કર્યા પણ કપટી મકનજીએ કાંઇજ દાદ આપી નહીં. હવે પોલીસની બીકનથી એવી ખાત્રી થવાથી મકનજીએ “ ચોર કોટવાળને દંડે ” એ રસ્તો પકડ્યો, તે ગુસ્સાથી બોલ્યો, “ તમે બધા મારી પાછળ શામાટે પડ્યા છો ? શું કંઇ મેં ચોરી કરી છે ?” કોઇને મારો શક હોયતો બેલાશક મને પોલીસને સ્વાધીન કરો. ”

મકનજીનું આવું સાંભળી સર્વેને નવાઇ લાગી. કાંતિલાલને ઘણો ક્રોધ ચઢ્યો અને તે બોલ્યો “ દયા ડાકણને ખાય છે; અતિ નરમાશ સારી નહિ. ખરેખર આ કેસ પોલીસને સ્વાધીન કરવો જોઇએ. જેનાપર આપણને શક પડે તેનું નામ પોલીસને જણાવવું એજ યોગ્ય છે. એટલું કહી તેણે શાંતિલાલ તરફ નજર કરી અને તે બોલ્યો “ અરે હવે આમ ક્યાં સુધી વિચાર કરશો ? ગયું તે ગયું; હવે તેનાપર પાણી રેડો, નરમાશથી કાંઇ થવાનું નથી. જો જરા તમે હિમ્મત રાખી હોત તો તરત નીકળી આવત.

શાંતિલાલે થોડા વખત સુધી વિચાર કરી, અને તે બોલ્યો— “ મકનજીના ઉપર મારો કાંઈ ખાસ વહેમ નથી.

પિતાની કીર્તિને કલંક લાગે તેવું કાર્ય હું કદાપિ કરીશ નહિ; કારણકે પિતાના ધનની મેં કદાપિ ઇચ્છા કરીજ ન હતી.

શાંતિલાલના આ શબ્દોથી મનમોહનને જરાપણ ભય રહ્યો નહિ. જેમ તેમ કરી મુળચંદ શેઠ પાછળ દાનધર્મ વગેરેની ક્રિયા કરી નાંખી પુરા તેર દિવસ થયા નહીં એટલામાં તો મકનજીએ જૂદા રહેવા પ્રશ્ન પૂછયો. મનમોહનલાલે તેને અનુમોદન આપ્યું. આ સર્વ જોઇ શાંતિલાલ પણ તેમની ઇચ્છાની આડે આવ્યો નહીં. અર્થાત્ ત્રણે ભાઇઓ જૂદા થયા. મકનજી અને મનમોહનલાલે મિલકતની વહેંચણી કરી નજીવો ભાગ શાંતિલાલને આપ્યો. ઘરનો સારો ભાગ પોતે લઈ શાંતિલાલને પાછલો પડી ગયેલો ભાગ આપ્યો. બીચારા શાંતિલાલે કોઈ રીતે કજીયો-કંકાસ મટે એજ હેતુએ ભાઈ-ઓએ જે આપ્યું તેજ લઇ સંતોષ માન્યો. ઘરમાંની સારી સારી જણસો, વાસણ વિગેરે પોતે લઈ નકામી થએલી ચીજો શાંતિલાલને આપી.

આ મકનજીના કપટથી હીરાને બહુ ખોટું લાગ્યું. શાંતિલાલના ભાગમાં આવી થોડી અને નજીવી વસ્તુઓ વગેરે આવેલી જોઇ હીરા રોવા લાગી. પણ સુશિલા સાસુના મનનું શાંત્વન કરતી બોલી " રડવાથી શો લાભ છે ? ઇશ્વરે એમજ નિર્માણ કર્યું હશે. તેની મહેરબાની હશે તો આ સ્થિતિ બદલાતાં વાર લાગશે નહિ. "

આટલું બોલતાં બોલતાં સુશિલાની આંખમાં આંસુ ભ-

રાઈ આવ્યાં, તે જોઈ ડોશીને બહુજ માઠું લાગ્યું. વળી શાંત કરતી સુશિલા બોલી "નાહક દુ:ખી શા માટે થાઓ છો? ઈશ્વરે ઇચ્છાથી આપણું સારૂંજ થશે. ઇશ્વર રાખે તેજ સ્થિતિમાં સંતોષ માનીને રહેવું જોઇએ."

કાંતિલાલે પણ ડોશીને ઘણી ધીરજ આપી ને બોલ્યો કે "તમારો શાંતિલાલ એજ કરોડો રૂપીયાનો ભંડાર છે, તમે દુ:ખ શામાટે ધરો છો?"

આ પ્રમાણે વ્યવસ્થા થયા પછી કાંતિલાલ મિત્રની રજા લઇ મુંબઇ રવાને થયો.

શાંતિલાલના ભાગમાં ઘરનો જે ભાગ આવ્યો તે પડી ગયેલો હતો અને રહેવાને લાયક પણ નહોતો. એકાએક આવી સ્થિતિ જોઈ શાંતિલાલનું હૃદય ઘણુંજ દુ:ખી થતું. ઘર દુરસ્ત કરાવવા પાસે પૈસો પણ નહોતો. રોકડ અને ખતપત્રો તો મકનજી દબાવી પડયો હતો. સ્થાવર મીલ્કતની ઉપજમાંથી એક તૃતીયાંશ ભાગ શાંતિલાલને મળતો, તેના પરથી જેમ તેમ કુટુંબનું પોષણ કરતો હતો.

મકનજીએ અને મનમોહને ઘર સમરાવવા માટે જે રકમ આપવા કહ્યું હતું તે રકમ હજુ શાંતિલાલને આપી નહતી, અને દરરોજ વાયદા કરતા હતા. શાંતિલાલે તો તે બાબતની સર્વ આશા છોડી દીધી હતી. તેણે તો હવે પરદેશ જઈ નોકરી શોધવાનો નિશ્ચય કર્યો. વૃદ્ધ માતા અને પત્નિની રજા માગી તે મુંબાઈ જવા નીકળ્યો. જતી વેળાએ માતુશ્રીને હેરાન નહિ કરવાને બન્ને ભાઇઆને તેણે વિનંતિ કરી.

શાંતિલાલ ગયા પછી રાત્રે મકનજીએ મનમોહનને બોલાવ્યો અને કહ્યું "પૈસા માટે તું બહુ ઉતાવળો થયો હતો. એકંદર મેં છસો રૂપીયા સંતાડી રાખ્યા છે. આ લે બસો રૂપીયા તારા ભાગના."

"એમ કેમ ? અડધો ભાગ આપવાનું તેં નથી કબુલ કર્યું કે ?"

"ઠીક ભાઇ, એમ કર, મારી ઇચ્છા પ્રમાણે ચાલીશ તો તને ફાયદોજ થશે."

"પણ હું કોઇ દીવસ તમારી સામો થયો છું કે ?" ફક્ત રૂપીયા ત્રણસો આપી મૂર્ખ મનમોહનને સમજાવ્યો અને મકનજીએ ડોશીની સર્વ દોલત પોતાને સ્વાધીન કરી લીધી.

મુળચંદ શેઠ સાથે લઢીને બન્ને ભાઇઓ પોતાના સાસરે ગયા, તે દિવસથી મનમોહન નિશાળમાં ગયો નહિ, એટલે તેની નોકરી બંધ થઇ, અને કમાઇ પણ અટકી પડી. મકનજીએ આપેલા પૈસામાંથી કેટલોક વખત જેમ તેમ કરી તેણે સંસાર ચલાવ્યો. મકનજીની પણ એવી અવસ્થા થઇ હતી. શેઠે તેને રજા આપી હતી, કારણ કે તે શેઠને કહ્યા સિવાય ઘણા દિવસ સુધી પોતાને ઘેર રહ્યો હતો અને શેઠને મોઢું સરખું પણ બતાવ્યું ન હતું. પરંતુ આથી મકનજીને કાંઇ લાગ્યું નહિ, કારણ કે પ્રથમથીજ તેણે થોડા પૈસા સંતાડી રાખ્યા હતા અને પિતાના મરણ પછી તો સર્વ પુંજી તેના હાથમાં આવી હતી.

પ્રકરણ ૨૩ મું.

નોકરી મળી.

દૂર દેશ જઇ કોઇ પણ સારી નોકરી શોધી કાઢવી એવા હેતુથી શાંતિલાલ ઘરની બહાર પડયો તો ખરો, પરંતુ રજા લેતી વખતે માતુશ્રીની તથા પત્નિની થયેલી દુઃખદાયક સ્થીતિનું ચિત્ર તેની આંખો સામે વારંવાર આવી તેનું અંતઃકરણ દુઃખિત કરવા લાગ્યું. એક પણ ડગલું આગળ ભરવાની ઇચ્છાથાય નહિ, પરંતુ શું કરે ? નોકરી કર્યા સિવાય બીજો ઉપાયજ નહોતો. આટલી દુર્દશા થઇ તો પણ શાંતિલાલના ઉદાર અંતઃકરણમાં અદેખાઇ અગર વેર લેવાની વાત બીલકુલ આવી નહિ. તે બાબતનો વિચાર પણ તેના મનમાં આવતો નહીં. પણ મકનજી તથા મનમોહનના અંતઃકરણમાં જુદાજ વિચાર ચાલતા હતા. નોકરી કરવાના હેતુથી શાંતિલાલ ઘરની બ્હાર પડયો કે તરતજ એને મુનસફ કે મામલતદારની જગ્યા મળશે એવી ધાસ્તી મનમોહનલાલને અને મકનજીને લાગવા માંડી, અને તેથી બન્ને ભાઇઓ મનની અંદર બળવા લાગ્યા. મકનજીએ તો શાંતિલાલને કોઇ પણ સ્થળે યશ ન મળે તેવા હેતુથી દેવને માનતાઓ પણ માની હતી.

શાંતિલાલ દુઃખિત અંતઃકરણથી પોતાના રસ્તે લાગ્યો. સંસારની ખરી ખુબી હવે તે સમજવા લાગ્યો. માતુશ્રી તથા પત્નિ વારંવાર યાદ આવવાથી તેનું અંતઃકરણ બળવા લાગ્યું.

ક્યાં જવું; કોનો આશ્રય લેવો, કોની ખુશામત કરવી, વગેરે વિચારોએ શાંતિલાલના અંતઃકરણને મુંઝવણમાં નાંખ્યું. અપાર સમુદ્રના મધ્ય ભાગમાં ડુબવા બેઠેલા વહાણુમાંના ખલાસીની સ્થીતિ થાય તેના માફક તેની સ્થિતિ થઈ. આવી દુઃખમય સ્થીતિની અંદર તેની નજર આગળ એકદમ સુખસુચક તારો ચળકવા લાગ્યો અને તેથી કરી તેના મનને ઘણું સમાધાન થયું 'તમે ત્યારે આવો, તો પણ મને મળ્યા વગર જશો નહિ; તમારૂં એકાદ કામ થાય એવું હશે તો ઘણી ખુશીની સાથે કરીશ.' એવું વ્હાઇટ સાહેબે તેને વચન આપ્યું હતું. તે વચન શાંતિલાલને આ વખતે યાદ આવ્યું. સાહેબનો સ્વભાવ ઘણોજ દયાળુ છે, એવો અનુભવ તેને થોડા જ વખત ઉપર થયો હતો. પોતાની માતુશ્રી તથા પત્નિને દુઃખ દરિદ્રતામાંથી મુકત કરવાને આ પ્રસંગે વ્હાઇટ સાહેબનેજ શરણે જવું એવો તેણે વિચાર કર્યો, અને સાહેબની સ્વારી જે ગામ હતી તે ગામ જવા વાસ્તે તે નીકળ્યો. ત્યાં પહોંચ્યા બરોબર તે એકદમ સાહેબને બંગલે ગયો. સાહેબ ન્યુસપેપર વાંચતા બેઠા હતા. શાંતિલાલ અંદર આવતાંજ સાહેબે પોતાના હાથમાંનું ન્યુસપેપર ટેબલપર મુકી પ્રસન્ન મુદ્રાથી શાંતિલાલને પાસેની ખુરશીપર બેસવાને કહ્યું; અને તેના કુશળ સમાચાર પુછવા લાગ્યા. પ્રેમપૂર્વક સાહેબનો આભાર માની શાંતિલાલ બોલ્યો. "મને આપ ઓળખશો એવું મને લાગ્યું નહોતું !"

વ્હાઇટ સાહેબ હાસ્ય વદનથી બોલ્યા "મને તમે કુર

તથા બેપરવાવાળો માણસ સમજો છો શું ? હશે, પણ તમારો ચહેરો ઉતરી ગએલો તથા ચિંતાતુર કેમ દેખાય છે ? જે હોય તે મને ખુલ્લા અંતઃકરણથી કહો; શરમાશો નહિ.”

સાહેબનું દયાયુક્ત વચન સાંભળી શાંતિલાલને ધીરજ આવી. બાપદાદાની મિલ્કતનો લાભ પોતાને કેવી રીતે ન મળ્યો, બન્ને મોટા ભાઈએ ફસાવ્યાથી પોતે કેવો ભિખારી થયો, ભાઈઓથી જુદો કેવી રીતે પડયો, ઘર છોડી કેમ બ્હાર પડયો, વગેરે સર્વ બાબતો ટૂંકામાં તેણે સાહેબને જણાવી. એ સાંભળી વ્હાઇટ સાહેબને ઘણું માઠું લાગ્યું. તે બોલ્યા “ તમારા મોટા ભાઈ પંડનું પેટ ભરી હવે નિધાસ્ત થઇ બેઠા હશે. પણ તમારી મરજી હોય તો હજી પણ ચોર પકડી યોગ્ય શિક્ષા કરી શકાશે. પણ મને જણાય છે, કે તમારી તેવી બીલકુલ ઇચ્છા નથી. તમારા લોકમાં આ એક મોટો દોષ છે. પ્રેમાંકુશથી તમે લોકો કર્તવ્ય જ્ઞાનને ભુલી જાઓ છો. આવો નીચ, આપમતલબી–ચોર મનુષ્ય–પછી તે પોતાનો બાપ હોય તો પણ અમે ગોરા લોકો તેને કાયદેસર યોગ્ય શાસન કરાવવાને કોઇ પણ દિવસ આંચકો ખાતા નથી. આવા દુષ્ટ, સ્વાર્થબુદ્ધિથી આંધળા થયેલ લોકોને શત્રુ સમાન જાણવા જોઇએ. આવાને યોગ્ય શિક્ષા કરવામાંજ પુન્ય છે; પણ દુઃખની વાત એ છે કે, સુધરેલા હો, અગર વગર સુધરેલા હો, પરંતુ આ દેશમાંના એકંદર લોકોની સમજ આ બાબતમાં તદન જુદીજ છે.” શાંતિલાલ નમ્રતાથી બોલ્યો, “સાહેબ આપનું કહેવું ખરૂં છે. ખરી રીતે જોતાં આવા મનુષ્યોને શિક્ષા ન મળે

તો તેમના નીચ કર્ત્તવ્યને આગી એક પ્રકારનું ઉત્તેજન મળે છે. આ વાત તદન સાચી છે, પરંતુ અનેક કારણોથી મેં મારા બાપની મીલકતની આશા છોડી દીધી છે. માટે તે બાબત હવે પ્રયત્ન કરવામાં કાંઇ સાર નથી. હવે મહેરબાની કરી આપ સાહેબ જો મને એકાદ સારી નોકરી અપાવો તો મરતા સુધી હું આપનો ઉપકાર ભુલીશ નહી. ”

આ પછી થોડી વાતચિત થયા બાદ સાહેબે પૂછયું “શું તારી પોલીસ ખાતામાં નોકરી કરવાની ઇચ્છા છે ? ”

“ નોકરી એટલે શું એનો હું હજુ સુધી બરાબર અર્થ સમજતો નથી. કયા ખાતામાં નોકરી કરવી સારી અને કયા ખાતામાં નોકરી કરવી અયોગ્ય તે હું બીલકુલ જાણતો નથી. આપ સાહેબ દયા કરી જે મને નોકરી આપશો તે હું કરીશ”

“ બીજા કોઈ ખાતામાં મારે બહુ ઓળખાણ નથી. પણ જો પોલીસ ખાતામાં તારી રહેવાની ઇચ્છા હશે તો હું બનતો પ્રયત્ન કરી તને રખાવી આપીશ. પ્રથમ તારે હેડ કોન્સ્ટેબલનું કામ કરવું પડશે. જો આ કામ કરવાને તને વાંધો હોય અને કોઇ ખાનગી નોકરી કરવા તારો વિચાર હોય તો તે પણ કહે; તો તેની પણ હું તપાસ કરીશ. આ જો, આજના વર્તમાનપત્રમાં એક સારી નોકરી વાસ્તે નોટીસ છે પગાર પણ સારો છે એટલે શરૂઆતમાં પોણોસો રૂપિયા તને મળશે. તારા સદ્ભાગ્યથી આ નોટીસ આપનાર ગૃહસ્થને અને મને સારો સ્નેહ છે. તારે બ્રહ્મદેશમાં જવા તૈયાર થવું

" શાંતિલાલ કોનું નામ છે ? " એવી બુમ મારતો એક સિપાઇ તેણે જોયો. તેણે બુમો સાંભળી; પણ આવા અજાણ દેશમાં મને કોણ ઓળખે છે કે બોલાવે એવો વિચાર કરી થોડીવાર મૌન ધારણ કર્યું. પણ જ્યારે તે સિપાઇએ બુમો માર્યાજ કરી ત્યારે આખરે શાંતિલાલે તે સિપાઇને પૂછ્યું:—

" તમે કયા શાંતિલાલને બોલાવો છો ? "

" વ્હાઇટ સાહેબ પાસેથી આવનાર છે તે. "

" હુંજ વ્હાઈટ સાહેબ પાસેથી આવું છું. "

" તમારૂં નામ શું ? "

" મારૂં નામ શાંતિલાલ મુળચંદ છે. "

" ત્યારે હું આપનેજ બોલાવવા આવ્યો છું. " એમ કહી તે સિપાઇએ તેનો સઘળો સામાન બોટમાંથી ઉતાર્યો. શાંતિલાલે આશ્ચર્યચકિત થઈ સીપાઈને પુછ્યું કે " તારા સાહેબે મારૂં નામ શી રીતે જાણ્યું અને હું આજેજ આવવાનો હતો તેની એમને શી રીતે ખબર પડી ?"

" વ્હાઇટ સાહેબનો તાર આવ્યો હતો. સાહેબ પાસે નોકરી વાસ્તે બે ચાર જણ આવી ગયા; પણ સાહેબે ના કહી અને તમારી રાહ જોઇ બેઠા છે. "

વ્હાઇટ સાહેબના દયાળુપણા માટે ઉપકાર માનતો શાંતિલાલ મુકામ પર જઇ પહોંચ્યો. આ સાહેબનું નામ મી૦ સ્માઇલ હતું. વ્હાઇટ સાહેબનો કાગળ શાંતિલાલે સ્માઇલ સાહેબના હસ્તમાં આપ્યો. શાંતિલાલને જોઇ અને વ્હાઇટ

સાહેબનો કાગળ વાંચી સ્માઈલ સાહેબ અત્યંત ખુશી થયા. શાંતિલાલને સો રૂપીયાના પગારથી પોતાનો આસીસ્ટન્ટ મેનેજર નીમ્યો.

શાંતિલાલે તરતજ પત્ર લખી આ આનંદના સમાચાર પોતાની વૃદ્ધ માતુશ્રી તથા પત્ની તથા કાંતિલાલને પહોંચાડયા. વ્હાઇટ સાહેબને પણ પત્ર લખી તેમાં તેણે તેમનો અત્યંત આભાર માન્યો હતો. સુશીલા તથા હીરાડોશીને આથી આનંદ થયો, પણ તે એટલે દૂર ગયો તેથી માઠું લાગ્યું. મકનજી, મનમોહનલાલ અને તેમની સ્ત્રીઓ મનની અંદર બળવા લાગ્યાં. 'શાની સો રૂપીયાની નોકરી? નોકરી રસ્તામાં પડી છે? હશે આઠ દશ રૂપીયાની કે ઘણું તો પંદર રૂપીયાની નોકરી. આ તો ખોટો તડાકો માર્યો છે!' આવા વચનો મકનજી વગેરેના મુખમાંથી નીસરતા હતા.



પ્રકરણ ૨૪ મું.

ક્રોધાગ્નિની જ્વાળા.

કેટલાક દિવસ ગયા પછી નવ માસ પૂર્ણ થતાં સુશીલાને સુંદર પુત્રરત્ન પ્રાપ્ત થયું. હીરાને આથી આનંદ થયો. આડોશીપાડોશીની સ્ત્રીઓ તે પુત્રના સૌંદર્યને જોઇ વખાણવા લાગી. 'ઇશ્વર તેને ઘણું આયુષ્ય આપો' એમ સર્વ સ્ત્રીઓ તેને

આશીર્વાદ આપવા લાગી. કેટલીક સ્ત્રીઓ મકનજી તથા મનમોહનલાલના દુર્વર્તન તરફ તિરસ્કાર દર્શાવવા લાગી. આડોશીપાડોશીના આવા વાક્યોથી જડાવ તથા સુંદરી બન્ને મનમાં બળવા લાગી; પણ પાડોશી ઉપર પોતાનો ક્રોધ દર્શાવી શકી નહિં. પરંતુ વૃદ્ધ સાસુ, ગરીબ દેરાણી તથા નિરપરાધી બાળક ઉપર પોતાના ક્રોધનો પૂર્ણ અમલ તેઓએ ચલાવ્યો. 'આહા ! છોકરો કેવો કુટડો છે–જાણે વાંદરાનું બચ્ચું !' આવી સુંદર ઉપમાઓ તથા વિશેષણનો મરજી માફક ઉપયોગ કરી સુંદરી અને જડાવ પોતાના મનનો ક્રોધાગ્નિ શાંત કરવા લાગી.

શાંતિલાલ ઘર છોડી જતી વખતે પોતાની માતા તથા પત્નિને કહેતો ગયો હતો કે "ગમે તેમ દુઃખ સહન કરવું પડે, છતાં તમે તેમની સાથે તકરાર કરશો નહિં કે ઉંચે સ્વરે બોલશો નહી. તેઓ ગળો દે પણ તમે સાંભળશો નહિ. તમને ગમે તેટલું દુઃખ આપે, પણ ધીરજને છોડશો નહિ. ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખજો. સૌ સારાવાના થશે. આટલું મારૂં કહેવું તમે ભુલશો નહિ."

હીરા તથા સુશીલા બન્ને જણીઓ ઉપરનું કહેવું ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તતી હતી. મકનજી, મનમોહન, જડાવ તથા સુંદરી ગમે તેવાં નિર્દય અને મર્મભેદી વાક્યો બોલતાં, પણ તે બન્ને સામો પ્રત્યુત્તર નહિ આપતાં શાંત મનથી તે સઘળું સાંભળતાં. વધારે દુઃખ થાય તો બન્ને જણીઓ એકાંતમાં અશ્રુપાત કરી અંતઃકરણનો ભાર હળવો કરતી હતી.

એથી કરીને સુંદરી તથા જડાવની કજીયો કરવાની હલકી ઇચ્છા સર્વદા નિષ્ફળ જતી હતી.

એક દિવસ હીરા તથા સુશીલાને સંભળાય તેમ મોટે સ્વરે જડાવ બોલવા લાગી કે "આ વાંદરા જેવા છોકરાપર આટલું બધું શું હેત આવતું હશે! જો મારે એવો છોકરો અવતરે તો હું તેને જન્મતાં પુરો કરી નાખું."

કોમળ અને સરળ સ્વભાવની સુશીલાને આથી ઘણું લાગી આવ્યું અને તેથી તે રડતાં રડતાં બોલી "શું કરવું બ્હેન! આ વાત કાંઇ આપણા હાથમાં છે? પરમેશ્વરે જેવો આપ્યો તેવો ખરો, તેમાં જ આપણે સંતોષ માનવાનો છે. વાંદરા સરખો હોય કે માંકડા સરખો હોય, તોપણ પેટના છોકરાને શું નાખી દેવાય!"

સુશીલા આટલું બોલી ચુપ બેઠી, પણ હીરાડોશીને જડાવના ઉપરના શબ્દો અસહ્ય લાગ્યા. પોતાને સારૂ બોલાયલા સખ્ત શબ્દો પણ સાંભળવાની ટેવ તેણે પાડી હતી; પણ આ નિરાપરાધી બાળકને ઉદ્દેશીને પણ બોલાયલા આવા શબ્દોથી તેણીને બહુજ લાગી આવ્યું. તેને ક્રોધ ચઢી ગયો અને તેથી તે બોલી "આટલું બધું ચઢયું ચઢયું તું શા સારૂ બોલે છે? આજે દુનિયામાંથી કાંઇ પરમેશ્વર નાશી ગયો નથી. તેમજ ધર્મ બુડી ગયો નથી. રોજ બીજાને દુઃખ દેવું એ કાંઇ યોગ્ય નથી. ખાત્રી રાખજે કે આનો બદલો તને વ્હેલો મોડો મળ્યા વિના રહેશે નહિ." બોલતાં બોલતાં ડોશીનું હૃદય શોકથી

લુગડાં ફાડી નાંખવાનું અથવા તેની પોટકી બાંધી કુવામાં નાંખી આવવાનું કામ તો બરાબર ચાલતું હતું. આવો બનાવ કેટલીકવાર સુશીલાની નજરે પડતો છતાં તે એક પણ શબ્દ બોલતી નહોતી.

પોતાના બોલવાનો કાંઇ વિશેષ ઉપયોગ થયો નહિ, એમ વિચારી સ્ત્રીચરિત્રનો આરંભ કર્યો. પોતાના લુગડાના છેડાવડે આંસુ લુછતી લુછતી તે બોલી “ તે તમને રોજ રોજ ચોર, મૂર્ખ, સ્વાર્થી કહે એ વાકય મારાથી સંભળાતું નથી, તમારી અહીં જરાપણ કિંમત નથી. ”

જડાવની આવી પતિભક્તિ જોઇ મકનજીના મનમાં તેને વાસ્તે વિશેષ લાગણી થઈ. શાંતિલાલ અને સુશીલાનો આમાં કાંઈપિણ દોષ નથી, એમ તે સારી પેઠે સમજતો હતો; તોપણ તેમનાપર અને પોતાની માતા પર અત્યંત રીસ ચઢી. શાંતિલાલ સ્વભાવે સારો અને મીલનસાર હતો, માટે લોકો તેની પ્રશંસા કરતા હતા. અને તેથીજ લોકો મનમોહન અને મકનજીની નિન્દા કરતા હતા. શાંતિલાલ અંગ્રેજી ભણેલો અને હોંશિયાર હોવાથીજ આ બન્ને જણ મૂર્ખ અને અક્કલ-હીન કહેવાતાં હતાં. જ્યાંસુધી તેની સ્ત્રી જીવતી હશે, ત્યાં સુધી આપણુને સુખ મળનાર નથી. ત્યાં સુધી લોકો શાંતિલાલ અને સુશીલાની પ્રશંસા કર્યા કરશે. વળી શાંતિલાલને નોકરી મળી છે તેથી તે પૈસા કમાશે, અને સત્કાર્યો કરશે, અને તેથી આપણુને જે પૈસાવડે માન મળે છે, તેપણ મળતું બંધ થશે.

તેના મનમાં અત્યંત ક્રોધ વ્યાપી રહ્યો; અને ઇર્ષ્યાગ્નિ પ્રદિપ્ત થયો. છેવટે તેણે જડાવને કહ્યું, " આડોશી પાડોશીની સ્ત્રીઓને જે કહેવું હોય તે ભલે કહે. હું થોડા સમયમાંજ તેમનું જડમુળ ઉખેડી નાંખીશ. "



પ્રકરણ ૨૫ મું.

ઠગાઇ.

મકનજીને ઘરની અંદર કોઇ સાથે બનતું ન હતું, સર્વે જણ જાણે તેના શત્રુજ હોય એમ તે માનતો હતો, પોતાની પાસે થોડા પૈસા હતા, અને પેટ ભરવાની કોઇ પ્રકારની તેને ચિંતા ન હતી. અને આ કારણથીજ તેનું હૃદય અભિમાનથી ફુલેલું રહેતું. દુનિયાની તેને બીલકુલ પરવા ન હતી. સહેજ બોલવાનું હોય તોપણ બીજાને અપ્રિય લાગે તે પ્રમાણે બોલતો. કાંઇપણ કારણ વગર સર્વ કોઇને ગાળો આપતો. કોઇની પણ શરમ રાખતો ન હતો. આવા પ્રકારનું જંગલી વર્તન તે રાખતો હતો. ' હું એવો માણસ છું કે સગા બાપને પણ ન છોડું તો પછી બીજાની તો શી વાત ' ? એવું તે જેના તેના આગળ અભિમાનથી જણાવતો હતો; અને તેમ કહેવામાં ભૂષણ માનતો હતો. ગરીબોને હેરાન કરવામાં તેના પત્થર જેવા હૃદયને કાંઇપણ લાગતું ન હતું. ભાઇથી જુદા

પાડવી એ વાત શક્ય ન હતી. માટે કોઇ નવી યુક્તિ રચવા તેણે વિચાર કર્યો. પોતાની સ્ત્રીનો ભાઇ નથુભાઇ બીજે ગામ રહેતો હતો ત્યાં તે ગયો, અને મસલત કરી તેઓએ અનેક યુક્તિઓનો વિચાર કરી આખરે મુળચંદ શેઠના નામનું એક ખોટું વીલ બનાવરાવ્યું.

તેમાં એટલુંજ લખ્યું કે "સ્થાવર મિલ્કત જે કાંઈ હોય તે સર્વ સૌથી મોટા દિકરા મકનજીને મળવી જોઇએ; અને મનમોહનલાલ અને શાંતિલાલને રોકડ નાણું હોય તે અડધોઅડધ વહેંચી આપવું. તેનાપર મકનજીનો બીલકુલ અધીકાર નથી." આ બનાવટી મૃત્યુપત્ર ઉપર મુળચંદ શેઠના જેવીજ સહી કરી. જડાવનો ભાઇ નથુશા અને તેણેજ આણેલા બીજા ત્રણ લુચ્ચા ઈસમો, એવા ચારજણાની તે મૃત્યુ-પત્ર ઉપર સાક્ષી કરવામાં આવી. આ પ્રમાણે મકનજીએ પણ તેના આત્મઘાતની પૂર્ણ તૈયારી કરી મુકી. પરંતુ તેના પાપનો ઘડો હજુ પૂર્ણ ભરાયો નહોતો. મકનજીએ થોડા દિવસ તે મૃત્યુપત્ર એમને એમ રાખી મૂક્યું. અને પોતાના પિતાએ મૃત્યુપત્ર કરી અકંદર સ્થાવર મીલ્કત પોતાને આપી છે, એવી ચોતરફ વાતો કરવા લાગ્યો.

તેને શાંતિલાલ તરફનીજ બીક હતી. 'જો હાલમાં આ મૃત્યુપત્ર બહાર કાઢું તો સર્વ લોક શાંતિલાલનો પક્ષ લેશે અને મને પકડશે, અને તેથી તેને ખરૂં ઠસાવવાનું કામ મુશ્કેલ થશે એટલુંજ નહિ. પણ કદાચ બાજી ઉંધી પડે તો ખોટું

મૃત્યુપત્ર બનાવવા ખાતર વગર આફાની ઓરડીમાં સડવું પડશે' એ તે સારી રીતે સમજતો હતો, માટે મોટા વખત ધીરજ રાખવી એજ સારૂં, એમ તેણે ધાર્યું.

મનમોહનલાલ તરફથી તેને બીલકુલ ફીકર નહોતી. ઘણું થાય તો 'પાંચ-પચીશ રૂપીયા તેની તરફ ફેંક્યા કે તે ચુપ થઇ જવાનો!' મકનજીને એ માત્ર અનુભવથી ખબર પડી હતી.



પ્રકરણ ૨૯ મું.

મકનજીને પડેલો માર.

આવા પ્રકારના લજ્જાસ્પદ અને નિંદ્ય વર્તનથી મકનજીએ માત્ર ગામની અંદર સર્વ સાથે શત્રુત્વ સંપાદન કરી લીધું. કોઇ પણ તેના તરફ સારી લાગણીથી જોતું નહિં. જે તે ઉઘાડે છોગે તેની નિંદા કરવા લાગ્યા. મકનજીને આ બાબતનું કાંઇપણ લાગ્યું નહિ. ઉલટું આવો પ્રકાર જેમ જેમ તેની નજરે પડવા લાગ્યો, તેમ તેમ શાંતિલાલ, સુશીલા અને હીરા એ ત્રણે બદલ તેના મનમાં ઘર કરી રહેલ ક્રોધાગ્નિ વધારે પ્રજ્વલિત થવા લાગ્યો. તેમના સંબંધમાં અનેક તરેહના ભયંકર વિચારો તેના વિચારશૂન્ય પાપી હૃદયમાં આવવા લાગ્યા. આજ સમયમાં શાંતિલાલ એ મહિનાની ર[illegible] લઇ ઘેર આવ્યો. તેનામાં વાસ કરતા અનેક સદ્ગ[illegible]

તેનાપર બહુજ ખુશ થયો હતો; અને ઘેર આવતી વખતે તેણે બસેં રૂપૈયાની બક્ષીસ આપી. શિવાય રજાપરથી પાછા ફરતાં તેને દરમાસે દોઢસો રૂપૈયાની રકમ આપવાનું તે સાહેબે તેને વચન આપ્યું હતું.

આ એકંદર વર્તમાન સાંભળી મકનજીના મનમાં અસહ્ય વેદના થવા લાગી. તે ઘણો ભયભીત થયો. પ્રત્યક્ષ પેટના છોકરાના મરણની વાત સાંભળીને પણ તેને આટલું દુઃખ લાગ્યું નહોત ! ત્યાંના હવાપાણી શાંતિલાલને બરાબર માફક આવ્યા નહતા; પરંતુ ઘેર આવી આઠ દિવસ થયા નહિ એટલામાં તેને ઘણું સારૂં લાગ્યું. તેની પ્રકૃતિ સુધરવા લાગી દોઢ વર્ષમાં સંસારનો એકંદર ખર્ચ કાઢી પાંચસાતસો રૂપીયા તેણે ભેગા કર્યા હતા. હવે શાંતિલાલને ઘણી ઉમેદ આવી. માતા અને પત્નિના કહેવાપરથી તેણે અધુરૂં પડેલું ઘરનું કામ પુરૂં કરવાનો વિચાર કર્યો અને તેને વાસ્તે જોઇતાં લાકડાં ચુનો વગેરે ખરીદ કરી મુક્યાં, આવતે વર્ષે પાછા થોડા પૈસા ભેગા થયા પછી આ પ્રમાણે રજા લઇ ઘરનું કામ પુરૂં કરી નાખવું એવા મનની સાથે તેણે વિચાર કર્યો હતો. માતાના આગ્રહથી તેણે જતી વખતે છોકરાં સારૂ એકએ ભારે દાગીના પણ કરાવી આપ્યા હતા. ચોતરફ શાંતિલાલનાં વખાણ થવા લાગ્યા હતા. કેટલાક દિવસ સુધી હીરા અને સુશીલાનાં દુઃખ દૂર થયાં.

ઘરકામ સારૂ આણેલ લાકડાં અને સરસામાન જોઇ અને

તેજ પ્રમાણે છોકરાને પહેરાવેલા દાગીના અને મોટી મોટી જણસ જોઈ મકનજી અને જડાવ બન્નેનો છુપો દ્વેષાગ્નિ ભભુકવા લાગ્યો. જડાવ એક દિવસે મોઢું બગાડી પોતાના પતિને કહેવા લાગી "તેમનો દુનિયામાંથી નાશ કરવા તમે એક દિવસ તૈયાર થયા હતા ખરૂં કે ? હજુ બે વર્ષ તેને નોકરી કરવા દો, એટલે તમનેજ ક્યાંઈ સંતાઈ બેસવાનો વખત ન આવે તો મને પુછવું ! જુઓ, ઘર વાસ્તે કેટલો સામાન આણ્યો છે ! ગમે તેટલું તો પણ તે સારો ભણેલ ગણેલ છે. તમારા જેવો નથી ! મહિને આઠ દશ રૂપીયા મળતા હતા તેનાપર પણ પાણી ફેરવ્યું !"

જડાવના પ્રત્યેક શબ્દથી મકનજીના અંતઃકરણને ચાબકા લાગતા હતા. મોઢામાંથી એક શબ્દ પણ કાઢયો નહિ; પરંતુ તેના અંતઃકરણમાં ક્રોધ રૂપી અગ્નિની એકસરખી જવાળાઓ શરૂ થઇ હતી. ચેહેરો આકુળવ્યાકુળ થઈ ગયો હતો. કોઇ પણ ભયંકર વિચાર તેના અંતઃકરણમાં ચાલતો હોવો જોઇએ એમ સ્પષ્ટ દેખાતું હતું.

રજાની મુદત પુરી થતાંજ સર્વની પ્રેમયુક્ત રજા લઇ શાંતિલાલ પાછો બ્રહ્મદેશ ચાલ્યો ગયો હતો. જતી વખતે તેણે પોતાની માતા તથા પત્નિને દરેક દુઃખ ધૈર્યથી સહન કરવા પ્રથમની માફક આગ્રહપૂર્વક કહ્યું. શાંતિલાલને રજા આપતાં હીરાનું હૃદય પુર પ્રેમથી ઉભરાઇ ગયું અને ગદ્ગદિત કંઠથી અશ્રુથી ભરેલા નેત્રો વડે તેણે પોતાના છોકરાને અનેક આશિ

ર્વાદ આપ્યા. મકનજી અને જડાવે એમને શુભ આશિર્વાદ આ-
પવાને બદલે શાંતિલાલના મૃત્યુની અશુભ આશા મનમાં આણી.
મનમોહનલાલે શુભ આશિર્વાદ આપ્યો નહી, તેમજ અશુભ
ચિંતન પણ મનમાં આણ્યું નહિ. સુંદરીએ માત્ર આ વખતે
પોતાના નાના દીયેરને શુદ્ધ અંતઃકરણથી આશીર્વાદ આપ્યો.
સુશિલાએ સહન કરેલા કષ્ટો જોઈ સુંદરીના હૃદયમાં ધીરેધીરે
દયાનો પ્રવેશ થવા લાગ્યો હતો. પતિના અત્યંત મૂર્ખ સ્વ-
ભાવને લીધે, તેના સંસારની સ્થિતિ દિવસે દિવસે બગડતી
જતી હતી; તેથી તેને પણ કોઇ કોઇ વાર કષ્ટ સહન કરવું
પડતું. અર્થાત્ તેપરથી તે સુશીલાની સ્થિતિની કલ્પના કરી
શકતી હતી; અને તેથીજ તેનો જીવ સુશીલા તરફ થોડો
થોડો ખેંચાતો જતો હતો; અને તેથીજ શાંતિલાલને પણ
શુદ્ધ અંતઃકરણથી આશીર્વાદ આપવા તે તૈયાર થઈ હતી.
મોટા જેઠની સાથે મળી પોતાના પતિએ સારૂ કામ કર્યું નહિ.
એ પણ હવે ધીરે ધીરે તેના મનમાં આવવા લાગ્યું હતું.

શાંતિલાલના ગયા પછી તરતજ મકનજીએ પોતાના
નીચ અને પશુ જેવા વર્તનથી પોતાની માતાને અને સુશીલાને
દુઃખ આપવાની શરૂઆત કરી. તેમને દુઃખ આપવાની અને
હરેક રીતે તેમને હેરાન કરવાની યુક્તિયો શોધી કાઢવામાં
તેનું મગજ ગુંથાએલું રહેતું. આ યુક્તિયો એટલે સુધી પ-
હોંચી કે રાતની વખતે ઘરપર પથ્થર મારવા, અગર તેમના
બારણા અગાડી મલ મૂત્ર વિસર્જન કરવાને પણ તે અધમાધમ

મકનજીને લાજ આવી નહિ. એક દિવસે આવોજ કાંઇ પ્રકાર થવાથી સવારના પહોરમાં ડોશી ચીડાઇ અને બોલી "મને જે કોઇ વિના અપરાધે કષ્ટ આપશે, તેને ઇશ્વર જોઈ લેશે. સુઆનું સત્યાનાશ થયા વિના રહેવાનું નથી !"

લડાઇનું કારણ શોધી કાઢવા મકનજી તૈયાર થઇનેજ બેઠો હતો. તે રીસથી બહાર આવી ગર્જના કરી બોલ્યો: "આ જો, મા ! છોકરાં છૈયાંનું ઘર; સવારના પહોરમાં તું ગાળો આપતી બેસીશ તો સાંભળી લે, મને આ વાત પસંદ નથી. હવે તું ચુપ રહેશે તો ઠીક, નહિ તો તારૂં માથું ભાંગી નાખીશ, સમજી ?"

પુત્રના મોંમાંથી આ બહાર પડેલા શબ્દો સાંભળી ડોશી રડતાં રડતાં બોલી "અરે ભાઇ, મેં કોઇનું નામ લીધું નથી. તો પછી તને આટલી રીસ શા સારૂ આવી ? મારૂં ઘરડીનું માથું ફોડી જો તને સુખ થતું હોય, તો ભલે તેમ કર. હું જો તારી મા હોઉં—નવ માસ સુધી તને પેટમાં રાખ્યો હોય તો ઇશ્વરને ત્યાં આવા તારા અપકૃત્યનો કાંઇ પણ ન્યાય થયા વિના રહેવાનો નથી."

હવે તું છાની રહે છે કે નહિ ? જ્યારે કહીએ છીએ ત્યારે સામી બોલવા આવે અને વળી ગાળો આપે છે ? ઉઠી રહે, તારી બો બુલાવી દઉં છું." એમ કહી ક્રોધથી અંધ થએલો મકનજી દાંત હોઠ પીશી હાથ ઉગામી ડોશીની સામો ધસી ગયો !

"મુઓ, આવો નીચ પુત્ર મારે પેટે ઇશ્વરે શા સારૂ આપ્યો હશે ?" એમ કહી ડોશી મોટેથી રડવા લાગી. આજુ-બાજુના કેટલાક લોકો ભેગા થયા. છેવટે મનમોહનલાલે વચ્ચે પડી મકનજીનું મન શાંત કર્યું:

"અમસ્તાં રડશો નહિ. રડવાથી કાંઇ વળવાનું છે ? આ સર્વ નશીબના ભોગ છે." એમ કહી સુશીલા પોતાની સાસુને દીલાસો આપવા લાગી. ડોશીને આ વખતે શાંતિલાલ યાદ આવ્યો. શાંતિલાલ આજ પાસે હોત તો આવો ખરાબ પ્રસંગ કદિ આવત નહિ, એમ તેને લાગવા માંડયું. 'શાંતિ-લાલ, શાંતિલાલ,' એમ કહી અવાજ કાઢી તે રડવા લાગી. એટલામાં પાડોશમાં રહેની કમળા તેની પાસે આવી બોલી "ડોશીમા, શાસારૂ રડો છો ? તમારો શાંતિલાલ ઇશ કૃપાથી ઘણું જીવો, એટલે તમારો દુ:ખનો બદલો એ વાળ્યા વગર રહેશે નહિ. છાનાં રહો–"

કમળાનું આ સમાધાનકારક વાક્ય જડાવને બીલકુલ ગમ્યું નહિ. તે મોઢું ચડાવીને બોલી, "ઓહો ! ઓહો ! શાંતિલાલ શાંતિલાલ કરી આઠે પહોર રડે—નહિ તો શું કરે ? જાણે કોઇ કહેશે કે શાંતિલાલ સ્વર્ગમાંજ ગયા. છોકરાં છૈયાંથી ભરેલા ઘરમાં આ શું બળ્યું આખો દહાડો ?"

જડાવ ફરીફરી આવા અશુભ શબ્દ બોલતી જોઈ હીરા અને સુશીલા બન્ને બીચારાં રડવા લાગ્યાં. સુશીલાને રડતી જોઈ તેની કેડપરનું બાળક પણ રડવા લાગ્યું. કમળા જડાવને

ધીક્કાર આપી બોલી " આ શું જડાવ ! આવું ગમે તેમ બોલવું તમને છાજતું નથી. કોઇના જીવને વિના કારણ કષ્ટ આપવાથી ઇશ્વર આપણું સારૂં કરતો નથી. "

જડાવ આવું ભાષણ શાનું સાંભળી રહે ? તેણે કમળાને ગાળો આપી ત્યાંથી નસાડી મુકી.

આણી તરફ મનમોહનલાલ વચ્ચે પડવાથી ડાહીને સારી રીતે પુજા કરવાનો મકનજીનો સદ્ઉદ્યોગ પાર પડયો નહિ, અને તેથી તેનો ક્રોધ પણ શાંત થયો નહિ. હીરાની સાથે તેના ઘરમાં કામ કરવા રહેલ પાલી પણ મકનજીને આમતેમ બોલવા લાગી. આંખો લાલચોળ કરી મકનજી તેના તરફ ધસ્યો. પાલીએ અત્યારસુધી ઘણું સહન કર્યું હતું; પણ મકનજીનું આજનું લાજ ઉપજાવે તેવું વર્તન તેનાથી સહન થયું નહિ. તે એકસરખી બબડતી હતી. મકનજી ચીડાયો અને રીસથી બેફામ થઇ તે બીચારી નોકરને મારવા દોડયો. પાલીનું પણ મગજ ફરી ગયું. હું શું કરૂં છું તેનું તેને પણ ભાન રહ્યું નહિ. હાથમાં સાવરણી હતી તેના વડે મકનજીના મસ્તકની, મુખની અને છાતીની મનગમતી પુજા કરી ! મનમોહનલાલ ફરીથી વચ્ચે પડયો તેણે ઘણા પ્રયત્નથી મકનજીને ત્યાંથી ખસેડયો. પાલી કોઇનું પણ માને નહિ ગાળો આપતી તે ત્યાંજ બેસી રહી. સુશીલાએ તેનું ઘણું સમાધાન કર્યું પણ તે વ્યર્થ ગયું.

છેવટે મજાહ જોવા મળનાર લોકોમાંથી પાલીને કોઇએ ઉશ્કેરી અને પોતાને માર્યા બદલ પોલીસમાં ફર્યાદ કરવા ગઇ.

“ મુઓ, આવો નીચ પુત્ર મારે પેટે ઇશ્વરે શા સારૂ આપ્યો હશે?” એમ કહી ડોશી મોટેથી રડવા લાગી. આજુ બાજુના કેટલાક લોકો ભેગા થયા. છેવટે મનમોહનલાલે વચ્ચે પડી મકનજીનું મન શાંત કર્યું.

“ અમસ્તાં રડશો નહિ. રડવાથી કાંઇ વળવાનું છે? આ સર્વ નશીબના ભોગ છે.” એમ કહી સુશીલા પોતાની સાસુને દીલાસો આપવા લાગી. ડોશીને આ વખતે શાંતિલાલ યાદ આવ્યો. શાંતિલાલ આજ પાસે હોત તો આવો ખરાબ પ્રસંગ કદિ આવત નહિ, એમ તેને લાગવા માંડ્યું. ‘શાંતિલાલ, શાંતિલાલ,’ એમ કહી અવાજ કાઢી તે રડવા લાગી. એટલામાં પડોશમાં રહેતી કમળા તેની પાસે આવી બોલી “ ડોશીમા, શામાટે રડો છો? તમારો શાંતિલાલ ઇશ્વર કૃપાથી સારૂં હશે. એટલે તમારો દુઃખનો બદલો એ વાળ્યા વગર રહેશે નહિ. છાનાં રહો—”

કમળાનું આ આશ્વાસનકારક વાક્ય ડોશીને બીલકુલ ગમ્યું નહિ. તે બિચારી વચ્ચમાં બોલી, “ ઓહો! ઓહો! શાંતિલાલ શાંતિલાલ કરી [illegible] —નહિ તો શું કરે? [illegible] કે શાંતિલાલ સ્વર્ગમાં ગયા. [illegible] [illegible] આ શું [illegible] [illegible]?”

[illegible] સુશીલા [illegible]

આગમાં ધસ્યો. અને મુડદાં જેવાં થઇ ગયેલાં બન્ને માણસોને મહા મહેનતે અગ્નિમાંથી બહાર ખેંચી કાઢ્યાં. દીશ રાણીને તે દિવસે અગીયારશનો ઉપવાસ હતો. તે અચેતન જેવી થઇને પડી હતી. શરીરનો ઘણો ભાગ અગ્નિથી દાઝ્યો હતો. સુરીલા પણ આકુળવ્યાકુળ થઇ ગઇ હતી, અને તેનો નાનો છોકરો માછલીની પેઠે તરફડતો હતો. સુંદરી સર્વને પોતાના ઘરમાં લઇ ગઇ અને યોગ્ય ઉપાયો કરવા મંડી.

અગ્નિનું જોર વધારે થઇ જવાથી આગ ઓલવવાના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. ઘર અને તેમાંની તમામ વસ્તુઓ બળીને ખાખ થઇ ગઇ. મકનજી તો છેલ્લી ઘડી સુધી ઉઠયોજ નહીં; પણ આખરે જ્યારે અગ્નિની જ્વાળા તેના ઘર તરફ વળી ત્યારે તે એકદમ બારણું ઉઘાડી બહાર નીકળ્યો અને પોતાના ઘરનું રક્ષણ કરવાના પ્રયત્નોમાં નિમગ્ન થયો.



પ્રકરણ ૨૮ મું.

બે મરણ.

દિવસ ઉગ્યો. ઘર બળી ખાખ થયું; તોપણ આગનું જોર કાયમજ હતું. રાતે ભેગા થયેલા લોકો થાકી પોતપોતાને ઘેર પાછા જવા લાગ્યા. રાતે આવેલા નહિ એવા લોકોના થોકના થોક હવે મજાહ જોવા સારૂ આવવા લાગ્યા. મકનજી સવારમાં

[illegible] આવ્યો. એટલામાં પાણી [illegible]
[illegible] ઉભી થઇ, ત્યારે [illegible]
[illegible] " તું કોણ છે ?" [illegible]
[illegible] નહિ. [illegible]
[illegible] ગયો. [illegible]
[illegible]
[illegible] પાણી [illegible]
[illegible] ?

[illegible]

[illegible]

રાતે તો તેમની વેદનાઓ અસહ્ય થઇ. હીરાને પોતાને થતી વેદનાથી કાંઇપણ લાગ્યું નહિ; પરંતુ ઇંદુની અવસ્થા જોઇ–સાંભળી તેના મનને ઘણું દુઃખ થવા લાગ્યું. અનિવાર્ય દુઃખ અને શોકથી કાયર થઈ મોટેથી ગાળો તથા શ્રાપ આપવા લાગી. "જેણે મારા સોના સરખા છોકરાની આવી ખરાબ દશા કરી તે મુઓ બળી ભસ્મ થઇ જશે ! મારો ડોશીનો શ્રાપ લઇ મુઓ તરફડી તરફડીને મરશે; ઇશ્વર તેને સુખેથી આવી રીતે રહેવા દેશે નહિ." બોલતાં બોલતાં ડોશી પાછી બેશુધ થઇ ગઈ !

મકનજી અને જડાવ એમની આ ગાળો તથા નીસાસા સ્પષ્ટ સાંભળતા હતા. એટલુંજ નહિ પણ ડોશીના પ્રત્યેક શબ્દ સાથે તેઓ ધ્રુજતાં હતાં. મકનજી ઉંઘમાં હોય તો પણ ચમકીને ઉઠતો હતો.

ત્રણ પહોર રાત ગઇ. દીવો ઝાંખો બળતો હતો. ગઇ રાતના ઉજાગરાથી તથા થાકથી મનમોહનલાલને પૂર્ણ નિદ્રા આવી હતી. હીરા વચ્ચેવચ્ચેથી શરીર મરડતી હતી. પાસી પાસે ઇંદુને પોતાના ખોળામાં લેઇ સુશીલા તેના તરફ સપ્રેમ દ્રષ્ટિથી જોતી બેઠી હતી. સુંદરી પાસેજ બેઠી હતી. સર્વ જણાં અશ્રુ ગાળતાં હતાં; તો પછી ધીરજ કોણે અને કોને આપવી ?

ઇંદુની સ્થિતિ હવે વધારે ભયંકર થઇ હતી. તેને થતી અસહ્ય વેદના સ્પષ્ટ જણાતી હતી. કોઈવાર તે એકદમ ચમ-

ફીને ઉઠતો. પછી તેને રક્તની ઉલટીયો થવા લાગી. શ્વાસોશ્વાસ લેવામાં પણ હરકત થવા લાગી. આંખો ઠરી જવા જેવી જણાઇ. સુશીલા અને પાલી તેની આ અવસ્થા જોઇ રડવા લાગી. સુંદરીએ ગભરાતાં ગભરાતાં પોતાના પતિને જગાડયો. મનમોહનલાલ આંખો ચોળતો ચોળતો ત્યાં આવી ઉભો રહે છે એટલામાં તો સુશીલાના ખોળામાં બીચારા ઈંદુએ પ્રાણ છોડયો ! સુશીલાએ મોટેથી બુમ પાડી. સુંદરીએ ઈંદુનું અચેતન શરીર સુશીલાના ખોળામાંથી લઇ તે રડવા લાગી. બેશુધ પડેલી હીરાને આ બનાવની બીલકુલ ખબર પડી નહિ. તેની અવસ્થા પણ ધીરે ધીરે દુ:ખમય થતી જતી હતી. વહાણું વાયાના સમયમાં તો તે ગમે તેમ બડબડવા લાગી.

" સારૂં કર્યું ભાઇ, સારૂં કર્યું ! આપીશ—શા સારૂ આપું ? મારા વહાલા દીકરાને તું કોણ લઇ જનાર ? નહિ—નહિ તે જુઓ રડે છે. અરેરે ! બાપડો પીડાઈ ગયો ! આવ—મારા ઇંદુ—મારી પાસે આવ—અરે લુચ્ચા ! મારાથી ડરે છે ? "

ડોશી જરા બોલતી બંધ રહી અને પાછી રડતી રડતી મોટેથી બોલી. " લઇ ગયા—લઇ ગયા—મારા સોનાના કકડાને લઇ ગયા અરે ! શાંતિલાલ તું તો દોડ—અરે પકડો—પકડો તે મુઆને—મારા શાન્તિલાલને પણ લઈ ગયા. અરે નશીબ !"

દિવસ ઉગ્યો: જરા દિવસ ચડયો; તો પણ હીરા બડબડ કરતી બંધ પડી નહીં —" આ જુઓ, મુવો ચંડાળ ફરીથી આવ્યો—હવે પાછો કોને લેવા આવ્યો ? માર—માર મુઆ

ચંડાળને—છુવ લે. હવે હું રડવાની નથી. હું આ સારૂ રડું ? મારો ઇદુ મોટો થશે—કોણ કહે છે તે નહિ થાય ? મારો વહાલો એ—"

હીરાનું આ સંબંધ વગરનું ભાષણ સાંભળી સર્વની આંખમાંથી આંસુ આવવા લાગ્યાં. બપોરના વખતે હીરા પાછી જરા શુદ્ધિમાં આવી. સુશીલાને જમીનપર પડી વિલાપ કરતી જોઇ હીરા બોલી. "ન રડીશ બાઈ, આ દુઃખ જન્મ સુધી રહેવાનું નથી. ઇશ્વર તારૂં કલ્યાણ કરશે. આવ સુશીલા, જરા મારી પાસે આવ-" પછી હીરા, સુંદરી તરફ નજર કરી બોલી—

"સુંદરી, મારા મનને ઘણું સમાધાન થયું હો ! સુખથી રહેજે ! ઇશ્વિર તમને ઘણી આવર્દા આપો—જડાવ કેમ દેખાતી નથી ?—

સાસુ મરે અગર છવતી રહે તેની જડાવને કયાં પરવા હતી ? હીરાએ સુશીલા, અને સુંદરીને ખરા મનથી આશીર્વાદ આપ્યા અને આકાશ તરફ આંખો ફેરવી-એ છેવટની જ ફેરવી.



પ્રકરણ ૨૯ મું.

દુ:ખના ડુંગરા !

મોલમૈનની હવા શાંતિલાલને બીલકુલ માફક આવી નહી. ઘેરે જઇ આવ્યા પછી કેટલાક દિવસ જરા ઠીક લાગ્યું, પરંતુ પછી તરતજ તેને તાવ આવ્યો. ડાકટરની દવાથી પણ તાવ ઓછો થયો નહી. " હજુ થોડા દિવસ આજ દવા લ્યો, એટલે ખાત્રિથી તાવ જશે, " એમ ડાકટર હમેશાં કહેતો; પરંતુ તેના કહેવામાં કાંઇ અર્થ જણાઇ આવ્યો નહિ. તો પણ થોડા દિવસ તાવ આવતો નહિ એ ખરૂં; પરંતુ કેટલાક દિવસો પછી તે પાછો આવવા લાગ્યો. શાંતિલાલની તબીયત આથી કરી ઘણી અશક્ત થઇ ગઇ હતી. દિવસે દિવસે તેનું શરીર ગળવા લાગ્યું. આવી સ્થિતિમાં મકનજીએ પોતાના મિત્ર મારફત મોકલેલ પત્ર તેને મળ્યો. શાંતીલાલને દુ:ખ આપવાનો મકનજીનો હેતુ હતો, તે આ પત્રથી સારી રીતે પાર પડ્યો. પત્રમાંના દુ:ખકારક સમાચાર વાંચતાંજ શાંતિલાલની સ્થિતિ ગાંડા જેવી થઇ ગઇ. પતિ, પુત્ર અને જનનીના હૃદયભેદક મરણના સમાચાર વાંચી તેના અંત:કરણની સ્થિતિ જૂદીજ થઇ ગઇ. તેજ દિવસે તેને અનહદ તાવ આવ્યો અને બેશુધ થઇ ગયો.

સ્માઇલ સાહેબ શાંતિલાલના સમાચાર સારૂ આવ્યો હતો. તેણે આ અવસ્થા જોઇ ડાકટરને પૂછયું, " આજેજ એકદમ આટલો તાવ વધવાનું શું કારણ ? "

ડાકટર તથા શાંતિલાલને સારો સ્નેહ હતો. શાંતીલાલને મળેલ પત્રની હકીકત સાહેબને કહી તે બોલ્યો, "પત્રમાંના આ દુઃખદાયક સમાચારથી તેના અંતઃકરણને ધક્કો લાગ્યો છે. શારીરિક નિર્બળતાને લીધે તેનાથી આ દુઃખભાર સહન થઈ શક્યો નહિ."

"એકંદર ચિન્હો કેવાં દેખાય છે ?"

"ચિન્હો કાંઈ સારાં દેખાતાં નથી! મનમાંનાં દુઃખ કમી થાય નહિ તો આ સ્થિતિમાંથી ઉઠવું મુશ્કેલ છે. આનું આ દુઃખ ટાળવાને કાંઇ રસ્તો નથી."

સ્માઈલ સાહેબનો ચહેરો ઉતરી ગયો. કેટલોક વખત તો તે શાંતિલાલના મોઢા તરફ એકસરખો જોઇ રહ્યો. શાંતીલાલ બેશુધ પડયો હતો. રહી રહીને કાંઇ પણ બડબડતો હતો. સાહેબ આવ્યાની કાંઇ પણ તેને ખબર નહોતી. છેવટે એક ઉંડો શ્વાસ છોડી સાહેબ ડાકટર તરફ જોઇ બોલ્યો, "તમારાથી થાય તેવા પ્રયત્નો તમે કરી જુઓ; તમને લાગે તો બીજા કોઇ ડાકટરને તમારી મદદે બોલાવો. જોઇએ તેટલો પૈસો હું ખરચ કરીશ; તેની ફીકર કરશો નહિ. આને જો તમે આ માંદગીમાંથી બચાવશો તો તમારી મહેનતનો હું સારો બદલો આપીશ."

"પ્રયત્ન કરવામાં હું બીલકુલ કસર કરવાનો નથી; પરંતુ યશ આપવો એ ઈશ્વરના હાથમાં છે."

સ્માઇલથી કપાળપરનો પસીનો લુછતો લુછતો સાહેબ

એક સરખાં આંસુ ચાલવા લાગ્યાં. થોડા વખત પછી આંસુ લુછી તે દયાજનક સ્વરથી બોલ્યો. " સાહેબ ! મારા તરફથી તેમને એક દિવસ પણ સુખ મળ્યું નથી. અરેરે ! તેમની કેવી દશા થઇ હશે ? સાહેબ, આમ આપ એક દર બાબતનો વિચાર કરી જોશો, તો તમારી પણ છાતી ફાટી જશે. શા સારૂ હું આ દૂર દેશમાં આવ્યો ? જેમના સારૂ મેં મારા જીવની પણ પરવા રાખી નહિ, તેજ મને છોડીને ચાલ્યાં ગયાં ! "

આ ભાષણ સાંભળી સાહેબને પણ ઘણું ખોટું લાગ્યું. શાંતિલાલનો હાથ પોતાના હાથમાં પકડી તે માયાળુપણાથી બોલ્યો " શાંતિલાલ, તું અમસ્તો ગભરાઇશ નહિ. તું ગમે તેટલું કહીશ તો પણ તે પત્રપર મારો બીલકુલ ભરોસો નથી. તારા મિત્રો પૈકી મને એકાદનો પત્તો કહે એટલે હું હમણાંજ તાર કરી ખરી બાતમી મંગાવું. તે વગર મારૂં સમાધાન થવાનું નથી. અને તને પણ સારૂં લાગશે નહિ."

શાંતિલાલ જરાક હાસ્યવદનથી બોલ્યો " સાહેબ ! સારૂં લગાડી હવે મારે શું કરવાનું છે ? આ સંસાર ઉપર હવે મને તિરસ્કાર આવ્યો છે ! જીવવા કરતાં હવે મરવું વધારે સારૂં લાગે છે. સાહેબ ! આપજ કહો, હવે આ જગત્‌માં મારૂં કોણ છે ? જેના કષ્ટો દૂર કરવાના હેતુથી ઘરબાર છોડી, જેમનો અસહ્ય વિયોગ સહન કરી હું દૂર દેશમાં આવ્યો, તે સર્વ મને છોડીને ગયાં. હવે આ જગત્‌માં મારૂં શું રહ્યું ? "

એમ કહી શાંતિલાલે મોઢાપર ધોતીયું ઓઢી એકસરખી

ખબર હતી, તેમાંનો કોઇ પણ આ વખતે શાંતિલાલની પથારી પાસે હોત, તો તરત તેના ધ્યાનમાં આવ્યું હોત કે તેના આ બોલવામાં એક પણ શબ્દ સંબંધ વિનાનો નહોતો. માતાના દુઃખથી પત્નિના દુઃખથી અને મોટા ભાઈઓના નીચ વર્તનથી તેનું અંતઃકરણ છેદાઈ ગયું હતું. ફક્ત મોટા ભાઇઓના અસહ્ય કંકાસથીજ શાંતિલાલ આજે ઘરબાર છોડી બ્રહ્મદેશ જેવા દૂર દેશમાં—જ્યાં પોતાનું કોઇ પણ સગું વહાલું નહિ એવા સ્થળે—મૃત્યુની અસહ્ય વેદનાઓ ભોગવતો એકલો પડયો હતો. સ્માઈલ સાહેબને તો ઘણુંજ દુઃખ થયું.



પ્રકરણ ૩૦ મું.

સુશીલાનું સૌભાગ્ય.

શાંતિલાલનું ઘર બળ્યું તે વખતે કાંતિલાલ મુંબઈમાં હોવાને લીધે કેટલાક દિવસસુધી તો તેને આ વાતની ખબર પણ પડી નહિ. પછી એ બાતની પ્રથમ તેના ઘરમાં જાણવામાં આવી; તેથી સરલાએ પત્ર લખી તે કાંતિલાલને જણાવી. તે ઉપરથી તરતજ તે પોતાને ઘેર જવા નીકળ્યો. તેજ વખતે સ્માઇલ સાહેબે મોકલેલો તાર તેને મળ્યો. શાંતિલાલની ભયંકર માંદગીની ખબર સ્માઈલ સાહેબે વ્હાઇટ સાહેબને પ્રથમજ તાર માર્ફત મોકલી હતી, એ વાંચકોના

લક્ષમાં હશેજ. નશીબના યોગે કરી બ્હાઇટ સાહેબ પોતાના ઠેકાણાપર ન હોવાથી આ વખતસુધી તેમના તરફથી તે બાતમી કાંતિલાલના સમજવામાં આવી નહોતી. અર્થાત સ્માઇલ સાહેબનો આ તાર વાંચે તેવો કોઇપણ સમય આવ્યો નહિ. પરંતુ આ બાતમી આટલી જલદીથી ત્યાં કેવી રીતે જઇ પહોંચી, તેનીજ તેને નવાઇ લાગી. "હશે, કદાચી ચંપાએ તેને કાગળ મોકલ્યો હશે." એમ સમજી તેણે "હા, શાંતિલાલના ઘરને એકાએક આગ લાગી એ વાત ખરી છે; તેની માને અને છોકરાને ઘણી ઇજા થઇ છે. તેની સ્ત્રી ખુશીમાં છે; ગભરાવાનું કારણ નથી. માત્ર થોડા દિવસ તેને અહિં મોકલવાની મહેરબાની કરવી." એવો સ્માઇલ સાહેબને તાર મારફત તરત ઉત્તર મોકલ્યો; અને તે પોતાને ઘેર ચાલ્યો ગયો. શાંતિલાલની માની અને છોકરાની મરણની હકીકત તેણે કેવા હેતુથી જણાવી નહિ હશે, તે વાંચકોના ધ્યાનમાં સહેજ આવશે.

સ્માઇલ સાહેબે તાર કર્યાથી રંગુનથી, તેનો સ્નેહિ ડાકટર તરત ત્યાં પહોંચ્યો. શાંતિલાલની તબીયત તેણે બારીકાઇથી તપાસી જોઇ, અને પ્રથમના ડાકટર પ્રમાણેજ તેણે પણ પોતાનો અભિપ્રાય આપ્યો કે, "માનસીક દુઃખ દુર થયા વગર શાંતિલાલને આરામ થશે નહિ. તેના શારિરીક વ્યાધિ વિષે બીક રાખવાનું બીલકુલ કારણ નથી.'

પોતાના મિત્રે આ પ્રમાણે મત આપ્યાથી, સ્માઇલ

સાહેબનું સર્વ ચિત્ત કાંતિલાલને કરેલા તારના જવાબ તરફ લાગી રહ્યું હતું. કંઇ પણ ઉત્તર આવ્યો છે કે નહિ, એની તપાસ કરવા ઘડિયે ઘડિયે તારઑફીસમાં તે પોતાના સિપાઇને મોકલવા લાગ્યો. તેનું ચિત્ત બીજી કોઇપણ બાબત તરફ લાગતું નહિ. તેનો મિત્ર શાંતિલાલની શારિરીક વ્યથા ઔષધોપચારથી દૂર કરવાને એકસરખી રીતે કાળજી લેતો હતો. શાંતિલાલના આયુષ્યની દોરી મજબુત હતી તેથી, અગર તો સુશીલાને સૌભાગ્ય સુખનો લ્હાવો લેવાનો બાકી હતો તેથી, આ હુશીયાર ડાકટરના પ્રયત્નને યશ મળવાનાં ચિન્હો જણાવા લાગ્યાં. શાંતિલાલનો ભ્રમ પણ ઓછો થયો; અને તાવ પણ ધીરે ધીરે ઓછો થવા લાગ્યો. આ જોઇ દયાળુ રમાઇલ સાહેબનો જીવ પણ ઠેકાણે આવવા લાગ્યો; પરંતુ તેની સાથે કાંતિલાલ તરફથી શો ઉત્તર આવે છે તે જાણવા ઘણો આતુર થઇ રહ્યો હતો. છેવટે કાંતિલાલ તરફથી ઉત્તર આવ્યો. મોટી આતુરતાથી તે તેણે વાંચી જોયો. અને પોતાના મિત્રના હાથમાં મુક્યો. બન્નેને ઘણો સંતોષ થયો. "હવે બીલકુલ ડરવા જેવું નથી. થોડા વખત પછી તેનું મન સ્વસ્થ થાય એટલે આપણે તેને આ હકીકત જણાવીશું. મને લાગે છે કે હવે તેની તબીયત સુધરતાં બીલકુલ વાર લાગશે નહિ. તો પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે, તે જો હવે અહિં રહેશે તો તાવના પંજામાંથી તદન છુટવું મુશ્કેલ થઇ પડશે. બે ત્રણ મહિના પણ તેણે પોતાના ગામ જઇ વિશ્રાંતિ લેવી જોઇએ, કારણ તેને અહીંની હવા બીલકુલ માફક આવશે નહિ."

સ્માઇલ સાહેબ એકાગ્રચિત્તથી સાંભળતો હતો. તે કંઈજ બોલ્યો નહિ. ને કોઈ પણ મોટા વિચારમાં પડયો હોય એમ તેના ચહેરાપરથી જણાતું હતું.

તે રાત્રે જરા ઉંઘ આવવાથી શાંતિલાલને બીજે દિવસે સવારે ઘણી હુશીયારી આવી. તે જોઈ ડાકટરના અભિપ્રાય પ્રમાણે કાંતિલાલ તરફથી આવેલ ઉત્તર તેને જણાવવા સારૂ સ્માઇલ સાહેબ શાંતિલાલની પથારી પાસે બેઠો અને પ્રથમ "આજે કેમ લાગે છે ?" વગેરે એક બે પ્રશ્નો પુછી તે બોલ્યો "શાંતિલાલ, પેલા પત્રમાંની હકીકત ખોટી છે, એમ હું નહોતો કહેતો ? આ જો, કાંતિલાલ તરફથી તારનો ઉત્તર આવ્યો છે. આમાં તે ચોખ્ખું લખે છે કે, તારી પત્નિ તદ્દન આનંદમાં છે."

" અને ઘર બળ્યા બાબતની હકીકત ખોટીજ કે ?" શાંતિલાલે અધિરા થઈ પૂછયું.

સાહેબ એક ઉંડો શ્વાસ છોડી અને ગંભીર સ્વરથી બોલ્યો. "ના, કમનસીબે એ બાતમી ખરી ઠરી. અરે, પણ તેમાં શું થયું ? તારાથી બીજું ઘર નહિ બંધાય ?"

શાંતિલાલ થોડો વખત કાંઇજ બોલ્યો નહિ. નિસ્તેજ તથા સુકાઇગએલા તેના મુખપર કિંચિત તેજ દેખાવા લાગ્યું. ઉંડી ગએલ તેની આંખોમાં અશ્રુ બિંદુ ચમકવા લાગ્યાં. પોતાનો સુકાઈ ગએલો હાથ કપાળપર ફેરવતો ફેરવતો તે બોલ્યો " તેમા માતા સંબંધી કાંઈ હકીકત છે કે ?"

" હા, તારી માને અને તારા છોકરાને ગોડી ફૂર્ત થઇ છે ખરી "

" સુશીલા તો સારી સ્થીતિમાં છે ? " એટલુંજ બોલી શાંતિલાલ આંખો મીચીને સ્વસ્થ પડી રહ્યો. સ્માઇલ સાહેબ પણ ત્યાંથી ઉઠી પોતાના મુકામે ગયો.

માનસિક રોગ આ પ્રમાણે દૂર થયા પછી શારિરીક રોગપર ડાકટરની દવા તરત લાગુ થઇ. શાંતિલાલને તે રાતે તો ઘણી સારી ઉંઘ આવી. ગયા દશ બાર દિવસમાં તેને આવી ઉંઘ કોઇ પણ દિવસ આવી નહોતી. બીજે દિવસે તેને ઘણી હુશીયારી આવી, સ્માઇલ સાહેબ ત્યાં આવતાંજ શાંતિલાલ તરફથી આવેલ તાર તેણે માગી લીધો, અને તે પોતે વાંચી જોયો, પછી કેટલોક વખત વિચાર કરી તે બોલ્યો "તો પછી હું હવે ઘેરે જાઉં ? "

સ્માઇલ સાહેબને ઘણો આનંદ થયો. તે બોલ્યો, "શાંતિલાલ, તું આવો ઉતાવળો થઇશ નહિ, તારૂં ઘર પાસે છે કે ? જવા જેવી તારી સ્થિતિ થવા દે, એટલે એક મિનિટ પણ હું તને અહિં રોકીશ નહિ. "

શાંતિલાલની આંખમાં આંસુ આવ્યાં; પરંતુ આ આંસુ દુઃખનાં અગર શોકનાં ન હતાં, પણ સાહેબે બતાવેલ પ્રેમનાં હતાં. તે બોલ્યો, " સાહેબ ! હું આપનો ઉપકાર શી રીતે વાળીશ ?"

દિવસે દિવસે શાંતિલાલની તબીયત સુધરવા લાગી; દશ

બાર દિવસમાં તે સાધારણ ફરવા લાગ્યો. સમુદ્રની મુસાફરી તેની પ્રકૃતિને હીતકર થઇ પડશે, એવો ડાકટરનો મત મળવાથી તે પરોપકારી અને દયાળુ સ્માઇલ સાહેબે શાંતિલાલને બોટની અંદર સારી વ્યવસ્થા કરાવી આપી પોતાનો એક સિપાઇ સાથે રવાના કર્યો અને તે રવાના થયા બાબતનો કાંતિલાલને ફરીથી તાર પણ આપ્યો.



પ્રકરણ ૩૧ મું.

દુઃખનો બીજો હૂમલો.

સુશીલાના સબળ સૌભાગ્યથી શાંતિલાલ ભયંકર માંદગીમાંથી ઉઠી મોટી આતુરતાથી ઘેર જવા નીકળ્યો હતો. માને કેટલી ઇજા થઇ હશે, છોકરાની કેવી સ્થિતિ થઇ હશે, આવા પ્રસંગે સુશીલાની પણ કેવી સ્થિતિ થઇ હશે, તેને કોણે મદદ આપી હશે, હવે આગળ શું કરવું, ઇત્યાદિ વિચારથી તેનું અંતઃકરણ ઘેરાઇ ગયું હતું. રજા આપતી વખતે સ્માઇલ સાહેબે તેને આગ્રહથી કહ્યું હતું કે " મારો કાગળ આવ્યા સિવાય તારે આ તરફ આવવું નહિ. " આમ કહેવામાં સાહેબનો હેતુ શો હતો એ પણ શાંતિલાલના ધ્યાનમાં આવ્યું નહિ. સાહેબને હવે આપણી જરૂર નથી કે શું, એ પણ તેને સમજાયું નહિ. સારાંશ, તે બેઠો હતો એ આગબોટ જેમ અફાટ મહાસાગરની અંદર આમતેમ ઝોલાં ખાતી હતી,

તેવીજ રીતે તેનું અંતઃકરણ પણ વિચારસાગરમાં ઝોલાં ખાતું હતું. તેને વિશ્રાંતિ બીલકુલ નહોતી.

આગબોટની પહેલોદિવસની મુસાફરી નિર્વિઘ્નપણે પાર પડી, પરંતુ બીજે દિવસ અરધો પુરો ન થયો એટલામાં અકસ્માત જબરો પવન ફુંકાવા લાગ્યો. પર્વતના જેવી મોટી મોટી છાલકોથી મહાસાગરનો પૃષ્ઠ ભાગ ખળભળી રહ્યો હતો. જબરા પવનના અને મોટી મોટી છોળોના સપાટામાં સપડાએલી તે આગબોટ એકાદ નિરાધાર, નિરાશ્રિત મનુષ્ય પ્રમાણે આમતેમ ઝોકા ખાવા લાગી. યંત્રના અગર તે યંત્રો ચલાવનાર મનુષ્યના તાબામાં તે બીલકુલ રહી નહિ. ખરો રસ્તો છોડી તે જોરથી દોડી જતી હતી. મનુષ્યના ચંચળ નશીબની માફક તેની પણ ગતી થઇ હતી. ઘડીમાં તે દરિયાના પર્વત જેવા મહાન મોજાના શીખરપર વીરાજમાન થતી દેખાતી; તો ઘડીકમાં તે પાતાળમાં જતી હોય એમ જણાતી હતી. આવા ભયંકર તોફાનથી બોટમાં બેઠેલાં માણસોનો જીવ ઉડી ગયો હતો. 'એક ઘડી ગઈ; હવે બીજી ઘડીમાં શું થાયછે,' આવા વિચારોથી સર્વના મુખપરની તેજી જતી રહી હતી. કેટલાક ભાવિક મનુષ્યો ઇશ્વરનું સ્મરણ કરવા લાગ્યા; કેટલાએક બીજાની છેવટની મુલાકાત લેતા હતા; કોડી કોડી ભેગી કરી એકઠો કરેલ પૈસો હવે સમુદ્રને દાન કરવો પડશે, એવા વિચારો કેટલાક દ્રવ્યલોભી મનુષ્યના મનમા આવતા હતા; બીચારા યમરાજની દાઢમાં જકડાયા છતાં પણ પૈસા સિવાય તેમને બીજું કાંઇ દેખાતું નહોતુ ! કેટલાક જણ આવતા

[illegible]

[illegible]

સ્વરૂપ જણાતી છેવટનો વખત સૂચવતો હતો; પવનનું જોર ધીરે ધીરે વધતું જતું હતું; સૂર્યાસ્ત થઈ ઘમઘોર અંધકાર થયો હતો; ખલાસી લોકોના સર્વ પ્રયત્નો વ્યર્થ જવાથી તેઓ નીરાશ થઇ બેઠા હતા; કોઇના તરફથી મદદની આશા રાખવાનું પણ ઠેકાણું નહોતું; આખો દિવસ દરિયાનાં મોજાંની સામે ટક્કર ઝીલી બોટને તળીએ મોટું કાણું પડયું હતું અને તેમાંથી જોસબેર પાણી અંદર આવતું હતું. દરિયાએ એવું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું કે હોડીઓ વગેરે નાખી બોટમાંનાં મનુષ્યોને બચાવવાની પણ સગવડ નહોતી; સર્વ ઉપાયો નિષ્ફળ ગયા! આગબોટની આશા રાખી બેસવું પણ જોખમ ભરેલું થઈ પડયું હતું; કારણ તે કઇ વખતે તળીએ જશે તેનો નિશ્ચય નહોતો. આવી સ્થિતિ જોઇ કપ્તાને છેવટે હોડીઓ છોડવાનો હુકમ કર્યો. તેના હુકમ પ્રમાણે ખલાસીઓએ ઘણી મહેનત કરી એક હોડી તરત નિચે છોડી. ધીરે ધીરે તળીએ જતી આગબોટમાંથી નીકળી તે હોડીમાં જવા સારૂ માણસોની એકદમ ગરદી થઇ. સર્વ જણ તે નાની હોડીમાં જવા સારૂ તરફડીઆ મારવા લગ્યા. આ જોઈ બોટનો મુખ્ય અધિકારી સામો ઉભો રહી સર્વને રોકવા લાગ્યો; પરંતુ કેટલાકે તેનું ન માનતાં એકદમ હોડીમાં ભુસ્કો માર્યો. બીજા કેટલાએક ભુસ્કો મારવા જતા હતા એટલામાં એક એવું ભયંકર મોજું આવ્યું કે તેના જોરથી હોડી જોતજોતામાં બોટથી ઘણી દૂર જતી રહી, અને પવનના જોરની સાથે એટલે દૂર ગઇ કે દેખાતી પણ બંધ થઇ. રાતનો વખત, ઘોર અંધારૂં થયેલું, એવી વખતે

તે હોડીની શી દશા થઇ હશે એ આગબોટનો ખીલાકુલ કશો નહોતો. મશીનયાર્ડ કહો કે કપ્તાનશીખાનાન કહો—પરંતુ થોડાક ઉતારૂ સિવાય તે હોડીમાં એક પણ ખલાસી નહોતો. પર્વત જેવી આગબોટનો જ્યાં પત્તો લાગ્યો નહિ ત્યાં નાનકડી હોડી કઈ તરફ ગઇ હશે એ બીલકુલ કહેવાય એમ નહોતું. તેમાંના માણસો આ ભયંકર પ્રસંગ જોઇ બેસાવધ થઇ પડ્યાં હતાં. આગબોટ ઉપરના ખલાસીઓને પણ તે હોડીની તપાસ કરવાને વખત નહોતો. જે મોજાંએ આ હોડી આગબોટથી જુદી કરી ક્યાંને ક્યાં લઇ નાખી, તેજ મોજાંઓ આટલા વખત-સુધી ટકાવ ઝીલી રહેલ આગબોટને પણ અદૃશ્ય કરી નાખી, તેનો પત્તો પણ લાગ્યો નહિ ! કેવો ભયંકર પ્રસંગ ! !



પ્રકરણ ૩૨ મું.

સ્માઇલ સાહેબનું ઔદાર્ય.

કર્મની ગતી ઘણી વિચિત્ર હોય છે. મરણ પથારીપરથી ઉઠી, મોટી અતુરતાથી ઘેરે જવા નીકળતાં રસ્તાની અંદર આગબોટે જલસમાધી લીધી, તેની બાતમી કોઇને પણ લાગી નહિ. શાંતિલાલ ઘેર આવવા નીકળ્યાનો તાર આવ્યાથી સુશીલાને દુ:ખની અંદર પણ જરા આનંદ થયો હતો; પરંતુ તેને આનંદ અગર સુખનો લાભ ઘણા વખત સુધી ન મળે, એવો આ વખત સુધી પણ તેના નશીબનો યોગ હોય એમ દેખાય

છે. કાંતિલાલ અને સરલાની સંગતીમાં તેના એક-બે દિવસ જરા આનંદમાં ગયા નહિ, એટલામાં શાંતિલાલ ભયંકર માંદો હોવાના સમાચાર .બ્હાઇટ સાહેબ તરફથી કાંતિલાલને પત્ર મારફતે મળ્યા. આ બાતમી સાંભળી કાંતિલાલ ઘણો અ-સ્વસ્થ થઇ ગયો. આ હકીકત કેટલા વજનદારની છે તેની તપાસ કરવાને પણ કાંતિલાલને સુઝ પડી નહિ. શાંતિલાલ અહિં આવવાની તૈયારીમાં એકાએક માંદો થયો જોઇએ, અને જે અર્થે બારોબાર બ્હાઇટ સાહેબનો પત્ર આવ્યો તે અર્થે શાંતિ-લાલ ઘણો માંદો હોવો જોઇએ, એમ કાંતિલાલે પોતાના મ-નસાથે વિચાર કર્યો. શાંતિલાલ સારૂ તેનું કોમળ અંતઃકરણ તરફડીઆં મારવા લાગ્યું. કોઇપણ પ્રકારે તેને ચેન પડે નહિં. પોતાની સ્ત્રીને ખરી હકીકત કહી તે તરત મુંબઇ આવ્યો ગયો; અને ' હવે શાંતિલાલની શી સ્થિતિ છે ' એવો તાર સ્માઇલ સાહેબ તરફ કર્યો. પ્રદદેશથી મુંબઇ જવા નીકળેલ એક આગ-બોટ ભયંકર તોફાનમાં જઇ ડૂબી ગઈ, એ વાત મુંબઇમાંજ તેના જાણવામાં આવી હતી; પરંતુ શાંતિલાલ માંદો હોવાને લીધે હજુસુધી તે નીકળ્યોજ નથી એમ તે ધારતો હતો; તેથી એ હકીકત ઉપર તેણે વધારે ધ્યાન આપ્યું નહિ." તાર કર્યાને બે દિવસ થયા, તોપણ સ્માઇલ સાહેબ તરફથી કાંઇજ ઉત્તર આ-વ્યો નહિ, એ જોઇને તો શાંતિલાલ ત્યાંથી નીકળ્યો નથી, એટ લુંજ નહિ-પણ તે વધારે માંદો હોવો જોઇએ ' એવી કાંતિલા લની પક્કી ખાત્રી થઈ, પછી બીજો વિચાર ન કરતા તે એકદમ ભોલમેન જવા તૈયાર થયો. કલકત્તા સુધી આગગાડીમાં જઇ

ત્યાંથી બોટમાં બેશી તે મોલમૈન જઇ પહોંચ્યો. સ્માઇલ સાહેબનો પત્તો લાગતાં બીલકુલ વખત લાગ્યો નહિ. સાહેબની મુલાકાત થતાંજ પોતાની ઓળખાણ આપી “ શાંતિલાલની શી હકીકત છે ? ” એવો કાંતિલાલે મોટી આતુરતાથી પ્રશ્ન કર્યો.

એ પ્રશ્ન સાંભળતાંજ સાહેબનો ચહેરો એકદમ ઉતરી ગયો. તેના કપાળપર પસીનો વળ્યો. આટલી ખટપટ કરી શાંતિલાલને તેણે ઘેર મોકલવા જે આગબોટમાં બેસાડયો હતો તેની શી વ્યવસ્થા થઇ તેની સાહેબને ખબર પડી ચુકી હતી. અર્થાત્ “ શાંતિલાલની શી હકીકત ? ” એ પ્રશ્નનો અર્થજ તેનાથી સમજાયો નહિ. દીર્ઘ શ્વાસ છોડી તે સ્તબ્ધ જ બેશી રહ્યો.

સાહેબ ઘણો વખત સુધી કાંઇ બોલ્યો નહિ, એ જોઇ કાંતિલાલ ગભરાઇ ગયો. સ્માઇલ સાહેબે કાંતિલાલને વધારે વખત સંશયમાં રાખ્યો નહિ. શાંતિલાલ માંદો પડયા પછીની સર્વ હકીકત સાહેબે કહી સંભળાવી. શાંતિલાલ જે બોટમાં બેશી ગયો હતો તે એકાએક કેમ નાશ પામી, તેની કેવીરીતે ખબર પડી, વગેરે હકીકત સ્માઇલ સાહેબે કહી સંભળાવી અને બોલ્યો “ અતિ આશ્ચર્યની અને દુઃખની વાત કહિયે તો આ બોટમાંના એક પણ માણસનો હજુસુધી પત્તો લાગ્યો નથી. ભયંકર સમુદ્રમાં બીચારાનો શો પત્તો લાગે ? હું હજુ પણ ઠેકઠેકાણે તપાસ કરૂં છું; પરંતુ આશા રાખવાનાં ચિન્હો જણાતાં નથી. ઇશ્વરેચ્છા ! ” એમ કહી સાહેબે રૂમાલથી

પોતાનાં આંસુ લોહ્યાં અને એક નોકરને બોલાવી કાંતિલાલની વ્યવસ્થા કરવાને કહ્યું.

સ્વપ્નામાં પણ નહિ, એવો આ વિચિત્ર બનાવ સાંભળી કાંતિલાલની તો કમ્મરજ ભાંગી ગઈ. શાંતિલાલ સારૂં તે ઘણો વિલાપ કરવા લાગ્યો. સુશીલાની શી દશા થશે એ વિચારથી તો તેના કોમળ અંતઃકરણમાં ઝટકા પડવા લાગ્યા. તેને અનહદ વેદનાઓ થવા લાગી.

કાંતિલાલનો શાંતિલાલ ઉપરનો નિર્મળ પ્રેમ જોઇ સાહેબને ઘણું આશ્ચર્ય લાગ્યું. કાંતિલાલનો શોક જોઇ તેને પણ દુઃખ થવા લાગ્યું. કાંતિલાલનું ઘણા કષ્ટથી સમાધાન કરી સાહેબ બોલ્યો, "શાંતિલાલપર મારી ઘણીજ પ્રીતિ હતી. થોડા વખતમાં તેણે મારો પૂર્ણ વિશ્વાસ મેળવ્યો હતો. તેના જેવો ચાલાક, બુદ્ધિવાન્ અને પ્રમાણીક આ વખત સુધી મારા જોવામાં બીજો કોઇ આવ્યો નથી; પરંતુ કેમ કરવું ? તેનો લાભ મને વધારે ન મળે એવી ઇશ્વરનીજ ઇચ્છા હશે."

"શાંતિલાલની માંદગીમાં આપે તેના સારૂ ઘણા કષ્ટો વેઠ્યાં; ધંધાથી તથા પૈસાથી ખરાબ થયા એમ ડાકટર પોતે મને કહેતો હતો."

"તેની પ્રકૃતિને અહિંની હવા બીલકુલ માફક આવશે નહિ, એવો ડાકટરનો મત પડ્યો તે દિવસથી, હું તેની બાબતમાં જુદાજ વિચારમાં હતો. મુંબઇમાં વેપારની એક સ્વતંત્ર શાખા ચાલુ કરવી એવી ઘણા દિવસથી મારી ઈચ્છા

હતી; બે ત્રણ મહીનામાં શાંતિલાલ સારો હુશીયાર થાય એટલે તેની દેખરેખ નીચે આ શાખા ઉઘાડવાની વ્યવસ્થા કરી હતી. પરંતુ અફસોસ ! આપણે મનમાં કંઈક લાવીએ અને ઇશ્વરના મનમાં જુદુંજ હોય છે ! "

બોલતાં બોલતાં સ્માઇલ સાહેબની આંખોમાંથી એક-સરખાં અશ્રુ ચાલી રહ્યાં હતાં. તેની આટલી લાગણી જોઇ દુઃખની અંદર પણ કાંતિલાલને જરા સમાધાન મળ્યું; તેનું અંતઃકરણ ભરાઇ આવ્યું. સ્માઇલ સાહેબ બોલ્યા, " શાંતિલાલ માંદો પડયો ત્યારે તમેજ તેના ખરે ખરા મિત્ર છો, એમ તે કહેતો હતો. તેનું જે અહિં હોય તે હવે તમે લઇ જાઓ. શાંતિલાલે પાંચ હજાર રૂપિયાનો વીમો ઉતરાવ્યો હતો, તેના આ કાગળો પણ તમે લ્યો અને કંપનીમાંથી પૈસા મેળવવાનો યત્ન કરી તેની નિરાશ્રીત સ્ત્રીની યોગ્ય વ્યવસ્થા કરો. "

કાંતિલાલ રડવા લાગ્યો. સાહેબ ફરી બોલ્યો, " હવે દુઃખ ધર્યે શું થવાનું છે ? બીચારી તેની નિરાધાર પત્નીની શી દશા થશે એ વિચારમાં મારૂં અંતઃકરણ દુઃખિત થાય છે; પરંતુ તમને જોઇ મારી એ ચિંતા દૂર થઇ છે. તમારા જેવાનો પાછળથી આશ્રય છે તેથી તેને કષ્ટ પડશે નહિ. પણ મારી એક વિનંતી તમારે માન્ય કરવી જોઇએ, શાંતિલાલનો નિરાધાર પત્નિને થોડી ઘણી પૈસાની મદદ—"

સ્માઇલ સાહેબને આગળ બોલવા ન દેતાં કાંતિલાલ વ-

મેજ બોલ્યો " સાહેબ, આપનું અંતઃકરણ ઘણું ઉદાર છે. શાંતિલાલની સ્ત્રીને હવે મદદની જરૂર નથી. આ પાંચ હજાર રૂપીઆ આવશે; તે સિવાય જરૂર લાગશે તો ઇશ્વરે મને તેટલું બળ આપેલું છે. હું તેને સગી બહેન કરતાં પણ વધારે માનું છું."

"તે મને ખબર છે. તમારા પિતા મોટા અધિકારી હતા; ઈશ્વરકૃપાથી તમારી સ્થિતિ ઘણી સારી છે; એ સર્વ હકીકત મને શાંતિલાલે કહી હતી; પરંતુ તે બીચારીને મારા તરફથી થોડીઘણી પણ મદદ આપ્યા સિવાય મારા અંતઃકરણનું સમાધાન થશે નહિ." એમ કહી સ્માઇલ સાહેબે તે વીમાના કાગળો અને એક હજાર રૂપિયાની નોટ કાંતિલાલના હાથમાં મૂકી. સાહેબને પ્રસન્ન કરવા સારૂ કાંતિલાલે પણ વિશેષ આનાકાની કરી નહિ. શાંતિલાલનો સર્વ સામાન વિગેરે લઇ સ્માઇલ સાહેબનો ઘણો ઉપકાર માની કાંતિલાલ દુઃખથી પીડાતો પોતાને ગામ આવવા નીકળ્યો.

કાંતિલાલ એકદમ બ્રહ્મદેશમાં ગયાની વાત સરલાના મોઢેથી સુશીલાએ સાંભળ્યા પછી દુઃખથી રીબાતી સુશીલાનો જીવ ઠેકાણે રહ્યો નહિ. "તે તરફ કંઈ પણ વધારે ઓછું હોવા સિવાય કાંતિલાલ અમસ્તો આટલે દૂર શા સારૂ જાય? તે સિવાય ઘણા દિવસથી તે તરફનો કાગળ નથી—કાંઇ પણ ભયંકર માંદગી હોવી જોઈએ" ઇત્યાદિ વિચારો સુશીલાના મનમાં વારંવાર આવવા લાગ્યા. કાંઇ પણ ભયંકર પ્રસંગ છે, એ બાબતની સુશીલાને શંકા રહી નહિ; પરંતુ "આપણાપર

ઈશ્વર સંપૂર્ણ કોપાયમાન થયો છે "—એવું તે બીચારીને સ્વપ્નામાં પણ આવ્યું નહિ.

કાંતિલાલ બ્રહ્મદેશમાંથી પાછો આવ્યો; પરંતુ શાંતિલાલ તેની સાથે આવ્યો નથી એ જોઇ તેનો જીવ ગભરાયો: તે તરફ જો સર્વ ખુશીમાં છે, તો કાંતિલાલ આવ્યો ત્યારથી બોલતો કેમ નથી વારૂ ? તેનું હમેશનું મુખ આજે ઉતરી ગયેલ કેમ દેખાય છે ? આંખો આંસુથી ભરાએલી કેમ દેખાય છે ? તેનું શરીર નિસ્તેજ કેમ થયું છે ? ચહેરો કાળો કેમ પડી ગયો છે ? એવી કેટલીક શંકાઓ બીચારી સુશીલાના મનમાં એક પછી એક આવવા લાગી. તે તરત નીચે બેઠી. તેનું મસ્તક ફરવા લાગ્યું. આખું જગત્ તેને અપ્રિય લાગ્યું. આજુબાજુની સર્વ ચીજ ફરતી હોય એમ ભાસ થવા લગ્યો. કાંતિલાલને કાંઇ પુછવાની પણ તેની હિંમત થઇ નહિ. ખરાબ શંકાઓની અસહ્ય વેદનાથી તે તદન ગાંડી થઈ ગઇ. મોઢું ઉઘાડી પતિના શુભ સમાચાર પૂછવાને પણ તેનું મન થયું નહિ. તેનું શરીર થરથર ધ્રુજવા લાગ્યું. એટલામાં પાલી પાસે હતી, તેણે પૂછયું, " શાંતિલાલ ખુશીમાં છેને ? "

બીચારા કાંતિલાલે શો ઉત્તર આપવો ? આંખોપર હાથ મૂકી તે ચુપ બેઠો હતો. હૃદયમાંથી બહાર નીકળવા તોફાન કરતો દુ:ખનો વેગ તેણે મોટા કષ્ટથી અટકાવી રાખ્યો હતો. તે કાંઇજ બોલતો નથી એ જોઇ સુશીલાથી ચુપ બેસાયું નહિ. પોતામાં જેટલી શક્તિ હતી તેનો ઉપયોગ કરી ડરતાં ડરતાં પૂછયું " કાંતિલાલ, તે તરફ એ ખુશીમાં છેને ? "

કાંતિલાલના હૃદયમાં એકદમ દુઃખનો ઉભરો આવ્યો. રડતો રડતો તે ત્યાંથી ઉઠયો અને બહાર ઓટલાપર જઇ એકદમ શરીર નાખ્યું. કાંતિલાલે કાંઇ પણ ઉત્તર ન આપ્યાથી સુશીલાને તેના પ્રશ્નનો જવાબ મળ્યો. તેનું હૃદય ફાટયું. મસ્તકપર જબરો પથ્થર પડયા માફક થયું. મુળમાં અશક્ત થએલી પુત્રના અને સાસુના અખંડ વિયોગથી, દુઃખથી બળતી કમનશીબ સુશીલા બેશુધ થઇ એકદમ જમીનપર પડી—તે ઘડીથી ખરેખર તે ગાંડીજ થઈ ગઈ!!

—<>—

પ્રકરણ ૩૩ મું.

પાંચ હજારપર પાણી !

સુશીલા ખરેખર ગાંડા માફક રહેવા લાગી. ચાર પાંચ દિવસમાં પાણીનું ટીપું સરખું પણ મોંમાં લીધું નહિ. શરીરપરના સર્વ દાગીના કાઢી નાખ્યા; શરીરની દરકાર ઓછી કરવા લાગી, અને ઘણા દુઃખથી તે પોતાના જીવની પણ પર્વા કરતી નહિ. તેની આ સ્થિતિ જોઇ સરલાની આંખમાંથી પણ આંસુનો એકસરખો પ્રવાહ ચાલ્યા કરતો હતો; તો પછી તેણે સુશીલાને દિલાસો શી રીતે આપવો ? સુશીલાના શરીરની સ્થિતિ બદલાઇ ગઈ; પહેલાંનું સૌંદર્ય રહ્યું નહિ; તેના મોહક ચહેરાપર હમેશાં વાસ કરનાર મૃદુ મધુર હાસ્ય નાશ પામ્યું; તેનું લાવણ્ય તેને

છતાં પણ ઠેકાણાપર આવ્યું નહિ. બળેલા ઘર સંબંધે વખતસુધી કાંઇપણ કરતાં ફાવ્યું નહિ. નવું ઘર બાંધવું એવો કાંતિલાલનો હેતુ હતો, પણ સુશીલા હરેક પ્રકારે તે વાતન કબુલ થાય નહિ. તે બોલે " મારે હવે ઘર શા વાસ્તે જોઇએ? હું કોને લઇને ઘરમાં બેસું ? "

કાંતિલાલે ઘણો આગ્રહ બતાવ્યો; સરલા અને સુંદરીએ પણ તેનું મન મનાવવા પ્રયત્ન કર્યો; ત્યારે ગાંડા માફક રડતી રડતી બોલી, હં ! બાંધો; પણ હું જઇને તેમાં પગ પણ મુકવાની નથી ! જે ઘરમાં મારી સાસુ બળી મુઈ જે ઘરમાં મારો ઈંદુ મને છોડીને ચાલ્યો ગયો. તે ઘર ગમે તો સોનાથી મઢાવી દેશો તો પણ હું તેમાં પગ મુકવાની નથી ? "

તેનું સમાધાન કરી કાંતિલાલ બોલ્યો, "સુશીલા, મારું કહેવું સાંભળ. મને તું તારો ભાઇ સમજેછેને ? મારા બોલવા તરફ લક્ષ આપ. આ ઘર તૈયાર થવા દે; પછી તને ન ગમે તો તું તેમાં રહીશ નહિ. તને કોઇ પણ આગ્રહ કરશે નહિ. અહિંયા એક નાનો બંગલો બાંધીશ– તેમાં તું રહેશે ? " સુશીલા રડતી રડતી બોલી, " મોટાભાઈ, મને હવે આટલું મોટું ઘર શા વાસ્તે જોઇએ ? અને મારા સારૂ તું આટલા કષ્ટો શા વાસ્તે વેઠે છે ? પાછો જુદો બંગલો બાંધવા પૈસા કેમ ખરચે છે ? "

" પણ હું મારા ગાંઠના પૈસા ક્યાં ખર્ચ કરૂં છું ?

શાંતિલાલના વીમાના પાંચ હજાર રૂપીઆ આવશે, તેમાંથી આ સર્વ ખરચ થશે. એ સિવાય તેના સાહેબે તને એક હજાર રૂપિયા આપ્યા છે."

સુશીલા અને સરલા બન્નેજણ આ સાંભળી રડવા લાગી. સુશીલાએ ના કહેવા છતાં પણ ઘરનું કામ શરૂ કરવામાં આવ્યું. જૂદો બંગલો માત્ર સુશીલાએ બાંધવા દીધો નહિ. કેટલાક દિવસ પછી કાંતિલાલ ઘેરે જવા નીકળ્યો. જતી વખતે તે સરલાને બોલ્યો, " મારે હવે એકવાર ઘેરે જવુંજ જોઇએ. તું હજુ થોડા દિવસ અહિંજ રહે; આગળ શું કરવાનું છે તે હું તને પછીથી જણાવીશ."

" આ ઘણું સારૂં ! હું એકલી અહિં શું કરૂં ? "

સરલા પ્રથમ આમ બોલી ખરી, પણ કાંતિલાલનો વિશેષ આગ્રહ જોઇ તે વાત તેણે કબુલ કરી. તેજ દિવસે કાંતિલાલ સુશીલાના મનનું ઘણું સમાધાન કરી સર્વની સમક્ષ બોલ્યો, " આ જો, સુશીલા, વગરફોગટનો શોક કરી તારા જીવને કષ્ટ આપીશ નહિ. આ સર્વ નશીબની રમતો છે. થવું ન થવું કોઇના હાથમાં નથી. તું ગરીભર છે; ખાધા પીધા વગર શરીરની દરકાર કર્યા સિવાય બેસી રહીશ તો તેમાં ગર્ભને નુકશાન પહોંચશે. મારે આવતી કાલે ઘેરે જવુંજ જોઇએ; ઘણું જરૂરનું કામ છે. હજુ તને એક વાત કહેવાની છે, તે એ કે, તારા પતિએ પાંચ હજાર રૂપિયાનો વીમો ઉતરાવ્યો હતો તેના આ

કાગળીયા છે; આ તું તારી પાસે રાખ. મારા આવ્યા પછી હું તેની વ્યવસ્થા કરીશ. સિવાય સાહેબે તને એક હજાર રૂપિયા આપ્યા છે, તે જૂદાજ છે.”

એમ બોલી કાંતિલાલે તે કાગળો સુશીલાની સામે મુકયાં. સુશીલાની આંખો આંસુથી ભરાઇ આવી. તે રડતાં રડતાં બોલી, આ કાગળ લઈ હું શું કરૂં ? તે તમારી પાસે ભલે રહ્યાં.”

“ નહિં, નહિં, આમ ગાંડા માફક કરીશ નહિ. તે તારી પાસે રહેલા સારા. તે તું લઇશ નહિ તો કોણ લેશે ? ”

“ મારા છેને ? તો હું લઉ છું. પણ મોટાભાઇ, મારી મરજીમાં આવશે તેવી હું તેની વ્યવસ્થા કરીશ. ”

“ તારી મરજી પ્રમાણે કરજે, પછી તો થયુંને ? ”

“ વાહ, ત્યારે શું જોઇએ ? ” એમ બોલી સુશીલાએ તે વિમાના કાગળો પોતાના હાથમાં લીધા અને જોતજોતામાં તેના કકડે કકડા કરી નાખ્યા !

“ આ શું ! ” એમ બોલી કાંતિલાલ તેને અટકાવવા સારૂ પાસે ગયો, એટલામાં સુશીલા ઉઠી અને પડેલા કાગળોના કટકા ચુલા પાસે જઇ દેવતામાં નાખી દીધા !

—✻◎◎✻—

પ્રકરણ ૩૪ મું.

સુશીલાનો વૈરાગ્ય.

સરલા અને સુંદરી એ બન્નેને સુશીલાને સંભાળવાનું કામ સોંપી કાંતિલાલ પોતાને ગામ નીકળી ગયો. સુશીલા દિવસે દિવસે વધારે ગાંડી થવા લાગી.

બે પહોર રાત થઇ હતી. જ્યાં ત્યાં ગંભીર શાંતિ જણાતી હતી; પરંતુ આ વખતે પણ હતભાગિની સુશીલાને ઉંઘનું નામનિશાન પણ નહોતું. ઘણા દિવસે આજે જરા આંખો ઉંઘથી ઘેરાયા પ્રમાણે તેને લાગ્યું અને તેજ સ્થિતિમાં તેને એક સ્વપ્ન આવ્યું. તેને લાગ્યું, " શાંતિલાલ ઇંદુને લઇને ઉભા છે, સાસુ પણ પાસે બેઠી છે, શાંતિલાલ પાસેથી સાસુ તરફ જવા ઇંદુ કુદી રહ્યો છે; પરંતુ શાંતિલાલ તેને જવા દેતા નથી."

આ સ્વપ્ન જોઇ સુશીલા પથારી પર ઉઠીને બેઠી થઇ, અને આંખો ચોળી ચારે કોર જોવા લાગી; છતાં તેને કાંઇ પણ દેખાયું નહિ. "તેની સાથેજ ગયા—મને મુકીને ગયા!!" એમ મોટેથી બુમ પાડી તે બિછાનાપર આળોટવા લાગી. આજે સુશીલાના શોકસાગરમાં પાછી ભરતી આવી. પાળ તુટી જવાથી જેમ પાણીનો પ્રવાહ જોરથી વહે છે, તેમ આજે તેનો શોક પ્રવાહ જોરથી વહેવા લાગ્યો. મધ્યરાત્રીની વખતે હૃદયને કંપાવનાર એવો સુશીલાનો વિલાપ સાંભળી સર્વે ચમકી ઉઠ્યાં.

પોતાના વીલાપથી બધાની ઉંઘ બગડી, એ જોઇ એવી દુઃખ-મય સ્થિતિમાં પણ સુશીલા જરા ઓશીયાળી થઇ અને પોતાનો શોક કબજામાં રાખી ઉંઘવાનો ઢોંગ કરી બીછાનાપર પડી રહી. સર્વને લાગ્યું કે, તે હવે થાકીને સ્વસ્થ પડી છે. પરંતુ તે વખતે જો કોઇને તેના અંતઃકરણમાં પ્રવેશ કરતાં આવડયું હોત તો દુઃસહ શોકાગ્નિથી તેનું અંતઃકરણ કેવી રીતે બળતું હતું તે તેના જોવામાં આવત. સરલા અને સુંદરીએ આવી મધ્યરાત્રીએ ફરી ફરી શોક ઉઠવાનું કારણ સુશીલાને પૂછ્યું, પરંતુ તેણે બીલકુલ ઉત્તરજ આપ્યો નહિ. સુશીલાના હૃદયમાં આજે અનેક વિચારોનું મંથન થઇ રહ્યું હતું. છેવટે તેણે આ બધી જંજાળ અને મુંઝવણમાંથી મુક્ત થવાને આત્મઘાત કરવાનો નિશ્ચય કર્યો. બીજે દિવસે છેક વહાણું વાયાના સમયમાં ઉઠી તે સુંદરી પાસે ગઇ. સુંદરી તરતજ ઉઠી બહાર આવતી હતી; મનમોહનલાલ અને તેનાં છોક-રાંઓ સુતેલાંજ હતાં. પોતાની જેઠાણીનો હાથ સુશીલાએ જોરથી પકડયો અને બોલી, " આજે મારી એક વાત તમારે કબુલ કરવીજ જોઇએ. "

સુશીલાના દુઃખથી સુંદરીના મનમાં હવે દુઃખ લાગવા માંડયું હતું. તેનું દુઃખ ગમે તે પ્રકારે ઓછું કરી પોતે કરેલા અપરાધોની યોગ્ય શીક્ષા ભોગવવાને સુંદરી હવે આતુર થઇ રહી હતી તે ચોખ્ખા અંતઃકરણથી બોલી, " શી વાત કહેવા ધારે છે? "

" એ પછી; પણ પ્રથમ તમે હું કહું તેમ કરશો એમ કબુલ કરો."

" સુશીલા, તને લાગે છે કે હું તારા કહ્યા પ્રમાણે નહિ ચાલું ?"

" જરા ઉભા રહો—" એમ બોલી તે ઘરમાં જઇ એક નાની જસતની પેટી લઇ આવી અને બોલી, " આ મારા દાગીના તમે લ્યો; ના કહેશો નહીં. તમારી છોકરીયો મોટી થાય ત્યારે તેમને આ આપજો. આ લ્યો જ; ન લ્યો તો તમને મારા ગળાના સમ છે."

" આમ ગાંડાની માફક શું કરે છે ? " એમ બોલી સુંદરી દૂર ખસી. જે સુંદરીએ એક વખત પોતાની અજ્ઞાન છોકરી પાસે સુશીલાની વાળીની દાબડી કુવામાં નંખાવી દીધી હતી, જે સુંદરીએ પ્રથમ સુશીલાને અપાય એટલો ત્રાસ આપવામાં કંઇ બાકી રાખી નહોતી. તેજ સુંદરીનું મન આજે બદલાઈ ગયું હતું. આજે તેનાં અંતઃકરણમાં સુવિચારનો સૂર્ય ઉદય પામ્યો હતો, અને તેથીજ ફક્ત એક વાળી નહિ, પણ પોતાના એકંદર કિંમતી દાગીના સુશીલા પોતે આપી દેવા તૈયાર છતાં તેણે તે લીધા નહિ. તે બોલી, " નહિ સુશીલા, ગાંડી થઇશ નહીં. અરે ! જે ઇશ્વરે તારા પર દુઃખના પર્વતો ઢાળી પાડયા છે, તેજ તને તેમાંથી મુક્ત કરશે. જગદંબાના આશીર્વાદથી તને પુત્રરત્ન પ્રાપ્ત થાવ ! અને તેમ થશે એટલે તારૂં કેટલુંક દુઃખ ઓછુંજ થશે. અને ઠગાપી શાંતિલાલ તે

આગબોટમાંથી બચી સાજા તાજા નહીં રહ્યા હોય એમ પણ શા પરથી માની શકાય ? ”

સુશીલા રીસાયા પ્રમાણે કરી મોટેથી બોલી, “ હા હા, હવે જલદી મારૂં દુઃખ સમુળગું નાશ પામશે. પણ તે આ જન્મમાં નહિ. ”

એટલું બોલી તે ચુપ થઈ ગઇ. તેના દુઃખમય અંતઃકરણમાં અનેક વિચારોએ ગુંચવણ કરી નાંખી.

“ માતા જગદંબાને ખરેખર તારી કાંઇ દયા આવશે હજી કાંઇ ધર્મ આ પૃથ્વીપરથી નાશ પામ્યો નથી. ”

“ તદ્દન ખોટી વાત છે ! હવે ધર્મ રહ્યો નથી; તે દેવ પણ રહ્યા નથી. દેવ હોત, ધર્મ હોત, તો મારૂં નશ છેક આવું કુટેલું ન હોત. ”

સુશીલા રડવા લાગી. સુંદરીને પણ આંસુ આવ્યાં શીલાનાં આંસુ પોતાના લુગડાના છેડાથી લુછી તેને સાથે દબાવી તે બોલી, “ સુશીલા, હું તારી બ્હેન ન તો પછી મારૂં સાંભળ. જરા છાની રહે. ”

“ પ્રથમ તમે મારૂં સાંભળો, પછી તમારૂં હું સાંભળીશ. ”

“ ઠીક છે બાઇ ! હું તારૂં કહેવું પ્રથમ સાં શું કહેવું છે તે કહે ! ”

“ બીજું કાંઇ નહિ; આ દાગીના લ્યો અ પરિવાર મોટો થાય એટલે તેમને આપો. હજુ એ

તે દાગીનાની પેટી હાથમાં લઇ સુંદરીએ રડતાં રડતાં પૂછયું, " હવે શું કહેવાનું કંઇ બાકી છે ? "

"હવે એક મારૂં કામ કરો. આજ ગમે તેમ કરી અમરચંદને મારી પાસે લઇ આવો. પણ તેની માને જણાવશો નહિ હો ! નહિ તો તે છોકરાને મારી તેનું ખુન કરવાને પણ તેઓ આંચકો ખાશે નહિ."

" સુશીલા આંખોપર લુગડાનો છેડો લઈ રડવા લાગી. સુંદરીએ ફરી તેના આંસુ લુછી તેનું સમાધાન કર્યું. અને તેજ દિવસે બપોરે અમરચંદને લઇ આવી સુશીલાને સ્વાધીન કર્યો. તેને ખોળામાં લઈ સુશીલા રડવા લાગી. ઘણા દિવસે અમરચંદને આજે નાની કાકીના ખોળામાં બેસવાને મળ્યું હતું. પરંતુ કાકીને રડતી જોઈ અજ્ઞાન બાળકે પોતાની કાલી કાલી ભાષામાં પુછયું " કાકી ! તું કેમ રડે છે ? "

પોતાનાં આંસુ લોઇ સુશીલા બોલી, "કોણ હું ? હું નથી રડતી. "

"તું જો રડીશ તો હું તારા ખોળામાં નહિ બેસું હો!"

"નહિ, હું રડતી નથી," એમ બોલી સુશીલા ચુપ રહી. ઘરમાંથી સાકરનો એક ગાંગડો લાવી સુશીલાએ તેના મોંમાં મૂકયો. આંખમાંથી આંસુ નીકળી તે તેના ગાલપરથી વહેતાં હતા, અંતઃકરણમાં એકપછી એક વિચારોઆવ્યા કરતા હતા, અમરચંદના મુખ તરફ જોતાં જાણે ઇંદુનું મનમોહક મુખકમલ તેની નજર સામું આવી ઉભું રહ્યું; અને તેની

સાથે એકદમ દુઃખનો ઉભરો આવ્યો. જાણે સાગર ના અપાર દુઃખમાંથી આવેલો ઉભરો શમાતો નથી, એવી તેના મનની પાકી ખાત્રી થઇ. ઘણો વખત થયા પછી તે બોલી. " અમરચંદ ! "

અમરચંદ મોઢું ફેરવી કાકી સામું જોવા લાગ્યો. સુશીલા રડતાં રડતાં બોલી, " અમરચંદ ! "

એટલું બોલી તે ફરી થોભી. એ જોઇ અમરચંદે પુછયું, " શું કાકી ? "

" તું ભણીગણી સારો હુશીયાર થાજે હો ! કોઇનું ખરાબ કરીશ નહિ, દુષ્ટ વિચારો મનમાં લાવીશ નહિ—"

એમ બોલતાં બોલતાં ફરી તે મોટેથી રડવા લાગી. એ જોઇ અમરચંદ બોલ્યો, " તું કેમ રડે છે કાકી ? તારા પેટમાં દુઃખે છે ? "

તે અજ્ઞાન બાળક અનેક પ્રકારના પ્રશ્નો કરવા લાગ્યો; પણ સુશીલા બીલકુલ બોલી નહિ. છેવટે અમરચંદ ઘણો અધીરો થયો અને પુછયું, " હેં કાકી ઈંદુ કયાં ગયો ? "

કમનશીબ સુશીલાએ માથપર હાથ મુકયો અને ' મારો ઈંદુ કયાં ગયો ? ' એમ બોલી તે વિચાર કરતી બેઠી.

પ્રકરણ ૩૫ મું.

આત્મહત્યા કે વંશચ્છેદ ?

શોકથી, દુઃખથી અને ગઇગુજરી વાતોની અસહ્ય વેદનાથી અભાગી સુશીલાએ કોઈ પણ ઉપાયથી આત્મહત્યા કરવાનો પક્કો નિશ્ચય કર્યો. મૃત્યુનો ભયંકર વિચાર કરતી કરતી તે સુંદરી પાસે ગઇ. તેની ભયભરેલી સ્થીતિ જોઇ સુંદરી ગભરાઇને પૂછવા લાગી, " સુશીલા, આજે તું આવી કેમ દેખાય છે ? "

અર્ધ ગાંડી થએલ સુશીલા ઉત્તર ન આપતાં ઉતાવળ કરી બોલી, " સુંદરી, આજે મારૂં ને તમારૂં આ છેવટનું ભાષણ છે ! "

" છેવટનું ભાષણ ! નહિ. નહિ, આવા અશુભ શબ્દોનો મોઢેથી ઉચ્ચાર કરશો નહિ ! "

" ઠીક ત્યારે, હું તમારી સાથે નથી બોલતી. " એમ બોલી સુશીલા ત્યાંથી જવા લાગી. તેનો નિશ્ચયભરેલો વિચાર જોઇ સુંદરી ભયભીત થઇ ગઇ; અને પછવાડેથી જઇ તેના લુગડાનો છેડો પકડી તેને રોકી. અને હળવેથી બોલી, " સુશીલા; તું આમ ગાંડા માફક કરીશ નહિ; મારૂં સાંભળ, નારા દાગીના લીધા એટલે તું મારૂં સાંભળશે એવું તેં કાલે કબુલ કર્યું હતુંને ? મેં તારૂં સાંભળ્યું. હવે તારે મારૂં

સાંભળવું જોઇએ. આજ સુધી તું ખોટું બોલી નથી તો પણ મારૂં સાંભળવાની કે નહિ ?"

"શું–શું ?" સુશીલાએ પુછયું.

સુંદરીએ સુશીલાનો હાથ પકડ્યો અને બોલી, "પણ તું સાંભળીશને ?"

"હા સાંભળીશ."

"તો પછી તારા મનમાં જે હોય તે મને ચોખ્ખું કહે વારૂ !"

"મારા મનમાં ? મારા મનમાં શું હોય ?"

"તો પછી તું આમ કેમ કરે છે ? ખાતી નથી, પીતી નથી, રાત દિવસ ચોવીસે કલાક અપવાસ કરે છે; કોઇ વખત જોરજુલમથી જમવા બેસે તો ગમે તેવા બે ચાર કોળીયા ખાધા ન ખાધા એમ કરે છે, અને આઠે પહોર ચિંતામાં ને ચિંતામાં બેસી રહે છે. તારા શરીર સામું જો, તેની કેવી દુર્દશા થઇ છે ? પાંચ હજાર રૂપીઆના કાગળો ફાડી તોડી ચુલામાં નાખી દીધા અને તે બીચારા સાહેબે આપેલા પૈસાનો પણ તેવોજ નિકાલ કર્યો, એ તેં શું ધાર્યું છે વારૂ ? જરા વિચાર કર !"

અહીં એક વાત કહેવી જોઇએ કે, સ્માઇલ સાહેબે આપેલા હજાર રૂપિયા સુશીલાએ કાંતિલાલને સ્વાધીન કરી તે આંધળા, પાંગળા, અનાથ, અપંગ અને તેજ પ્રમાણે માતા પિતા વિનાના છોકરાંઓને આપી દેવાને કહ્યું હતું.

સુંદરીનું બોલવું સાંભળી સુશીલા આંખો ફેરવી મોટા સ્વરથી બોલી, " જવાદો; ચુલામાં પડવાદો; મારે હવે આ શરીર અને તે પૈસાને શું કરવું છે ? હું હવે સર્વ પરવારી બેઠી છું."

સુંદરી જરા મોટા અવાજે બોલી, " સુશીલા, આમ કરીશ નહિ. તારા મનમાં શું છે તે કહી દે. આવો ત્રાસ આપવો સારો નથી ! "

સુશીલાએ કાંઇજ ઉત્તર આપ્યો નહિ. તેની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. સુંદરીએ તેને છાતી સાથે દાબી અને તેનાં આંસુ લુંછી નમ્ર સ્વરથી બોલી, " મારી પાસે છાની વાત કહેવાને તારો મ્હારાપર બીલકુલ વિશ્વાસ નથી એમ લાગે છે. વિશ્વાસ કેમ હોય ? ગમે તેટલું તોપણ મેં તને ઘણાં કષ્ટો આપ્યાં છે. દુષ્ટ લોકોની સંગતીએ લાગી મેં તને ઘણી વખત અપશબ્દો પણ સંભળાવ્યા છે. અમારા લીધે તો તારો આ સર્વનાશ થયો છે. અમે જો સારા માર્ગે ચાલ્યા હોત તો શાંતિલાલ શા સારૂ ઘર છોડી દૂર દેશ ગયો હોત ? અને પછી આવો પ્રસંગ તારાપર શા વાસ્તે આવ્યો હોત ? આ પાપોનાં ફળ અમને કેવાં ભોગવવાં પડશે, તે ઇશ્વરને ખબર !"

સુંદરી મોટેથી રડવા લાગી. થએલી વાતોનું સ્મરણ થતાં તેના અનુતાપથી તેનું અંતઃકરણ બળવા લાગ્યું. સુશીલા પણ રડતી હતી. તે બોલી, " ગમે તેવું શું બોલો છો ? તેમાં તમારો શો અપરાધ છે ? થવાનું હોય તેમ થયાજ કરે છે; તેમાં નથી; શું કહો છો ? તમારાપર મારો વિશ્વાસ

નથી ? તમે આ દુઃખની વખતે મને જે મદદ આપી છે તે હું હમણાંજ ભુલી ગઇ ? જે દિવસે ઘરબાર બળી રખ્યા થઇ ગઈ તે દિવસે તમેજ અમને બચાવ્યાં છે, તમારાજ ઘરમાં અમને પગ મુકવાનો આધાર મળ્યો. મારો સોના જેવો ઇંદુ, સાસુ તમારા જ ઘરમાં—"

સુશીલાનો કંઠ ભરાઈ આવ્યો. બન્ને રડવા લાગ્યાં. સમાધાન કરવાને પાસે કોઈજ નહોતું. બન્ને ઘણો વખત રડ્યા પછી સુશીલા ગાંડા જેવી થઈ મોટેથી બોલી, " તમારો મને વિશ્વાસ નહિ આવે તો પછી કોનો આવશે ? મને સગી બ્હેન નહોતી, તે ઘર બળ્યું ત્યારથી મને મળી; તો તમારા પર મારો કેમ વિશ્વાસ નહિ હોય ? "

સુંદરીનું અંતઃકરણ આજે શોકથી અને તાપથી ભરાઇ ગયું હતું. સુશીલાનું આ ભાષણ સાંભળી તેનામાં ઉમરો આવ્યો. પ્રથમ કરતાં પણ વધારે દુઃખ પામી તે રડવા લાગી. સુશીલા પોતાના આંસુ લોહી મૃદુસ્વરથી બોલી, " મારા મનમાં શું છે તે તમારે સાંભળવું છેને ? સાંભળો, પણ જો પછી કોઈની પાસે બોલશો તો કામમાં નહિ આવે. સરલાને પણ આ વાત જણાવશો નહિ. "

સુંદરી આંસુથી ભરેલ નેત્રોવડે સુશીલા સામું જોવા લાગી. સુશીલા રડતાં રડતાં બોલી, "સુંદરી, મારા મનમાં શું છે તે હું તમને કહુંજ કે ? મારા મનમાં હવે શું હોય ? મારૂં કપાળ !–બીજું શું ? અત્યાર સુધી મેં ઘણીજ ધીરજ રાખી.

પણ હવે મારાથી આ કષ્ટો સહન થઇ શકતાં નથી. માટે મેં એવો વિચાર કર્યો છે કે સુંદરી હવે હું કોઇનું પણ સાંભળવાની નથી તેમ કોઇનાથી પણ ડરવાની નથી. આજના દિવસમાં હું મારા જીવનનો ખેલ પૂર્ણ કરીશ. ક્યાંસુધી સહન કરવું ?"

સુશીલા ચુપ થઈ. તેનું આ ભાષણ સાંભળી સુંદરી કપાળપર હાથ મુકી હેઠે બેઠી. તેનું મગજ ફરવા લાગ્યું. રડતાં રડતાં સુશીલાના બન્ને હાથ પોતાના હાથમાં ઝાલી તે બોલી, "બેન આવા અશુભ શબ્દો બોલીશ નહિ ! જેણે તને અપાર દુ:ખમાં ધકેલી દીધી છે, તેજ તને આમાંથી પણ સારા દિવસો દેખાડશે. આટલું કરીને પણ જો તું મારૂં કહ્યું નહિ માને તો યાદ રાખજે કે તારીજ પાછળ હું પણ કુવામાં પડી જીવ આપ્યા વગર રહેવાની નથી. આ હું તારા ગળાના સોગન ખાઇને કહું છું."

"એટલે ? પણ સુંદરી, તને એવું કયું સંકટ પડયુ છે ?" સુશીલા ચમકી.

"તું અમારી માયા તરછોડીને જવા તૈયાર થઇ છે; તો મારે પણ જીવીને શું કામ છે ? મારાં છોકરાં એ તારાં છોકરાં નહિ કે ? ચંપાને મેં તને આપી છે. તું આજથી તેની મા. હવે તેને છોડી તું જાઇશ કે ? તેના સારૂ તને કંઇજ લાગણી નથી કે ? આવી નિર્દય ન થા."

"તેને જોઇને તો હું ગાંડી થઇ જાઉં છું; અને મારો જીવ પણ અણગમતો થઇ પડે છે. તો પણ સુંદરી, તું તારા

હાથથી તેને મને સોંપ; એટલામાં ચંપા રડતી રડતી મા પાસે આવી અને માને રડતી જોઈ તેના ગળામાં બાથ ઘાલી તે પણ રડવા લાગી. સુંદરીએ તેને ઉંચકી સુશીલાના ખોળામાં મુકી અને રડતા સ્વરે બોલી; " આ મારી ચંપા તને આપી છે; હવે તને જેમ લાગે તેમ કર. "

ચંપાના મુખકમલનું સુશીલાએ રડતાં રડતાં ચુંબન લીધું. સ્નેહરસથી તેનું હૃદય ભરાઇ આવ્યું. આત્મહત્યા કરવાનો તેનો નિશ્ચય ડગમગવા લાગ્યો. એટલામાં સુંદરી કાંઇ વિચાર કરી નમ્ર સ્વરે બોલી, " અને સુશીલા તું ગરોદર છે એ વાત તદન ભુલી ગઇ લાગે છે ! તું આપઘાત કરીશ તો આત્મહત્યાનું અને તેની સાથે બાળહત્યાનું ઘોર પાતક તને લાગશે. તારા પતિનો તુંજ આવી રીતે વંશચ્છેદ કરવાની કે?"

" પતિનો વંશચ્છેદ? મને કષ્ટ થાય એટલા સારૂ હું પતિનો વંશછેદ કરવા તૈયાર થાઉં ? નહિ ! નહિ, ખરેખર હું ગાંડીજ થઇ છું ! આ વખતે મારા જીવનું ગમે તેમ કરવાનો મને અધિકારજ નથી ! "

પતિનો વંશચ્છેદ કરવાનું પાતક પોતાને માથે લેવાનું સુશીલાને મન થયું નહિ; અને આત્મહત્યા કરવાનો વિચાર તેણે છોડી દીધો !



પ્રકરણ ૩૯ મું.

પાપીને યોગ્ય શાસન.

સુશીલાપર એક પછી એક આવતાં સંકટો જોઇ મકનજીના પાષાણ રૂપી હૃદયમાં દયાનો જરા પણ પ્રવેશ થયો નહિ; પરંતુ એટલામાં તેના જાણવામાં આવ્યું કે સુશીલા સારૂ શાંતિલાલે પાંચ હજાર રૂપિયા મોકલેલા છે, તે સાંભળતાંજ તેણે પોતાનું પૂર્વરૂપ ધારણ કર્યું. તેને સર્વ સ્થાવર મિલકત મળે એવી બાબતનું એક ખોટું મૃત્યુપત્ર મકનજીએ તૈયાર કરેલું વાચકોના ધ્યાનમાં હશેજ. મૃત્યુપત્ર હવે જાહેરમાં મૂકવાને તે અધિરો થયો. શાંતલાલ મરી ગયો, તેને એક છોકરો હતો તે તેની પહેલાંજ મરી ગયો, અને સુશીલા તો ગાંડી થઇ હતી. મનમોહનલાલ હાલમાં જો કે મકનજીના કહેવા પ્રમાણે ચાલતો નહોતો, તો પણ તે તેના વિરૂદ્ધ પણ નહોતો. તેનું મોઢું બંધ કરવું વધારે મુશ્કેલીભરેલું નહોતું. તેથી હવે એ મૃત્યુપત્ર બહાર કાઢવાને આ લાગ સારો હતો. ફરીથી આવો સુયોગ આવવાનો નથી; કારણ સુશીલા ગરોદર હતી તેની તેને ખબર હતી; કદાપી તેને છોકરોજ થયો, તો પછી એક હરકત ઉભી થશે. ગામના ભાણુનો છોકરાનો પક્ષ પકડશે; તો પછી નાઇલાજ તે મૃત્યુપત્રનો નીકાલ કરાવી લેવો, એવો મકનજીએ વિચાર કર્યો. વકીલની સલાહ લઇ તેણે મૃત્યુપત્ર બહાર લાવવામાં બીજીજ યુક્તિ લડાવી. જમીનની ઉપર

બાકી વાસ્તે તેણે એક ખેડુતપર દીવાનીમાં દાવો કર્યો. ખેડુત બાકી આપવાને કબુલ હતો; પરંતુ એકલા મકનજીનેજ આપવાને તેણે ચોકખી ના પાડી. તેનું કહેવું એમ હતું કે, મકનજી એકલાનેજ દાવો કરવા અધીકાર નથી. મનમોહનલાલ અને શાંતિલાલની સ્ત્રી એમનો પણ આની અંદર ભાગ છે. તે ઉપરથી મકનજીએ પોતાનો હક સાબીત કરવા વાસ્તે તે મૃત્યુપત્ર કોર્ટમાં રજુ કર્યું. આ મૃત્યુપત્રની બાતમી તરત ચારે તરફ ફેલાઈ. ધીરેધીરે તે કાંતિલાલના કાનપર ગઈ. કાંતિલાલ આ વખતે એક અગત્યના કામમાં રોકાએલો હતો; પરંતુ સુશીલાનું વિના કારણ નુકશાન થવા દેવું નહિ અને દુષ્ટબુદ્ધિ મકનજીને સારી શીક્ષા મળે, એવા વિચારથી વાર ન લગાડતાં તે તરત નીકળી આવ્યો અને તે મૃત્યુપત્ર ખોટું ઠરાવવા પુરાવો મેળવવાની ખટપટ કરવા લાગ્યો; એ જોઈ મકનજી ગભરાવા લાગ્યો.

મકનજીના ખરાબ વર્તનને લીધે ગામમાં તેનો પક્ષ તાણે એવું કોઈ નહોતું. કોઈ પણ તેને મદદ કરવા આવે એમ નહોતું. 'તેનાજ લીધે શાંતિલાલ પોતાનો દેશ છોડી પરદેશ ગયો અને છેવટ ખોઈ બેઠો; શાંતિલાલના ઘરને આગ લગાડી તેનો નાનો છોકરો અને સ્ત્રી, એમનો અંત લાવનાર પણ એજ હતો.' એવી વાતો સર્વના મુખમાંથી નીકળવા લાગી. એટલામાં 'પણ' આ ખોટું મૃત્યુપત્ર તૈયાર કરી મનમોહનલાલ અને [illegible] [illegible] તેમનું ખૂન કર્યું છે; એ વાત આખા ગામમાં ફેલાઈ ગઈ. સર્વ કોઈ તેની નિ[illegible]

માં, [illegible], અને દેવળોમાં, આજ વિષયની [illegible] મકનજીને ઠુચ્ચો, આપમતલબી, [illegible] ગાળો આપવા લાગ્યા; " પ્રત્યક્ષ [illegible] જીવ લેવા જે તૈયાર થયો, તે શું ન ? એમજ તે ઉઘાડે મોઢે બોલવા લાગ્યાં. " કાંતિલાલે નપર લીધું છે, તો હવે મકનજીના બાર વાગ્યા વગર રહેવાના થી. હવે ખાત્રીથી કહો, બેડીયો હાથ પગમાં પડવાની ! " ામ પણ કેટલાક બોલવા લાગ્યા.

મકનજી તરફથી સાક્ષી આપવાને કોઈ પણ સદ્‌ગૃહસ્થ ાગળ આવ્યો નહિ, પણ કાંતિલાલે ભરપૂર પુરાવો આપી વું સિદ્ધ કર્યું કે, " જે દિવસે મૃત્યુપત્રપર સુળચંદ શેઠની હી થયાનું મકનજી કહે છે, તેને આગલે દિવસે અગર તેને ીજે દિવસે પણ સુળચંદ શેઠ અંહિજ નહોતા. તે તારીખે ત્નગીરીની કોર્ટમાં તેમની સાક્ષી થએલી છે. અહીંથી રત્ન-ગીરી જવાને ઓછામાં ઓછા બે દિવસ તો જોઇએ, અર્થાત્ ુળચંદ શેઠ તે દિવસે અહિં નહોતાજ અને આ મૃત્યુપત્રપર ેમણે સહી પણ કરેલી નથી."

કોર્ટને મકનજીપર ઘણો ગુસ્સો ચઢ્યો. તેને એકલાને બાવી ફર્યાદ કરવાનો અધિકાર નથી એમ ઠરાવી તેનો દાવો કાઢી નાખવામાં આવ્યો ને ખોટું મૃત્યુપત્ર તૈયાર કર્યા બાબત તેનાપર ફોજદારી કોર્ટમાં ફર્યાદ કરવાની પરવાનગી આપવામાં આવી.

પ્રકરણ ૩૭ મું.

મકનજીને કેદની શિક્ષા !

મકનજીપર ફોજદારી કોર્ટમાં ફરીયાદ થવાની, એ સાંભળી સર્વને ઘણો સંતોષ થયો. તેણે આજસુધી ઘણાનાં ઘર માર્યાં હતાં, ઘણાને દુઃખ આપ્યું હતું. અડચણના પ્રસંગે આપેલા પાંચ રૂપીયા કરજને બદલે પચાસ રૂપીઆ વ્યાજ ખાઇને પણ મુદ્દલરકમ સારૂ કેટલાક ગરીબ ઇસમો ઉપર દાવા કરી તેમનાં ઘરબાર હરરાજ કરાવી છોકરાં છૈયાંને રઝળતાં મુકાવ્યાં હતાં. કેટલાક પર તો ખોટી ફર્યાદો કરી હતી. ત્યારે હવે તે પોતેજ જ્યારે પેચમાં આવ્યો, ત્યારે તેને જોઇ ઘણાને સંતોષ થાય એમાં કશું નવાઇ જેવું નહોતું. મકનજી સંકટમાં પડેલો જોઈ તે ગામમાંના અગર તો આસપાસના ગામમાંના લોકોમાંથી કોઈએ પણ તેને મદદ આપવા કબુલ કર્યું નહિ, પણ તેઓ તેની નિંદા કરવા લાગ્યાં.

કોઈ કહેતા, " અરે! પાપ તે કેટલા દિવસ છાનું રહી શકે ? દેવને ત્યાં કાંઇ ન્યાય છે કે નહિ ? " કોઇ કહેતા, "જુઠાના કપાળમાં છેવટે ડામજ હોય ! બહાદુરે કેવી ચાલાકી કરી હતી ? મૃત્યુપત્ર તૈયાર કરી તે પર બાપના નામની ખોટી સહી કરી સાક્ષી પુરાવા જ્યાં ત્યાં ચોક્કસ કરી રાખ્યા હતા. પણ કેવી મજાહ થઈ જુઓ ! તેના પગ તેનાજ ગળામાં આવ્યા. એક તારીખ પર સર્વ બાજી બગડી ! ઈશ્વરની લીલા અગાધ

છે, એ કાંઇ ખોટું નથી. " કોઇ કહેતા, દુનિયામાંથી ધર્મ છેકજ નાશ પામ્યો નથી; એક હાથે કરવું ને બીજા હાથે ભોગવવું ! તે દિવસે હું કોર્ટમાં સાક્ષી સારૂ ગયો હતો. ત્યાં એક મોટા વકીલે મને કહ્યું કે આ કામમાં મકનજીને જન્મ-કેદની શીક્ષા થશે ! જેવું કરવું તેવું ભોગવવું ! દુષ્ટ, ચાંડાળ ! પ્રત્યક્ષ જેને પેટે જન્મ લીધો તેને જીવતી બાળી નાખી, તે ચાંડાળને ગમે તેટલી સખ્ત શીક્ષા થાય તો પણ તે થોડીજ છે ! ડોશીનો શ્રાપ હવે ભોગવ." આ પ્રમાણે જે તે મનમાં આવે એમ બોલી મકનજીને ગાળો આપવા લાગ્યા.

સુશીલાના સમજવામાં જે વખતે આવ્યું કે હવે મકનજી ખાત્રીથી કેદમાં જશે, તે વખતે તે બીચારીને ઘણું ખોટું લાગ્યું. મકનજી તરફ તેની લાગણી નહોતી; તો પણ તેનાં નાનાં છોકરાં અને જડાવને જોઇ તે દુ:ખી થવા લાગી. દુ:ખનો તેને પુરો અનુભવ હતો; તેથી પ્રત્યક્ષ શત્રુનું દુ:ખ જોઇને પણ તેનું કોમળ અંત:કરણ દુ:ખી થતું હતું. મકનજીને આમાંથી બચાવવા સારૂ કાંતિલાલને તેણે ઘણો આગ્રહ કર્યો; પણ કાંતિલાલે તે કબુલ કર્યું નહિ. તે બોલ્યો " આવા અધમાધમ રાક્ષસોને યથાયોગ્ય શાસન થાય નહિ તો, સારા મનુષ્યને આ દુનિયામાં રહેવું સંકટરૂપ થઇ પડે. આ વખતે તેને સારી શીક્ષા કરાવ્યા વગર હું જંપીને બેસવાનો નથી. તને આ બાબતમાં કાંઇ ખબર નથી, અને આ બાબતમાં તારે મને આગ્રહ પણ કરવો નહિ. "

તો પણ સુશીલાએ પોતાનો આગ્રહ છોડયો નહિ. તે

ઉપયોગ થયો નહિ. સરકારી વકીલે એવો કોઇ સપ્રમાણ પુરાવો આગળ મુકયો કે, અપરાધીપણા માટે જડજસાહેબની પૂર્ણ ખાતરી થઇ. જ્યુરીએ એકમતે તેને અપરાધી ઠરાવ્યો. જડજ સાહેબે તેને સાત વર્ષની સખ્ત મજુરીની શીક્ષા આપી. તેની સાથેજ પોલીસના લોકોએ તેને બેડીયો ઠોકી અને તુરંગખાનામાં લઇ ચાલ્યા. મૃત્યુપત્ર કરવાના કામમાં તેને મદદગાર થનાર તેનો સાળો નથ્થુશા, એને પણ બક્ષીસ દાખલ એક વર્ષની સખ્ત મજુરીની શીક્ષા આપવામાં આવી !



પ્રકરણ ૩૮ મું.

પાપનું પ્રાયશ્ચિત !

પાસે હતું તે સર્વ ગુમાવ્યા છતાં મકનજી જેલમાંથી છુટયો નહિ તે નહિજ ! પાસે રોકડ હતી તે ગઇ, જડાવના શરીરપરના દાગીના પણ ગયા અને તે શિવાય ત્રણ ચાર હજાર રૂપીઆનું માથાપર કરજ ઉભું થયું. મકનજીએ પાકો નિશ્ચય કર્યો હતો કે, એકવાર આ કેસમાંથી છુટો થયો એટલે મારા દેણદારોપર દાવા કરી ધીરેલા પૈસા વસુલ કરવા અને પ્રથમ લોકોના આ દેવામાંથી છુટા થવું. પરંતુ આ તેનો વિચાર મનમાંજ રહ્યો. જડજ સાહેબે તેને અપરાધી ઠરાવી સાત વર્ષની સખ્ત મજુરીની શિક્ષા કરી. પોલીસના લોકો તેના હાથ પગમાં લોઢાની બેડીયો ઠોકવા લાગ્યા. તેની સાથેજ મકનજી

દેહભાન ભુલી ગયો. આંતરક અંધારૂં દેખાવા લાગ્યું. પોલીસના લોક આપણને ધકકા મારી કેદખાના તરફ લઇ જાય છે, એ પણ કેટલાક વખત સુધી તેના ધ્યાનમાં આવ્યું નહિ. જ્યારે તેનું મન ઠેકાણાપર આવ્યું ત્યારે માત્ર તેને ઘણી શરમ આવવા લાગી, 'રસ્તામાં જનાર આવનાર લોકો આપણને ઓળખી આપણા તરફ આંગળી કરી તિરસ્કાર બુદ્ધિથી હસે છે.' એવું તેના જોવામાં આવ્યું. જોતજોતામાં મકનજી કેદખાનાના દરવાજા પાસે આવી પહોંચ્યો. ત્યાં ખભાપર બંદુક લઈ એક ઊંચો પુરૂષ ખડો રહી પેરો ભરતો હતો. તેનો ભયંકર દેખાવ જોઈ મકનજીને તે પ્રત્યક્ષ યમપુરીનો યમરાજ હોય એવો ભાસ થવા લાગ્યો. ભયથી તેનું હૃદય થર થર ધ્રુજવા લાગ્યું. તેનો ભય વધારવાના હેતુથી કે કોણ જાણે પણ યમદૂત જેવા ત્યાંના પહેરાવાળાઓના મર્મભેદક શબ્દોથી તેનું તાડન કરવા મકનજીનો પોશાક તરતજ બદલવામાં આવ્યો. ભપકાબંધ ઘરનું અંગરખું, ગુલાબી પાઘડી, મલમલનું ઝીણું ધોતીઉં, ચેકના બુટ, નાગપુરી ખેસ, એ સર્વ લઇ ખાદીનો જાડો ચોરણો, એક તેવોજ કબજો, એક ટોપી અને એક કામળો તેને અર્પણ કરવામાં આવ્યો. આ નવીન પોષાક ધારણ કરી પગમાં અવાજ કરતી બેડીયો સાથે મકનજી કારાગૃહમાં પેઠો. આ પછીથી તણે કરેલા પાપના પસ્તાવાનો આરંભ થયો.

આખી રાત આંખ સાથે આંખ પણ મળી નહિ. તે અઘોર રાત્રીએ જ્યાં ત્યાં નિદ્રાનો અમલ જોરથી શરૂ થયો, છતાં મકનજી અંધારી કોટડીમાં બીછાનાને બદલે ફાટેલી તુટેલી

કામળીપર ઉભો થયો. તેને બહાર જવાની જરૂર પડી; પરંતુ આ વગર ભાડાના સરકારી બંગલામાં પગલું ભરતાં આપણી સ્વતંત્રતાને પ્રથમ સમુળગી રજા આપવી પડે છે. એનો તેને હજુ અનુભવ નહોતો. તે મોટા કષ્ટથી ભીંતોપર હાથ ફેરવતો ફેરવતો તે અંધારી કોટડીના દરવાજા પાસે ગયો; પરંતુ જુએ છે તો તે મજબુત વાસેલો દીઠો. એટલે બહાર જવાના વિચારને તેને ત્યાંજ રજા આપવી પડી. તે અંધારામાં માથા પર હાથ મુકી બેઠો. તેનું અંતઃકરણ ચિંતા સાગરમાં ડુબકીયો મારવા લાગ્યું. ઘરના વિચારોએ અંતઃકરણમાં શોર મચાવી દીધો, અને તે ઘણા દુઃખથી કાયર થઈ રડવા લાગ્યો.

" બૈરાં છોકરાંની શી દશા થશે ? તેમની ખબર–અંતર કોણ લેશે ? તેમનું ભરણ પોષણ શી રીતે થશે ? આ સાત વર્ષો કેમ જશે ? એક બે દિવસ નથી ! વર્ષ બે વર્ષની પણ વાત નથી ! સાત સાત વર્ષ ! આ જવાનાં શી રીતે ? "

જડાવની પાસે એક પૈસો પણ નહોતો, એ વાતની મકનજીને ખબર હતી. લોકો તરફથી માગતા પૈસામાંથી કોઇ આપશે તેની તો આશાજ નહોતી. આ સાત વર્ષમાં તે સર્વ પૈસા ડુબવાના, એ પણ તે સમજતો હતો; સિવાય એક વાતથી તો મકનજીની સ્થીતિ ગાંડા માફક થઇ ગઇ હતી. આ મૃત્યુપત્રના સપાટામાંથી છુટવા સારૂ તેણે ઘરબાર, ખેતર, જમીન, વગેરે જે કાંઈ હતું તે ઘરાણે મુકી ત્રણ ચાર હજાર રૂપીઆનું દેવું કર્યું હતું, તે કરજ હવે શી રીતે વાળવું ? મુદતમાં કરજનો

નિકાલ આવશે નહિ તો સાવકાર દાવો કરી બાયડી અને છોકરાંને હાંકી કાઢી, સર્વ બધાવી પાડવાને ચૂકશે નહિ, એ બાબતનો તેને પોતાનેજ અનુભવ હતો, આ મોટી ચિંતાથી મકનજીનું અંતઃકરણ અસ્થિર થયું. તે પોતાનાજ મન સાથે મોટેથી બોલ્યો, "હાય! હાય! મારી બાયડી, મારાં સોનાં જેવાં છોકરાં, એમને ઘરમાંથી બહાર નીકળવાનો વખત આવશે અને દેશોદેશ ભીખ માગવી પડશે! રસ્તાપરના અનાથ ભીખારી પ્રમાણે તેમની દશા થશે!"

'બેરાં છોકરાં ભીખ માગવા લાગશે.' આ હૃદયભેદક વિચાર મનમાં આવતાંજ તેને શાંતિલાલની મૂર્તિ યાદ આવી. તેના રોમાંચ ઉભા થયા. અંધારી કોટડીમાં ભયંકર અંધારામાં પણ તેની નજર સામે એક બીજી મૂર્તિ ઉભી રહ્યાનો તેને ભાસ થયો. તે તેની માની-વૃદ્ધ હીરાની અર્ધદગ્ધ થએલ મૂર્તિ હતી. તે મનઃકલ્પિત મૂર્તિ જોઇ મકનજી બીકથી ગભરાઇ ગયો. ત્યાંથી તે તરફડીયાં મારતો ઉઠયો અને બીજી તરફ જવા લાગ્યો; પંરતુ તે ભય ઉપજાવે એવી મૂર્તિ તેની છેક પાસે આવતી હોય એવો તેને ભાસ થવા લાગ્યો. તેથી બેશુધ થઇ અંધારી કોટડીની ભીંતપર જોરથી પછડાયો. તેની સાથેજ ભીંતમાં મારેલ એક ખીલો તેના માથામાં વાગી જવાથી એક મોટો ઘા પડ્યો અને તેમાંથી રકત વહેવા લાગ્યું. તેનો કમજો અને ચોરણો રકતથી ભીંજાઇ ગયા. મકનજીના જાણવામાં આ બીલકુલ આવ્યું નહિ. ઘણા વખત પછી તે શુદ્ધિપર આવી બેઠો થયો

અને ફરી પોતાના નશીબને દોષ આપવા લાગ્યો. પોતાની નિંદા પોતેજ કરવા લાગ્યો.

" આ ઘાતકી પૈસાનો લોભ કરી મેં મારે હાથેજ મારા પેટમાં છરી મારી છે. હું ન્યાયથી ચાલ્યો હોત તો આજે મારી આવી દશા થઇ ન હોત. આ પૈસાના લોભમાં પડી મેં શું નથી કર્યું ? વૃદ્ધાવસ્થામાં પિતાજીને અગણીત કષ્ટ આપ્યું—સગા ભાઇને પરદેશ નસાડ્યો-તે દૂર દેશમાં મારા વડેજ બીચારો પ્રાણ ખોઇ બેઠો-પોતાની માતાના શરીરપર હાથ ઉગામવાને પણ મને પાપીને શરમ આવી નહિ-છેવટે ઘરને આગ લગાડી ! પ્રત્યક્ષ નવ માસ કષ્ટ વેઠી જન્મ આપનાર માતાને મેં હરામખોરે બાળીને મારી નાખી ! હું કેવા ભયંકર નર્કમાં જઇશ ?—ઇશ્વર ! મને ક્ષમા કર ! મેં માતૃવધ કર્યો છે-ભ્રાતૃવધ કર્યો છે-ભાઇના તે નિરપરાધી છોકરાની હત્યા પણ મારાજ શીરપર છે—મારા આવા ઘોર પાતક માટે પ્રાયશ્ચિત પણ શું હોઇ શકે ? અરેરે ! જે પૈસાના લોભે હું આ નીચ કર્મો કરવાને તૈયાર થયો તે પૈસો પણ હવે ક્યાં છે ? ઉલટું લોકોનું દેવું માથાપર થયું છે અને આ દેવા સારૂજ મારી સ્ત્રી તથા છોકરાંઓ ઘરબાર વગરના થઇ પડશે. બીચારાં અન્ન અન્ન કરતાં ઘેર ઘેર ભીક્ષા માગતાં ફરશે ! આજ મારો શાંતિલાલ હોત તો ખરેખર આટલું દુઃખ મને ભોગવવું પડત નહિ. પરંતુ મેંજ દુષ્ટે તેને પરદેશ રવાના કર્યો-હુંજ તેના મૃત્યુનું કારણ થયો ! મારા આ લોભથી મારો સર્વ પ્રકારે નાશ થયો છે. "

ભીંતપર માથું મુકી મકનજી પોકેપોક મુકી રડવા લાગ્યો. તેજ અવસ્થામાં તેને સાધારણ ઊંઘ આવી. તેને ભયંકર સ્વપ્ન આવ્યું. અગ્નિની પ્રચંડ જ્વાળામાં તેની માની અર્ધદગ્ધ મૂર્તિ ઉભી છે, એમ તેણે જોયું. તેની જમણી બાજુએ લાલ, કાળા, ધોળા, પીળા એવા અનેક તરેહના ચિત્રવિચિત્ર રંગના હજારો સર્પો પોતાની ભયંકર ફેણો ઊંચી કરી મકનજી તરફ એક સરખા જોઇ રહ્યા હતા અને ક્રોધથી ચીડાઇ જઈ ફેં ફેં કરતા હતા. માની ડાબી બાજુએ મસ્તક વગરના કાળા રંગના અને જાડા એવા કેટલાક ઇસમો હાથમાં સળગતાં લાકડાં લઇ મકનજીને મારવા સારૂ લાગ જોઇ બેઠા હતા. તેની માની તે અર્ધદગ્ધ મૂર્તિએ તે જ્વાળામાંથી મકનજી તરફ આંગળી દેખાડતાં તે હજારો ભયંકર સર્પો ચીડાઇ જઇ તેના શરીર તરફ દોડયા અને તેને ડંસવા લાગ્યા. ને મસ્તક વગરના માણસો પણ પોતાના હાથમાંના સળગતાં લાકડાંથી તેને મારવા લાગ્યા. મકનજી ભયભીત થઇ મોટેથી બુમો પાડવા મંડયો. તેની બુમો સાંભળી પહેરાવાળા ફાનસ લઇ દોડતા આવ્યા અને દરવાજો ઉઘાડી મકનજીને બુમો પાડવાનું કારણ પૂછવા લાગ્યા. મકનજીની છાતી ધડ ધડ ઉછળતી હતી. શરીરે પસીનો આવ્યો હતો. તેના મ્હોંમાંથી બીલકુલ શબ્દજ નીકળે નહિ. ફાનસના અજવાળાથી સીપાઇઓ તેની ઓરડીમાં આમતેમ જોવા મંડયા. છેવટે મકનજીના કમરની અને ચારણાની પાછળની બાજુ રક્તથી પલળેલી તેમના જોવામાં આવી. દરજુખી મકનજીના માથામાંથી રક્ત વહેતું હતું.

"આ લોહી શી રીતે નીકળ્યું ?" મકનજીને પહેરાવાળાએ પ્રશ્ન કર્યો. પોતાનો ખરડો રક્તથી ભરેલો છે, એ જોઇ મકનજી ઘોટાળામાં પડયો. ભીંતપર માથું પછડાયાની તેને શુધજ નહોતી. "ક્યાંથી આ રક્ત આવ્યું ! ખરેખર, મને તે સર્પ કરડયો કે શું ?" મકનજી વિચારમાં પડયો.

મકનજી કાંઇજ ઉત્તર આપતો નથી એ જોઇ સિપાઇઓ ગુસ્સે થયા અને તેને ગાળો આપવા લાગ્યા; ધક્કા વગેરે પણ માર્યા. આ લોકો આમ કેમ કરે છે, એ મકનજીના જાણવામાં આવ્યું નહિ. બીજે દિવસે સવારે મકનજીને કેદખાનાના મુખ્ય અધીકારી સામે ઉભો કરવામાં આવ્યો. તેના માથામાં પડેલો ઘા અને કપડાં જેલરને દેખાડી હિંદુસ્તાની ભાષામાં સીપાઇઓએ જેલરને કાંઇ કહ્યું, તે ઉપરથી જેલર સાહેબ કુતરા પ્રમાણે મકનજીના શરીરપર ધસી આવી ક્રોધથી બોલ્યા, "ભીંતપર માથુ પછાડી જીવ આપવાનો ઉદ્યોગ કરતો હતો કેમ ? હરામખોર, તારી ટેવ હમણાંજ ભુલાવી દઉં છું."

ભીંતપર માથું પછાડી આત્મહત્યા કરવા બાબતનો મકનજીપર આરોપ મુકી તેને ફરીથી જડજ સાહેબની આગળ ઉભો રાખવામાં આવ્યો. માજીસ્ટ્રેટે મકનજીને પૂછ્યું. "આત્મઘાત કરવાનો તારો વિચાર હતો, કેમ ?"

"ના."

"તો પછી તારા માથામાં ઘા ક્યાંથી પડયો ?"

"મને તેની ખબર નથી."

મકનજીના ખરા બોલવાપર પણ આજે કોઇએ વિશ્વાસ રાખ્યો નહિ, કાળનો કેવો વિલક્ષણ પ્રભાવ છે ! તેને અપરાધી ઠરાવી માજીસ્ટ્રેટ સાહેબે બીજી એક વર્ષની સખ્ત મજુરીની શીક્ષા ફરમાવી. પ્રથમનાં સાત અને આ એક મળી આઠ વર્ષો થયાં. આની પહેલાં અનેક પાતકો કરી મકનજી છુટો ફરતો હતો, પણ આજે તેનો ખરેખરો અપરાધ ન છતાં તેને શીક્ષા મળી ! કેદખાનામાં તેના પર સખ્ત જાપતો રાખવામાં આવ્યો. સીપાઇઓ તેનાપર કરડી નજર રાખવા લાગ્યા. તિરસ્કાર અને મજુરીના કષ્ટોનો તેને અનુભવ આવવા લાગ્યો. સુવાને બહાને અંધારી કોટડીમાં જઇ સર્વ રાત રડીને કાઢતો હતો; તેમજ બાયડી અને છોકરાં બાબત ચિંતા કરતો હતો. માતા, ઈંદુ, સુશીલા એમના વિચારો પણ તેના મનમાં આવવા લાગ્યા. પૂર્વે કરેલા અઘોર પાતકોના સ્મરણોથી તેનું ચિત્ત વિહ્વળ બની ઉઠયું.

મકનજીની કારાગૃહની અવસ્થાનું વિસ્તારથી વર્ણન કરવાની અગત્ય જણાતી નથી. ફકત એટલુંજ કહેવું બસ થશે કે, તેણે આજસુધી કરેલાં પાપી કૃત્યોનું અઘોર પ્રાયશ્ચિત તેને હવે ભોગવવું પડતું હતુ.

—❀◎◎❀—

પ્રકરણ ૩૯ મું.

'બાપ તેવા બેટા!'

ખરાબ વાત પવનની માફક દોડે છે એમ કહેવું કાંઇ ખોટું નથી. મકનજીને સાત વર્ષની સખ્ત મજુરીની સજા થઇ, એ વાત થોડાજ વખતમાં ચોતરફ પ્રસરી ગઇ. જડાવના કાનપર આવવાને પણ વધારે વખત લાગ્યો નહિ. જમીન પર શરીર નાખી જડાવ વીલાપ કરવા લાગી. આની પહેલાં અનેક વખત તેણે રડવાના ઢોંગ કર્યા હતા. અનેક વખત પતિના બીછાના પાસે બેસી ઢોંગ કરીને તથા ખોટું ખોટું રડીને કુટુંબમાં કલહાગ્નિ સળગાવ્યો હતો; પરંતુ આજના જેવું દુઃખપૂર્ણ ખરેખરૂં તે કદી પણ રડી નહોતી. અસહ્ય વેદનાથી દુઃખિત થઇ તે શોક કરવા લાગી. પતિ કેદમાં પડયો તેનું તેને બહુ દુઃખ થયું નહિ, પરંતુ 'આગળ આપણી શી દશા થશે?' એ ચિંતાએ તેને હાવરીબાવરી કરી નાખી હતી. 'હું હવે કયાં જાઉં—મારી હવે શી દશા થશે?' આ પ્રકારની ચિંતા એજ તેના દુઃખનું ખરૂં કારણ હતું. પૈસો એજ પરમેશ્વર છે એવું આજસુધી જડાવનું માનવું હતું. પૈસા આગળ તેને બીજા કોઇની કિંમત લાગી નહિ. પૈસાના મદમાં મદોન્મત્ત થઇ આજસુધી તેણે સર્વ જગત તુચ્છ માન્યું હતું. આડોશી-પાડોશી સાથે પણ આજસુધી તે સલાહ સંપથી વર્તી નહોતી; સર્વનો તે તિરસ્કાર કરતી હતી. મુલેચુકે પણ

કોઇની સાથે મૃદુ ભાષણ બોલવાની સ્વપ્નામાં પણ તેને ખબર નહોતી; બીજાના સુખદુઃખ તરફ અગર સારાં નરસાં તરફ આજસુધી તેણે લક્ષ આપ્યું નહોતું; પતિની જેમ તે પણ સર્વની સાથે બેપરવાઇથી ચાલતી હતી; પરંતુ આજે બની આવેલી એક વાતપરથી તેની વૃત્તિ એકદમ બદલાઇ ગઇ હતી. આ સર્વ પૃથ્વી મારા પતિ આગળ કાંઇજ લેખામાં નથી; એવું જડાવનું દૃઢ સમજવું હતું, તેપરથી પોતાના પતિની આ પૃથ્વીમાં આવી દુર્દશા થશે એવું તેને સ્વપ્નામાં પણ લાગ્યું નહોતું. પોતાના પતિને શિક્ષા થઇ, એ બાતમી પ્રથમ તેને ખરીજ લાગી નહિ. પોતાની સાથે દ્વેષ કરનાર મનુષ્યોએ આ વાત ખોટી ઉડાવી છે એવું તેને લાગ્યું; પરંતુ જ્યારે મકનજી શિવાયં બાકીના સર્વ માણસો પાછા આવ્યાં ત્યારથી જ તેનો ભ્રમ દૂર થયો અને જડાવ પોતાના જીવનમાં પ્રથમજ દુઃખની ખરેખરી વેદનાઓ ભોગવવા લાગી. આજે આ પૃથ્વી તેને ઉજ્જડ ભાસવા લાગી. રડીરડીને તેણે આક્રંદ કર્યું. પછી જરા સ્વસ્થ થઇ તેણે એવો વિચાર કર્યો કે, "કંઇ ફરકત નહિ. થોડા દિવસ આપણે પીએર જઇને રહીશું." તેનો મોટો ભાઈ નથ્થુશા પાસેના ગામમા મુખત્યારી કરતો હતો તે વાંચકોના ધ્યાનમાં હશેજ નથ્થુશાના ભરોસાપર જડાવને ઘણી ધીરજ આવી. એટલામાં ખોટી સાક્ષી આપવા બદલ મકનજી સાથે તે પણ કેદમાં પડવાના વાત જડાવના જાણવામાં આવી. જડાવ કપાળ પછાડી ગાંડાની માફક જમીનપર આળોટવા લાગી. બીમાર ને જડાવને ગમે તેવી સજાઓ આપવા લાગી.

...ને પણ કોઇ કોઇ વખત ગાળો આપવા તે ભુલી ...ની. પરંતુ આમ રડીને અથાગ ગાળો દઇને પણ જડાવનું સમાધાન થાય એમ નહોતું. રડી રડીને આંખો લાલચોળ કરી, જમીનપર આળોટીને લુગડાની પાયમાલી કરી, ગાળો આપી આપીને સાદ બેસાડી દીધો; પરંતુ આગળ શું કરવું એની જડાવને સુઝ પડી નહિં. જડાવને રડતી જોઇ જમના અને સકરચંદ પણ રડવા લાગ્યા. જડાવનું સમાધાન કરવાની ભાંજગડમાં કોઇપણ પડયું નહિ; તોપણ તેનાપર આવેલ આ પ્રસંગ જોઇ સર્વને થોડું ઘણું લાગી આવ્યું. અલ્પવયમાં સુશીલાએ અનેક દુઃખો સહન કર્યાં હતાં, અનેક તરેહનાં કષ્ટોનો તેણે અનુભવ લીધો હતો. સંકટ સમયે મર્માહત વેદનાઓ સહન કરી તેમાંથી તેણે સદ્બોધ ગ્રહણ કર્યો હતો; તેથી બીજાનું દુઃખ જોઇ તેનું કોમળ અંતઃકરણ દુઃખીત થતું હતું. તેની ...ખોમાં આંસુ આવી જતાં. જડાવપર આ પ્રસંગ આવતાંજ સુશીલા પાછલી વાત સર્વ ભુલી ગઇ અને અમરચંદને ખોળામાં લઇ જડાવ પાસે બેસી તેનું સમાધાન કરવા લાગી. "રડીને શું થવાનું છે? તમે ફીકર શામાટે કરો છો? ...શ્વરે આજસુધી જેમ અમારૂં નભાવ્યું છે તેમ તે તમારૂં ...ભાવશે. તમે કોઇ પારકાં તો નથીને? જે સુકો રોટલો તે આપણે સર્વજણ એક ઠેકાણે બેસીને ખાઇશું."

સુશીલાએ આજે ઘણા પ્રેમથી અમરચંદને ખોળામાં ...ધો હતો. જડાવને તે જોઇ ગુસ્સો આવ્યો નહિ પણ ઉલટું તેને જરા સમાધાન લાગ્યું.

ખરેખર, ઈશ્વરની લીલા અગાધ છે; ત્યાંસુધી નસીબ અનુકુળ હોય છે ત્યાંસુધી મનુષ્યનાં ધારેલાં કામો સફળ થાય છે; દુ:સાધ્ય વાતો પણ સુખસાધ્ય થઇ પડે છે; કોઈ ગમે તેમ કરે, તો પણ તેનો વાળ પણ વાંકો થતો નથી. પરંતુ તેજ જો નસીબ પ્રતિકુળ થયું, તો તેજ મનુષ્યની કિંમત કુળથી પણ ઘટી જાય છે, સારા હેતુથી કરેલ કામ પણ અવળાં થાય છે; અનેક તરેહનાં સંકટો આવતાં તે ગભરાઇ જાય છે. મકનજી અને જડાવના ભાગ્યનું જોર હવે કમી થયું હતું. નસીબ હાથ ધોઇ તેમની પાછળ લાગ્યું હતું. સાત વર્ષની સજા થઈ; મકનજી કેદમાં ગયાને પૂરા બે દિવસ થયા નહિ એટલામાં વળી તેમાં એક વર્ષનો ઉમેરો થયો! તેની સાથેજ તેનો સાળો નથુશા પણ કેદમાં પડયો હતો; પરંતુ આટલાથી જ બસ થયું નહોતું.

આ વાતને બેચાર દિવસો થયા નહિ એટલામાં એક દિવસે સવારના પહોરમાં પોલીસના ત્રણચાર સિપાઇઓ સાથે ફોજદાર એકદમ મકનજીના ઘરમાં પેઠો. મજાહ જોવાની ખાતર લોકોની ગર્દી પણ ઘણીજ થઇ હતી. સકરચંદ જે સ્કુલમાં ભણતો હતો તે સ્કુલમાં તેના ક્લાસમાંના એક છોકરાની કંઠી ખોવાઇ હતી. નિશાળમાં ઘણી તપાસ કરી; છેવટે તે છોકરાના બાપે પોલીસમાં આ વાતની ખબર આપી. પોલીસે પ્રત્યેક છોકરાની ચાલચલગત વિષે બારીકાઇથી તપાસ કરી છેવટે આ કામ સકરચંદનુંજ હોવું જોઇએ એમ

કાંતિલાલને પણ કોઇ કોઇ વખત ગાળો આપવા તે ભુલી નહોતી, પરંતુ આમ રડીને અથાગ ગાળો દઇને પણ જડાવનું સમાધાન થાય એમ નહોતું. રડી રડીને આંખો લાલચોળ કરી, જમીનપર આળોટીને લુગડાની પાયમાલી કરી, ગાળો આપી આપીને સાદ બેસાડી દીધો; પરંતુ આગળ શું કરવું એની જડાવને સુઝ પડી નહિં. જડાવને રડતી જોઇ જમના અને સકરચંદ પણ રડવા લાગ્યા. જડાવનું સમાધાન કરવાની ભાંજગડમાં કોઇપણ પડયું નહિ; તોપણ તેનાપર આવેલ આ પ્રસંગ જોઇ સર્વને થોડું ઘણું લાગી આવ્યું. અલ્પવયમાં સુશીલાએ અનેક દુઃખો સહન કર્યાં હતાં, અનેક તરેહનાં કષ્ટોનો તેણે અનુભવ લીધો હતો. સંકટ સમયે મર્માહત વેદનાઓ સહન કરી તેમાંથી તેણે સદ્બોધ ગ્રહણ કર્યો હતો; તેથી બીજાનું દુઃખ જોઇ તેનું કોમળ અંતઃકરણ દુઃખીત થતું હતું. તેની આંખોમાં આંસુ આવી જતાં. જડાવપર આ પ્રસંગ આવતાંજ સુશીલા પાછલી વાત સર્વ ભુલી ગઇ અને અમરચંદને ખોળામાં લઇ જડાવ પાસે બેસી તેનું સમાધાન કરવા લાગી. "રડીને શું થવાનું છે ? તમે ફીકર શામાટે કરો છો ? ઇશ્વરે આજસુધી જેમ અમારૂં નભાવ્યું છે તેમ તે તમારૂં પણ નભાવશે. તમે કોઇ પારકાં તો નથીને ? જે સુકો રોટલો મળશે તે આપણે સર્વજણ એક ઠેકાણે બેસીને ખાઇશું."

સુશીલાએ આજે ઘણા પ્રેમથી અમરચંદને ખોળામાં લીધો હતો. જડાવને તે જોઇ ગુસ્સો આવ્યો નહિ પણ ઉલટું તેને જરા સમાધાન લાગ્યું.

[illegible] ઉપસ્થિત થાય જ્યાંસુધી નસીબ અનુકૂળ હોય છે ત્યાંસુધી મનુષ્યનાં ખોટાં કામો પણ સફળ થાય છે; દુઃસાધ્ય વાતો પણ સુખસાધ્ય થઇ પડે છે, કોઈ ગમે તેમ કરે, તો પણ તેનો વાળ પણ વાંકો થતો નથી. પરંતુ જેવું એ નસીબ પ્રતિકૂળ થયું, તો તેજ મનુષ્યની હિંમત તૂટતી જ જાય છે, સારા હેતુથી કરેલું કામ પણ અવળું પડે છે, અનેક તરેહનાં સંકટો આવતાં તે ઘભરાઇ જાય છે. મકનજી અને જડાવના ભાગ્યનું જોર હવે કમી થયું હતું. નસીબ હાથ ધોઇ તેમની પાછળ લાગ્યું હતું. સાત વર્ષની સજા થઈ; મકનજી કેદમાં ગયાને પૂરા બે દિવસ થયા નહિ એટલામાં વળી તેમાં એક વર્ષનો ઉમેરો થયો! તેની સાથેજ તેનો સાળો નથ્થુ પણ કેદમાં પડ્યો હતો; પરંતુ ભાટવાથી જ જામ થયું નહોતું.

આ વાતને બેચાર દિવસો થયા નહિ એટલામાં એક દિવસે સવારના પહોરમાં પોલીસના ત્રણચાર સિપાઇઓ સાથે ફોજદાર એકદમ મકનજીના ઘરમાં પેઠા. મજાહ જોવાની ખાતર લોકોની ગર્દી પણ ઘણીજ થઇ હતી. સકરચંદ જે સ્કુલમાં ભણતો હતો તે સ્કુલમાં તેના કલાસમાંના એક છોકરાની કંઠી ખોવાઇ હતી નિશાળમાં ઘણી તપાસ કરી, છેવટે તે છોકરાના બાપે પોલીસમાં આ વાતની ખબર આપી. પોલીસે પ્રત્યેક છોકરાની ચાલચલગત વિષે બારીકાઈથી તપાસ કરી છેવટે આ કામ સકરચંદનુંજ હોવું જોઇએ એમ

ઠરાવ્યું અને એટલા માટેજ ફોજદાર મકનજીના ઘરનો ઝાડો લેવા વાસ્તે એકદમ આવ્યો હતો.

માબાપના શિક્ષણથી હુશીયાર થએલ સકરચંદની સ્કુલમાં ઘણીજ પ્રખ્યાતિ થઈ હતી. કોઇના કાગળ, કોઇની કલમો, કોઇની પેનસીલો અને કોઇના પૈસા ચોરી લાવી સકરચંદ રોજ તેની માને લાવીને આપતો હતો. ધીરે ધીરે આ કામમાં તે પ્રવિણ થવા લાગ્યો. કેટલાક દિવસ તેની આ હાથચાલાકી કોઈના પણ જાણવામાં આવી નહિ. વર્ગની અંદર દરરોજ ચોરીયો થતી; છતાં તે કોણ કરે છે એ કોઈના પણ ધ્યાનમાં આવતું નહિ. સકરચંદ શ્રીમંતનો છોકરો હોવાથી તેનાપર સંશય લેવાની કોઇની છાતી ચાલે નહિ; પરંતુ રહેતાં રહેતાં એજ ચોર હોવો જોઇએ, એવી સર્વની ખાત્રી થવા લાગી, અને તેના કલાસમાં કોઇપણ વિદ્યાર્થી બેસતો નહિ. સર્વ છોકરાઓ તેને "ચોર! ચોર!" કહી ચીડવવા લાગ્યા. માસ્તરે સકરચંદને એક બે દિવસ ધમકી આપી જોઇ, શીક્ષા પણ કરી જોઈ, પણ તેનો કાંઇજ ઉપયોગ થયો નહિ. ઉલટી સકરચંદની હાથચાલાકી દિવસે દિવસે વધારે જોરપર આવવા લાગી. મકનજી અને જડાવના કાનપર આ વાત આવી. મકનજી તેના છોકરાને સારી રીતે જાણતો હતો, તો પણ લોકમાં આબરૂ રહેવાની ખાતર સ્કુલમાં જઈ માસ્તરને દમ આપતો હતો, કે "સારા કુટુંબના છોકરાને વિના કારણ ચોર ઠરાવવો એ સામાન્ય ગુન્હો નથી, માટે ધ્યાનમાં રાખજો. હું તમને આ સૂચના આપું છું–"

બીચારો માસ્તર આ સૂચનાથી ગભરાઈ ગયો. તેણે

છોકરાઓને સકરચંદને ન થીડવવા વાસ્તે સખ્ત તાકીદ આપી. પછી શું જોઇએ ? સકરચંદને કોઇ પ્રકારનો પ્રતિબંધ રહ્યો નહિ; અને આજે જે સિપાઇઓ મકનજીના ઘરની ઝડતી લેવા આવ્યા હતા; એ સકરચંદના માર્ગમાં પ્રતિબંધ ન હોવાનું જ કારણ હતું.

કોઇ સુખમાં હો, અગર દુ:ખમાં હો, પોલિસના લોકોને તેની પરવા હોતી નથી. જડાવના ઉપર દુ:ખના ડુંગરે ડુંગરા પડતા હતા ! તો પણ પોલિસના ઉગ્ર સ્વભાવમાં કાંઈ ન્યૂનતા થઇ નહોતી. ખેંચાખેંચ કરી તથા ચીજો આમતેમ વીખેરી નાખી સર્વ ઘરમાં રમખાણ મચાવી દીધું. જડાવને ખરેખર આ વાતની કાંઇજ ખબર નહોતી. આપણા દુ:ખમાં આ લોકો વિના કારણ આપણું અપમાન કરે છે, એમ સમજી તે સુશીલા પાસે જઇ રડવા બેઠી. પોલીસના લોકોએ ચારે તરફ સરસામાન વીખેરી નાખ્યો હતો. જડાવ આ સર્વ અપમાન આંખો ચોળીને આજે સહન કરતી બેઠી હતી. મનમોહનલાલ અક્કલશૂન્ય થઈ બેઠી નજરે જોતો એક ખુણામાં બેઠો હતો; પરંતુ સુશીલાથી આ અપમાન સહન થયું નહિ. પોતાના સસરાના કુળપર ચોરીનું તહોમત આવ્યું, મૂળચંદ શેઠના ઘરની પોલીસે ઝડની લીધી, એથી તેને ઘણું દુ:ખ થયું. ચોરાઇ ગએલ કંઠી સકરચંદે ઘરમાં સંતાડી હશે એની તેને કલ્પના પણ નહોતી. પોતાના નોકર રણછોડને હાંક મારી તે મોટેથી બોલી “ અરે, પેલા ફોજદારને કહે કે આ કંઇ કોળી–ઠાકરડાનું ઘર નથી. આવો જુલમ કરવાથી કોઇ સારૂં કહેશે નહિ.”

રણછોડે તે પ્રમાણે ફોજદારને કહ્યું, પરંતુ તેના બોલવા તરફ કોઇએ ધ્યાન આપ્યું નહિ. “ આજે સસરાજી નથી, બીજું કોઇપણ નથી, કાંતિલાલ પણ અહિં નથી, તો આ અભાગણીના બોલવા તરફ ફોજદાર શા સારૂ લક્ષ આપે ? ” એમ બોલી સુશીલા રડવા મંડી.

ઘણો વખત તપાસ કર્યા પછી છેવટે એક ફુટેલા માટલામાંથી ચોરાઇ ગએલ કંઠી એક સિપાઈના હાથમાં આવી. જે છોકરાની કંઠી ગઇ હતી તેણે “ આજ મારી કંઠી ” એમ કહી તરત ઓળખી. સર્વ લોક આશ્ચર્ય પામ્યા. પોતાના છોકરાના ચરિત્રોની જડાવને પૂર્ણપણે ખબર હતી, તેથી કરીને કંઠી ત્યાં શીરીતે આવી, તે જડાવ તરતજ સમજી ગઇ. ફોજદાર સાહેબને તો વધારે જોર ચઢયું. સુશીલાને ઉદ્દેશીને તે બોલ્યો, “ કયાં છે તે બાઇ ? આ ચોરનું ઘર નથી એમ તે કહેતી હતીને ? ચોરી તો કરવી અને વળી જોર દેખાડવું ? ”

આ મધુર શબ્દો સાંભળી સુશીલાને તો મરવા કરતાં પણ અધીક દુ:ખ થયું. કંઠીનો માલીક તેની અવસ્થા જોઇ દુ:ખીત થયો અને ફોજદારને કહેવા લાગ્યો. “ ફોજદાર સાહેબ ! એવું બોલશો નહિ. આ કાંઇ ચોરી નથી. સકરચંદ અજ્ઞાન છે. ભૂલથી આ વાત તેણે કરી છે. મારી કંઠી મને મળી; હવે મારી ફર્યાદ વગેરે કાંઇ નથી. મહેરબાની કરી આ વાત આટલેસુધીજ રહેવા દો. ”

પરંતુ ફોજદારે તેનું કહેવું કબુલ રાખ્યું નહિ.

મકનજીના શત્રુ પણ આજે ફોજદારને સમજાવવા લાગ્યા; પરંતુ તેનો કંઈ ઉપયોગ થયો નહિ. મનમોહનલાલ અને સંકરચંદ બન્નેને પોલિસના સિપાઇઓ ચોકી પર લઇ ગયા. જડાવે રડી રડીને આક્રંદ કર્યો.



પ્રકરણ ૪૦ મું.

કર્મ તેવું ફળ.

"વકીલ વગેરે કરવાથી આ સંકટમાંથી પાર ઉતરશો" એમ જડાવને કેટલાક લોકો કહેવા લાગ્યા. પરંતુ જડાવ પાસે વકીલને આપવા પૈસા કયાં હતા ? સુંદરીની પણ તેજ સ્થિતિ હતી. છેવટ નિરૂપાય થઇ માનમર્યાદા બાજુએ મુકી, અભિમાનને થોડો વખત રજા આપી, શરમને ખો આપી આજસુધી સુશિલા સાથે કેવું નિંદા ભરેલું તથા તિરસ્કાર ભરેલું વર્તન કરતાં આવ્યાં છીએ; હવે તે આપણને શું કહેશે એ તરફ પણ દુર્લક્ષ આપી, પોતાના છોકરાને સંકટમાંથી બચાવવા સારૂ જડાવ શોકથી દુઃખિત થતી સુશીલા પાસે કાલાવાલા કરવા લાગી. તે નમ્ર સ્વરે બોલી, "સુશીલા, શું કહું ! આજે તારેજ મને પુત્રદાન આપવું જોઇએ; નહિ તો મારો સકરચંદ—"

દુઃખથી બેહોશ થએલી જડાવે ખરેખર સુશીલા પાસે હાથ જોડ્યા ! પરંતુ સુશીલા તેનું સમાધાન કરી બોલી,

"આવું અઘટિત કૃત્ય કેમ કરો છો ? તેમાં વળી આટલુ બધું કરવાની શી જરૂર છે ? તમે પારકાં તો નથીને ? તમારા સકરચંદ અને અમરચંદને તો હું મારાંજ છોકરાં સમજું છું. તમે નીરાંતે બેસો."

એમ બોલી તે સરલા પાસે ગઇ અને તેની પાસેથી સો રૂપીઆ માગી લીધા. પૈસા આપતી વખતે સરલાએ ઘણીજ આનાકાની કરી. તે બોલી, " સુશીલા ! અમસ્તી કોઇના કહેવા પરથી પૈસા ખરાબ કરીશ નહિ. કરેલાં કર્મોનાં ફળ હવે તેને ભોગવવા દે. કરતી વખતે સારૂં લાગ્યું, હવે શા વાસ્તે તે બીજાના કાલાવાલા કરવા આવે છે ? "

સુશીલાનું દયાળુ અંતઃકરણ મનમોહનલાલ અને સકરચંદ સારૂ તરફડીયાં મારવા લાગ્યું. તેણે સરલાના કહેવા તરફ બીલકુલ લક્ષ આપ્યું નહિ. મનમોહનલાલ અને સકરચંદ તરફથી એક સારો વકીલ રોકવામાં આવ્યો. જડાવ અને સુંદરીને ઘણો સંતોષ વળ્યો. માજીસ્ટ્રેટ સાહેબ આગળ કામની શરૂઆત થઇ. મનમોહનલાલ અને મકનજી બન્ને જુદા રહેતા હતા. સિવાય ચોરાએલી કંઠી પણ મનમોહન-લાલના ઘરમાંથી મળી આવી નહોતી; તેથી નિર્દોષી ઠરાવી તેને છોડી દેવામાં આવ્યા. પરંતુ સકરચંદ છુટ્યો નહિ. સકરચંદ જેવા સારા કુળના છોકરાની આટલી ઉમ્મરમાં આવી ઇચ્છાઓ થઇ તે બાબત માજીસ્ટ્રેટ સાહેબે ઘણી દીલગીરી જણાવી. અને સકરચંદની ચાલચલગત સુધરે એવા

હેતુથી તેને પાંચ વર્ષ સુધી મુંબઈની ઉદ્યોગશાળામાં રાખવાનો ઠરાવ કર્યો.

દુઃખ ઉપર ડામ પડવાથી જડાવના અંતઃકરણના બે ભાગ થયા. તેના દુઃખની સીમા રહી નહિ. આ જન્મમાં હવે સુખશાંતિ મેળવાની તેને આશા રહી નહિ. સુશીલાને પણ ઘણું દુઃખ થયું. તે જડાવનું સમાધાન કરવા લાગી; પરંતુ હવે જડાવની ધીરજ બીલકુલ રહી નહોતી. તેનું સમાધાન થવું મુશ્કેલ ભરેલું થઈ પડયું હતું. પ્રાયશ્ચિતની સાથે જડાવને હવે કૃતકર્મોનાં ફળો પણ ચાખવા પડતાં હતાં. પાપનું પ્રાયશ્ચિત ભોગવ્યા વિના હવે છુટકો નથી; બીજાનો નાશ કરવાથી દેવ આપણા પર ગુસ્સે થયા વિના રહેતો નથી; વધારામાં વળી જગતનો સંચાલક, સર્વાંતર્યામી, સર્વસાક્ષી, સર્વવ્યાપી, અનંતશક્તિ ભગવાન્ રાજદંડ ધારણ કરી આ પૃથ્વીને શાસન કરે છે, એ વાત આજસુધી જડાવના ઘાતકી હૃદયમાં આવી નહોતી; અને તેથીજ મકનજી પ્રમાણે બીજાનાં સર્વસ્વનો નાશ કરવાને તૈયાર થવામાં તેનું મન આંચકો ખાતું નહોતું; પરંતુ હવે જ્યારે ચારે તરફથી સંકટો આવવા લાગ્યાં, દુઃખસાગરમાં જ્યારે તે ડુબી ગઈ, ત્યારે એક પછી એક સર્વ વાતો તેની નજર સામે ઉભી રહી. ઉંઘ તેની આંખોને છોડીને જતી રહી, અને શોકાશ્રુએ ત્યાં પોતાનું થાણું બેસાડયું. અન્ન પાણી તજી દઈને આઠે પહોર તે રડવા લાગી. એક દર પાપકર્મો હવે તેની નજર સામે ખડા થવા લાગ્યાં. બાપને ઠેકાણે થનાર પૂજ્ય એવા સસરાજી સાથે આપણે કેવું ખરાબ વર્તન રાખ્યું; બિચારી તે

વૃદ્ધ અને પ્રેમાળ સાસુને ન બોલાય એવા શબ્દો બોલી વારંવાર અપમાન કર્યું; પતિના મનમાં અનેક તરેહની જુઠી વાતો ભરાવી વૃદ્ધ સાસુ સસરાને દુઃખ થાય એવા શબ્દો બોલવાને પ્રવૃત્ત કર્યો; તે નિષ્કપટી, સરળ સ્વભાવની સુશીલાને વિના કારણે કેવું કષ્ટ આપ્યું ! પતીહાથે તેના ઘરને આગ લગાડી તેમાં તેના નિરપરાધી, સોના જેવા સુંદર બાળકને અને સાસુજીને કેવી રીતે બાળી માર્યાં! સુશીલાને આ જગતના એકંદર સુખથી છેટી રાખવાને આપણે શી રીતે કારણભૂત થયાં, અને આ ખરાબ માર્ગ સ્વીકારી છેવટે પોતાના પગપર પોતે કેવી રીતે કુહાડી મારી લીધી, વગેરે દરેક વાતો તેના મનમાં આવવા લાગી. ઘણો વખત આવી રીતે ગયા પછી પોતાનું સમાધાન કરી લેવા સારૂ જડાવ પોતાના મન સાથેજ બોલી, "મારી આવી દુર્દશા ન થાય તો બીજું શું થાય? મેં પોતેજ જો બીજાનું સત્યાનાશ વાળ્યું છે તો ઇશ્વર મારૂં સત્યાનાશ કેમ ન વાળે? પણ ઇશ્વરનું કરવું કેવુ છે! દેવતા વગર મારા ઘરની રખ્યા થઇ ગઇ, પતિ પુત્ર કેદમાં પડયા, એકનો એક ભાઇ તે પણ તેમની સાથે કેદમાં ગયો, સાસુ સસરા અને સુશીલાના શ્રાપ આજે મેં ભોગવ્યા. અને તેથીજ મારી આ દશા થઇ. હું હવે નિરાધાર થઇ ગઇ. ચપટી અનાજ સારૂ પણ ગામમાં ભટકતા ભીખારીની માફક બીજાના મ્હોં તરફ જોવાનો મને પ્રસંગ આવ્યો. મારો સકરચંદ મારાજ દોષથી કેદખાનામાં પડયો. સુશીલાને વિના કારણ ત્રાસ આપવા સારૂ મેં જો તેને ચોરીની ટેવ પાડી ન હોત તો આ વખત આવત નહિ અને મારો

છોકરો-આજે આજ મારી પાસે રોટ. મેં કેટલું કર્યાં કર્યા તે
વાંઝ ફળનો સ્વાદ આજે હું આપું છું. હવે નસીબને દોષ
આપવાથી શો લાભ ? ”

દુઃખથી જડાવ રીસમાં કાંટાળો લાગી. ઘરમાં થોડો સામાન હતો તેના પર કેટલાક દિવસો કાઢ્યા; પરંતુ આખર જતાં ખરેખર પેટને સારૂ બીજાના મ્હોં તરફ જોવાનો વખત આવી પહોંચ્યો. મદનજીના દેવાદાર પૈકી કોઈ પણ એક પાઈ આપવાને કબુલ થતા નહિ. શરીરપર હલકા હલકા નાના દાગીના હતા તેનાપર કેટલાક દિવસ તેણે ગાળ્યા. તેનો પણ નીકાલ થયો, એટલે ઉછીનું લેવાનો આશ્રય પકડ્યો. ! સુશીલા પાસેથી દાળ ચોખા, મીઠું મસાલો, પૈસો બે પૈસા ઉછીના લઇ કેટલાક દિવસ ગાળ્યા. પણ ભીખ માગેલી કેટલા દિવસ ચાલે ? ઘરમાંની જણસો એક પછી એક જવા લાગી. બબ્બે દિવસ ખાવા પણ મળે નહિ, એવી જડાવની શોચનીય સ્થિતિ થઈ ગઇ. સુશીલા તેની શક્તિ પ્રમાણે હમ્મેશ જડાવને મદદ આપતી; પરંતુ જડાવ સુશીલા પાસે કોઇ પણ ચીજ માગતાં શરમાવા લાગી. છેવટે બીજો ત્રીજો વિચાર ન કરતાં જડાવ છોકરાને લઇ પોતાના ભાઇના ઘેર જતી રહી. તેની આ દુર્દશા જોઈ તેની માની આંખમાં આંસુ આવ્યાં; પરંતુ તેની સ્થિતિ પણ સારી નહોતી. એકનો એક છોકરો નશ્યુશા, સુખસ્થારીથી ઘણા કષ્ટોથી મહીનાના પંદર વીસ રૂપીઆ કમાતો તેનાપર તેઓ ઘરનો સર્વ ખર્ચ નભાવતાં હતાં; પરંતુ તે કેદમાં પડ્યા પછી ત્યાંની પણ સ્થિતિ બગડી ગઈ હતી.



પ્રકરણ ૪૧ મું.

—•—

‘ રામ રાખે તેને કોણ ચાખે ? ’

મકનજી અને જડાવને કરેલાં કૃત્યોનું પ્રાયશ્ચિત ભોગવવા અહિં છોડી દઇ, વાંચકો તોફાનમાં સપડાએલી પેલી આગબોટથી, મોજાંના તોફાનથી અકસ્માત અલગ થયેલી હોડીની શી દશા થઇ, તે તરફ આપણે વળીએ. આટલી મોટી આગબોટનું જ્યાં કાંઇ ચાલ્યું નહિ, ત્યાં નાનકડી હોડી કેટલો વખત ટકી શકે, એમ ઘણાને લાગ્યું હશે. તે તરતજ ડુબી જઇ સમુદ્રને તળીએ જઇ બેઠી હશે, એવો પણ કેટલાકે તર્ક કર્યો હશે. તો હવે તે હોડીની શી દશા થઇ એ જોઇએ. એટલે અમારા વાંચકોને ચમત્કારીક ઘટનાથી આશ્ચર્ય થશે. પરંતુ ઇશ્વરની લીલા વિષે આપણે વળીવાર વિચાર કરીશું, તો આપણી મતી મુંઝે છે, ચમત્કારીક દેખાતી એકંદર વાતોના નિકાલ જગન્નિયંતાના અતર્ક્ય લીલા સુત્રના કેવી રીતે ગુંથાએલા છે એનો આપણને ત્વરીત દાખલો મળે છે એ હોડીની વાત [illegible] થઇ એકંદર કોઈ [illegible] પણ નહોતે. તેના [illegible] બેચારજ બાકુસા હતાં અને તે પણ અધમુવા [illegible] આટલી મોટી આગબોટ [illegible] [illegible] તળીએ જઇ બેઠી. પરંતુ તેજ [illegible] નાનકડી હોડી આટલા

વખત સુધી ટકી રહી હતી અને મોજાંઓ જ્યાં લઇ જાય તે તરફ તે ઝપાટાબંધ ખેંચાઇ જતી હતી.

ધીરેધીરે પવનનું જોર કમી થવા લાગ્યું. સમુદ્ર શાંત થવા લાગ્યો. રાતનો અમલ પૂરો થઇ સૂર્યના કોમળ કીરણો પૃથ્વી પર સંચાર કરવા લાગ્યાં હતાં. પ્રાતઃકાળના મંદ અને શીતળ વાયુના સુખકર સ્પર્શથી હોડીમાંના માણસો પૈકી એક જણ પ્રથમ શુદ્ધિમાં આવ્યો, અને આંખો ઉઘાડી આજુબાજુ જોવા લાગ્યો. તોફાન વગેરે કાંઇ નહોતો, સમુદ્રે શાંત અને ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. આકાશ પણ સ્વચ્છ થયું હતું, એ જોઇ તે માણસને ઘણો આનંદ થયો. હોડીમાંના બીજા માણસોને તે જાગૃત કરવા લાગ્યો. પરંતુ તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા. તે કેટલીક હાંકો મારી, પોતાના હાથથી તેમને હલાવવા લાગ્યો, તેનો કાંઇ ઉપયોગ થયો નહિ. એ જોઇ તેઓ જીવતાં છે કે બીકથી મૃત્યુના સ્વાધીન થઇ ગયાં છે તેનો તેને સંશય આવવા લાગ્યો. પરંતુ એટલામાં તે માણસો પૈકી ઘણાખરાએ પોતાની આંખો ઉઘાડી, એણે ગભરાએલી નજરે આજુબાજુ જોઇ આંખો પાછી બંધ કરી લીધી. પછી તેમને શુદ્ધિપર લાવવાનો પ્રયત્ન છોડી દઇ આગળ શું કરવું તે વિચારમાં તે માણસ પડયો. 'આ અફાટ સમુદ્રમાંથી નિર્વિઘ્ન રીતે આપણે જમીનપર શી રીતે પહોંચીશું. હોડી ચલાવવા કોઇ ખલાસી નથી, આવી સ્થિતિમાં આપણી અવસ્થા શી થશે,' ઇત્યાદિ વિચારોથી તેનું મન ઘેરાઇ ગયું. ઘણો વખત વિચાર કરતો સ્વસ્થ બેસી રહ્યો. આપણે હાલમાં

પોતાના શરીરની દરકાર ન રાખ્યાથી તે ઘણીજ અસ્વસ્થ થઈ ગઈ હતી. તેને મજુરી થવાનો સમય જેમ જેમ પાસે આવવા લાગ્યો, તેમ તેમ સુશીલાને પીએર જવાને બદલે પોતાને ત્યાં આવી રહેવાને કાંતિલાલે ઘણું કહી જોયું, પણ તે કાંઈ કબુલ થઈ નહિ. કાંતિલાલે છેવટે નાઉમેદ થઈ તે વાત છોડી દીધી. અને ત્યાંજ સારી રીતે વ્યવસ્થા કરી આપવાનો તેણે વિચાર કર્યો; પરંતુ આ તેના વિચારને તેની પ્રિય પત્નિ કબુલ થઈ નહિ. સુશીલાની અહીં સારી વ્યવસ્થા થવાની નથી એવી સરલાની ખાત્રી હતી. અને એટલાજ સારૂ કાંતિલાલને આગળ કરી સુશીલાનું મન ફેરવવા તે ત્યાં રહી હતી. સરલાના ઘણે ઘણે કહેવાપરથી પણ સુશીલાનો વિચાર બીલકુલ ફર્યો નહિ. પરંતુ સરલાએ તેનો આગ્રહ છોડ્યો નહોતો, છેવટે સરલાના ઘણાજ આગ્રહથી સુશીલા ત્યાં જવાને કબુલ થઈ. તેની ખાતરજ થોડા દિવસ અગાઉ તેને લઈ આનંદથી પોતાના ઘેર આવી ગઈ.

સુશીલાના દિવસો હવે પુરા ભરાઈ આવ્યા હતા, અને તેના [illegible]

[illegible]

એતાંમાંથી, એ કોઈ તાર લઈ આવનાર સિપાઈ પણ જોઈ થંભી પડયો, કારણ તેમાં કાંઇ આનંદના સમાચાર હોય તો આપણને ખુશી કરશે એવી ખાત્રીથી તે ત્યાં ઉભો રહ્યો હતો. પરંતુ કાંતિલાલની આવી વિચિત્ર સ્થિતિ જોઇ વીલે મોઢે ચીપાઇ હળવે હળવે ત્યાંથી જવા લાગ્યો.

તે જો થોડો વખત હજુ ઉભો રહ્યો હોત તો કાંતિલાલે તેને ખાત્રીથી ખુશી કર્યો હોત, કારણ મન જરા સ્વસ્થ થયાં પછી તેણે તે તાર કોઈ મોટી આતુરતાથી વાંચી જોયો. અને તે ઘણો ખુશી થયેલ દેખાયો. તેની ઉદાસીનતા દૂર થઇ ગઈ. તરતજ તેણે કપડાં પહેર્યાં અને તે તાર ઉતાવળથી ખીસ્સામાં નાંખી તે બહાર જવા નીકળ્યો. પરંતુ તે ઓરડાની બહાર નીકળ્યો એટલામાં સામેથી પોષ્ટનો સિપાઈ આવ્યો, અને તેણે એક કાગળ કાંતિલાલના હાથમાં આપ્યો. કાંતિલાલે પત્ર ક્યાંથી આવ્યો એ તરતજ જાણ્યું, અને વાંચતો વાંચતો તે પોતાની ઓરડીમાં પાછો પેઠો. ઓરડીમાં એક આરામ ખુરશીપર તેણે તે કાગળ બરોબર રીતે એકાગ્ર ચિત્તથી વાંચી જોયો. વાંચતાંની સાથેજ, "હા, હવે સંશય લેવાનું કારણું નથી, તેજ તે ! આ બધા શુભ શુકનજ સમજવાના છે !" આવાં વચનો એકદમ તેના મુખમાંથી બહાર પડયા.

કાંતિલાલની ઉદાસીનતા અને ઉદ્વિગ્નતા એકદમ દૂર કરનાર એવા તે તારમાં શા સમાચાર હતા, અને તેજ પ્રમાણે શુભ

શુકન થવા જેવો તે પત્ર કોણે મોકલ્યો, એ બદલ વાંચકોને નિરર્થક સંશયમાં રાખી તેમની ઉત્સુકતા વધારવાને હવે અમારી પાસે બીલકુલ વખતજ રહ્યો નથી. પરોપકારી સ્માઇલ સાહેબ તરફથી તે તાર આવ્યો હતો. "બુડેલી આગબોટમાંનો એક ઇસમ જાપાનમાં એક દવાખાનામાં અઢી મહીના થયા માંદગી ભોગવતો હતો, તે સારો થઇ હમણાંજ મુંબઈ જનાર આગબોટમાં બેસી મુંબઇ ગયો છે; એવી ખબર મળ્યાનો મારા મિત્રે જાપાનમાંથી મને તાર કર્યો છે. તો હવે જાપાનથી મેલ લઇ જે આગબોટ આવે, તેમાં તપાસ કરી મને તરત ખબર આપજો." આ પ્રમાણે તે તારમાં લખેલું હતું. શાંતિલાલ ખાત્રીથી આપણને મળશે, એમ કાંતિલાલને લાગતું હોવાથી દવાખાનામાંથી સારો થઈ આવનાર ઇસમ શાંતિલાલજ હોવો જોઇએ એવો તેણે પક્કો નિશ્ચય કર્યો; અર્થાત્ તેને અનહદ આનંદ થયો. જાપાનની આગબોટ ક્યારે આવે છે, તેની તપાસ કરવા સારૂ તે બહાર જતો હતો, એટલામાં પાછળ જણાવેલ કાગળ તેને મળ્યો. તે પત્ર તેની પ્રિય પત્નિનો હતો, અને 'ઇશ્વરકૃપાથી સુશીલાને નિર્વીઘ્ન રીતે પ્રસુતી થઇ પુત્ર રત્ન પ્રાપ્ત થયું છે.' એ આનંદના સમાચાર તેમાં હતા. આ વિલક્ષણ યોગાયોગ જોઇને કાંતિલાલને પોતાના પ્રિય મિત્રના શુભ સમાચાર વિશે શંકાજ રહી નહિ. તેના મનમાં આનંદ છલકાઇ જવા લાગ્યો. શાંતિલાલની મુલાકાતના આ શુભ શુકનજ છે એમ તને લાગ્યું.

પ્રકરણ ૪૩ મું.

ભાગ્યનો ભાનુ.

સુશીલા અને સરલા બન્ને વચ્ચે આજે મોટો વાદવિવાદ ચાલી રહ્યો હતો. સુશીલાને પ્રસુત થયાં આઠ દિવસ થયા હતા. છોકરાનું નામ પાડવાનો દીવસ જેમ જેમ પાસે આવવા લાગ્યો, તેમ તેમ તેનું નામ શું પાડવું તે બદલ બન્નેનો વિવાદ વધવા લાગ્યો. પુત્ર જન્મ્યો તે દીવસથી સુશીલા અપાર દુઃખ-સાગરમાં, પણ કિંચિત્ સુખનો અનુભવ લેતી હતી. તો પણ તેની આંખમાંના આંસુ બંધ પડ્યાં નહોતાં. 'આપણો આ છોકરો ખરેખરો અભાગી હોવો જોઈએ,' એમ સ્ત્રીજાતની બુદ્ધિવડે સુશીલાએ વિચારવા માંડ્યું. તે છોકરો ગર્ભમાં રહ્યો તે દીવસથી તે બીચારીપર અનેક તરેહનાં સંકટો આવી પડ્યાં હતાં. અને તેથી કરીને જ સુશીલા અને સરલાનો વાદવિવાદ ચાલી રહ્યો હતો.

સરલાના મનમાં તે છોકરાનું નામ 'ભાનુપ્રસાદ' પાડવાની ઈચ્છા હતી. તે કહેતી, "સુશીલા દુઃખસાગરમાં બુડી ગએલી, છતાં સારા નશીબથી તેના કર્મે આ હીરો પ્રાપ્ત થયો છે. ઇશ્વર કૃપાથી આ છોકરો મોટો થયે સુશીલા ધીરે ધીરે તેનું અસહ્ય કષ્ટ વીસરી જશે. તેનું ઉદાસ થએલ મન પણ સંસાર તરફ લાગશે."

સરલાનું આ કહેવું ખોટું નહોતું, પરંતુ સુશીલાને તે

માફક આવ્યું નહિ. અનિવાર્ય દુઃખ-શોકથી અંતઃકરણમાં એકવાર પડેલો જખમ તદન રૂઝાઇ જવો અશક્ય છે, એમ તેને લાગતું. સુશીલા કહેતી, " મારૂં આ સર્વ દુઃખ મારી સાથે નાશ પામશે!"

છેવટે સરલાએ હઠ કરી સુશીલાને કહ્યું કે, " તું આ બાબતમાં કાંઇપણ સાંભળવાની નથી, પણ હું આ છોકરાનું નામ ભાનુપ્રસાદજ રાખવાની; પછી તને જો તે ગમે નહિ તો તું તેને 'ઇંટાળો પથ્થર,' વગેરે મરજીમાં આવે એવા નામથી બોલાવજે. પણ નામ પાડવાના શુભ દિવસે હું તેનું તને ગમે તેવું નામ પાડવા દેવાની નથી."

આ સાંભળી બીચારી સુશીલા ચૂપ રહી. પરંતુ તે ચૂપ રહી એ પણ સરલાને પસંદ પડ્યું નહિ. તે બોલી, "સુશીલા! તું આમ કરીશ નહિ. આ નિરપરાધી બાળકને તું અભાગી શા પરથી કહે છે? હજુ પણ શાંતિલાલ નહિ આવે એમ શા પરથી કહેવાય? હજુ તેની નક્કી ખબર મળી છે કે?"

" હજુ મળવાની બાકી છે કે?"

" હા તેનું શું કહી શકાય? આવી વાતો બની આવેલી આપણા સાંભળવામાં થોડી આવે છે કે? સુશીલા, તે દીનબંધુ પરમેશ્વરની કૃપા હોય, એટલે આના કરતાં પણ વિચિત્ર વાતો બની આવે છે. 'તારનારા અગાડી મારનારનું કંઇ ચાલતું નથી,' માટે ધીરજ રાખ!"

સુશીલા કાંઇ બોલી નહિ. શાં[

તેની આંખમાંથી આંસુ આવ્યાં. સરલા પણ આ વાત તેની આગળ કોઇ દિવસ કહાડતી નહિ; પરંતુ આજ સવારેજ તેને કાંતિલાલ તરફથી પત્ર આવ્યો હતો. કોઇપણ વાત પતિથી છાની ન રાખવાનો સરલાનો નિશ્ચય હતો. તે પરથી સુશીલાના છોકરાનું નામ પાડવા બાબત જે વાદવિવાદ ચાલ્યો હતો, તે પણ તેણે કાંતિલાલના કાનપર નાખ્યો અને તેમનું આ બાબતમાં શું કહેવું છે તે પણ તેણે પુછ્યું હતું. તેના પત્રનો આજેજ ઉત્તર આવ્યો હતો. તેમાં સ્માઇલ સાહેબ તરફથી આવેલ તારની હકીકત લખી. કાંતિલાલે વધારામાં વિનોદથી લખ્યું હતું કે, " કદાચીત્ સુદૈવથી શાંતિલાલ આવશે, તો તેજ તમારા આવા વાદવિવાદનો નીકાલ કરશે. હમણાંજ જો હું મારો મત આપીશ તો સુશીલા મારાપર પક્ષપાત કર્યાનો ખાસ આરોપ મુકશે. પાંચ દિવસ પછી તે આગબોટ આવવાની છે ત્યાંસુધી ધીરજ રાખવી એ સારૂં છે. સુશીલાને માત્ર હમણાંજ આ વાત જણાવીશ નહિં. કારણ કદાપી દુર્દૈવથી આ વાત ખોટી ઠરે, તો તે બિચારીને નિરાશ કર્યા જેવું થશે. હાલમાં હું ત્યાં આવતા સુધી છોકરાનું નામ પાડવાની ઉતાવળ કરીશ નહિ. "

આ પત્ર વાંચ્યા પછી શાંતિલાલ સાજો તાજો હોઇ, ખાત્રીથી અહીં આવી પહોંચશે. એવો આશાનો અંકુર કાંતિલાલની પેઠે સરલાના મનમાં પણ ફુટ્યો. અને તેથીજ માત્ર આ વાત ઉપરથી સુશીલાને ઉપરનો બુદ્ધિવાદ કહેવાનું સરલાએ સાહસ કર્યું હતું.

બીચારી સુશીલા કાંઇજ બોલી નહિ. સરલાજ આગળ બોલવા લાગી, "સિવાય સુશીલા તું એમ જો કે, ઇશ્વરની દયાથી તારો પુત્ર મોટો થયો, એટલે તારા દુઃખનો બદલો નહિ વાળે કે ? અને શાંતિલાલનું નામ તે નહિ રાખે કે ? તારા સસરાએ તને અંતકાળ વખતે કહેલું તારા લક્ષમાં છે કે નહિ ? તેમના કુળનું નામ રાખવાને તને આગ્રહથી નહોતું કહ્યું કે ? આ છોકરાની સારી રીતે બરદાસ ચાકરી કરીશ તો મને લાગે છે કે તારા સસરાની છેવટની ઇચ્છા હજુ પણ તું પાર પાડવાને સમર્થ થઇ શકીશ."

સરલાના આ બોલવાનો માત્ર સારો ઉપયોગ થયો. સુશીલાએ ઘણીવાર આ બાબતપર વિચાર કર્યો. છેવટે એક મોટો શ્વાસ છોડી ને બોલી, હા સરલા "હવે આજ આશા રાખવી એજ સારૂં છે. ઇશ્વરે આટલી મારી આશા પૂર્ણ કરી, એટલે મને [illegible] મળવા પ્રમાણે છે!"

"હજી, હજી. ઇશ્વર એટલો બધો નિર્દય નથી." એમ બોલી સરલાએ તેનું સમાધાન કર્યું.

[illegible] એટલે, નિર્દય થયો નહોતોજ અને સુશીલાનું [illegible] કારણ તેને થોડેક [illegible] સરલાના કહેવા પ્રમાણે [illegible] સિદ્ધ કરવા ખાતર [illegible] માંથી મુંબઈ [illegible] સારી શાંતિ

ચાલ નીચે ઉતરે છે એટલામાં કાંતિલાલ હર્ષઘેલો થઇ તેને એકદમ ભેટી પડ્યો! શાંતિલાલને પણ ઘણો આનંદ થયો; પરંતુ તે આનંદ કરતાં પણ વધારે આશ્ચર્ય એ લાગ્યું કે કાંઇ પણ ખબર ન છતાં કાંતિલાલ આપણને બોટપર લેવા શી રીતે આવ્યો? કાંતિલાલે તેને વધારે વખત સંશયમાં રાખ્યો નહીં. સ્માઇલ સાહેબ તરફથી આવેલ તારની હકિકત તેને ઘર તરફ જતાં રસ્તામાં કહી સંભળાવી. તે સાંભળી શાંતિલાલ આતુરતાથી બોલ્યો—"હજુ સાહેબ મને ભુલી ગયો નથી?".

"અરે, તારા તે સાહેબ જેવો દયાળુ મનુષ્ય મેં આજ સુધી કોઇપણ ઠેકાણે જોયો નથી. પણ શાંતિલાલ, ફક્ત તેને અને મને ભુલી ગયો હતો?"

શાંતિલાલ કંઇજ બોલ્યો નહિ. તે ફ્રમાલથી આંખો લુછવા લાગ્યો. તે દિવસ મુંબઇમાં ગાળી બીજે દિવસે કાંતિલાલ શાંતિલાલને લઇને પોતાને ઘેર આવ્યો. શાંતિલાલ હેમકુશળ આવેલો જોઇ સરલાનો આનંદ પૃથ્વીમાં પણ સમાઇ શક્યો નહિ. તે ઘણી ઉતાવળથી આનંદની વાત સુશીલાને કહેવા જતી હતી; પરંતુ તેને જવા ન દેતાં કાંતિલાલ પોતે જ સુશીલાની ઓરડીમાં ગયો અને હસતો હસતો બોલ્યો, "સુશીલા, પુત્રનું નામ પાડવા બદલ તમે બન્નેએ શો કજીયો મચાવ્યો છે!"

"કજીયો શાનો? સરલા સાથે લઢી મને તેમાં પણ મજાનો છે કે? હું ભાઇ, તેથી મેં તેને કંઇ પણ કહ્યું નથી. પણ

કાંતિલાલ; તમે હજુ પગ ધોયા નથી ને તરતજ આ બાબતમાં શા વાસ્તે વચ્ચે પડ્યા."

"શું કરીએ ! તમો સ્ત્રી–જાત અમને ક્યાં જંપીને બેસવા દ્યો છો ? પણ સુશીલા, હવે તારૂં કહેવું શું છે ? તેનો નીકાલ કરવો છે કે નહિ ?"

"તમે પણ ગાંડા માફક સરલાના નાદે શું લાગ્યા છો ? મારૂં કહેવું શું હોય ? અને નીકાલ તે વળી શાનો ? ગમે તેમ શું બોલો છો ?"

"ઠીક તો રહેવા દે. પણ આ છોકરાને તું અભાગી શા પરથી કહે છે તે તો જણાવ !"

"અભાગી નહિ તો શું—"

સુશીલા દુઃખથી રડી. તે જોઇ કાંતિલાલ બોલ્યો, "સુશીલા હું પોતેજ શાંતિલાલને લઇને અહિં આવું છું; એટલે તેજ આ વાતનો નીકાલ લાવશે."

એમ બોલી કાંતિલાલ બહાર આવ્યો અને શાંતિલાલનો હાથ ઝાલી તે ઓરડામાં ફરીથી ગયો.

શાંતિલાલને પોતાના ઘરની સર્વ હકીકત સમજાવી હતી. સુશીલાને મળવા તે ઘણો અધીરો થયો હતો. પણ સુશીલાને શાંતિલાલની કંઇ બાતની લાગી નહોતી, તે પરથી કાંતિલાલનું કહેવું તેને ખરૂં લાગ્યું નહિ; કાંતિલાલે આજે આવ્યા બરોબરજ આવી મશ્કરી કેમ ચલાવી છે, તે બાબત તે આશ્ચર્ય-

પામવા લાગી; અને ખરેખર શાંતિલાલ, કાંતિલાલની પછવાડે ઓરડામાં આવતો તેણે જોયો તેની સાથે તે તદન ઘોટાળામાં પડી. તેને તે બનાવ સ્વપ્નવત્ લાગ્યો. આજે આવા સારા સ્વપ્નાનો ભંગ ન થાય તેટલા માટે તેણે બન્ને આંખો બંધ કરી દીધી, તે જોઈ સરલા ત્યાં મજાહ જોતી ઉભી હતી, તે હસતાં હસતાં બોલી—"સુશીલા હવે શા માટે આંખો બંધ કરી દે છે? તારી આંખો સારી રીતે ઉઘાડી તારા પતિરાજ તરફ નીહાળીને જો, અને મને એકવાર કહે જોઇએ, કે તારો પુત્ર અભાગી છે કે નશીબવાન ?"

સુશીલાએ આંખો ઉઘાડી માત્ર એકવાર જોયું—એટલામાં તેની દૃષ્ટિ તત્કાળ નીચે ગઇ. તેની જન્મથીજ ચાલતી આવતી લજ્જાશીલ વૃત્તિએ તેના મુખમાંથી એક શબ્દ પણ કાઢવા દીધો નહિ, તો પછી સરલાના પ્રશ્નનો ઉત્તર કેની રીતે આપી શકે વારૂ ?

ઘણા દિવસ ભેગાં થયેલ પતિ–પત્નિને છુટથી બોલવા મળે એવા હેતુથી કાંતિલાલ અને સરલા બન્ને જણ ત્યાંથી ધીરે ધીરે બહાર નીકળી ગયાં. આ અપૂર્વ પ્રસંગનું વર્ણન કરવાનું સામર્થ્ય અમારી કલમમાં નથી, માટે વિના કારણ તેના નાદમાં ન પડતા અમારે પણ કાંતિલાલ અને સરલાનું અનુકરણ કરવું વધારે સારૂં છે.

બોટ જાપાન પહોંચતાંજ કપ્તાને શાંતિલાલને એક મોટી હોસ્પિટલમાં મોકલી દીધો. ત્યાં બે મહિના સુધી તે જીવી શકશે, એવી કોઇને આશા નહોતી; પરંતુ સુશીલાના સૌભાગ્યની દોરી મજબુત હતી. બે મહિના પછી શાંતિલાલની પ્રકૃતિ જરા સુધારાપર આવવા લાગી. બે મહીના તો તે શુદ્ધિમાં પણ નહોતો; તો આપણે અહીં છીએ એ હકિકત તે કોઇને શી રીતે જણાવી શકે ? પ્રકૃતિ સાધારણ સારી થતાંજ તે ત્યાંના લોકોનો પ્રેમપૂર્વક આભાર માની મુંબઇ જવા નીકળ્યો. ત્યાંના લોકોએ તેને સારી વ્યવસ્થા કરી આપી. સ્માઇલ સાહેબના એક જાપાનમાંના મિત્રને બુડેલી બોટમાંનો એક ઇસમ ત્યાંના દવાખાનામાં માંદો હોવાની ખબર મળી હતી. તરતજ તેણે સ્માઇલ સાહેબને તે હકીકત જણાવી. સ્માઇલ સાહેબ તરફથી તે બાતમી કાંતિલાલને મળી; માટેજ શાંતિલાલ બોટમાંથી નીચે ઉતરતાંની સાથેજ કાંતિલાલ તેને મળી શકયો.


હવે જડાવ તરફ વળીએ, ભાઇને ઘેર પણ તેનાથી વધારે દિવસ રહી શકાયું નહિ. તેને અન્ન પણ ખાવા માટે મળ્યું નહિ. ઘરબાર જમીન વગેરે સર્વ શાહુકારોએ જપ્તીમાં લઇ લીધું. કાંતિલાલે મકનજીની આ સર્વ મીલકત સુશીલા સારૂ પોતાના પૈસાથી હરાજીમાં રાખી લીધી હતી. તે એકંદર માલકતની વ્યવસ્થા સુશીલાના કહેવાપરથી મનમોહનલાલ કરતો હતો. મનમોહનલાલે પોતાની નીશાળ પાછી શરૂ કરી, ને

તે સારા પાયાપર આવ્યો; તોપણ સુંદરીનો સર્વ આધાર સુશીલાપરજ હતો. તેમનાં છોકરાં છૈયાંનાં લગ્નનાં કાર્યો શાંતિલાલેજ કર્યાં, અને સર્વ પ્રકારે મનમોહનલાલને મદદ આપતો હતો.

જડાવને નથ્થુશાએ પોતાના ઘરમાંથી હાંકી કાઢયા પછી તેણે કોઇને ત્યાં રાંધવાની નોકરી સ્વીકારી. મુંબઇ, કરાંચી, ઇંદોર, નાગપુર મદ્રાસ વગેરે મોટાં મોટાં શહેરો જોઇ આવી; પરંતુ જાતિસ્વભાવને લીધે તે કોઇને ત્યાં વધારે દીવસ ટકી શકી નહીં. પછી છેવટે સુશીલાના આગ્રહને કબુલ થઇ તેની પાસે આવીને રહી. મુદત પુરી થતાં મકનજી કેદખાનામાંથી છુટો થયો. શાંતિલાલ તેને માનપૂર્વક પોતાને ઘેર લઇ આવ્યો, પરંતુ જડાવ સાથે તેનો અણબનાવ થયો. બાયડીને જોઇ તે આકુળવ્યાકુળ થઈ જતો. મારા હાથથી જે અઘોર પાપો થયાં; તેનું કારણ એજ ચંડાળ છે !" એમ તે વારંવાર બબડતો. છેવટે એક દિવસે આજુબાજુ કોઇ નથી એવો લાગ જોઇ તેણે જડાવનું કપાળ ફોડયું. મકનજીને તેથી ગાંડાની હોસ્પિટલમાં રાખવામાં આવ્યો.

કાંતિલાલને ફરીથી બ્રહ્મદેશમાં જવું પડયું નહિ. તે સાજોતાજો પાછો ઘેર પહોંચ્યાની હકીકત જાણતાંજ સ્માઇલ સાહેબને અત્યાનંદ થયો. એકજ મહિના પછી સ્માઇલ સાહેબ પોતે મુંબઇ આવ્યો, અને તેણે પોતાના વેપારની એક શાખા

મુંબઈમાં ઉઘાડી. શાંતિલાલ પાંચ વર્ષ સુધી એ શાખાનો મેનેજર હતો; પછી તે સ્માઈલ સાહેબનો ભાગીદાર થયો. વેપારમાં તેણે સારી આબરૂ સંપાદન કરી, બે વખત સરકારમાંથી તેને મુંબઈનો શેરીફ નિમવામાં આવ્યો હતો. બાપદાદાની મીલકતમાં તેણે ઘણો વધારો કર્યો. પોતાને ગામ એક મોટો વાડો બાંધી તેમાં પોતાની માતા—હીરાના સ્મરણાર્થે એક છોકરીઓની નિશાળ સ્થાપન કરી અને તેજ પ્રમાણે તે ગામમાં એક ધર્માદા દવાખાનું સ્થાપન કરી પોતાના પરમ પૂજ્ય પિતાનું-મૂળચંદ શેઠનું યોગ્ય સ્મારક કર્યું.



દરેક જૈન કુટુંબે

જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક થવું જોઈએ.

ફક્ત વાર્ષિક રૂા ૩)માં ૯૦૦ પાનાનાં ઐતિહાસીક ઉત્તમ પુસ્તકો નિયમિતપણે મળે છે. અમારાં પુસ્તકોથી ઘણા બાઇઓ જેવાં તેવાં પુસ્તકો વાંચવાનું ભૂલી ગયા છે દિવસે દિવસે ગ્રાહક સંખ્યા વધતી હોવાથી પાછલાં વર્ષનાં પુસ્તકો શીલીકમાં રહેતાં નથી. માટે ગ્રાહક થવામાં વિલંબ નહિ કરતા.

સં. ૧૯૮૧–૮૨ બને વર્ષના લવાજમના રૂ. ૫) પોષ્ટ ખર્ચ જુદું.

	પૃષ્ટ	કિંમત
૧ સિદ્ધસેન દિવાકર યાને વિક્રમના સમયનું હિંદ	૩૦૪	૧–૮–૦
૨ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર	૨૫૬	૧–૮–૦
૩ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભા ૧ લો	૨૬૦	૧–૮–૦
૪ જૈનોના મહાન રત્નો.	૧૬૦	૧–૦–૦
૫ મહાન સંપ્રતિ અને જૈનધર્મનો દિગ્વિજય	૩૦૫	૧–૮–૦

સં. ૧૯૮૩ નાં પુસ્તકો–લવાજમ રૂા. ૩) પોસ્ટ ખર્ચ જુદો.

	પૃષ્ટ	કિંમત
૧ બપ્પભટ્ટ સૂરિ અને આમરાજા ભાગ ૨ જો.	૨૦૦	૧–૦–૦
૨ જગડુશાહ કે જગતનો પાલનહાર.	૩૩૫	૧–૮–૦
૩ અંબડ ચરિત્ર.	૧૫૦	૦–૧૦–૦
૪ સદગુણી સુશીલા.	૨૪૦	૧–૨–૦
	૯૨૫	૪–૪–૦

હંમેશની જરૂરીયાતવાળાં ઉપયોગી

પુસ્તકો.

૧ **વિધિયુક્ત પંચપ્રતિક્રમણ**—આ પુસ્તકની ઘણા ભાઈઓની માગણી હોવાથીજ અમોએ પ્રગટ કર્યું છે. સારા કાગળ સુંદર પાકું બાઈંડીંગ પૃષ્ટ ૨૭૫ અક્ષર મોટા વાંચી જવાથી પ્રતિક્રમણ થઇ શકે છે પાક્ષિક ચૌમાસિક અને સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સાથેનો પણ તેમાં સમાવેશ છે ઉપરાંત છેવટનાં ભાગમાં ઉપયોગી ચૈત્યવંદનો, સ્તવનો, અને સ્તુતિઓનો સંગ્રહ છે. શ્રી મહાવીરસ્વામીના સુંદર ફોટા સાથે છતાં તેના ઉપયોગની ખાતર કિંમત રૂા ૧-૪-૦ રાખી છે **શ્રીમંતોએ આ પુસ્તકની સામટી નકલ મંગાવી ગામડાઓમાં પોતાના તરફથી મોકલવાની અમારી નમ્ર સુચના છે.**

૨ **વિધિયુક્ત દેવસીરાઇ પ્રતિક્રમણ**—પૃષ્ટ ૧૨૫ અક્ષર મોટા વાંચી જવાથી સવાર સાજનું પ્રતિક્રમણ થઇ શકે છે શ્રી મહાવીર સ્વામીના સુંદર ફોટા સાથે સુંદર બાઇડીંગ છતાં કિં. ૦-૧૦-૦

૩ **પંચપ્રતિક્રમણ પોકેટ સાઈઝ**—તેની બીજી આવૃતિ તેજ તેની ઉપયોગીતા પૃષ્ટ ૩૦૦ પાકું રેશમી પુંઠું નવસ્મરણ ઉપરાંત બીજા સ્તોત્રો, છંદો રાસો સાથે કિં. ૦-૧૦-૦ સો નકલના રૂા. ૫૦) આ પુસ્તક એકી અવાજે વખણાયું છે અક્ષરો મોટા અને જોતાંજ મનને આનંદ આવે તેવું છે.

૪ **વીતરાગપૂજા સંગ્રહ**—ભા. ૧ થી ૪—અત્યાર સુધીની તમામ પુજાઓનો સંગ્રહ. પૃષ્ટ લગભગ ૭૦૦ નું મોટું દળદાર પુસ્તક સારા કાગળ પાકું બાઇડીંગ કિં. રૂા. ૨-૦-૦

૮ **શ્રી આદિનાથ ચરિત્ર ભાષાંતર**—પાકું રેશમી પુંઠું ખાસ વાંચવા જેવું આ ચરિત્ર દરેકને મગાવી લેવાની જરૂર છે (વાંચનમાળાના ગ્રાહકને આ પુસ્તક સં. ૧૯૮૦ માં અપાયેલું છે) કિં. ૨) હતી તે ઘટાડીને રૂા. ૧-૮-૦ રાખી છે.